पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
ी उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

श्री तत्त्वार्थाधिगम सूत्रम्

अध्याय-९


(गुजराती अनुवाद)





* भावानुवादकार *

પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા


વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશે









(બે ભાગ)










(બે ભાગ)


(બે ભાગ)









(બે ભાગ)










(બે ભાગ)


શેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન



















(બે ભાગ)












(ત્રણ ભાગ)











(દશ ભાગ)









॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીમદ્ વિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

॥ ઐં નમઃ ॥

પંચશતપ્રકરણપ્રાસાદ-સૂત્રણસૂત્રધાર-પૂર્વધરમહર્ષિ-વાચકપ્રવર
શ્રી ઉમાસ્વાતિ ભગવત્ પ્રણીતં સ્વોપજ્ઞકારિકા-ભાષ્યયોરુપરિ ચતુશ્ચત્વારિંશદધિક
ચતુર્દશશત પ્રકરણકર્તૃ શ્રીમદ્ હરિભદ્રસૂરિ વિરચિતવૃત્તિસમલઙ્કૃતમ્

॥ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ ॥

અધ્યાય-૯

(ગુજરાતી અનુવાદ)

* ભાવાનુવાદકાર *

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**

અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *

પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી

* સહયોગી *

પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી

પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦

* પ્રકાશક *

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ

પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન

૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *

હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ

૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)

સુકૃતમ્

સુવિશાલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજાના શિષ્યરત્ન હાલાર દેશે સદ્ધર્મબીજારોપક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વર્ધમાન આયંબિલ તપ ૧૦૦ + ૮૦ ઓળીના આરાધક પૂજ્યપાદ પંન્યાસ શ્રી નયભદ્ર વિજયજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી **'શ્રી માલેગાંવ જૈન સંઘે'** પોતાના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર'નો સંપૂર્ણ લાભ લીધેલ છે.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.



અગ્નિ સંસ્કાર ભૂમિ પર નવનિર્મિત

પ.પૂ.આ.ભ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાનું ગુરુમંદિર

નિલમ વિહાર - પાલીતાણા

* ભૂમિકા *

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જયાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઇ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઇ કહી શકે નહિ.

પ્રશ્ન– ઉમાસ્વાતિ મહારાજા કયાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

ઉત્તર– પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઇનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઇ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઇનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં उपोमास्वातिं संग्रहीतारः=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે–

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઈને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી.''

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે ''ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા'' ઇત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઇતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ तत्त्वार्थकतृतन्मतनिर्णयः નામના પુસ્તકમાંથી જોઇ લેવું.

ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપ્ડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપ્ડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપ્ડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઇ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [1]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[1] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[2] છે.

અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

---

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઈરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઈને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઇત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે–

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (प्रशमरति गा.३१२)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે 'હું આ કેવી રીતે કરી શક્યો ?' એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદૃષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઈને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દૃશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઈ જાય છે.

મને જ્યારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[૧] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

- આચાર્ય રાજશેખરસૂરિ
વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨
કલ્પનગરી, મુંબઈ-મુલુંડ

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

* સંપાદકની સંવેદના *

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઇલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઈ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઈએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઈમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે.

તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઈ જાય એ સુખદ દશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यदृष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઇક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની

જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઈ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઈએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઈ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર, - મુનિ ધર્મશેખર વિજયજી ગણિ
તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ

અરિહંત આરાધક ટ્રસ્ટમાં પ્રાપ્ય વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય

રાજશેખરસૂરીશ્વરજી મહારાજાએ કરેલું સાહિત્ય સર્જન

- **સટીક અનુવાદો :**
(૧) યોગબિંદુ
(૨) ધર્મબિંદુ
(૩) પંચવસ્તુ
(૪) પંચાશક
(૫) ઉપદેશપદ
(૬) પંચસૂત્ર
(૭) શ્રાદ્ધદિનકૃત્ય
(૮) નવપદ પ્રકરણ
(૯) અષ્ટક પ્રકરણ
(૧૦) યોગદૃષ્ટિ સમુચ્ચય
(૧૧) ગુરુતત્ત્વવિનિશ્ચય
(૧૨) શ્રાવકધર્મવિધિ પ્રકરણ
(૧૩) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૧૪) પ્રશમરતિ પ્રકરણ
(૧૫) ઉપદેશમાલા (પુષ્પમાલા)
(૧૬) શીલોપદેશમાલા
(૧૭) વીતરાગસ્તોત્ર
(૧૮) શ્રાવક પ્રજ્ઞપ્તિ.

- **નૂતન રચના :**
પ્રદેશબંધ (સંસ્કૃત ટીકા) - લગભગ ૧૦ હજાર શ્લોક પ્રમાણ.

- **સંશોધન :**
સિદ્ધહેમશબ્દાનુશાસન (મધ્યમ વૃત્તિ).

- **સૂત્રોના અનુવાદો :**
(૧) ધર્મબિંદુ
(૨) જ્ઞાનસાર
(૩) પંચસૂત્ર
(૪) ભવભાવના
(૫) અષ્ટક પ્રકરણ
(૬) પ્રશમરતિ પ્રકરણ
(૭) યતિલક્ષણસમુચ્ચય
(૮) ચૈત્યવંદનમહાભાષ્ય
(૯) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૧૦) વિતરાગસ્તોત્ર
(૧૧) સંબોધ પ્રકરણ.

- **સંપાદન :**
(૧) હીરપ્રશ્ન
(૨) સેનપ્રશ્ન
(૩) યોગશાસ્ત્ર
(૪) પરિશિષ્ટપર્વ
(૫) ત્રણ કર્મગ્રંથ
(૬) શ્રમણ ક્રિયાસૂત્રો
(૭) સિરિસિરિવાલકહા પ્રત
(૮) શ્રાદ્ધદિનકૃત્ય પ્રત
(૯) આત્મપ્રબોધ પ્રત
(૧૦) પંચાશક પ્રકરણ પ્રત
(૧૧) સંબોધ પ્રકરણ પ્રત
(૧૨) યોગશાસ્ત્ર (મૂળ)
(૧૩) જ્ઞાનસાર (મૂળ)

◆ **વિવેચનો :**

(૧) પ્રભુભક્તિ
(૨) તત્ત્વાર્થાધિગમસૂત્ર
(૩) મૈત્રી સાધના
(૪) માતા-પિતાની સેવા
(૫) નવકાર મહામંત્ર
(૬) સત્સંગની સુવાસ
(૭) મમતા મારે સમતા તારે
(૮) પરોપકાર કરે ભવપાર
(૯) પ્રમોદપુષ્પ પરિમલ
(૧૦) જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
(૧૧) સ્વાધીનરક્ષા પરાધીન ઉપેક્ષા
(૧૨) સાધુ સેવા આપે મુક્તિ મેવા
(૧૩) આહારશુદ્ધિથી આત્મશુદ્ધિ
(૧૪) ભાવના ભવનાશિની
(૧૫) જીવન જીતવાની જડીબુટ્ટીઓ
(૧૬) ચિત્ત પ્રસન્નતાની જડીબુટ્ટીઓ
(૧૭) અણગારના શણગાર સાત સકાર
(૧૮) પ્રભુભક્તિ મુક્તિની દૂતી
(૧૯) તપ કરીએ ભવ જલ તરીએ
(૨૦) આધ્યાત્મિક વિકાસના પાંચ પગથિયા
(૨૧) આધ્યાત્મિક પ્રગતિના ત્રણ પગથિયા
(૨૨) નવકારનો જાપ મિટાવે સંતાપ
(૨૩) જૈન ધર્મની પ્રાચીનતા અને શાસન પ્રભાવક
(૨૪) સંપ્રતિ મહારાજા
(૨૫) એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ
(૨૬) શ્રી શત્રુંજય તીર્થ સોહામણું
(૨૭) પ્રેમ ગુણગંગામાં સ્નાન કરીએ
(૨૮) નવકાર મહામંત્ર.

◆ ✠ ◆

* વિષયાનુક્રમ *

વિષય	પૃષ્ઠ
મૂળસૂત્ર	22
નવમો અધ્યાય	૧
સંવરની વ્યાખ્યા	૧
સૂત્ર-૧ : આશ્રવનિરોધઃ સંવરઃ	૧
સંવરના ઉપાયો	૪
સૂત્ર-૨ : स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः	૪
નિર્જરાનો ઉપાય	૯
સૂત્ર-૩ : तपसा निर्जरा च	૯
ગુપ્તિની વ્યાખ્યા	૧૨
સૂત્ર-૪ : सम्यग्योगनिग्रहो गुप्तिः	૧૨
સમિતિઓનું વર્ણન	૧૯
સૂત્ર-૫ : ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः	૧૯
ધર્મનું વર્ણન	૨૭
સૂત્ર-૬ : उत्तमः क्षमा-मार्दवार्जव-शौच-सत्य	૨૭
તપનું વર્ણન	૬૮
યવમધ્ય	૬૯
વજ્રમધ્ય	૬૯
કનકાવલી	૭૦
રત્નાવલી	૭૦
કનકાવલી (આકૃતિ)	૭૧
રત્નાવલી (આકૃતિ)	૭૨
મુક્તાવલી	૭૩
લઘુસિંહવિક્રીડિત	૭૩
લઘુસિંહવિક્રીડિત (આકૃતિ)	૭૪
મહાસિંહવિક્રીડિત	૭૫
મહાસિંહવિક્રીડિત (આકૃતિ)	૭૬

- લઘુસર્વતોભદ્ર ૭૭
- ભદ્રોત્તર ૭૮
- સર્વતોભદ્ર ૭૯
- બાર ભિક્ષુપ્રતિમા ૭૯
- અનુપ્રેક્ષા(ભાવના)નું વર્ણન ૮૭
- **સૂત્ર-૭ :** अनित्याशरणसंसारैकत्वान्यत्वाश्रवसंवरनिर्जरा ૮૭
- (૧) અનિત્યભાવના ૧૧૦
- (૨) અશરણભાવના ૧૧૧
- (૩) સંસારભાવના ૧૧૨
- (૪) એકત્વભાવના ૧૧૪
- (૫) અન્યત્વભાવના ૧૧૫
- (૬) અશુચિત્વભાવના ૧૧૬
- (૭) આસ્રવભાવના ૧૨૦
- (૮) સંવરભાવના ૧૨૨
- (૯) નિર્જરાભાવના ૧૨૨
- (૧૦) લોકસ્વભાવભાવના ૧૨૪
- (૧૧) બોધિદુર્લભભાવના ૧૨૫
- (૧૨) ધર્મસ્વાખ્યાતભાવના ૧૨૬
- પરિષહનો અર્થ અને હેતુ ૧૨૭
- **સૂત્ર-૮ :** मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ૧૨૭
- પરિષહો ૧૨૯
- **સૂત્ર-૯ :** क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्री ૧૨૯
- પરિષહોની ગુણસ્થાનકોમાં વિચારણા ૧૪૬
- **સૂત્ર-૧૦ :** सूक्ष्मसम्परायच्छद्मस्थवीतरागयोश्चतुर्दश ૧૪૬
- સયોગીકેવળીઓમાં પરિષહોની વિચારણા ૧૪૮
- **સૂત્ર-૧૧ :** एकादश जिने ૧૪૮
- નવમા ગુણસ્થાને પરિષહો ૧૪૮

- **સૂત્ર-૧૨ :** बादरसम्पराये सर्वे ૧૪૮
- કયા કયા કર્મના ઉદયે કયા કયા પરિષહો આવે તેની વિચારણા ૧૪૯
- **સૂત્ર-૧૩ :** ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ૧૪૯
- **સૂત્ર-૧૪ :** दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ૧૫૦
- **સૂત્ર-૧૫ :** चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याक्रोश ૧૫૦
- **સૂત્ર-૧૬ :** वेदनीये शेषाः ૧૫૧
- એક જીવને એકી સાથે સંભવતા પરિષહો ૧૫૨
- **સૂત્ર-૧૭ :** एकादयो भाज्या युगपदेकोनविंशतेः ૧૫૨
- ચારિત્રનું વર્ણન ૧૫૪
- **સૂત્ર-૧૮ :** सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धि ૧૫૪
- બાહ્યતપના છ ભેદો ૧૬૩
- **સૂત્ર-૧૯ :** अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरस ૧૬૩
- (૧) અનશન તપ ૧૭૨
- પાદપોપગમન ૧૭૩
- ઇંગિની ૧૭૩
- ભક્તપ્રત્યાખ્યાન ૧૭૪
- (૨) અવમોદર્ય તપ ૧૭૪
- (૩) વૃત્તિપરિસંખ્યાન તપ ૧૭૫
- (૪) રસત્યાગ તપ ૧૭૬
- (૫) વિવિક્તશય્યાસન તપ ૧૭૭
- (૬) કાયક્લેશ તપ ૧૭૯
- અભ્યંતર તપના છ ભેદો ૧૮૧
- **સૂત્ર-૨૦ :** प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्याना ૧૮૧
- (૧) પ્રાયશ્ચિત્ત ૧૮૨
- (૨) વિનય ૧૮૨
- (૩) વેયાવચ્ચ ૧૮૨
- (૪) સ્વાધ્યાય ૧૮૨

- (૫) વ્યુત્સર્ગ ૧૮૨
- (૬) ધ્યાન ૧૮૨
- ધ્યાન સિવાય અભ્યંતર તપના પ્રત્યેક ભેદોની સંખ્યા ૧૮૩
- **સૂત્ર-૨૧ :** નવચતુર્દશપઞ્ચદ્વિભેદં યથાક્રમં પ્રાગ્ ધ્યાનાત્ ૧૮૩
- પ્રાયશ્ચિત્તના ભેદોનું વર્ણન ૧૮૪
- **સૂત્ર-૨૨ :** આલોચનપ્રતિક્રમણતદુભયવિવેકવ્યુત્સર્ગત ૧૮૪
- વિનયના ભેદો ૧૯૮
- **સૂત્ર-૨૩ :** જ્ઞાનદર્શનચારિત્રોપચારાઃ ૧૯૮
- વેયાવચ્ચના ભેદો ૨૦૧
- **સૂત્ર-૨૪ :** આચાર્યોપાધ્યાયતપસ્વિશૈક્ષકગ્લાનગણકુલ ૨૦૧
- સ્વાધ્યાયના ભેદો ૨૦૯
- **સૂત્ર-૨૫ :** વાચનાપ્રચ્છનાઽનુપ્રેક્ષાઽઽમ્નાયધર્મોપદેશાઃ ૨૦૯
- વ્યુત્સર્ગના ભેદો ૨૧૦
- **સૂત્ર-૨૬ :** બાહ્યાભ્યન્તરોપધ્યોઃ ૨૧૦
- ધ્યાયનું લક્ષણ ૨૧૨
- **સૂત્ર-૨૭ :** ઉત્તમસંહનનસ્યૈકાગ્રચિન્તાનિરોધો ધ્યાનમ્ ૨૧૨
- ધ્યાનના કાળનું પ્રમાણ ૨૧૪
- **સૂત્ર-૨૮ :** આમુહૂર્ત્તાત્ ૨૧૪
- ધ્યાનના ભેદો ૨૧૫
- **સૂત્ર-૨૯ :** આર્ત્તરૌદ્રધર્મ્યશુક્લાનિ ૨૧૫
- ધ્યાનના ફળનો નિર્દેશ ૨૧૬
- **સૂત્ર-૩૦ :** પરે મોક્ષહેતૂ ૨૧૬
- આર્તધ્યાનના પ્રથમ ભેદનું વર્ણન ૨૧૮
- **સૂત્ર-૩૧ :** આર્ત્તમમનોજ્ઞાનાં સમ્પ્રયોગે તદ્વિપ્રયોગાય ૨૧૮
- આર્તધ્યાનના બીજા ભેદનું વર્ણન ૨૨૦
- **સૂત્ર-૩૨ :** વેદનાયાશ્ચ ૨૨૦
- આર્તધ્યાનના ત્રીજા ભેદનું વર્ણન ૨૨૧

- **સૂત્ર-૩૩ :** विपरीतं मनोज्ञानां ૨૨૧
- આર્તધ્યાનના ચોથા ભેદનું વર્ણન ૨૨૨
- **સૂત્ર-૩૪ :** निदानं च ૨૨૨
- આર્તધ્યાનના સ્વામી ૨૨૪
- **સૂત્ર-૩૫ :** तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ૨૨૪
- રૌદ્રધ્યાનના ભેદો અને સ્વામી ૨૨૭
- **સૂત્ર-૩૬ :** हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरत ૨૨૭
- ધર્મધ્યાનના ભેદો અને સ્વામી ૨૩૧
- **સૂત્ર-૩૭ :** आज्ञाऽपायविपाकसंस्थानविचयाय ૨૩૧
- (૧) આજ્ઞાવિચય ૨૩૪
- (૨) અપાયવિચય ૨૩૫
- (૩) વિપાકવિચય ૨૩૫
- (૪) સંસ્થાનવિચય ૨૩૬
- ધર્મધ્યાનના સ્વામીનો નિર્દેશ ૨૩૮
- **સૂત્ર-૩૮ :** उपशान्तक्षीणकषाययोश्च ૨૩૮
- શુક્લધ્યાનના પૂર્વના બે ભેદના સ્વામી ૨૪૧
- **સૂત્ર-૩૯ :** शुक्ले चाद्ये ૨૪૧
- પૃથક્ત્વવિતર્ક સવિચાર ૨૪૩
- એકત્વવિતર્ક અવિચાર ૨૪૪
- શુક્લધ્યાનના પૂર્વના બે ભેદના સ્વામી ૨૪૫
- **સૂત્ર-૪૦ :** पूर्वविदः ૨૪૫
- શુક્લધ્યાનના અંત્ય બે ભેદના સ્વામી ૨૪૬
- **સૂત્ર-૪૧ :** परे केवलिनः ૨૪૬
- સુક્ષ્મક્રિય અપ્રતિપાતી ૨૪૮
- વ્યુપરતક્રિયાનિવૃત્તિ ૨૫૦
- શુક્લધ્યાનના ચાર ભેદો ૨૫૧
- **સૂત્ર-૪૨ :** पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपाति ૨૫૧
- ધ્યાનમાં યોગની વિચારણા ૨૫૧

- **સૂત્ર-૪૩ :** તત્ ત્રયેકકાययોગાયોગાનામ્ ૨૫૧
- શુક્લધ્યાનના પ્રથમના બે ભેદોમાં વિશેષતા ૨૫૫
- **સૂત્ર-૪૪ :** एकाश्रये सवितर्के पूर्वे ૨૫૫
- પહેલા અને બીજા ભેદમાં તફાવત ૨૫૭
- **સૂત્ર-૪૫ :** अविचारं द्वितीयम् ૨૫૭
- વિતર્કની વ્યાખ્યા ૨૫૮
- **સૂત્ર-૪૬ :** वितर्कः श्रुतम् ૨૫૮
- વિચારની વ્યાખ્યા ૨૫૯
- **સૂત્ર-૪૭ :** विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः ૨૫૯
- કોને કેટલી નિર્જરા થાય તેનો નિર્દેશ ૨૬૫
- **સૂત્ર-૪૮ :** सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शन ૨૬૫
- ચારિત્રની તરતમતાની દૃષ્ટિએ નિર્ગ્રંથના ભેદો ૨૬૮
- **સૂત્ર-૪૯ :** पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ૨૬૮
- પુલાક આદિ પાંચ નિર્ગ્રંથો સંબંધી વિશેષ વિચારણા ૨૭૮
- **સૂત્ર-૫૦ :** संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थान ૨૭૮
- સંયમદ્વાર ૨૮૮
- શ્રુતદ્વાર ૨૯૦
- પ્રતિસેવનાદ્વાર ૨૯૧
- તીર્થદ્વાર ૨૯૩
- લિંગદ્વાર ૨૯૩
- લેશ્યાદ્વાર ૨૯૪
- ઉપપાતદ્વાર ૨૯૪
- સ્થાનદ્વાર ૨૯૪
- ભાવાનુવાદકારની પ્રશસ્તિ ૨૯૫

નવમો અધ્યાય

आश्रवनिरोधः संवरः ॥९-१॥

स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ॥९-२॥

तपसा निर्जरा च ॥९-३॥

सम्यग्योगनिग्रहो गुप्तिः ॥९-४॥

ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ॥९-५॥

उत्तमः क्षमा-मार्दवार्जव-शौच-सत्य-संयम-
तपस्त्यागाकिञ्चन्य-ब्रह्मचर्याणि धर्मः ॥९-६॥

अनित्याशरणसंसारैकत्वान्यत्वाश्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभ-
धर्म्मस्वाख्यातत्वानुचिन्तनमनुप्रेक्षाः ॥९-७॥

मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ॥९-८॥

क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्याशय्यानिषद्याक्रोश-
वधयाचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाज्ञानादर्शनानि
॥९-९॥

सूक्ष्मसम्परायच्छद्मस्थवीतरागयोश्चतुर्दश ॥९-१०॥

एकादश जिने ॥९-११॥

बादरसम्पराये सर्वे ॥९-१२॥

ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ॥९-१३॥

दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ॥९-१४॥

चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याक्रोशयाचनासत्कारपुरस्काराः
॥९-१५॥

वेदनीये शेषाः ॥९-१६॥

एकादयो भाज्या युगपदेकोनविंशतेः ॥९-१७॥

सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायययथाख्यातानि चारित्रम् ॥९-१८॥

अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्तशय्या-ऽऽसनकायक्लेशा बाह्यं तपः ॥९-१९॥

प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ॥९-२०॥

नवचतुर्दशपञ्चद्विभेदं यथाक्रमं प्राग् ध्यानात् ॥९-२१॥

आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोप-स्थापनानि ॥९-२२॥

ज्ञानदर्शनचारित्रोपचाराः ॥९-२३॥

आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुलसङ्घसाधुसमनोज्ञानाम् ॥९-२४॥

वाचनाप्रच्छनाऽनुप्रेक्षाऽऽम्नायधर्मोपदेशाः ॥९-२५॥

बाह्याभ्यन्तरोपध्योः ॥९-२६॥

उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ॥९-२७॥

आमुहूर्त्तात् ॥९-२८॥

आर्त्तरौद्रधर्म्यशुक्लानि ॥९-२९॥

परे मोक्षहेतू ॥९-३०॥

आर्त्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥९-३१॥

वेदनायाश्च ॥९-३२॥

विपरीतं मनोज्ञानां ॥९-३३॥

निदानं च ॥९-३४॥

तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ॥९-३५॥

हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ॥९-३६॥

आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्म्यमप्रमत्तसंयतस्य ॥९-३७॥

उपशान्तक्षीणकषाययोश्च ॥९-३८॥

शुक्ले चाद्ये ॥९-३९॥

पूर्वविदः ॥९-४०॥

परे केवलिनः ॥९-४१॥

पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रियानिवृत्तीनि ॥९-४२॥

तत् त्र्येककाययोगायोगानाम् ॥९-४३॥

एकाश्रये सवितर्के पूर्वे ॥९-४४॥

अविचारं द्वितीयम् ॥९-४५॥

वितर्कः श्रुतम् ॥९-४६॥

विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः ॥९-४७॥

सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्त-मोहक्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसङ्ख्येयगुणनिर्जराः ॥९-४८॥

पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ॥९-४९॥

संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थानविकल्पतः साध्याः ॥९-५०॥



નમોઽર્હતે, નમઃ શ્રુતદેવતાયૈ ભગવત્યૈ, નમઃ સર્વજ્ઞાગમાય ।

ભાષ્યાવતરણિકા– ઉક્તોબન્ધઃ । સંવરં વક્ષ્યામઃ–

ભાષ્યાવતરણિકાર્થ– બંધ કહ્યો. સંવરને કહીશું.

ટીકાવતરણિકા– ઉક્તો બન્ધઃ, સંવરં વક્ષ્યામ ઇત્યનેનાધ્યાય-સમ્બન્ધમાહ ભાષ્યકારઃ । ઉક્તઃ પ્રપઞ્ચેન પ્રતિપાદિતોઽનાદિસન્તતિરષ્ટવિધઃ કર્મ્મબન્ધઃ, સ ચ પૌરુષેયઃ, પૌરુષેયત્વાદેવ કદાચિદત્યન્તમુચ્છિદ્યતેઽપિ, પુંસા સમાસાદિતતદુચ્છેદસાધનેન આત્યન્તિકં ક્ષયમાપાદ્યત ઇતિ, તત્ર પૂર્વોપચિતકર્મ્મજાલવિચ્છેદાય તપસા નિર્જરા ચેતિ કાર્ત્સ્ન્યેનોચ્છેદં વક્ષ્યતિ, અપૂર્વકર્મ્માવયવપ્રવેશનિવારણાય તુ સંવરમેવ તાવદ્ વક્ષ્યામઃ-

ટીકાવતરણિકાર્થ– "બંધને કહ્યો. સંવરને કહીશું." આનાથી અધ્યાયના સંબંધને કહે છે. અનાદિના પ્રવાહથી થઇ રહેલા આઠ પ્રકારના કર્મબંધનું વિસ્તારથી પ્રતિપાદન કર્યું. કર્મબંધ પુરુષથી(=જીવથી) કરાયેલો છે. પુરુષથી કરાયેલો હોવાથી જ ક્યારેક તેનો અત્યંત(=ફરી ન બંધાય તે રીતે) ઉચ્છેદ પણ થાય છે. તેનો ઉચ્છેદ કરવાના સાધનોને પામનારા પુરુષથી આત્યંતિક ક્ષય પમાડાય છે. તેમાં પૂર્વે ઉપાર્જેલા કર્મસમૂહનો વિચ્છેદ કરવા માટે તપસા નિર્જરા ચ એમ સંપૂર્ણપણે ઉચ્છેદને કહેશે. નવા કર્મના અવયવોને(=કર્માણુઓને) રોકવા માટે સંવર જ કહીશું.

સંવરની વ્યાખ્યા–

આશ્રવનિરોધઃ સંવરઃ ॥૯-૧॥

સૂત્રાર્થ– આસ્રવોનો નિરોધ એ સંવર છે. (૯-૧)

ભાષ્યં– યથોક્તસ્ય કાયયોગાદેર્દ્વિચત્વારિંશદ્વિધસ્યાસ્રવસ્ય નિરોધઃ સંવરઃ ॥૯-૧॥

ભાષ્યાર્થ– યથોક્ત કાયયોગ વગેરે બેંતાલીસ (૪૨) પ્રકારના આસ્રવનો નિરોધ એ સંવર છે. (૯-૧)

ટીકા– આશ્રૂયતે-સમાદીયતે યૈઃ કર્મ્માષ્ટવિધમાશ્રવાઃ તે કર્મણાં પ્રવેશવીથયઃ કાયાદયસ્ત્રયઃ ઇન્દ્રિયકષાયાવ્રતક્રિયાશ્ચ પઞ્ચચતુઃપઞ્ચપઞ્ચ-વિંશતિસઙ્ખ્યાસ્તેષાં નિરોધો-નિવારણં સ્થગનં સંવરઃ, પર્યાયકથનેન વ્યાખ્યા, યથોક્તસ્યેત્યાદિ ભાષ્યં, ષષ્ઠેઽધ્યાયે કાયાદિરાશ્રવોઽભિહિતો-ઽનેકપ્રકારઃ, તસ્ય કાયયોગાદેરાશ્રવસ્ય દ્વ્યધિકચત્વારિંશદ્ભેદસ્ય નિરોધો યઃ સ સંવરઃ, આત્મનઃ કર્મ્માદાનહેતુભૂતપરિણામાભાવઃ સંવર ઇત્યભિપ્રાયઃ, અતો યાવત્કિઞ્ચિત્ કર્મ્માગમનિમિત્તં તસ્યાભાવઃ સંવરઃ, સ ચ સર્વદેશભેદાદ્દ્વિધા, બાદરસૂક્ષ્મયોગનિરોધકાલે સર્વસંવરઃ, શેષ-કાલે ચરણપ્રતિપત્તેરારભ્ય દેશસંવરપરિણતિભાગાત્મા ભવતીતિ ॥૯-૧॥

ટીકાર્થ– આઠ પ્રકારનું કર્મ જેમના વડે ગ્રહણ કરાય તે આસ્રવો છે. આસ્રવો કર્મોને પ્રવેશવા માટે શેરીઓ છે. કાયા વગેરે ત્રણ, ઇંદ્રિયો પાંચ, કષાયો ચાર, પચીસ ક્રિયાઓ આસ્રવો છે. તેમનો નિરોધ કરવો, નિવારણ કરવું, અટકાવવું એ સંવર છે. નિરોધ, નિવારણ, સ્થગન એમ પર્યાયના કથનથી વ્યાખ્યા છે.

યથોક્તસ્ય ઇત્યાદિ ભાષ્ય છે. છઠ્ઠા અધ્યાયમાં કાયયોગ વગેરે અનેક પ્રકારનો આસ્રવ કહ્યો છે. તે કાયયોગ વગેરે બેંતાલીસ (૪૨) પ્રકારના આસ્રવનો જે નિરોધ તે સંવર છે. આત્માના કર્મગ્રહણના હેતુરૂપ પરિણામનો અભાવ તે સંવર એવો અભિપ્રાય છે. આથી જેટલા પ્રમાણમાં જે કંઈ કર્મને આવવાનું નિમિત્ત છે તેનો અભાવ સંવર છે. સંવર સર્વ અને દેશ એમ બે પ્રકારે છે. બાદર અને સૂક્ષ્મ એ બંને પ્રકારના યોગના નિરોધકાળે (=ચૌદમા ગુણસ્થાને) સર્વ સંવર હોય છે. શેષકાળમાં ચારિત્રના સ્વીકારથી પ્રારંભી જીવ દેશસંવરના પરિણામવાળો હોય છે. (૯-૧)

ટીકાવતરણિકા– અત્રાહ-યદિ સકલાશ્રવદ્વારસ્થગનલક્ષણઃ સંવર-સ્તતઃ સર્વકર્મ્મનિમિત્તાશ્રવચ્છિદ્રસંવુવૂર્ષા કતિપયપુરુષસાધ્યૈવ પ્રસજતિ,

अशेषस्य परिस्पन्दस्य निराचिकीर्षितत्वात्, अतः समचतुरस्रसंस्थान-वज्रर्षभनाराचसंहननादिभाजामाहितपराक्रमाणां कर्म्माणि निर्जिजीर्षतां परिपूर्णशक्तिकानां परिस्पन्दस्वभावयोगत्रयनिग्रहः क्रमते प्रागुपचित-कर्म्मनिवृत्तिश्च, न पुनरैदंयुगीनपुरुषाणां, यथोक्तसंवराभावादिति, उच्यते, संवरद्वैविध्ये सति सर्वसंवराभावः साम्प्रतिकानामित्यनुमनुमहे, देशसंवरस्तु सामायिकादिचारित्रवतां, सत्यपि परिस्पन्दवत्त्वे विदिततत्त्वानां देशसंवरः समस्त्येवेति तत्प्रतिपादनायाह–

અથવા આશ્રવનિરોધલક્ષણઃ સંવર ઉક્તઃ, સ પુનઃ કેનોપાયેન કર્ત્તવ્ય ઇત્યુપાયસ્ય દર્શનાર્થમિદં સૂત્રં–

ટીકાવતરણિકાર્થ– પૂર્વપક્ષ– જો સઘળા આસ્રવદ્વારોને બંધ કરવા રૂપ સંવર છે તો સર્વકર્મોના નિમિત્ત એવા આસ્રવછિદ્રોનો સંવર કરવાની ઇચ્છા કેટલાક જ પુરુષોથી સાધી શકવાનો પ્રસંગ આવે. કારણ કે સંપૂર્ણ હલન-ચલનનો નિરોધ કરવાનું ઇચ્છેલું છે. આથી સમચતુરસ્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણ આદિને પામેલા, જેમણે પરાક્રમને પ્રાપ્ત કર્યો છે તેવા, કર્મોની નિર્જરા કરવાની ઇચ્છાવાળા અને પરિપૂર્ણ શક્તિવાળાઓને હલન-ચલનના સ્વભાવવાળા ત્રણ યોગનો નિગ્રહ અને પૂર્વે એકઠા કરેલા કર્મોની નિવૃત્તિ થાય, પણ આ યુગમાં જન્મેલા પુરુષોને ન થાય. કારણ કે તેમને યથોક્ત સંવરનો અભાવ છે.

ઉત્તરપક્ષ– બે પ્રકારના સંવરમાં વર્તમાનકાળના જીવોને સર્વસંવર ન હોય એમાં અમે સંમત છીએ. સામાયિકાદિ ચારિત્રવાળા જીવોને દેશસંવર તો હોય છે. હલન-ચલન હોવા છતાં પરમાર્થને જાણનારા જીવોને દેશસંવર છે જ, અર્થાત્ પરમાર્થના જ્ઞાતાઓને વર્તમાનકાળમાં પણ દેશસંવર સંમત જ છે. આથી દેશસંવરનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

અથવા આસ્રવનિરોધરૂપ સંવર કહ્યો. તે સંવર કયા ઉપાયથી કરવો જોઈએ ? આથી ઉપાયને બતાવવા માટે આ સૂત્ર છે–

સંવરના ઉપાયો–

स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ॥९-२॥

સૂત્રાર્થ– ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રથી સંવર થાય છે. (૯-૨)

भाष्यं– स एष संवर एभिर्गुप्त्यादिभिरभ्युपायैर्भवति ॥९-२॥

ભાષ્યાર્થ– તે આ સંવર આ ગુપ્તિ આદિ ઉપાયોથી થાય છે. (૯-૨)

टीका– स गुप्तीत्यादि, स इत्यनेन सर्वनाम्ना प्रक्रान्तं संवरं परामृशति, गुप्यतेऽनयेति गुप्तिः, संरक्ष्यतेऽनयेत्यर्थः, संवृण्वतो हि गुप्त्यादयः करणीभवन्ति, सम्यग्गतिहेतुत्वात् समितयो, गतिरिति सकलक्रियोपलक्षणं, सर्वज्ञप्रणीतज्ञानानुसारिण्यश्चेष्टाः संवरमादधति, नरकादिकुगतिप्रपातधारणाद्धर्म्मः-क्षमादिदशलक्षणकः, अनुप्रेक्षणम्-अनुचिन्तनमनुप्रेक्षा, अनुप्रेक्ष्यन्ते-भाव्यन्त इति वाऽनुप्रेक्षाः, तादृशानुचिन्तनेन तादृशीभिर्वा वासनाभिः संवरः सुलभो भवति, समन्तादापतिताः, क्षुत्पिपासादयः सह्यन्त इति परीषहाः, परीषहा इति कः शब्दसंस्कारः ?, न तावत् पचाद्यच्, कर्त्तरि विहितत्वात्, न कर्म्मसाधनो, घञ्वृद्धिप्रसङ्गात्, पुंसि संज्ञायां घ (पा.अ.३.पा.३.सू.११८) इति चेन्न, तस्य करणाधिकरणयोर्विधानात्, उच्यते, "कृत्यलुटो बहुलम्" (पा.अ.३.पा.३.सू.११३) इति वचनात् कर्म्मण्येव घञ् प्रत्ययः, 'उपसर्गस्य घञ्यमनुष्ये बहुलम्' (पा.अ.६.पा.३.सू.१२२) इतिबहुलवचनाद् घञि चान्यत्र च दीर्घत्वं शिष्टप्रयोगानुसरणात्, परीषहाणां जयो-न्यक्करणमभिभवः परीषहजयः, चर्यते तदिति चारित्रं, पृषोदरादित्वाद्वा अष्टविधकर्म्मचयरिक्तीकरणाच्चारित्रं-सामायिकादिपञ्चभेदं, गुप्त्यादीनां चारित्रान्तानां द्वन्द्वः, एभिर्गुप्त्यादिभिः करणभूतैः संवरोऽवाप्यत इति । सम्प्रति भाष्यमनुश्रियते प्रस्तुतसंवरसम्बन्धनार्थस्तच्छब्दः, स संवरः आश्रवनिरोधलक्षणः, एष इत्यनेन मनसि व्यवस्थापितः, एभिर्गुप्त्यादिभिः करणभूतैरभ्युपायैर्भवतिजायते स्वरूपं प्रतिलभत इतियावत्, कथं पुनः करणरूपं गुप्त्यादयः

प्रपद्यन्ते ?, तत्र रागद्वेषपरिणतेरार्तरौद्राध्यवसायात् मनो निवर्त्य निराकृतैहिकामुष्मिकविषयाभिलाषस्य मनो गुप्तत्वादेव न रागादिप्रत्ययं कर्म्मास्रोष्यति, यच्च वाचिकमसंवृतस्यासत्प्रलापिनोऽप्यप्रियवचनादिहेतुकं कर्म्माभिधीयते (? संबध्यते) न तद् वाग्व्यापारविरतस्य यथाविहितवाग्भाषिणो, वाचापि गुप्तत्वादेव, तथा कायिकमनिभृतस्य धावनवल्गनाप्रत्युपेक्षिताप्रमार्जितावनिप्रदेशचङ्क्रमणद्रव्यान्तरादाननिक्षेपणादिनिमित्तमात्मनि नाश्लिष्यति कायोत्सर्गभाजः परित्यक्तहिंसादिदोषविषयक्रियाकस्य वा समयविहितक्रियानुष्ठायिनः, कायगुप्तत्वात्, एवं सम्यग्योगत्रयनिगृहीतिलक्षणास्तिस्रो गुप्तयः संवरस्य करणीभवन्ति, समितयोऽपि गुप्तिरूपा एव प्रायश्चेष्टालक्षणत्वात्, चेष्टा च कायवाङ्मनोव्यापारः तत्रेर्यादाननिक्षेपोच्चारादित्यागसमितयस्तिस्रः कायव्यापारान्तर्भूताः, मनोव्यापारानुयायिनी चैषणासमितिः, वाग्व्यापारलक्षणा भाषासमितिः, यत्तु पार्थक्येनोपादानं तन्मन्दधियां विवेकेन सुखप्रतिपत्त्यर्थं, प्रथमव्रतमृषावादादिप्रपञ्चवत्, तथा क्रोधमानमायालोभानां सभेदानां क्षमामार्दवार्जवशौचैर्निगृहीतत्वात् संवरावाप्तिः, सत्यत्यागाकिञ्चन्यब्रह्मचर्याणि चारित्रानुरोधीनि, संयमोऽपि सप्तदशप्रकारः, कश्चित् प्रथमव्रतान्तःपाती कश्चिदुत्तरगुणान्तर्भूतः, तपो द्वादशविधमुत्तरगुणान्तःपात्येव, अनित्याशरणादिचिन्तनमपि संवृण्वतो हेतुभूतमुत्तरगुणानुयायि च, परीषहा अपि यथास्वमापतिताः सम्यगधिसहनेन जीयमानाः संवरमाविष्कुर्वन्ति, तथा हिंसानृतवचनपरस्वहरणाब्रह्मचर्यपरिग्रहयामिनीभोजनानि संश्लेषविशेषाहितकलुषस्य कर्म्माश्रवनिमित्तानि, निरोधे सति विरमणभाजो न जातुचिदापतति तन्निमित्तकं कर्म्मेति, आधाकर्म्मादिपरिभोगनिमित्तं च कर्म्माश्रवणं तत्परित्यागे सति नैवास्ति, सर्वं चैतदारेकादिदोषजम्बालविमुक्तसम्यग्दर्शनपीठप्रतिबन्धं गुप्त्यादि चारित्रान्तमतः सति तत्त्वार्थश्रद्धानलक्षणे सम्यक्त्वे न भवति मिथ्या-

दर्शनप्रत्ययः कर्म्माश्रव इत्येवमेते गुप्त्यादयः संवरहेतवः-अभ्युपायाः सम्पद्यन्त इति ॥૯-૨॥

ટીકાર્થ– 'स गुप्ति' इत्यादि सर्वनामवाळा सः એ પદથી પ્રસ્તુત સંવરનો પરામર્શ કરે છે. જેનાથી (સંવરનું) રક્ષણ કરાય તે ગુપ્તિ. સંવર કરનારને ગુપ્તિ વગેરે કરણ(=સંવરને સાધવામાં અતિશય ઉપકારક) થાય છે. સમ્યગ્ગતિનું કારણ હોવાથી સમિતિઓ છે. ગતિ સઘળી ક્રિયાઓનું ઉપલક્ષણ છે. સર્વજ્ઞે રચેલી(=બતાવેલી) અને જ્ઞાનને અનુસરનારી (=જ્ઞાનપૂર્વક કરેલી) સઘળી ક્રિયાઓ સંવરને કરે છે. નરક વગેરે દુર્ગતિમાં પતનથી ધારી રાખે છે=બચાવે છે માટે ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ છે. ચિંતન કરવું તે અનુપ્રેક્ષા અથવા જે વાસિત કરાય તે અનુપ્રેક્ષા. તેવા અનુચિંતનથી કે તેવી વાસનાઓથી સંવર સુલભ થાય છે. સર્વ તરફથી આવી પડેલા ક્ષુધા-પિપાસા વગેરે સહન કરાય તે પરિષહો.

પ્રશ્ન– પરીષહ એ પ્રમાણે શબ્દ સંસ્કાર શો છે ? અર્થાત્ પરીષહ શબ્દ કેવી રીતે બન્યો છે ?

તમે કહેશો કે પચ્ આદિ ધાતુથી આવતો અચ્ પ્રત્યય આવ્યો છે તો તે બરાબર નથી. કારણ કે અચ્ નું વિધાન કર્તાકારકમાં કર્યું છે. કર્મસાધન ઘઞ્ પ્રત્યય પણ નથી. કારણ કે વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે. તમે કહેશો કે 'पुंसि संज्ञायां घः' એ સૂત્રથી ઘ પ્રત્યય લાગ્યો છે. તો તે પણ બરોબર નથી. કારણ કે તેનું કરણમાં અને અધિકરણમાં વિધાન છે.

ઉત્ત૨– कृत्य लुटो बहुलम् એ સૂત્રથી કર્મમાં જ ઘઞ્ પ્રત્યય છે. उपसर्गस्य घञ्यमनुष्ये बहुलम् એ સૂત્રમાં बहुलम् એવું વચન હોવાથી ઘઞ્ પ્રત્યયમાં અને શિષ્ટપ્રયોગના અનુસારે બીજા પ્રત્યયમાં પણ ઉપસર્ગ દીર્ઘ થયો છે. પરિષહોનો જય=તિરસ્કાર કરવો, અભિભવ કરવો તે પરિષહજય.

જે આચરાય તે ચારિત્ર અથવા ચારિત્ર શબ્દ પૃષોદરાદિમાં હોવાથી (पृषोदरादयः सिद्धहेम ૩-૨-૧૫૫ એ સૂત્રથી) આત્મામાં એકઠા થયેલા આઠ પ્રકારના કર્મને ખાલી કરે તે ચારિત્ર. ચારિત્ર સામાયિક વગેરે પાંચ પ્રકારનું

છે. ચારિત્ર સુધીના ગુપ્તિ આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. આ કરણરૂપ ગુપ્તિ આદિથી સંવર પ્રાપ્ત કરાય છે. હવે ભાષ્યને અનુસરવામાં આવે છે-

तद् શબ્દ પ્રસ્તુત સંવરનો સંબંધ કરવા માટે છે. સંવર આસ્રવનિરોધરૂપ છે. एष એ પદથી મનમાં સ્થાપિત કરાયેલો સંવર જણાવ્યો છે. આ કરણરૂપ ગુપ્તિ આદિ ઉપાયોથી સંવર થાય છે, અર્થાત્ (સંવરના) સ્વરૂપને પામે છે.

પ્રશ્ન– ગુપ્તિ આદિ કેવી રીતે કરણરૂપને પામે છે ? અર્થાત્ સંવરના કરણ કેવી રીતે બને છે ?

ઉત્તર– રાગદ્વેષના પરિણામરૂપ આર્ત-રૌદ્રધ્યાનના અધ્યવસાયથી મનને અટકાવીને જેની આ લોક-પરલોક સંબંધી વિષયોની ઇચ્છા દૂર થઇ છે તેનું મન ગુપ્ત હોવાથી જ રાગાદિના નિમિત્તે કર્મનો આસ્રવ નહિ કરે. સંવરથી રહિત અને असत्प्रलाप કરનારને પણ અપ્રિયવચન આદિ નિમિત્તથી વાણી સંબંધી જે કર્મ બંધાય છે તે કર્મ વાણીના વ્યાપારથી રહિતને કે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે બોલનારને બંધાતું નથી. કેમકે વાણીથી પણ ગુપ્ત જ છે. ચંચળ જીવને દોડવું-કૂદવું, અપ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિત પૃથ્વીપ્રદેશમાં ફરવું, અન્ય વસ્તુને લેવી-મૂકવી વગેરે નિમિત્તે આત્મામાં જે કાયિક કર્મ લાગે છે તે કર્મ કાયોત્સર્ગમાં રહેલા અથવા હિંસાદિ દોષવાળી ક્રિયાને તજી દેનારા જીવને લાગતું નથી. કારણ કે કાયાથી ગુપ્ત છે. આ પ્રમાણે ત્રણ યોગના નિગ્રહરૂપ ત્રણ ગુપ્તિઓ સંવરનું કરણ થાય છે. સમિતિઓ પણ પ્રાયઃ ગુપ્તિરૂપ જ છે. કારણ કે સમિતિઓ ક્રિયારૂપ છે અને ક્રિયા કાયા-વચન-મનનો વ્યાપાર છે. તેમાં ઇર્યા-આદાનનિક્ષેપ-ઉચ્ચારાદિ ત્યાગ એ ત્રણ કાયાના વ્યાપારની અંતર્ગત છે. એષણાસમિતિ મનોવ્યાપારને અનુસરનારી છે. ભાષાસમિતિ વાણીના વ્યાપારરૂપ છે.

પૂર્વપક્ષ–ભાષાસમિતિ વાણીના વ્યાપારરૂપ હોવાથી એનો વચનગુપ્તિમાં સમાવેશ થઇ જાય છે તેથી અલગ ભાષાસમિતિ કહેવાની જરૂર નથી.

ઉત્તરપક્ષ—મંદબુદ્ધિવાળા જીવો વિવેકથી(ભેદથી=વિસ્તારથી) સુખપૂર્વક જાણી શકે એ માટે ભાષાસમિતિનું અલગથી ગ્રહણ કર્યું છે. જેમ મૃષાવાદત્યાગ વગેરે વ્રતોનો પ્રથમ વ્રતમાં સમાવેશ થઈ જતો હોવા છતાં બાળબુદ્ધિવાળા જીવો સરળતાથી સમજી શકે એ માટે અલગથી નિર્દેશ કર્યો છે તેમ અહીં પણ સમજવું.

તથા ભેદોથી સહિત ક્રોધ-માન-માયા-લોભનો ક્ષમા-માર્દવ-આર્જવ-સંતોષથી નિગ્રહ કરાયેલો હોવાથી સંવરની પ્રાપ્તિ થાય છે. સત્ય-ત્યાગ-આકિંચન્ય-બ્રહ્મચર્ય ચારિત્રને અનુસરનારા છે. સંયમ સત્તર પ્રકારનો છે. તેમાં કોઈક સંયમ પ્રથમ વ્રતમાં અને કોઈક સંયમ ઉત્તરગુણોમાં અંતર્ભૂત થાય છે. બાર પ્રકારનો તપ ઉત્તરગુણોમાં અંતર્ભૂત જ છે.

અનિત્ય-અશરણ આદિનું ચિંતન પણ સંવર કરનારને સંવરનું કારણ છે અને ઉત્તરગુણોને અનુસરનારું છે.

પોતાની રીતે આવી પડેલા પરિષહો પણ સમ્યગ્ સહન કરવાથી જીતવામાં આવે તો સંવરને પ્રગટ કરે છે(=નવો કર્મબંધ કરાવતા નથી.)

તથા હિંસા-અસત્યવચન-પરધનહરણ-અબ્રહ્મચર્ય-પરિગ્રહ-રાત્રિ-ભોજન સંબંધવિશેષથી(હિંસા કરવી આદિ કોઈક રીતે હિંસા આદિની સાથે સંબંધ થવાથી) જેણે મલિનતાને પ્રાપ્ત કરી છે તેવા જીવને કર્મના આસ્રવના નિમિત્ત છે. હિંસાદિનો નિરોધ થતાં વિરતિવાળાને તેના નિમિત્તે ક્યારેય કર્મ આવતું નથી. આધાકર્મ આદિ દોષથી દૂષિત આહારાદિના પરિભોગ નિમિત્તે થતો કર્મનો આસ્રવ તેનો ત્યાગ કરવાથી થતો નથી જ.

ગુપ્તિથી આરંભી ચારિત્ર સુધીનું આ બધું શંકાદિ દોષરૂપ કાદવથી વિમુક્ત સમ્યગ્દર્શનરૂપ પીઠબંધવાળું છે. આથી તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વમાં મિથ્યાદર્શન નિમિત્તે કર્મનો આશ્રવ થતો નથી.

આ પ્રમાણે આ ગુપ્તિ આદિ સંવરના હેતુઓ=ઉપાયો સિદ્ધ થાય છે, અર્થાત્ ગુપ્તિ આદિ સંવરના ઉપાયો છે એ સિદ્ધ થાય છે. (૯-૨)

ભાષ્યાવતરણિકા– કિઞ્ચાન્યત્–

ભાષ્યાવતરણિકાર્થ– વળી બીજું–

ટીકાવતરણિકા– અથ કિમેભિરેવ ગુપ્ત્યાદિભિરેષ સંવરો નિષ્પાદ્યતે ? उतापरेणापि केनचिदित्याह-किञ्चान्यदिति अनेन कारणान्तरमभिसम्बध्नाति, न गुप्त्यादय एव केवलाः संवरणसमर्थाः, किञ्चान्यदपि तपोलक्षणं संवृतेः कारणमस्तीति प्रदर्शयन्नाह–

ટીકાવતરણિકાર્થ– હવે શું આ ગુપ્તિ આદિથી જ સંવર સિદ્ધ કરાય છે કે બીજા પણ કોઈ ઉપાયથી સિદ્ધ કરાય છે ? આથી કહે છે- વળી બીજું આનાથી સંવરના બીજા કારણની સાથે સંબંધ કરે છે. કેવળ ગુપ્તિ આદિ સંવરમાં સમર્થ છે એવું નથી, કિંતુ સંવરનું તપરૂપ બીજું પણ કારણ છે એ બતાવતા સૂત્રકાર કહે છે–

નિર્જરાનો ઉપાય–

तपसा निर्जरा च ॥९-३॥

સૂત્રાર્થ– તપથી નિર્જરા અને સંવર થાય છે. (૯-૩)

ભાષ્યં– तपो द्वादशविधं वक्ष्यते । तेन संवरो भवति निर्जरा च ॥९-३॥

ભાષ્યાર્થ– બાર પ્રકારનો તપ હવે(=અ.૯ સૂ.૧૯-૨૦ માં) કહેવાશે. તેનાથી સંવર અને નિર્જરા થાય છે. (૯-૩)

ટીકા– पृथग्योगकरणं उभयहेतुत्वात्, तपसोऽभिनवकर्म्मप्रवेशाभावः पूर्वोपचितकर्म्मपरिक्षयश्च, तप्यत इति तपः,सेव्यत इतियावत्, तपति वा कर्त्तारमिति तपः, तपसेति करणे तृतीया, निर्जरणं निर्जरा-विपक्वानां कर्म्मावयवानां परिशटनं, हानिरित्यर्थः, तपसाऽऽसेव्यमानेन कर्माण्यात्मप्रदेशेभ्यो विघटन्त इतियावत्, कर्तुः सन्तापकत्वाद्वा शुष्करसं कर्म्मातिरूक्षत्वान्निःस्नेहबन्धनं परिशटतीत्यर्थः, चशब्दः प्रस्तुतसंवरानुकर्षी, तपसा संवरश्च क्रियते, अनशनप्रायश्चित्तध्यानादितपोयुक्तोऽवश्यंतयैव संवृताश्रवद्वारो भवतीति ।

તપો દ્વાદશવિધં વક્ષ્યત ઇત્યાદિ ભાષ્યં, દ્વાદશ વિધાઃ-પ્રકારા યસ્ય તદ્દ્વાદશવિધં તપઃ ઉપરિષ્ટાદિહૈવાધ્યાયેઽભિધાસ્યતે, બાહ્યમનશનાદિ ષોઢા અભ્યન્તરં ચ પ્રાયશ્ચિત્તાદિ ષોઢા, તેન દ્વાદશભેદેન તપસા કરણતામાપન્નેનોક્તલક્ષણઃ સંવરો ભવતિ, આગન્તુકકર્મ્માભાવપ્રતિપાદનં, નિર્જરા ચ ભવતીતિ, ચિરન્તનબદ્ધકર્મ્માભાવપ્રતિપત્તિઃ, એવમિદમુભયસ્ય સંવરનિર્જરાલક્ષણસ્ય હેતુભૂતં તપો ભવતીતિ । આહ અસ્મિન્ ભારતે વર્ષે સામ્પ્રતિકપુરુષાણામલ્પવીર્યત્વાત્ સકલયોગનિરોધલક્ષણસંવરાત્યયે ગુપ્ત્યાદિસામર્થ્યાત્ પરિસ્પન્દવતામપિ સંવરાસ્તિત્વમાશ્રીયતે યદિ તતસ્ત એવ સ્વરૂપતોઽભિધેયા ઇતિ ક્રમેણ ગુપ્ત્યાદિસ્વરૂપનિર્ણયઃ કાર્યઃ, તત્ર તાવત્ ગુપ્તિસ્વરૂપમેવોચ્યતે-સમ્યગ્યોગનિગ્રહો ગુપ્તિઃ ભાષ્યકારસ્ત્વન્યથા કિયતા વિશેષેણ સમ્બન્ધમાહ ॥૯-૩॥

ટીકાર્થ– તપ સંવર-નિર્જરા ઉભયનું કારણ હોવાથી તપનો સંબંધ અલગ કર્યો છે. તપથી નવા કર્મના પ્રવેશનો અભાવ થાય છે અને પૂર્વે એકઠા કરેલા કર્મનો ક્ષય થાય છે. જે તપાય=સેવાય તે તપ અથવા કરનારને જે તપાવે તે તપ. તપસા એ પ્રમાણે ત્રીજી વિભક્તિ કરણમાં છે. નિર્જરવું તે નિર્જરા, અર્થાત્ વિપાકને પામેલા કર્માણુઓનો ક્ષય થવો તે નિર્જરા.

તાત્પર્યાર્થ- સેવાતા તપ વડે કર્મો આત્મપ્રદેશોથી છૂટા પડી જાય છે અથવા કરનારને તપ સંતાપ કરનારો હોવાથી શુષ્કરસવાળું કર્મ અતિશય રૂક્ષ હોવાથી સ્નેહરહિત બનેલું (કર્મરૂપ) બંધન તૂટી જાય છે.

ચ શબ્દ પ્રસ્તુત સંવરનો અનુકર્ષ કરે છે. તપથી નિર્જરા અને સંવર કરાય છે. અનશન-પ્રાયશ્ચિત્ત-ધ્યાન આદિ તપથી યુક્ત અવશ્ય બંધ કરેલા આશ્રવદ્વારવાળો હોય છે.

તપો દ્વાદશવિધં વક્ષ્યતે ઇત્યાદિ ભાષ્ય છે. બાર પ્રકારો જેના છે તે બાર પ્રકારનો તપ. બાર પ્રકારનો તપ આગળ આ જ અધ્યાયમાં કહેવાશે. બાહ્યતપ અનશન વગેરે છ પ્રકારનો છે. અભ્યંતરતપ પ્રાયશ્ચિત્ત વગેરે છ પ્રકારનો છે. કારણતાને પામેલા તે બાર પ્રકારના તપથી જેનું લક્ષણ પૂર્વે કહ્યું છે તે સંવર થાય છે. આનાથી આવનારા કર્મોના અભાવનું

પ્રતિપાદન કર્યું. અને નિર્જરા પણ થાય છે. આનાથી પૂર્વે બંધાયેલા કર્મોના અભાવનો સ્વીકાર થયો. આમ તપ સંવર-નિર્જરાનો હેતુ છે. (૯-૩)

અહીં કહે છે- આ ભરતક્ષેત્રમાં વર્તમાનકાલીન પુરુષોને વીર્ય અલ્પ હોવાથી સર્વયોગનિરોધ રૂપ સંવરનો અભાવ થયે છતે જો ગુપ્તિ આદિના સામર્થ્યથી હલનચલનવાળા પણ જીવોના સંવરના અસ્તિત્વનો આધાર લેવામાં આવે છે તો ગુપ્તિ આદિ જ સ્વરૂપથી કહેવા જોઈએ. આથી ક્રમથી ગુપ્તિ આદિના સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. તેમાં ગુપ્તિનું સ્વરૂપ જ કહેવાય છે- સારી રીતે યોગનો નિગ્રહ કરવો તે ગુપ્તિ છે.

ભાષ્યકાર તો કેટલાક વિશેષથી બીજી રીતે સૂત્રના સંબંધને કહે છે. (૯-૩)

भाष्यावतरणिका– अत्राह- उक्तं भवता गुप्त्यादिभिरभ्युपायैः संवरो भवतीति । तत्र के गुप्त्यादय इति । अत्रोच्यते–

ભાષ્યાવતરણિકાર્થ– અહીં કહે છે- આપે ગુપ્તિ આદિ ઉપાયોથી સંવર થાય છે એમ (અ.૯ સૂ.૨ માં) કહ્યું છે. તેમાં ગુપ્તિ આદિ કોણ છે ?= ગુપ્તિ આદિનું સ્વરૂપ શું છે ? અહીં કહેવાય છે-

टीकावतरणिका– अत्राहोक्तमित्यादि गुप्त्यादिभिः संवरो भवतीत्यत्रावसरे कश्चित् प्रश्नयति, उक्तं भवता गुप्त्यादिभिरभ्युपायैः संवरो भवति, तत्र तेषु संवरकारणेषु के गुप्त्यादयः, किंस्वरूपा गुप्त्यादय इति ?, अत्रोच्यते-प्रतिपादयितुर्वचनम्, अत्र प्रश्ने निर्वचनमभिधीयते-

ટીકાવતરણિકાર્થ– 'अत्राह उक्तम्' इत्यादि, ગુપ્તિ આદિથી સંવર થાય છે. આથી આ અવસરે કોઈક પ્રશ્ન કરે છે- આપે ગુપ્તિ આદિ ઉપાયોથી સંવર થાય છે એમ કહ્યું છે, તે સંવરકારણોમાં ગુપ્તિ આદિ કોણ છે ? અર્થાત્ ગુપ્તિ આદિ કેવા સ્વરૂપવાળા છે ?

'અહીં કહેવાય છે' એ વચન પ્રતિપાદન કરનારનું છે. અહીં પ્રશ્નના ઉત્તરને કહેવાય છે–

ગુપ્તિની વ્યાખ્યા–

सम्यग्योगनिग्रहो गुप्तिः ॥९-४॥

સૂત્રાર્થ– મન, વચન, કાયા એ ત્રણ યોગનો સમ્યગ્ નિગ્રહ કરવો એ ગુપ્તિ છે. (૯-૪)

भाष्यं– सम्यगिति विधानतो ज्ञात्वाभ्युपेत्य सम्यग्दर्शनपूर्वकं त्रिविधस्य योगस्य निग्रहो गुप्तिः । कायगुप्तिर्वाग्गुप्तिर्मनोगुप्तिरिति । तत्र शयनासनादाननिक्षेपस्थानचङ्क्रमणेषु कायचेष्टानियमः कायगुप्तिः । याचनपृच्छनपृष्टव्याकरणेषु वाङ्नियमो मौनमेव वा वाग्गुप्तिः । सावद्यसंकल्पनिरोधः कुशलसंकल्पः कुशलाकुशलसंकल्पनिरोध एव वा मनोगुप्तिरिति ॥९-४॥

ભાષ્યાર્થ– સમ્યગ્ એટલે પ્રકારથી(=પ્રકારોને) જાણીને અને સમ્યગ્દર્શનપૂર્વક સ્વીકારીને ત્રણ પ્રકારના યોગનો નિગ્રહ એ ગુપ્તિ છે.

કાયગુપ્તિ, વચનગુપ્તિ અને મનોગુપ્તિ એમ ત્રણ પ્રકારનો યોગ છે. તેમાં શયન-આસન-આદાન-નિક્ષેપ-સ્થાન-ચંક્રમણમાં કાયાની ચેષ્ટાનો નિયમ એ કાયગુપ્તિ છે.

યાચન-પૃચ્છન અને પૂછ્યાનો જવાબ આપવામાં વાણીનો નિયમ અથવા મૌન જ રહેવું તે વચનગુપ્તિ છે.

સાવદ્યના સંકલ્પનો નિરોધ, કુશળ સંકલ્પ અથવા કુશળ-અકુશળ બંને પ્રકારના સંકલ્પનો નિરોધ જ મનોગુપ્તિ છે. (૯-૪)

टीका– सम्यक् प्रशस्तो मुमुक्षोर्योगनिग्रहो गुप्तिरात्मसंरक्षणं, योगा मनोवाक्कायलक्षणास्तेषां निग्रहो निगृहीतिः, प्रवचनविधिना मार्गव्यवस्थापनमुन्मार्गगमननिवारणं चेत्यतो योगनिग्रहविशेषणार्थं सम्यगिति, सम्यग्आगमानुसारेणारक्तद्विष्टपरिणतिसहचरिष्णोर्मनोव्यापाराः वाक्कायव्यापाराश्च निर्व्यापारता वा वाक्काययोर्निग्रहो गुप्तिर्भवति, न पुनस्तस्करस्येव, प्रत्यग्रागसो गाढबन्धनबद्धस्यातिपीडितहृदयप्रदेशस्य सम्पुटितनक्रविवरस्य पराधीनात्मनो निवृत्तौ योगनिग्रह इष्यते ।

सम्प्रति भाष्येण सूत्रार्थं स्पष्टयन्नाह-सम्यगित्यादि सम्यगिति शब्दस्यार्थमाचष्टे, विधानत इति, सभेदं विज्ञाय योगं, तत्र काययोगस्यौदारिकवैक्रियाहारकतैजसकार्मणभेदाः सम्भविनः, वाग्योगस्य सत्यामृषादयः, मनसः सावद्यसंकल्पादयः ज्ञात्वा इति, आगमतो यथावदवबुध्य अभ्युपेत्य सम्यग्दर्शनपूर्वकमिति प्रतिपद्य च भावत एवमेते योगाः परिणताः कर्म्मबन्धाय एवं च कर्म्मनिर्जरायै, सम्यग्दर्शनपूर्वकमित्यभ्युपगमक्रियाविशेषणं, प्रशमसंवेग-निर्वेदास्तिक्यानुकम्पाभिव्यक्तिलक्षणं सम्यग्दर्शनं तत् पूर्वं यस्याभ्युपगमस्येति, त्रिविधस्य योगस्येति, मूलभेदाख्यानमुत्तरभेदानां मूलान-तिलङ्घित्वात् परिग्रहः, निग्रहः स्ववशे व्यवस्थापनं, स्वातन्त्र्यप्रतिषेधेन मुक्तिमार्गानुकूलपरिणामो गुप्तिः संरक्षणं भयानकात् कर्मबन्धशत्रोः, त्रैविध्यप्रतिपादनायाह-कायगुप्तिर्वाग्गुप्तिर्मनोगुप्तिरिति । कायस्य गुप्तिः संरक्षणमुन्मार्गगतेरागमतः, तथाऽयं संरक्षितः कायो नात्मानमुपहन्ति, एवं वाङ्मनोगुप्त्योरपि व्याख्या, इतिशब्दोऽवधारणार्थः, त्रिविध एव मूलभेदतो योगः, तत्र तेषु योगेषु निग्रहीतव्येषु काययोगनिग्रह एव तावदुच्यते, शयनम् आगमोक्तो निद्रामोक्षकालः, स च रात्रावेव, न दिवा अन्यत्र ग्लानादेः, तत्रापि क्षणदायाः प्रथमे यामे अतिक्रान्ते गुरुमापृच्छ्य प्रमाणयुक्तायां वसतावेकस्य साधोर्हस्तत्रयप्रमिते भूप्रदेशे सभाजनस्य च यत्रावस्थानं सकलावकाशपूरणं च सा प्रमाणयुक्ता, तत्र प्रमृज्य स्वावकाशं प्रत्यवेक्ष्य संहृत्यास्तीर्य संस्तरणपट्टकद्वयमूर्ध्वमधश्च कायं प्रमृज्य सपादं मुखवस्त्रिकारजोहृतिभ्यामनुज्ञापितसंस्तारकावस्थानः कृत-सामायिकनमस्कृतिः वामबाहूपधान आकुञ्चितजानुकः कृकवाकुवद्वियति प्रसारितजङ्घो वा प्रमार्जितक्षोणीतलन्यस्तचरणो वा भूयः सङ्कोचसमये प्रमार्जितसंदंशकमुद्वर्त्तनकाले च मुखवस्त्रिकाप्रमृष्टकायो नात्यन्ततीव्रनिद्रः शयीत, आसनं-निवेशनं यत्र भूप्रदेशे विवक्षितं तं प्रत्यवेक्ष्य चक्षुषा

प्रमृज्य च रजोहृत्या बहिर्निषद्यामास्तीर्य निविशेत, निविष्टोऽप्याकुञ्चन-प्रसारणादि पूर्ववत् कुर्वीत, वर्षादिषु च बृसिकापीठकाद्यमुयैव सामाचार्या प्रत्युपेक्ष्य प्रमृज्य च सन्निवेशनं कुर्यात्, आदाननिक्षेपौ च दण्डकोपकरणचेष्टाभाजनादिविषयौ, तावपि प्रत्युपेक्षणप्रमार्जनपूर्वकौ निरवद्यौ भवतः, तथा स्थानम्-ऊर्ध्वस्थितिलक्षणमवष्टम्भादि वा सुप्रत्युपेक्षितप्रदेशविषयं पिण्डीकृतवस्त्राद्यन्तर्द्धानमवष्टम्भादि च निरवद्यं, चङ्क्रमणं-गमनं तदपि प्रयोजनवतः पुरस्ताद्युगमात्रदेशसन्निवेशित-दृष्टेरप्रमत्तस्य स्थावराणि जङ्गमानि च भूतानि परिवर्जयतोऽत्वरया पदन्यासमाचरतः प्रशस्तं, एवमेतेषु गमनादिविषयेषु कायकृतचेष्टायाः कायव्यापारस्य नियमो व्यवस्थानिग्रहः, एवं कर्त्तव्यमेवं न कर्त्तव्यमिति, उक्तं च-

"कायक्रियानिवृत्तिः कायोत्सर्गः शरीरगुप्तिः स्यात् ।
दोषेभ्यो वा हिंसादिभ्यो विरतिर्मनोगुप्तिः ॥१॥"

अत्र च यद्यपि मनोव्यापारसंसृष्टः कायव्यापारः तथापि कायचेष्टायाः साक्षात् कायेनैव निष्पादितत्वाद्बहिरुपलक्ष्यमाणत्वाच्च प्राधान्येन विवक्षा । वाग्गुप्तिविषयप्रदर्शनमाह-याचनेत्यादि याचनं-प्रार्थनमन्यतो गृहस्था-देराहारोपधिशय्यानां, तच्च मुखवसनाच्छादितवक्त्रदेशस्य प्रवचनविहित-वाक्यशुद्ध्यनुसारिणो भाषमाणस्य वाग्गुप्तिर्भवति, तथा पृच्छनमाचरतो-ऽवगमनवैद्यसन्देहविच्छेदादिविषयमागमविधिभाजो वाग्गुप्तिः, तथा धर्म्ममाचक्ष्वेति पृष्टः श्राद्धेन केनचित् प्रकल्पग्रन्थाभिहितनीत्या व्याकुर्यात् सम्यगुपयुक्तः, अन्यद्वा सावद्यमनवद्यं वा पृष्टः समाधाय लोकागमा-विरोधेनाचक्षीत, एवंविधः पृच्छनादिविषयो वाग्नियमो वाग्गुप्तिः, मौनम्-अभाषणमेव वा वाग्गुप्तिरिति, आह च-"अनृतादिनिवृत्तिर्वा मौनं वा भवति वाग्गुप्तिः ।" मनोगुप्तिस्वरूपाख्यानायाह-सावद्येत्यादि अवद्यं-गर्हितं पापं सहावद्येन सावद्यः संकल्पः-चिन्तनमालोचन-

मार्तरौद्रध्यायित्वं चलचित्ततया वा यदवद्यवच्चिन्तयति तस्य निरोधः- अकरणमप्रवृत्तिर्मनोगुप्तिः, तथा च कुशलसंकल्पानुष्ठानं सरागसंयमादि-लक्षणं येन धर्म्मोऽनुबध्यते यावान् वाऽध्यवसायः कर्मोच्छेदाय यतते सोऽपि सर्वः कुशलसंकल्पो मनोगुप्तिः, अथवा न कुशले-सरागसंयमादौ प्रवृत्तिः नाप्यकुशले-संसारहेतौ योगनिरोधावस्थायामभावादेव मनसो गुप्तिः मनोगुप्तिः, तत्काले च ध्यानसम्भवात् सकलकर्मक्षयार्थ एवात्मनः परिणामो भवतीति ॥९-४॥

ટીકાર્થ– સમ્યક્ એટલે પ્રશસ્ત. મુમુક્ષુનો પ્રશસ્ત યોગનિગ્રહ ગુપ્તિ છે. ગુપ્તિ એટલે આત્માનું રક્ષણ કરવું. મન-વચન-કાયા એ ત્રણ યોગો છે. તેમનો નિગ્રહ કરવો એટલે શાસ્ત્રોક્ત વિધિથી માર્ગમાં રાખવા અને ઉન્માર્ગમાં જતા રોકવા. આથી યોગનિગ્રહના વિશેષણ માટે સમ્યક્ શબ્દ છે, અર્થાત્ સમ્યક્ શબ્દ યોગનિગ્રહનું વિશેષણ છે. આગમ પ્રમાણે રાગ-દ્વેષના અભાવની પરિણતિની સાથે વિચરનારા (સાધુના) માનસિક-વાચિક-કાયિક વ્યાપાર અથવા વચન-કાયાના વ્યાપારનો અભાવ એ સમ્યગ્યોગનિગ્રહ છે. આવો સમ્યગ્યોગનિગ્રહ ગુપ્તિ છે. જેનું પાપ તાજું છે, જે ગાઢ બંધનથી બંધાયેલ છે, જેનો હૃદયપ્રદેશ અતિશય પીડિત છે, જેના નાકના વિવર(=નસકોરા) દબાવી દીધા છે અને જે પરાધીન છે એવા ચોરના જેવી નિવૃત્તિમાં યોગનિગ્રહ ઈષ્ટ નથી.

હવે ભાષ્યથી સૂત્રના અર્થને સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે-

'सम्यग्' इत्यादि सम्यग् એવા શબ્દના અર્થને કહે છે- 'विधानतः' इति યોગને ભેદો સહિત જાણીને તેમાં કાયયોગના ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણ એ ભેદો સંભવે છે. વચનયોગના સત્યામૃષા વગેરે, મનના સાવદ્યનો સંકલ્પ વગેરે ભેદો છે.

'ज्ञात्वा' इति આગમથી યથાર્થ જાણીને.

'अभ्युपेत्य सम्यग्दर्शनपूर्वकम्' इति, આ યોગો આ પ્રમાણે પરિણત થયા હોય તો કર્મબંધ માટે થાય અને આ પ્રમાણે પરિણત થયા હોય તો કર્મનિર્જરા

માટે થાય એમ જણાવવા માટે સમ્યગ્દર્શનપૂર્વક પદ મૂકવામાં આવેલ છે. સમ્યગ્દર્શનપૂર્વકમ્ એ સ્વીકારક્રિયાનું વિશેષણ છે. સમ્યગ્દર્શન પ્રશમ-સંવેગ-નિર્વેદ-આસ્તિક્ય-અનુકંપાની અભિવ્યક્તિ સ્વરૂપ છે. સમ્યગ્દર્શન જે અભ્યુપગમની પૂર્વમાં છે તે સમ્યગ્દર્શનપૂર્વક અભ્યુપગમ છે.

'त्रिविधस्य योगस्य' એ પ્રમાણે મૂળભેદોનું કથન છે. કારણ કે ઉત્તરભેદો મૂળભેદોને ઓળંગતા ન હોવાથી(=ઉત્તરભેદોનો મૂળભેદોમાં સમાવેશ થઈ જતો હોવાથી) મૂળભેદોને કહેવાથી ઉત્તરભેદોનો પરિગ્રહ થઈ જાય છે. નિગ્રહ એટલે પોતાના વશમાં રાખવા. સ્વતંત્રતાનો પ્રતિષેધ થવાથી મુક્તિમાર્ગને અનુકૂળ પરિણામ ગુપ્તિ છે. ગુપ્તિ ભયંકર કર્મબંધ રૂપ શત્રુથી સંરક્ષણ કરનાર છે.

યોગના ત્રણ પ્રકારોનું પ્રતિપાદન કરવા માટે કહે છે—

'कायगुप्तिर्वाग्गुप्तिर्मनोगुप्तिः' इति આગમના આધારે કાયાનું ઉન્માર્ગગમનથી રક્ષણ કરવું. તે પ્રમાણે સંરક્ષણ કરાયેલી કાયા આત્માનો ઘાત કરતી નથી. એ પ્રમાણે વચનગુપ્તિ અને કાયગુપ્તિની પણ વ્યાખ્યા કરવી. इति શબ્દ અવધારણના અર્થવાળો છે. મૂળભેદથી યોગ ત્રણ પ્રકારનો જ છે. નિગ્રહ કરવા યોગ્ય ત્રણ યોગમાં પહેલા કાયયોગનો નિગ્રહ જ કહેવાય છે.

શયન— શયન એટલે આગમમાં કહેલા નિદ્રારૂપ[૧] મોક્ષનો કાળ. તે કાળ રાત્રે જ છે. બિમારી આદિ સિવાય દિવસે નિદ્રાનો કાળ નથી. રાત્રિમાં પણ રાત્રિનો પહેલો પ્રહર પૂર્ણ થયે છતે ગુરુને પૂછીને પ્રમાણયુક્ત વસતિમાં શયન કરે. પાત્ર સહિત સાધુનું ત્રણ[૨] હાથ પ્રમાણ

૧. અહીં मोक्ष्यते दुःखमनेन इति मोक्षः એવી વ્યુત્પત્તિવાળો અર્થ કરવો. જેટલો સમય માણસ નિદ્રામાં હોય તેટલો સમય દુઃખથી મુક્ત થાય છે. આથી નિદ્રા પણ મોક્ષ છે. માટે અહીં નિદ્રારૂપ મોક્ષ એવો અર્થ કર્યો છે.

૨. અહીં ત્રણ હાથની ગણતરી આ પ્રમાણે છે- પ્રથમ અઠાવીસ અંગુલ પહોળો સંથારો પછી વીસ અંગુલ ખાલી જગ્યા પછી ચોવીશ અંગુલ પાત્રાની જગ્યા આમ (૨૮+૨૦+૨૪)=૭૨ અંગુલ=ત્રણ હાથ થાય.

ભૂભાગમાં જ્યાં અવસ્થાન(=શયન) થાય અને સંપૂર્ણ જગ્યા પૂરાય તે પ્રમાણયુક્ત વસતિ છે. ત્યાં પોતાની જગ્યાને પ્રમાર્જીને અને જોઈને, સંથારો-ઉત્તરપટ્ટો એ બે ભેગા પાથરીને, મુખવસ્ત્રિકા અને રજોહરણથી પગ સહિત કાયાને ઉપર-નીચે[1] પ્રમાર્જીને, સંથારામાં અવસ્થાનની (=સૂવાની) રજા લઈને ત્રણવાર સામાયિકસૂત્ર અને નમસ્કારસૂત્ર બોલીને, ડાબા હાથને ઓશીકું બનાવીને, જાનુઓને સંકોચીને, અથવા કુકડાની જેમ જંઘાઓને આકાશમાં ઊંચે લાંબી કરીને અથવા પ્રમાર્જેલ પૃથ્વીતળમાં પગોને મૂકીને(=સંથારામાં પગોને મૂકીને=સંથારામાં પગોને લંબાવીને) શયન કરે. ફરી સંકોચવાના સમયે સંડાસાને પ્રમાર્જે, પડખું ફેરવવાના સમયે મુખવસ્ત્રિકાથી કાયાને પ્રમાર્જે, જેને અત્યંત તીવ્ર નિદ્રા નથી એવો સાધુ સૂવે, અર્થાત્ સાધુ ઘોર નિદ્રાથી ન સૂવે.

આસન– આસન એટલે બેસવું. જે વિવક્ષિત ભૂભાગમાં બેસવાનું હોય તે ભૂભાગને ચક્ષુથી જોઈને અને રજોહરણથી પ્રમાર્જીને બહારના આસનને=ઓઘા ઉપર વીંટેલા ઉપરના ઓઘારિયાને પાથરીને બેસે. બેઠેલો પણ સંકોચન-પ્રસારણ પૂર્વવત્ કરે. ચાતુર્માસાદિમાં પણ આસન અને પાટલા વગેરેને આ જ સામાચારીથી પડિલેહીને અને પ્રમાર્જીને બેસે.

આદાન-નિક્ષેપ– દાંડો, ઉપકરણ, કાયિકક્રિયા, પાત્ર વગેરેનું લેવું-મૂકવું પ્રત્યુપેક્ષણ-પ્રમાર્જન પૂર્વક નિરવદ્ય કરે.

સ્થાન– સ્થાન એટલે ઊભા રહેવું કે ટેકો લેવો વગેરે. વીંટિયો બાંધવો, ટેકો લેવો વગેરે સારી રીતે પ્રત્યુપેક્ષિત (અને પ્રમાર્જિત) પ્રદેશમાં નિરવદ્ય કરવું.

ચંક્રમણ– ચંક્રમણ એટલે જવું. ગમન પણ પ્રયોજન ઉપસ્થિત થાય ત્યારે આગળ [2]યુગપ્રમાણ દૃષ્ટિ રાખીને, સ્થાવર-જંગમ જીવોનો ત્યાગ કરતા અને ઉતાવળ વિના પગ મૂકતા અપ્રમત્ત સાધુનું પ્રશસ્ત છે.

---

૧. મુખવસ્ત્રિકાથી ઉપરની કાયાને અને રજોહરણથી નીચેની કાયાને પ્રમાર્જે.

૨. યુગ એટલે બળદોને ગાડામાં જોડવાની ધોંસરી. ધોંસરી ચાર હાથ પ્રમાણ હોય છે. युगमात्रं=चतुर्हस्तप्रमाणं शकटोर्द्धिसंस्थितम् । (આચા.શ્રુ.૨ અ.૩ ઉ.૧ સૂ.૧૧૫)

આ પ્રમાણે આ ગમનાદિમાં કાયાના વ્યાપારનો નિયમ એટલે કે આ પ્રમાણે કરવું અને આ પ્રમાણે ન કરવું એમ વ્યવસ્થાનું નિયમન કરવું એ કાયગુપ્તિ છે. કહ્યું છે કે- "કાયાના વ્યાપારની નિવૃત્તિરૂપ કાયોત્સર્ગ શરીરગુપ્તિ છે અથવા હિંસાદિ દોષોથી વિરતિ મનોગુપ્તિ છે."

જો કે અહીં કાયવ્યાપાર મનોવ્યાપારથી યુક્ત છે તો પણ કાયક્રિયા સાક્ષાત્ કાયાથી જ ઉત્પન્ન કરાયેલી હોવાથી અને બહાર દેખાતી=જણાતી હોવાથી પ્રધાનપણે કાયાની વિવક્ષા છે.

વચનગુપ્તિના વિષયને બતાવવા માટે કહે છે–

'याचन' ઇત્યાદિ, યાચન એટલે ગૃહસ્થ વગેરે પાસેથી આહાર, ઉપધિ અને વસતિની માગણી કરવી. મુખવસ્ત્રિકાથી મુખના ભાગને ઢાંકીને અને શાસ્ત્રમાં વિહિત વાક્યશુદ્ધિના અનુસારે બોલનારનું યાચન વચનગુપ્તિ થાય છે તથા સંદેહ દૂર થાય ઇત્યાદિ માટે પાસે જઈને જાણકારને આગમોક્ત વિધિપૂર્વક પૂછવું એ વચનગુપ્તિ છે. તથા કોઈક શ્રાવકવડે ધર્મને કહો એમ પૂછાયેલો=કહેવાયેલો સાધુ સમ્યગ્ ઉપયોગ રાખીને નિશીથગ્રંથમાં કહેલી મર્યાદાથી જવાબ આપે અથવા આ સાવદ્ય છે કે નિરવદ્ય છે એમ પૂછાયેલો સાધુ ઉપયુક્ત બનીને લોકમાં અને આગમમાં વિરોધ ન આવે તે રીતે કહે. આ પ્રમાણે પૃચ્છન આદિમાં વાણીનું નિયમન એ વચનગુપ્તિ છે અથવા મૌન જ રહેવું=બોલવું જ નહીં તે વચનગુપ્તિ છે. કહ્યું છે કે "અસત્યાદિથી નિવૃત્તિ અથવા મૌન એ કાયગુપ્તિ છે."

મનોગુપ્તિના સ્વરૂપનું વ્યાખ્યાન કરવા માટે કહે છે–

'सावद्य' ઇત્યાદિ અવદ્ય એટલે ગર્હિત=પાપ. અવદ્યથી સહિત તે સાવદ્ય. સંકલ્પ એટલે ચિંતન=વિચાર, અર્થાત્ આર્ત-રૌદ્રધ્યાન અથવા અસ્થિરચિત્તથી અવદ્યવાળું જે ચિંતવે તે સાવદ્ય સંકલ્પ છે. તેનો નિરોધ એટલે ન કરવું=અપ્રવૃત્તિ તે મનોગુપ્તિ છે. તથા સરાગ-સંયમાદિ રૂપ કુશળ સંકલ્પ કરવો કે જેથી ધર્મનો અનુબંધ થાય અથવા જેટલો અધ્યવસાય કર્મક્ષય માટે પ્રયત્ન કરે છે, અર્થાત્ જેટલા અધ્યવસાયથી કર્મક્ષય થાય તે

સઘળો પણ કુશળ સંકલ્પ મનોગુપ્તિ છે. અથવા સરાગસંયમાદિ કુશળ સંકલ્પમાં પ્રવૃત્તિ ન થાય અને સંસારનું કારણ એવા અકુશળ સંકલ્પમાં પણ પ્રવૃત્તિ ન થાય તે મનોગુપ્તિ છે. યોગનિરોધ અવસ્થામાં બંને પ્રકારના સંકલ્પનો અભાવ હોવાથી જ (કુશળાકુશળ સંકલ્પના અભાવરૂપ) મનોગુપ્તિ હોય છે. યોગનિરોધની અવસ્થાના કાળે ધ્યાન હોવાથી સર્વ કર્મોનો ક્ષય કરનારા જ આત્માના પરિણામ હોય છે. (૯-૪)

ટીકાવતરણિકા– एवं कायादिनिरोधात्तन्निमित्तकर्म्माश्रवणेऽसति संवरप्रसिद्धिरुक्ता, सम्प्रति चेष्टावतोऽपि संवरसिद्ध्यर्थमिमाः पञ्च समितयोऽभिधीयन्ते, आह च-

"तद्गुणपरिशुद्ध्यर्थं भिक्षोर्गुप्तीर्जगाद तिस्रोऽर्हन् ।
चेष्टितुकामस्य पुनः समितीः प्राजिज्ञपत् पञ्च ॥१॥"

ટીકાવતરણિકાર્થ– આ પ્રમાણે કાયાદિના નિષેધથી તેના નિમિત્તે કર્માસ્રવ બંધ થયે છતે સંવરની સિદ્ધિ કહી. હવે ક્રિયાવાળા પણ આત્માના સંવરની સિદ્ધિ માટે આ પાંચ સમિતિઓ કહેવાય છે. કહ્યું છે કે- "અરિહંત ભગવાને સાધુના સંવરગુણની વિશુદ્ધિ માટે ત્રણ ગુપ્તિઓ કહી છે. ચેષ્ટા(=ક્રિયા) કરવાની ઇચ્છાવાળા સાધુની પાંચ સમિતિઓ જણાવી છે."

સમિતિઓનું વર્ણન–

ईर्याभाषैषणाऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ॥९-५॥

સૂત્રાર્થ– ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ અને ઉત્સર્ગ એ પાંચ સમિતિઓ છે. (૯-૫)

ભાષ્યં–सम्यगीर्या सम्यग्भाषा सम्यगेषणा सम्यगादाननिक्षेपौ सम्यगुत्सर्ग इति पञ्च समितयः । तत्रावश्यकायैव संयमार्थं सर्वतो युगमात्रनिरीक्षणायुक्तस्य शनैर्न्यस्तपदा गतिरीर्यासमितिः । हितमितासंदिग्धानवद्यार्थनियतभाषणं भाषासमितिः । अन्नपानरजोहरणपात्रचीवरादीनां धर्मसाधनानामाश्रयस्य चोद्गमोत्पादनैषणादोषवर्जनमेषणासमितिः । रजोहरणपात्रचीवरादीनां पीठफलकादीनां चावश्यकार्थं निरीक्ष्य प्रमृज्य

चादाननिक्षेपौ आदाननिक्षेपणासमितिः । स्थण्डिले स्थावरजङ्गम-जन्तुवर्जिते निरीक्ष्य प्रमृज्य च मूत्रपुरीषादीनामुत्सर्ग उत्सर्गसमितिरिति ॥૯-૫॥

ભાષ્યાર્થ– સમ્યગ્ ઈર્યા, સમ્યગ્ ભાષા, સમ્યગ્ એષણા, સમ્યગ્ આદાન-નિક્ષેપ, સમ્યગ્ ઉત્સર્ગ એ પ્રમાણે પાંચ સમિતિઓ છે. તેમાં સંયમ માટે આવશ્યક કાર્ય માટે જ યુગમાત્ર નિરીક્ષણથી યુક્ત સાધુની જેમાં ધીમેથી(=ઉતાવળ કર્યા વિના) પગ મૂકાયા છે તેવી ગતિ એ ઈર્યાસમિતિ છે.

હિત, મિત, અસંદિગ્ધ, અનવદ્યાર્થ અને નિયત બોલવું તે ભાષા-સમિતિ છે.

ધર્મના સાધક એવા આહાર, પાણી, રજોહરણ, પાત્ર, વસ્ત્રો અને વસતિના ઉદ્ગમ, ઉત્પાદન અને એષણા દોષોનો ત્યાગ કરવો તે એષણાસમિતિ છે.

રજોહરણ-પાત્ર-વસ્ત્રાદિની અને પાટલો-પાટિયું વગેરેની આવશ્યકતા માટે લેવું-મૂકવું હોય ત્યારે નિરીક્ષણ કરીને અને પ્રમાર્જીને લેવું-મૂકવું તે આદાન-નિક્ષેપણા સમિતિ છે.

સ્થાવર-ત્રસ જીવોથી રહિત ભૂમિમાં જોઈને અને પ્રમાર્જીને મળ-મૂત્ર વગેરેનો ત્યાગ કરવો તે ઉત્સર્ગસમિતિ છે. (૯-૫)

टीका– अनन्तरसूत्रात् सम्यग्ग्रहणमनुवर्त्तते, तत् प्रत्येकमभि-सम्बन्धनीयं, समितिग्रहणं च, ईरणमीर्या-गतिपरिणतिः सम्यग्-आगमानुसारिणी गतिरीर्यासमितिः, समितिरिति तान्त्रिकी संज्ञा पञ्चसु चेष्टासु, अथवा नानुवर्त्तते सम्यग्ग्रहणं, समितिरिति समुपसर्गः प्रशंसार्थः, प्रशस्ता इतिः-चेष्टा, सर्ववित्प्रवचनानुसारेण प्राशस्त्यार्थः, एवं भाषणं भाषास्तद्विषया समितिः भाषासमितिः, एषणमेषो-गवेषण-मेषणासमितिः, आदानं-ग्रहणं निक्षेपो-न्यासः स्थापनं तयोः समितिः

प्रावचनेन विधिनाऽनुगता आदाननिक्षेपणासमितिः, उत्सर्जनमुत्सर्गः, उत्सर्जनमाहारोपधिशय्योच्चारादेर्भगवद्वचनापेक्षमुत्सर्गसमितिः, ईर्यादयः कृतद्वन्द्वाः समितिशब्दसमानाधिकरणा इति । अमुमर्थं भाष्येण स्पष्टयति-सम्यगीर्येत्यादिना सम्यग्-आगमपूर्विका ईर्या-गमनमात्मपर-बाधापरिहारेण, यथोक्तं-

"पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे ।
वज्जेंतो बीअहरिआइं, पाणे य दगमट्टिअं ॥१॥

ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जए ।
संकमेण न गच्छिज्जा, विज्जमाणे परक्कमे ॥२॥"

सम्यग्भाषाऽप्यागमानुवर्त्तिनी,

"जा य सच्चा न वत्तव्वा, सच्चामोसा य जा मुसा ।
जा य बुद्धेहिऽणाइण्णा, ण तं भासेज्ज पण्णवं ॥३॥"

सम्यगेषणा-गवेषणा आगमविधिना पिण्डादीनां, सम्यगादाननिक्षेपौ प्रत्युपेक्षणप्रमार्जनपूर्वकौ, सम्यगुत्सर्गः स्थण्डिले व्यपगतप्राणिके, इतिशब्दः स्वरूपप्रतिपादनार्थः, एवंस्वरूपाः पञ्चैव समितयः,

तदेव स्वरूपं प्रपञ्चयति-तत्रेत्यादि, तत्र तासु समितिषु ईर्यासमितिरित्थंरूपा अवश्यकार्ये चेत्यवश्यं कार्यं-कर्त्तव्यं यदागमोदितं प्रयोजनं विहारादि-भूगमनं, तदेव भूयः स्पष्टयति-संयमार्थमिति, संयमः सप्तदशभेदः, तदेव चावश्यकमवश्यंतया कर्त्तव्यं, सर्वतः इति सर्वत्र युगप्रमिते भूप्रदेशे, पादाग्रादारभ्य यावद्युगमात्रं तावन्निरीक्षणेत्यर्थः, युक्तः आयुक्तः, तस्यैवं चेष्टमानस्य शनैः शनैर्मन्दं गतिभेदमकुर्वतो न्यासं चरणयोराचरत ईर्यासमितिः ।

सम्प्रति भाषासमितिनिरूपणायाह-हितमित्यादि, आत्मने परस्मै च हितमायत्यां तदात्वे चोपकारकं मुखवसनाच्छादितास्येन, नातिबहु,

प्रयोजनमात्रसाधकं मितं, असंदिग्धं सूक्तवर्णमर्थप्रतिपत्तौ वा न सन्देहकारि, निरवद्यार्थमनुपघातकं षण्णां जीवनिकायानाम्, एवंविधं च नियतं सर्वदैव भाषणं भाषासमितिः। एषणासमितिस्वरूपावधारणायाह-अन्नपानेत्यादि अन्नम्-अशनखाद्यस्वाद्यभेदं पानम्-आरनालतन्दुलक्षालनाद्युद्गमादिदोषपरिशुद्धं तथा रजोहरणं समुखवसनं पात्रद्वयं चोलपट्टकादि चीवरम्, आदिग्रहणात् चतुर्दशविधोऽप्युपधिः स्थविरकल्पयोग्यः जिनकल्पयोग्यश्च सहौपग्रहिकेण ग्राह्यः, धर्मसाधनानामिति, श्रुतचरणधर्मसाधकानामित्यर्थः, साक्षात् पारम्पर्येण च, न हि पात्राद्यन्तरेण महाव्रतसंरक्षणं कर्तुं शक्यम्, एवमाहारोपकरणविषयामेषणां प्रतिपाद्य प्रतिश्रयैषणाभिधानायाह-आश्रयः-शय्या, साऽप्युद्गमादिदोषरहितैव परिभोग्या, चशब्दः समुच्चितौ, तत्र षोडश आधाकर्म्मादय उद्गमदोषाः, उत्पादनादोषाः षोडश चैव धात्र्यादयः, दशैषणादोषाः शङ्कितादयः, एतद्दोषपरिहारेणान्नपानादिग्रहणमेषणासमितिः, उक्तं च-

"उत्पादनोद्गमैषणधूमाङ्गारप्रमाणकारणतः ।
संयोजनाच्च पिण्डं शोधयतामेषणासमितिः ॥१॥"

आदाननिक्षेपसमितिस्वरूपविवक्षया प्राह-रजोहरणेत्यादि रजोहरणादिपात्रचीवरादीनामिति चतुर्दशविधोपधेर्ग्रहणं द्वादशविधोपधिग्रहणं च पञ्चविंशतिविधोपधिपरिग्रहश्च, पीठफलकादीनामिति चाशेषौपग्रहिकोपकरणं आवश्यकार्थमित्यवश्यंतया वर्षासु पीठफलकादिग्रहः, कदाचिद्धेमन्तग्रीष्मयोरपि क्वचिदनूपविषये जलकणिकाकुलायां भूमौ, एवं द्विविधमप्युपधिं स्थिरतरमभिसमीक्ष्य प्रमृज्य च रजोहृत्याऽऽदाननिक्षेपौ कर्त्तव्यावित्यादाननिक्षेपणासमितिः, आह च-

"न्यासाधिकरणदोषान् परिहृत्य दयापरस्य निक्षिपतः ।
न्यासे समितिरथादाने च तथैवाददानस्य ॥१॥"

उत्सर्गसमितिस्वरूपकथनायाह-स्थण्डिल इत्यादि स्थानदानात् स्थण्डिलं-उज्झितव्यवस्तुयोग्यो भूप्रदेशः, कीदृक् पुनस्तदवकाशं ददातीत्याह-स्थावरजङ्गमजन्तुवर्जितं, तत्र स्थावराः-सचित्ता मिश्राश्च पृथिव्यादयः पञ्च, द्वीन्द्रियादयो जङ्गमाः, तद्वर्जितं निरीक्ष्य चक्षुषा प्रमृज्य च रजोहृत्या वस्त्रपात्रखेलमलभक्तपानमूत्रपुरीषादीनामुत्सर्गः-उज्झनं उत्सर्गसमितिः, इतिशब्दः परिसमाप्तिवचनः, आह च-

"न्यासादानसमित्यां व्युत्सर्गे वापि वर्णिता समितिः ।
सूत्रोक्तेन (च) विधिना व्युत्सृजतोऽर्थं प्रतिष्ठाप्यम् ॥१॥
एवं साधोर्नित्यं यतमानस्याप्रमत्तयोगस्य ।
मिथ्यात्वाविरतिप्रत्ययं निरुद्धं भवति कर्म्म ॥२॥" ॥९-५॥

टीकार्थ– अनंतरसूत्रथी सम्यग्नुं ग्रहण(=सम्यक् शब्दनो प्रयोग) चाल्युं आवे छे. तेनो ईर्या वगेरे प्रत्येक शब्दनी साथे संबंध करवो अने प्रत्येक शब्दनी पछी समितिनुं ग्रहण करवुं(=समिति शब्दनो प्रयोग करवो.) जवुं ते ईर्या, अर्थात् गतिनो परिणाम. सम्यग् एटले आगमने अनुसरनारी. आगमने अनुसरनारी गति ते ईर्यासमिति. समिति ए पांच क्रियाओनी शास्त्रीय संज्ञा छे अथवा सम्यग्नुं ग्रहण चाल्युं आवतुं नथी. सम्+इतिः ए प्रमाणे सम् उपसर्ग प्रशंसा अर्थवाळो छे. प्रशस्त ईति=चेष्टा ते समिति. सर्वज्ञशास्त्रना अनुसारे सम् उपसर्ग प्रशस्तपणुं एवा अर्थवाळो छे.

बोलवुं ते भाषा. भाषा संबंधी समिति ते भाषासमिति. शोधवुं ते एष[1], अर्थात् गवेषण (आगमोक्त विधि प्रमाणे आहारादिनुं) गवेषण करवुं(=शोध करवी) ते एषणासमिति. आदान एटले ग्रहण. निक्षेप एटले मूकवुं=स्थापवुं. ते बेनी शास्त्रोक्त विधिने अनुसरेली

१. अहीं एषणमेषः एम एष शब्दनी व्युत्पत्ति करी छे. एषणा शब्दनी व्युत्पत्ति करवी जोईए. इषोऽनिच्छायाम् (सिद्धहेम ५-३-११२) ए सूत्रथी एषणा शब्द सिद्ध थाय छे. एथी एषणमेषः ना बदले एषणमेषणा एम होवुं जोईए.

સમિતિ તે આદાન-નિક્ષેપણા સમિતિ. ત્યાગ કરવો તે ઉત્સર્ગ. આહાર-ઉપધિ-શય્યા-મળ આદિનો પ્રવચનની અપેક્ષા રાખીને ત્યાગ કરવો તે ઉત્સર્ગ સમિતિ. ઈર્યા વગેરે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે તથા (ઈર્યા વગેરે શબ્દો) સમિતિ શબ્દની સાથે સમાનાધિકરણ સમાસવાળા છે.

આ જ અર્થને ભાષ્યથી 'सम्यगीर्या' વગેરેથી સ્પષ્ટ કરે છે—

સમ્યગ્=આગમપૂર્વક(=આગમ પ્રમાણે) સ્વ-પરને પીડા ન થાય તે રીતે ઈર્યા=જવું તે ઈર્યાસમિતિ. કહ્યું છે કે-"ધુંસરી પ્રમાણ પૃથ્વીને આગળ જોતો અને સચિત્ત બીજો, વનસ્પતિ, બેઇંદ્રિય આદિ ત્રસ જીવો(दगमट्टियं=)પાણી અને પૃથ્વીને ત્યજતો(=ન વિરાધતો) ચાલે." (દશ.અ.૫ ઉ.૧ ગા.૩) "રસ્તે ચાલતાં ओवायं=ખાઈ-ખાડાને, विसमं=ખાઈ-ટેકરાને, खाणुं=ખીલા-ખૂંટા વગેરેને અને विज्जलं=કાદવને સર્વ રીતે તજે. સંયમ અને શરીર ઉભયની રક્ષા માટે विज्जमाणे परक्कमे=બીજો સ્થિર માર્ગ હોય તો संक्कमेण=સંક્રમ માર્ગે (પાણી કે ખાડા વગેરેના ઉલ્લંઘન માટે મૂકેલા કાષ્ઠ-પથ્થર વગેરે) અસ્થિર માર્ગે ન જાય." (દશ વૈ. અ.૫ ઉ.૧ ગા.૪)

સમ્યગ્ ભાષા પણ આગમને અનુસરનારી બોલે. "સાવદ્ય હોવાથી (૧) જે સત્ય છતાં નહિ બોલવા યોગ્ય (૨) સત્યામૃષા(=મિશ્ર), (૩) સર્વથા અસત્ય (૪) અને આમંત્રણ વગેરે વ્યવહાર ભાષા છતાં સાધુને બોલવા યોગ્ય નહિ હોવાથી बुद्धेहिं नाइन्ना જ્ઞાનીઓએ નહિ આચરેલી तं=તે ભાષાને पन्नवं=બુદ્ધિમાન સાધુ न भासिज्ज=બોલે નહિ." (દશ વૈ. અ.૭ ગા.૨)

આગમોક્ત વિધિથી પિંડ આદિની સમ્યગ્ એષણા=ગવેષણા તે એષણાસમિતિ. પ્રત્યુપેક્ષણા-પ્રમાર્જનાપૂર્વક સમ્યગ્ આદાન-નિક્ષેપ તે આદાન-નિક્ષેપ સમિતિ. જીવોથી રહિત સ્થંડિલમાં સમ્યગ્ ઉત્સર્ગ તે ઉત્સર્ગ સમિતિ. इति શબ્દ સ્વરૂપના પ્રતિપાદન માટે છે. આવા સ્વરૂપવાળી પાંચ જ સમિતિઓ છે. તે જ સ્વરૂપને વિસ્તારે છે- 'तत्र'

इत्यादि ते समितिओमां ईर्यासमिति आवा स्वरूपवाळी छे- 'आवश्यक-कार्ये च' इति आगममां कहेलुं विहारादि माटे पृथ्वी उपर चालवा रूप कार्य अवश्य कार्य छे. तेने ज फरी स्पष्ट करे छे- 'संयमार्थम्' इति, संयम सत्तर प्रकारनुं छे. संयम ज अवश्य करवा योग्य होवाथी आवश्यक कार्य छे. 'सर्वतः' इति सर्वस्थळे युगप्रमाण भूमि प्रदेशमां, अर्थात् पगना आगळना भागथी प्रारंभी जेटलुं युगनुं प्रमाण थाय तेटलुं निरीक्षण करे. युक्त एटले आयुक्त=उपयोगवाळो. आवा प्रकारनी चेष्टाने करता अने उतावळ कर्या विना चरणोने धीमे धीमे मूकता तेने ईर्यासमिति होय छे.

हवे भाषासमितिनुं निरूपण करवा माटे कहे छे—

'हितम्' इत्यादि **हित**- पोताने अने बीजाने भविष्यमां अने वर्तमानमां उपकारक होय तेवुं वचन मुखने मुखवस्त्रिकाथी ढांकीने बोलवुं. **मित**- घणुं नहि, मात्र प्रयोजनने सिद्ध करे तेवुं वचन बोलवुं. **असंदिग्ध**- सारी रीते कहेला अक्षरोवाळुं अथवा संदेह न करे तेवुं वचन बोलवुं. **निरवद्यार्थ**- छ जीवनिकायोना उपघात करनारुं न होय तेवुं वचन. **नियत**- सदाय आवा प्रकारनुं वचन बोलवुं ते भाषासमिति छे.

एषणासमितिना स्वरूपनो निर्णय करवा माटे कहे छे—

'अन्नपान' इत्यादि अन्न अशन-खादिम-स्वादिम एम त्रण प्रकारनुं छे. उद्गमादि दोषोथी परिशुद्ध कांजी अने चोखानुं धोवण वगेरे पाणी छे. मुखवस्त्रिका सहित रजोहरण, बे पात्र, चोलपट्टो वगेरे वस्त्र छे. आदि शब्दनुं ग्रहण कर्युं होवाथी स्थविरकल्पने योग्य औपग्रहिकथी सहित चौद प्रकारना उपधिनुं अने जिनकल्पने योग्य उपधिनुं ग्रहण करवुं.

'धर्मसाधनानाम्' इति साक्षात् के परंपराए श्रुत-चरित्ररूप धर्मना साधक एवो अर्थ छे. पात्र वगेरे विना महाव्रतोनुं संरक्षण करवानुं शक्य नथी.

आ प्रमाणे आहार अने उपकरण संबंधी एषणानुं प्रतिपादन करीने उपाश्रयनी एषणाने जणावता माटे कहे छे- आश्रय एटले शय्या= उपाश्रय. शय्या पण उद्गमादि दोषोथी रहित होय तेवी ज वापरवा

યોગ્ય છે. ચ શબ્દ સમુચ્ચય અર્થમાં છે. તે દોષોમાં આધાકર્મ વગેરે સોળ ઉદ્ગમ દોષો છે. ધાત્રી વગેરે સોળ ઉત્પાદનના દોષો છે. શંકિત વગેરે દશ એષણાના દોષો છે. આ દોષોનો ત્યાગ કરીને અન્ન-પાન આદિને ગ્રહણ કરવા એ એષણાસમિતિ છે. કહ્યું છે કે- "ઉત્પાદન, ઉદ્ગમ, એષણા, ધૂમ, અંગાર, પ્રમાણ, કારણ અને સંયોજનથી આહારની શુદ્ધિ કરનારા(=દોષો ન લગાડનારા) સાધુઓને એષણાસમિતિ હોય."

આદાન-નિક્ષેપસમિતિના સ્વરૂપને કહેવાની ઇચ્છાથી કહે છે—

'रजोहरणं' ઇત્યાદિ, रजोहरणादि पात्रचीवरादीनाम् એવા ઉલ્લેખથી ચૌદ પ્રકારની, બાર પ્રકારની અને પચીસ પ્રકારની ઉપધિનું ગ્રહણ કર્યું છે. पीठफलकादीनाम् એવા પ્રયોગથી ઔપગ્રહિક સઘળી ઉપધિનું ગ્રહણ કર્યું છે. आवश्यकार्थम् એવા કથનથી વર્ષાઋતુમાં અવશ્ય પાટલો-પાટિયું વગેરેનું ગ્રહણ કરવું જોઇએ. ક્યારેક હેમંતઋતુમાં અને ગ્રીષ્મઋતુમાં પણ ક્યાંક [1]અનૂપદેશમાં જલકણોથી વ્યાપ્ત ભૂમિમાં પાટલો-પાટિયું વગેરેનું ગ્રહણ કરવું જોઇએ.

આ પ્રમાણે (ઔધિક અને ઔપગ્રહિક એ) બંને પ્રકારની ઉપધિને સ્થિરતાથી (ચક્ષુથી) જોઇને અને રજોહરણથી પ્રમાર્જીને આદાન અને નિક્ષેપ કરવા જોઇએ. આ પ્રમાણે આદાન-નિક્ષેપ સમિતિ છે. કહ્યું છે કે- "ન્યાસરૂપ અસંયમના દોષોનો ત્યાગ કરીને મૂકતા અને દયામાં તત્પર સાધુને નિક્ષેપમાં સમિતિ છે. તે જ પ્રમાણે લેતા અને દયામાં તત્પર સાધુને આદાનમાં સમિતિ છે."

ઉત્સર્ગસમિતિનું સ્વરૂપ કહેવા માટે કહે છે—

'स्थण्डिले' ઇત્યાદિ, સ્થાન આપવાથી સ્થંડિલ કહેવાય છે. સ્થંડિલ એટલે ત્યાગ કરવા યોગ્ય વસ્તુને યોગ્ય ભૂમિભાગ(=વસ્તુને પરઠવવા માટેનું યોગ્ય સ્થાન). તે સ્થંડિલ કેવું સ્થાન છે તે કહે છે- સ્થાવરજઙ્ગમ-

---

૧. અનૂપ એ દેશનું નામ નથી, કિંતુ વિશેષણ છે. જેની ચોતરફ પાણી હોય તેવા દેશને અનૂપ કહેવાય છે. અનૂપ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- अनुगता आपो यस्मिन् सः अनूपो देशः ।

વર્જિતમ્ સ્થાવર અને જંગમ જીવથી રહિત. તેમાં સ્થાવર એટલે સચિત્ત અને મિશ્ર એવા પૃથ્વીકાય આદિ પાંચ. દ્વીન્દ્રિય વગેરે જંગમ છે. તેનાથી રહિત સ્થાનને ચક્ષુથી જોઈને અને રજોહરણથી પ્રમાર્જીને વસ્ત્ર-પાત્ર-કફ-મેલ-ભક્ત-પાન-મૂત્ર-મળ આદિનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ સમિતિ છે. इति શબ્દ પરિસમાપ્તિને કહેનારો છે. કહ્યું છે કે–

પરઠવવા યોગ્ય વસ્તુને સૂત્રોક્ત વિધિથી પરઠવતા સાધુને વ્યુત્સર્ગમાં સમિતિ કહી છે. (૧). "આ પ્રમાણે અપ્રમત્તયોગવાળા અને સદા યતના કરતા સાધુને મિથ્યાત્વ અને અવિરતિ નિમિત્તે આવતું કર્મ રોકાયેલું થાય છે. (૨). (૯-૫)

टीकावतरणिका– अत्राह-उक्तं गुप्तिसमितीनां संवरहेतुत्वम्, अधुना को धर्म्मः संवरस्य कारणमिति वक्तव्यं, साध्वगारिधर्मभेदादिति संदेहस्य प्रश्नः, उच्यते, सत्यपि अविशेषाभिधाने न पुण्यकर्म्म धर्म्मः, किं तर्हि ?, संवरोपादानसामर्थ्यनिमित्तं यो धर्म्मः स उच्यते–

टीकावतरणिकार्थ– અહીં કોઇ કહે છે- આપે ગુપ્તિ-સમિતિ સંવરનું કારણ છે એમ કહ્યું. હવે સંવરનું કારણ કયો ધર્મ છે એમ કહેવું જોઇએ. સાધુ-ગૃહસ્થના ભેદથી ધર્મ બે પ્રકારનો છે. આથી આ બે ધર્મમાંથી કયો ધર્મ સંવરનું કારણ છે એવો સંદેહ જેને થયો છે તેનો આ પ્રશ્ન છે.

તેનો આ ઉત્તર છે– અહીં 'ધર્મ' એમ સામાન્યથી કહ્યું હોવા છતાં પુણ્યકર્મ ધર્મ નથી, અર્થાત્ જેનાથી પુણ્યકર્મનો બંધ થાય તે ધર્મ અહીં ધર્મ તરીકે વિવક્ષિત નથી. તો ધર્મ શું છે ? જે ધર્મ સંવરને ઉત્પન્ન કરવાના સામર્થ્યમાં નિમિત્ત હોય તે ધર્મ કહેવાય છે–

ધર્મનું વર્ણન–

उत्तमः क्षमा-मार्दवार्जव-शौच-सत्य-संयम-तपस्त्यागा-किञ्चन्य-ब्रह्मचर्याणि धर्मः ॥९-६॥

સૂત્રાર્થ– ઉત્તમક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય ધર્મ છે. (૯-૬)

भाष्यं– इत्येष दशविधोऽनगारधर्मः उत्तमगुणप्रकर्षयुक्तो भवति । तत्र क्षमा तितिक्षा सहिष्णुत्वं क्रोधनिग्रह इत्यनर्थान्तरम् । तत्कथं क्षमितव्यमिति चेदुच्यते । क्रोधनिमित्तस्यात्मनि भावाऽभावचिन्तनात्, परैः प्रयुक्तस्य क्रोधनिमित्तस्यात्मनि भावचिन्तनादभावचिन्तनाद्वा क्षमितव्यम् । भावचिन्तनात् तावद्विद्यन्ते मय्येते दोषाः, किमत्रासौ मिथ्या ब्रवीतीति क्षमितव्यम् । अभावचिन्तनादपि क्षमितव्यम्, नैते विद्यन्ते मयि दोषा यान् अज्ञानादसौ ब्रवीतीति क्षमितव्यम् । किञ्चान्यत् । क्रोध-दोषचिन्तनाच्च क्षमितव्यम् । क्रुद्धस्य हि विद्वेषासादनस्मृति-भ्रंशव्रतलोपादयो दोषा भवन्तीति ।

किञ्चान्यत् । बालस्वभावचिन्तनाच्च परोक्षप्रत्यक्षाक्रोशताडनमारण-धर्मभ्रंशानामुत्तरोत्तररक्षार्थम् । बाल इति मूढमाह । परोक्षमाक्रोशति बाले क्षमितव्यमेव । एवंस्वभावा हि बाला भवन्ति । दिष्ट्या च मां परोक्षमाक्रोशति न प्रत्यक्षमिति । लाभ एव मन्तव्य इति । प्रत्यक्ष-मप्याक्रोशति बाले क्षमितव्यम् । विद्यत एवैतद्बालेषु । दिष्ट्या च मां प्रत्यक्षमाक्रोशति । न ताडयति । एतदप्यस्ति बालेष्विति लाभ एव मन्तव्यः । ताडयत्यपि बाले क्षमितव्यम् । एवंस्वभावा हि बाला भवन्ति । दिष्ट्या च मां ताडयति, न प्राणैर्वियोजयतीति । एतदपि विद्यते बालेष्विति । प्राणैर्वियोजयत्यपि बाले क्षमितव्यम् । दिष्ट्या च मां प्राणैर्वियोजयति, न धर्माद्भ्रंशयतीति क्षमितव्यम् । एतदपि विद्यते बालेष्विति लाभ एव मन्तव्यः ।

किञ्चान्यत् । स्वकृतकर्मफलाभ्यागमाच्च । स्वकृतकर्मफलाभ्यागमोऽयं मम, निमित्तमात्रं पर इति क्षमितव्यम् । किञ्चान्यत् । क्षमागुणांश्चानाया-सादीननुस्मृत्य क्षमितव्यमेवेति क्षमाधर्मः ।

नीचैर्वृत्त्यनुत्सेकौ मार्दवलक्षणम् । मृदुभावः मृदुकर्म च मार्दवं, मदनिग्रहो मानविघातश्चेत्यर्थः । तत्र मानस्येमान्यष्टौ स्थानानि भवन्ति । तद्यथा- जातिः कुलं रूपमैश्वर्यं विज्ञानं श्रुतं लाभो वीर्यमिति ।

एभिर्जात्यादिभिरष्टाभिर्मदस्थानैर्मत्तः परात्मनिन्दाप्रशंसाभिरतस्तीव्राहङ्कारोपहतमतिरिहामुत्र चाशुभफलमकुशलं कर्मोपचिनोति । उपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते । तस्मादेषां मदस्थानानां निग्रहो मार्दवं धर्म इति ।

भावविशुद्धिरविसंवादनं चार्जवलक्षणम् । ऋजुभावः ऋजुकर्म वार्जवम् । भावदोषवर्जनमित्यर्थः । भावदोषयुक्तो ह्युपधिनिकृतिसंयुक्त इहामुत्र चाशुभफलमकुशलं कर्मोपचिनोति । उपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते । तस्मादार्जवं धर्म इति ।

अलोभः शौचलक्षणम् । शुचिभावः शुचिकर्म वा शौचम् । भावविशुद्धिः निष्कल्मषता, धर्मसाधनमात्रास्वप्यनभिष्वङ्ग इत्यर्थः । अशुचिर्हि भावकल्मषसंयुक्त इहामुत्र चाशुभफलमकुशलं कर्मोपचिनोत्युपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते । तस्माच्छौचं धर्मः इति ।

सत्यर्थे भवं वचः सत्यं, सद्भ्यो वा हितं सत्यम् । तदननृतमपरुषमपिशुनमनसभ्यमचपलमनाविलमविरलमसंभ्रान्तं मधुरमभिजातमसंदिग्धं स्फुटमौदार्ययुक्तमग्राम्यपदार्थाभिव्याहारमशीभरमरागद्वेषयुक्तम् । सूत्रमार्गानुसारप्रवृत्तार्थमर्थ्यमर्थिजनभावग्रहणसमर्थमात्मपरानुग्राहकं निरुपधं देशकालोपपन्नमनवद्यमर्हच्छासनप्रशस्तं यतं मितं याचनं प्रच्छनं प्रश्नव्याकरणमिति सत्यं धर्मः ।

योगनिग्रहः संयमः । स सप्तदशविधः । तद्यथा- पृथिवीकायिकसंयमः अप्कायिकसंयमः तेजस्कायिकसंयमः वायुकायिकसंयमः वनस्पतिकायिकसंयमः द्वीन्द्रियसंयमः त्रीन्द्रियसंयमः चतुरिन्द्रियसंयमः पञ्चेन्द्रियसंयमः । प्रेक्ष्यसंयमः उपेक्ष्यसंयमः अपहृत्यसंयमः प्रमृज्यसंयमः कायसंयमः वाक्संयमः मनःसंयमः उपकरणसंयम इति संयमो धर्मः ।

तपो द्विविधम् । तत्परस्ताद्वक्ष्यते । प्रकीर्णकं चेदमनेकविधम् । तद्यथा- यववज्रमध्ये चन्द्रप्रतिमे द्वे, कनकरत्नमुक्तावल्यस्तिस्रः, सिंह-

विक्रीडिते द्वे, सप्तसप्तमिकाद्याः प्रतिमाश्चतस्रः, भद्रोत्तरमाचाम्लवर्धमानं सर्वतोभद्रमित्येवमादि । तथा द्वादश भिक्षुप्रतिमा मासिक्याद्या आसप्तमासिक्यः सप्त, सप्तरात्रिक्याः तिस्रः, अहोरात्रिकी, रात्रिकी चेति ।

बाह्याभ्यन्तरोपधिशरीरान्नपानाद्याश्रयो भावदोषपरित्यागस्त्यागः ।

शरीरधर्मोपकरणादिषु निर्ममत्वमाकिञ्चन्यम् ।

व्रतपरिपालनाय ज्ञानाभिवृद्धये कषायपरिपाकाय च गुरुकुलवासो ब्रह्मचर्यम् । अस्वातन्त्र्यं गुर्वधीनत्वं गुरुनिर्देशस्थायित्वमित्यर्थं च पञ्चाचार्याः प्रोक्ताः-प्रव्राजको दिगाचार्यः श्रुतोद्देष्टा श्रुतसमुद्देष्टा आम्नायार्थवाचक इति । तस्य ब्रह्मचर्यस्येमे विशेषगुणा भवन्ति । अब्रह्मविरतिव्रतभावना यथोक्ता इष्टस्पर्शरस-रूप-गन्ध-शब्द-विभूषानभिनन्दित्वं चेति ॥૯-૬॥

ભાષ્યાર્થ– આ પ્રમાણે આ દશ પ્રકારનો સાધુધર્મ ઉત્તમગુણોના પ્રકર્ષથી યુક્ત હોય છે.

તેમાં ક્ષમા, તિતિક્ષા, સહિષ્ણુતા, ક્રોધનિગ્રહ એ પ્રમાણે એક અર્થ છે.

તેને કેવી રીતે સહન કરવું એમ (જો તમે પૂછતા હો તો અમારાથી) કહેવાય છે- ક્રોધ નિમિત્તના આત્મામાં ભાવ-અભાવના ચિંતનથી સહન થાય.

બીજાએ યોજેલ ક્રોધ નિમિત્ત આત્મામાં 'છે' એવા ચિંતનથી કે 'નથી' એવા ચિંતનથી ક્ષમા કરવી જોઈએ. 'છે' એવા ચિંતનથી મારામાં આ દોષો વિદ્યમાન છે, આમાં આ શું ખોટું બોલે છે ? એમ ક્ષમા કરવી જોઈએ. 'નથી' એવા ચિંતનથી પણ ક્ષમા કરવી જોઈએ. આ અજ્ઞાનતાથી જે દોષોને બોલે છે તે દોષો મારામાં નથી એમ ક્ષમા કરવી જોઈએ.

તથા ક્રોધથી થતા દોષોના ચિંતનથી ક્ષમા કરવી જોઈએ. ગુસ્સે થયેલાને વિદ્વેષ-આસાદન સ્મૃતિભ્રંશ-વ્રતલોપ વગેરે દોષો થાય છે.

તથા બાલસ્વભાવના ચિંતનથી અને પરોક્ષ-પ્રત્યક્ષ-આક્રોશ-તાડન-મારણ-ધર્મભ્રંશોમાં ઉત્તરોત્તરનું રક્ષણ થાય છે માટે ક્ષમા કરવી જોઈએ.

બાલ એટલે મૂઢ. (૧) બાળજીવ પરોક્ષ આક્રોશ કરે ત્યારે ક્ષમા કરવી જ જોઈએ. બાળજીવો આવા જ સ્વભાવવાળા હોય છે. એટલું સારું છે કે મને પરોક્ષ આક્રોશ કરે છે, પ્રત્યક્ષ નહિ. આથી લાભ જ માનવો જોઈએ. (૨) બાળ પ્રત્યક્ષ પણ આક્રોશ કરે ત્યારે ક્ષમા કરવી જોઈએ. બાળજીવોમાં આ હોય જ. એટલું સારું છે કે તાડન કરતો નથી. બાળજીવોમાં આ પણ હોય. આથી લાભ જ માનવો જોઈએ. (૩) બાળજીવ તાડન કરે ત્યારે પણ ક્ષમા કરવી જોઈએ. બાળજીવો આવા સ્વભાવવાળા જ હોય છે. એટલું સારું છે કે તાડન કરે છે પણ પ્રાણોથી અલગ કરતો નથી. બાળજીવોમાં આ પણ હોય છે. (૪) બાળજીવ પ્રાણોથી અલગ કરે ત્યારે પણ ક્ષમા કરવી જોઈએ. એટલું સારું છે કે પ્રાણોથી અલગ કરે છે, ધર્મથી ભ્રષ્ટ કરતો નથી. એમ ક્ષમા કરવી જોઈએ. બાળજીવોમાં આ પણ હોય છે. આથી લાભ જ માનવો જોઈએ.

સ્વકૃત કર્મફળના આગમનનો આશ્રય કરીને ક્ષમા કરવી જોઈએ. મારા પોતાના કરેલા કર્મના ફળનું આ આગમન છે. બીજો તો માત્ર નિમિત્ત છે. એ પ્રમાણે ક્ષમા કરવી જોઈએ.

વળી, ક્ષમા કરવાના મનવાળા જીવે બીજું કયું આલંબન કરવું(=લેવું) જોઈએ એમ કહે છે—

અનાયાસ વગેરે ક્ષમાગુણોનું સ્મરણ કરીને ક્ષમા કરવી જ જોઈએ. આ પ્રમાણે ક્ષમાધર્મ છે.

નીચૈર્વૃત્તિ અને અનુત્સેક માર્દવનું લક્ષણ છે. મૃદુનો ભાવ અથવા મૃદુનું કર્મ તે માર્દવ. મદનિગ્રહ અને માનનો વિઘાત એ પ્રમાણે માર્દવનો અર્થ છે. તેમાં માનના આઠ સ્થાનો છે.

તે આ પ્રમાણે- જાતિ, કુળ, રૂપ, ઐશ્વર્ય, વિજ્ઞાન, શ્રુત, લાભ અને વીર્ય. (એ મદ સ્થાનો છે.)

આ જાત્યાદિ આઠ મદસ્થાનોથી અભિમાની બનેલો, પરનિંદા-સ્વપ્રશંસામાં મશગૂલ અને તીવ્ર અહંકારથી હણાયેલી મતિવાળો જીવ

આ લોકમાં અને પરલોકમાં અશુભ ફળવાળું કર્મ એકઠું કરે છે. ઉપદેશાતા પણ કલ્યાણને તે સ્વીકારતો નથી. તેથી આ મદસ્થાનોના નિગ્રહ રૂપ માર્દવ ધર્મ છે.

ભાવવિશુદ્ધિ અને અવિસંવાદન આર્જવનું લક્ષણ છે. ઋજુનો ભાવ કે ઋજુનું કાર્ય તે આર્જવ, અર્થાત્ આર્જવ એટલે ભાવદોષનો ત્યાગ. ભાવદોષથી યુક્ત જીવ ઉપધિ અને નિકૃતિથી સંયુક્ત હોય છે અને આ લોક અને પરલોકમાં અશુભ ફળવાળું કર્મ એકઠું કરે છે. ઉપદેશાતા પણ કલ્યાણને સ્વીકારતો નથી. તેથી (માયાનો વિરોધી એવો) આર્જવ ધર્મ છે.

લોભનો અભાવ એ શૌચનું લક્ષણ છે. શુચિનો ભાવ અથવા શુચિનું કાર્ય તે શૌચ છે.

નિર્મલતા એટલે ભાવથી વિશુદ્ધિ, અર્થાત્ ધર્મસાધનના પરિણામમાં રાગનો અભાવ એ ભાવથી વિશુદ્ધિ છે. ભાવમળથી યુક્ત અશુચિ જીવ આ લોકમાં અને પરલોકમાં અશુભ ફળવાળા અશુભ કર્મને બાંધે છે. ઉપદેશાતા પણ કલ્યાણને સ્વીકારતો નથી તેથી શૌચ ધર્મ છે.

સત્ અર્થમાં થયેલું વચન સત્ય છે અથવા જીવોને કે જીવ-અજીવ એ બંનેને હિતકર વચન સત્ય છે. સત્યવચન, અનનૃત, અપુરુષ, અપિશુન, અનસભ્ય, અચપલ, અનાવિલ, અવિરલ, અસંભ્રાન્ત, મધુર, અભિજાત, અસંદિગ્ધ, સ્ફુટ, ઔદાર્યયુક્ત, અગ્રામ્યપદાર્થાભિવ્યાહાર, અશીભર, અરાગ-દ્વેષયુક્ત હોવું જોઈએ.

સૂત્રમાર્ગાનુસારપ્રવૃત્તાર્થ, અર્થ્ય, અર્થિજનભાવગ્રહણસમર્થ, આત્મપરાનુગ્રાહ, નિરુપધ, દેશકાલોપપન્ન, અનવદ્ય, અર્હત્શાસનપ્રશસ્ત, યત, મિત, યાચન, પ્રચ્છન, પ્રશ્ન-વ્યાકરણ આ પ્રમાણે સત્ય ધર્મ છે.

યોગોનો નિગ્રહ એ સંયમ છે. સંયમ સત્તર પ્રકારનો છે. તે આ પ્રમાણે- પૃથ્વીકાયિકસંયમ, અપ્કાયિકસંયમ, તેજસ્કાયિકસંયમ, વાયુકાયિકસંયમ, વનસ્પતિકાયિકસંયમ, દ્વીન્દ્રિયસંયમ, તેઇંદ્રિયસંયમ, ચઉરિંદ્રિયસંયમ, પંચેંદ્રિયસંયમ, પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્યસંયમ, અપહૃત્યસંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વાક્સંયમ, મનઃસંયમ, ઉપકરણસંયમ આ પ્રમાણે સંયમ ધર્મ છે.

તપ બે પ્રકારનો છે. જે તપાવે તે તપ. તપ આગળ કહેવાશે. પ્રકીર્ણક તપ અનેક પ્રકારનો છે.

તે આ પ્રમાણે- યવવજ્જમધ્યા ચંદ્રપ્રતિમા બે છે. કનકાવલી-રત્નાવલી-મુક્તાવલી એમ ત્રણ છે. સિંહવિક્રીડિત બે છે.

સપ્ત-સપ્તમિકા વગેરે ચાર પ્રતિમાઓ, ભદ્રોત્તર, આયંબિલ વર્ધમાન, સર્વતોભદ્ર વગેરે તપ છે.

તથા બાર ભિક્ષુપ્રતિમાઓ છે. માસિકી પ્રતિમાથી પ્રારંભી સપ્તમાસિકી સુધીની સાત પ્રતિમાઓ, સપ્તઅહોરાત્રિકી ત્રણ, અહોરાત્રિકી એક અને રાત્રિકી એક.

બાહ્ય-અભ્યંતર ઉપધિ-શરીર-અન્નપાન આદિના આશ્રયવાળા ભાવદોષનો પરિત્યાગ એ ત્યાગ છે.

શરીર અને ધર્મોપકરણાદિમાં મમત્વનો અભાવ એ આકિંચન્ય છે.

વ્રતોના પરિપાલન માટે, જ્ઞાનની અભિવૃદ્ધિ માટે અને કષાયોના પરિપાક માટે ગુરુકુલવાસ એ બ્રહ્મચર્ય છે.

અસ્વાતંત્ર્ય, ગુર્વધીનત્વ, ગુરુનિર્દેશાવસ્થાયિત્વ (આ શબ્દો એક અર્થવાળા છે.) એટલા માટે પ્રવ્રાજક, દિગાચાર્ય, શ્રુતોદેષ્ટા, શ્રુતસમુદેષ્ટા અને આમ્નાયાર્થવાચક એમ પાંચ આચાર્યો કહ્યા છે.

તે બ્રહ્મચર્યના આ વિશેષગુણો થાય છે- અબ્રહ્મવિરતિરૂપ વ્રતની યથોક્ત ભાવનાઓ અને ઈષ્ટ સ્પર્શ, રસ, રૂપ, ગંધ, શબ્દ અને વિભૂષામાં અભિનંદિત્વનો અભાવ. (૯-૬)

ટીકા– उत्तमग्रहणमगारिधर्म्मव्यवच्छेदार्थं, उत्तमो धर्म्मः प्रकर्षयोगात्, क्षमादयो हि उत्तमविशेषणविशिष्टाः, तादृशाश्चागारिणो न सन्ति, यतः सर्वावस्थामनगाराः क्षमन्ते सकलमदस्थाननिग्राहिणः शाठ्यरहिताः सन्तोषामृततृप्ताः सत्यवादिनः संयमिनस्तपस्विनो यथावद्दातारः कनकादिकिञ्चनरहिताः सर्वप्रकारं ब्रह्म बिभ्रतीति, नत्वेवं जातुचिद्

गृहिणां क्षमादयः प्रकर्षभाजो भवन्ति, क्षमादयः कृतद्वन्द्वाः प्रथमाबहुवचनेन निर्दिष्टाः, समुदिता एवोत्तमो धर्म्मः, एष च क्षमादिसमुदायः संवरं धारयति-करोति यतस्ततो धर्म्मः, संवरार्थं चात्मना धार्यते इति धर्म्मः, एतावन्ति धर्माङ्गानि तन्निष्पादितश्च धर्म इति दर्शयति एवमेव दशप्रकारो यतिधर्म्मः, उत्तमा गुणाः-मूलोत्तराख्यास्तेषां प्रकर्षः-पराकाष्ठा तद्युक्तो-ऽनगाराणां धर्मो भवति, तत्र क्षमेत्यादिना विवृणोति उत्तमत्वं, क्षमेति क्षमणं-सहनपरिणाम आत्मनः शक्तिमतः अशक्तस्य वा प्रतीकारानुष्ठाने, तां पर्यायशब्दैराचष्टे तितिक्षा क्षान्तिः सहिष्णुत्वं सहनशीलत्वं क्रोधनिग्रहः-क्रोधस्योदयनिरोधः उदितस्य वा विवेकबलेन निष्फलतापादनम्, एवमेतेऽनर्थान्तरवाचिनः शब्दाः क्षमामेवाभिदधति ।

भाष्यकारस्तु स्वयमेवाशङ्क्याह एवम्, तत् कथं क्षमितव्यमिति, भावे कृत्यः, क्षमापि भावः, अतः सामान्यमात्रमाश्रित्य तच्छब्दयोगः, वाक्यार्थस्तु सा क्षमा कथं केन प्रकारेण कर्त्तव्या ?, एवं मन्यते-दुर्भेद्यः क्रोधवेगो मदकलस्येव करिणः, चेत्शब्द आशङ्काव्युदासचिकीर्षायां, आह-उच्यत इति क्रोधनिमित्तस्यात्मनि भावाभावचिन्तनात् भावः सद्भावोऽस्तित्वमभावो-नास्तित्वं, चिन्तनात् उभयथापि क्रोधो न घटते इति, येन निमित्तेन परप्रयुक्तेन मम कोप उत्पद्यते तन्निमित्तं मयि किं सत्यमेवास्ति उताभ्याख्याति परः ?, यदि सत्यमस्ति एतन्निमित्तं किं कोपेन ?, कृतं खलु मयेदं, नाणीयोऽपि परस्यात्रागः सद्भूतमर्थं प्रकाशयतः, स्वकृतं हि दुश्चरितं लपत्येवं चिन्तयेत्, एतदेवाह भाव-चिन्तनात् तावद् विद्यन्ते मयि एते दोषाः, किमत्रासौ मिथ्या ब्रवीति इति क्षमितव्यं, तथा अभावचिन्तनादपि क्षमितव्यमित्यादि, ये दोषाः परेणोपक्षिप्यन्ते मयि नैते विद्यन्ते-अभाव एव, परस्त्वज्ञानादेवमभिधत्ते, अज्ञात्वैव दोषानुपक्षिपतीत्यर्थः, एवं च निरपराधमात्मानं अवेत्य क्षन्तव्यमेव ।

किञ्चान्यदालम्बनं सहिष्णुत्वे इत्याह-क्रोधदोषचिन्तनाच्चेत्यादि, कुद्धः-कषायपरिणतो विद्वेषी कर्म्म बध्नाति, परं वा निहन्ति व्यापादयति वा, ततः प्राणातिपातनिवृत्तिव्रतलोपः स्यात्, गुरून् आसादयेद्-अधिक्षिपेदतो ज्ञानादिनिर्वाणसाधनपरिहाणिरवश्यंभाविनी, क्रुद्धो वा भ्रष्टस्मृतिको मृषापि भाषेत, विस्मृतप्रव्रज्याप्रतिपत्तिः परेणादत्तमप्याददीत, द्वेषात् परपाषण्डिनीषु ब्रह्मव्रतभङ्गमप्यासेवते, तथा प्रद्विष्टः सहायबुद्ध्या गृहस्थेष्वविरतेषु मूर्च्छामपि कुर्यात्, आदिग्रहणादुत्तरगुणभङ्गमप्याचरेत्, करडकवत्, भक्तालाभे मासक्षपणकवत्।

किञ्चान्यदालम्बनं क्षान्तौ इत्याह-बालस्वभावचिन्तनाच्च बालशब्दो-ऽविधेयवचनः, न वयोऽवस्थावाची, तथैव चाह भाष्यकृद्-बालो मूढो निर्विवेचक इत्यर्थः, तस्य चैष स्वभावो मूढत्वाद्यत्किञ्चनभाषित्वं तत्स्वभावालोचनमन्वेषणं अतस्तच्चिन्तनात् क्षमितव्यमेव, चशब्दः समुच्चयार्थः, उत्तरोत्तररक्षार्थमिति, परोक्षाक्रोशात् प्रत्यक्षाक्रोशनमुत्तरं, प्रत्यक्षाक्रोशात्ताडनं, ताडनान्मारणं, मारणाद्धर्मभ्रंशनं, परोक्षाक्रोशानां क्षमया प्रत्यक्षाक्रोशनं रक्षितं भवति, एवमुत्तरत्रापि, अस्ति हि कियदपि मन्दाक्षमाक्रोष्टुर्मयि यतः परोक्षमाक्रोशति न प्रत्यक्षं, दिष्ट्येति तृतीयैकवचनप्रतिरूपको निपातः प्रसादवचनः प्रशंसावचनो वा, अयमेव च प्रसादो मम, इदमेव वा साधु यन्मां परोक्षमाक्रोशति, न प्रत्यक्षमित्येष एव लाभः, लौकिकः खल्वयमाभाणकः-अयमेव मे लाभ इत्येवं सर्वत्र व्याख्या।

किञ्चान्यदालम्बनमाश्रित्य क्षमा कार्या ?, तदभिधीयते-स्वकृतकर्म्मफलाभ्यागमाच्च जन्मान्तरेणोपात्तस्य कर्म्मणः स्वकृतस्यायं विपाको मम यदाक्रोशति ताडयति च परः, स तु निमित्तमात्रं कर्म्मोदयस्य, यस्माद् द्रव्यक्षेत्रकालभावापेक्षः कर्म्मणामुदयो भगवद्भिराख्यातः, स्वकृतं च कर्म्मानुभवितव्यमवश्यंतया निकाचितं तपसा वा क्षपणीयमिति क्षमितव्यमेव।

किञ्चान्यदालम्बनं क्षन्तुमनसा विधेयमित्याह-क्षमागुणांश्चेत्यादि, क्षमाया गुणाः-ज्ञानादिवृद्धिहेतवो अनायासादयः तांश्चानुचिन्त्य क्षमामेव विदधीत, आयासो-दुःखहेतु-श्रेष्टविशेषः प्रहरणसहायान्वेषणसंरम्भावेशारुणविलोचनस्वेदद्रव-प्रवाहाकुलप्रहारवेदनादिकस्तद्विपरीतोऽनायासः-स्वस्थता, आदिग्रहणात्त-त्प्रत्ययकर्म्मप्रायश्चित्ताभावः शुभध्यानाध्यवसायता परसमाधानोत्पादनं तन्निमित्तप्रसन्नान्तरात्मत्वमित्यादयः, इत्थमनुस्मरतो गुणाः सम्पद्यन्ते क्षममाणस्य, क्षमितव्यमेवेति क्षमाधर्म्मः ।

मृदुः-अस्तब्धस्तद्भावस्तत्कर्म्म वा मार्दवं, तल्लक्षणप्रदर्शनायाह-नीचैर्वृत्त्यनुत्सेकाविति नीचैर्वृत्तिः-अभ्युत्थानासनदानाञ्जलिप्रग्रहयथार्हविनयकरणरूपं नीचैर्वर्त्तनं उत्सेकश्चित्तपरिणामो गर्वरूपस्तद्विपर्ययोऽनुत्सेकः संसारस्वभावं भावयतोऽसमञ्जसं विशिष्टजातिकुलादिसम्पदः कदाचिदेवासाद्यन्ते कदाचिद्धीनाः, ततश्च न गर्वपरिणाममास्कन्दतीत्येतदेवाह-मदनिग्रहो मानविघातश्चेत्यर्थः, माद्यत्यनेनेति मदो-जात्यादिमदः तस्य निग्रहः-उदयनिरोधः कदाचिदुदितस्य वा वैफल्यापादनं, मानविघातश्चेति मानो-मूलप्रकृतिः यद्विजृम्भणादेते प्रादुःष्यन्ति जात्यादिमदास्तस्य विघातो-मूलोत्कर्त्तनं इत्यर्थः, तद्घाते चावश्यं भावी जात्यादिमदविनाशः, तन्निरूपणार्थमाह-तत्र मानस्येत्यादि, तत्रेति वाक्योपन्यासार्थः, स्थानानि-भेदाः इमानीति प्रत्यक्षीकरोति, परस्यानुभवमुत्पादयति, तद्यथेत्यादिनोदाहरति, जात्यादीनि वीर्यान्तान्यष्टौ स्थानानि,

तत्र जातिः-पित्रन्वयः प्रख्याततमवंशता जातिः-जन्म आत्मलाभः पञ्चेन्द्रियादिलक्षणा वा तया गर्वमुद्वहति, विशिष्टजातिरहमिति, विदितकर्म्मपरिणामस्तु निरुणद्धि जातिमदं, स्वकृतकर्म्मफलभुजो जीवा नानाजातीरुच्चावचाः प्रपद्यन्त इति न श्रेयो जातिमदः,

मात्रन्वयः कुलमुग्रभोजादि वा, तेनापि मदो न युक्त एव, जात्यादिभावनावदिति,

रूपं शरीरावयवानां सन्निवेशविशेषो लावण्ययुक्तिस्तेनापि कश्चिन् माद्यति, तत्प्रतिषेधस्त्वाद्युत्तरकारणालोचनाद्भवति, तत्राद्यं कारणं मातुरोजः पितुः शुक्रं, उत्तरकारणं जननीप्रशस्तग्रस्तान्नपानरसाभ्यवहारो रसहरण्येत्येवमामृषतो न प्रतिभाति रूपमदः, त्वग्मांसास्थिपुरीषपूयाद्यशुभभावत्वात् ।

ऐश्वर्यमदो धनधान्यसम्पत्प्रभवः धनं रजतचामीकरमरकतादि गोमहिष्यजाविकादि च व्रीहितिलमुद्गमाषगोधूमयवकङ्ग्वादि धान्यं तेनापि कर्म्मानुभावादप्राप्तेन प्राप्तेन वा संरक्षमाणेन क्लेशकारिणा अकाण्डभङ्गुरेणायत्यामायासबहुलेन को मद इत्येवं प्रत्याचक्षीत ।

वाचकेन त्वेतदेव बलसंज्ञया प्रशमरतावुपात्तं, तच्च त्रिधा-शरीरस्वजनद्रव्यबलं, इहैश्वर्यग्रहणात् स्वजनद्रव्यबलपरिग्रहः शरीरबलं तु वीर्यग्रहणात् पृथग्गृहीतं, वीर्यबलस्य प्राधान्यप्रकाशनार्थम् ।

विज्ञानं-बुद्धिश्चतुर्विधा औत्पत्तिकी वैनयिकी कर्मजा पारिणामिकी चेति, तत्रौत्पत्तिकी अदृष्टाश्रुतपूर्वे वस्तून्युपनते तत्क्षण एव समासादितोपयतनाऽव्याहतफला भरतरोहकादेरिव भवति, गुर्वादिविनयानुष्ठानाभ्यासविशेषप्रभवा वैनयिकी ऐहिकामुष्मिकफलसम्पादिनी प्रस्तुतकार्यनिस्तरणसमर्था धर्म्मादित्रिवर्गशास्त्रार्थग्राहिणी च पुत्रागमनकाणहस्तिनीपरिज्ञायिनैमित्तिकस्येव, कर्म्मजा पुनः धीः साधुकारफला, अनाचार्यजं कर्म्म, तत्र पुनः पुनरुपयोगात् प्रतिक्षणमभ्यस्यतस्तादृशी बुद्धिरुत्पद्यते येन प्रथमादिकर्म्मातिशायी पाश्चात्यं कर्म्मोपजायते, सौवर्णककृषीवलतन्तुवायादेरिव, पारिणामिकी तु वयोविपाकलब्धजन्मा परमहितनिःश्रेयसफला पञ्चावयवादिसाधनानुसारिणी भवत्यभयकुमारादेरिव, यथासम्भवमित्थं लब्धया बुद्ध्या अहमेव बुद्धिमानिति मन्यमानः परिभवति शेषं जनम्, मदसमुद्धतस्य परपरिभवपरिवादात् स्वोत्कर्षाच्चाशुभं कर्म्म नीचैर्गोत्रादि बन्धमेति यदनेकभवपरम्परासु

परिनिष्ठास्यतीति सापायमवगत्य बुद्धिगर्वमित्थं चिन्तयेत्-बुद्धयो हि विनयाधानहेतवः सर्वदा, न जातुचिदहङ्कारस्य कारणीभवन्ति, मानपरस्य च विनयखण्डनमवश्यंभावि, विनयहीनस्य च धर्म्मतपसी निष्फले स्यातामिति विज्ञानमदो यत्नेन महता विवर्ज्जनीयः ।

श्रुतं-आप्तप्रणीत आगमः तत्परिज्ञानात् माद्यति-अहमेव जाने नापर इति, श्रुतमदान्धश्च बालिशमेव परं मन्यते, श्रुतमदं च निजिघृक्षुरित्थं आलोचयेत्-प्रकर्षापकर्षवृत्तित्वात् क्षयोपशमस्य सन्ति मत्तोऽन्येऽपि बहुश्रुताः, कदाचिदहमन्येभ्योऽल्पश्रुतोऽतिगहनार्थत्वादागमानां, अवगत-श्रुतोऽपि वा दुरधिगततदर्थः स्यामिति श्रुतमदत्यागः श्रेयान्, अपि च-चतुर्दशपूर्वधरेष्वपि षट्स्थानकमवघुष्यते यदि तत्र का कथा शेषश्रुत-धरेषु ?, श्रुतज्ञानावरणक्षयोपशमवैचित्र्यादधिगतसकलश्रुतेनापि परिहार्यः श्रुतमद इति ।

लम्भनं लाभः-प्राप्तिः विशिष्टफलस्य, सत्कारसन्मानादयः नृपति-सन्मित्रभृत्यस्वजनेभ्यो विज्ञानतपोऽभिजनशौर्य्याद्याधिक्यादहं लभेयं, अपरः प्रयत्नवानपि न लभत इति स्वलाभेन माद्यति, तथा सकलजन-वल्लभतां च प्राप्तोऽहं, अयमपरो न कस्मैचिद् रोचते, वचनमप्यस्य नादरयन्तीति, सर्वोऽप्ययं लाभमदः, स त्वेवं निग्रहीतव्यो-लाभान्तराय-कर्म्मोदयादलाभो लाभान्तरायकर्म्मक्षयोपशमाच्च सत्कारादिलाभः, संसारे परिभ्रमतो जीवस्य कादाचित्को, न तु शाश्वतः, कर्म्मायत्तत्वात्, संसा-रानुबन्ध्येवेति लाभमदत्यागः श्रेयस्करः, वाल्लभ्यकप्राप्तिरपि कर्मोदय-जनितैव संसारिणां च सुलभेति वाल्लभ्यकलाभमदः परिवर्जनीय इति ।

वीर्यं पराक्रमः शक्तिरुत्साहः सामर्थ्यमतिशयवती चेष्टेति पर्यायाः, वीर्यान्तरायक्षयोपशमात् प्रादुरस्ति वीर्यं बलविशेषः तेन वीर्येण माद्यतीति वीर्यमदः तस्य प्रतिक्षेपः संसारानुबन्धित्वचिन्तनात्, संसारानु-बन्धी वीर्यमदः कषायरूपत्वाद् वीर्यस्य चाशाश्वतत्वात्, तथाहि-

बलिनोऽपि पुरुषाः क्षणेन विबलतामुपयान्तो दृश्यन्ते, निर्बलाश्च बलवन्तः संस्कारवशादाशु जायन्ते, तथा व्याधिजरामृत्युषूद्भूतबलेषु चक्रवर्तिहरिनरपतयोऽपि सीदन्ति ससुराः, किमुतान्ये पृथग्जना इति वीर्यमदादुपरमः श्रेयान्, इतिशब्दो मदस्थानानामियत्तामावेदयति, मौलान्येतावन्ति, सूक्ष्मप्रभेदास्त्वेषां भूयांस इति ।

सम्प्रति सामान्येन सर्वमदस्थानेषु दोषानाविर्भावयन्नुपसंहरति- एभिर्जात्यादिभिरित्यादि उक्तलक्षणैर्जात्यादिभिर्मत्तः-अहंमानी परनिन्दा-यामात्मप्रशंसायां च सक्तस्तीव्रेणातिशयवताऽहंकारेणोपहतबुद्धि-र्मलीमसितधिषण इह-परलोकानुभवनीयं कर्म्मोपचिनोति बध्नाति अकुशलं पापं अशुभफलं, अकुशलमपि बद्धं कदाचित् कुशलफलतया परिणमत इत्यशुभफलग्रहणं, सम्यग्दर्शनं मुक्तिसाधनं श्रेयस्तच्चा-ऽऽख्यायमानमपि न प्रतिपद्यते न श्रद्धत्ते, यत एतदेवं तस्मादेषां मदस्थानानां मार्दवं निग्राहकं तन्निग्रहाच्च धर्म्म इति ।

सम्प्रति मायाप्रतिपक्षं आर्जवं लक्षयति, भावविशुद्धिरिति भावाः कायवाङ्मनसानि तेषां विशुद्धिः अवक्रता शाठ्यविरहितत्वं, मनसोऽपि परिणामः कायवाचोरुपचर्यते, तद्वृत्तानुवृत्तेः, मायावी तु सर्वाति-सन्धानपरतया सर्वाभिशङ्कनीयः कपटपटप्रच्छादितकायादिक्रियः सुहृदेऽपि द्रुह्यति अविसंवादनमविनाशनमहिंसनमित्यनर्थान्तरं, विनाशनं परिणामा-न्तरापादनं विसंवादनमुच्यते, न विसंवादनमविसंवादनं परिणामान्तराना-पादनमिति, तमेव योगानामविपर्यासं दर्शयति-ऋजुभाव इत्यादिना उपधिनिकृत्योर्विशेषः- उपधिश्छद्म च्छादनं स्वाभिसन्धेः, निकारो निकृतिः परिभवपरबुद्धिद्वारेण स्वाभिसन्धेः साफल्यापादनं, तस्मादेवं-विधमार्जवं धर्म्मः ।

अधुना लोभप्रतिपक्षं शौचलक्षणमाविर्भावयन्नाह- 'अलोभः' इति, अलोभः शौचलक्षणं लोभस्तु भावतः परमार्थतोऽभिष्वङ्गश्चेतनाचेतन-

मिश्रवस्तुविषयः, लोभदोषाच्च क्रोधमानमायाहिंसाऽनृतस्तेयाब्रह्म-परिग्रहार्जनमलजालेनोपचीयमान आत्मा भवत्यशुचिः, तत्रालोभो लोभाभावो, न क्वचिन्ममत्वं, अलोभस्य हि लोभदोषनिर्मुक्तत्वान्निर्भयत्वं, ततः स्वपरहिताभिप्रवृत्तिरित्येतदेव शौचलक्षणं मुख्यमात्मनः, एतदेव स्पष्टयति-भावविशुद्धिर्ममत्वाभावो निस्संगता अपराद्रोहेणात्मार्थानुष्ठानं निष्कल्मषता निर्म्मलता धर्मसाधनमात्राः-रजोहरणमुखवस्त्रिकाचोल-पट्टकपात्रादिलक्षणास्तास्वप्यनभिष्वङ्गो, विगतमूर्च्छ इत्यर्थः, यस्माद-शुचिर्भावकल्मषसंयुक्तो, भावकल्मषं च लोभकषायः तस्मात्तत्त्यागः । शौचं धर्म्म इति, शरीरमहाव्रणप्रक्षालनादि द्रव्यशौचं, तच्च प्रासुकैषणीयेन जलादिना निर्लेपनिर्गन्धतापादनमागमोक्तेन विधिना कार्यमिति ।

अवसरप्राप्तं पञ्चमं धर्माङ्गं निर्दिदिक्षुराह-सत्यर्थे भवं वचः सत्यं सद्विद्यमानोऽर्थोऽनेकधर्मा, तस्मिन् सत्यर्थे भवं यथावस्थितार्थ-प्रतिपत्तिकारि सत्यं, नन्वेवं सति लुब्धकाय मृगाख्यानमपि सत्यं स्यात्, एवं तर्हि सच्छब्दः प्रशंसार्थः, प्रशस्तोऽर्थः सन्-न पापहेतुः तस्मिन् सति भवं सत्यं, पक्षान्तरसमाश्रयणं वा-सद्भ्यो वा हितं सत्यमिति, सन्तो जीवा एव गृह्यन्ते, हितशब्दोपादानात्, न ह्यजीवसम्बन्धि किञ्चित् हितमस्ति अतोऽप्रशस्तार्थव्यावृत्तिः, सामान्येन वा जीवाजीवेभ्यो हितं, अनेकपर्यायकलापभाजोऽर्थाः तेषां यथावस्थितविवक्षितपर्यायप्रतिपादनं सत्यं, एतदेव तेभ्यो हितं यद्यथार्थप्रतिपादनमिति, तस्येदानीं सत्यवचनस्य विशेषगुणानाचष्टे-तदननृतमिति, अनृतं-भूतनिह्नवः अभूतोद्भावनं विपरीतकटुकसावद्यादिवचनं, नानृतमननृतं, ननु च सत्यपर्याय एवायं, सत्यमेतत्, तथापि वक्ष्यमाणोत्तरगुणव्याप्त्यर्थं पुनर्वचनं, परुषं-रूक्षं स्नेहरहितं निष्ठुरं-परपीडाकारि न परुषमपरुषं, तत्राविनयेषु माध्यस्थ्य-भावना विनयेषु तु सौम्यवाग् अपरुषं, पिशुनं-प्रीतिविच्छेदकारि द्वयोर्बहूनां वा सत्यासत्यदोषाख्यानात्, न पिशुनमपिशुनं, सभार्हं सभ्यं

न सभ्यमसभ्यं-सभासु विगर्हितं, विदग्धसभासु गुह्यप्रकटनमर्मोद्-घट्टनवचनवत्, तस्य प्रतिषेधो नासभ्यमनसभ्यं, चपलः-अनालोचितभाषी तद्वचनमपि चपलं तच्च दोषाक्षेपि भवति, आविलं-कलुषं कषायवशवर्त्तिनो वचनं नाविलमनाविलं प्रसन्नवचनमितियावत् विरलं विश्रम्यभाषणं सविच्छेदत्वाच्च श्रोतुरनादरवाक्यव्याहरणाच्छ्रवणवैरस्यं करोति न विरलमविरलमनुसंततमिति, सम्भ्रान्तमुत्त्रासकरं न संभ्रान्तमसंभ्रान्तं, अतित्वरितं वा संभ्रान्तमनुच्छ्वसन् भाषते यद् अव्यक्तवर्णपदालापत्वाद् अप्रत्यायकं वा श्रुतिविरसाक्षरमप्ररोचकमेव स्यात्, मधुरमिति प्रसन्नपदघटितं श्रुतिसुखं सुखावबोधार्थं च, अभिजातं सप्रश्रयं सविनयं संदिग्धमाकाङ्क्षानिवर्त्तने अक्षमं तद्विपरीतमसंदिग्धम्-आकाङ्क्षाविच्छेदकारि निराकाङ्क्षमिति, अस्फुटमनिश्चितार्थत्वादा-लूनविशीर्णप्रायं विनिश्चितार्थं स्फुटं, अनौदार्यं अत्यौद्धत्यदीपकं तद्विपरीतमौदार्यं, अप्रधानार्थं अनौदार्यं उदारार्थप्रतिबद्धत्वादुदारं तद्भाव औदार्यं तद्युक्तमौदार्ययुक्तं, विद्वज्जनमनोरञ्जने असमर्थं ग्राम्यं न ग्राम्यमग्राम्यं पदार्थांश्च विवक्षितानभिव्याहरतीति पदार्थाभिव्याहारं अग्राम्यत्वात् पदार्थानभिव्याहरतीति विद्वज्जनाभिमतान् इत्यग्राम्य-पदार्थाभिव्याहारं, शीभरं विकत्थकं विमर्दकरं न शीभरमशीभरं आश्वेव प्रस्तुतार्थपरिसमाप्तकारि, अरागद्वेषयुक्तमिति मायालोभाभ्यां कोपमानाभ्यां चायुक्तं, सूचनात् सूत्रं गणधरप्रत्येकबुद्धस्थविरग्रन्थितं तस्य यो मार्गः उत्सर्गापवादलक्षणः तदनुसारेण प्रवृत्तार्थं, प्रस्तुतार्थादनपेतमर्थ्यं, शुश्रुषुर्जनोऽर्थी तस्य भावः-चित्तं तद्ग्रहणसमर्थं तदावर्जनसमर्थं, तदेवंविधं आत्मपरानुग्रहसमर्थं भवति, निरुपधं-मायारहितं देशे यद् यत्र यस्यार्थस्य प्रसिद्धं तद्देशोपपन्नमविरुद्धं कालोपपन्नं यद्यत्र काले भण्यमानं न परस्योद्वेगकारि भवति, प्रस्तावापेक्षमित्यर्थः, अनवद्यमगर्हितं अर्हच्छासनं द्वादशाङ्गं प्रवचनं तत्र तेन वा प्रशस्तमनुज्ञातं यतं प्रयत्नसहितं

मुखवसनाच्छादितवदनविवरः पाणितलस्थगितमुखो वा, मितमिति यावता विवक्षितकार्यप्रतिपत्तिः तावदेव, न त्वपरिमितं, याचनमभीक्ष्णमवग्रहादिविषयं प्रच्छनमुत्पन्नसंदेहस्य मार्गादिसूत्रार्थविषयं प्रश्नव्याकरणमन्येन पृष्टः प्रवचनाविरुद्धं व्याकरोतीति, तदेवमनृतपरुषाद्यपोह्य तद्विपर्ययेण सत्यमन्वेष्टव्यमिति, याचनाप्रच्छनप्रश्नव्याकरणेषु च त्रिष्वेव प्राधान्येन साधोर्वाग् व्यापारो, नान्यत्र, निष्प्रयोजनत्वात्, स्वाध्यायवाचनाद्यपि न कर्त्तव्यमिति चेत्, तन्न, आत्मसंस्कारार्थो वाचनादिर्यत्नः, संस्कृतात्मा च त्रिष्वेव याचनादिषु व्याप्रियत इति, अथवा मुमुक्षोर्मुक्त्यर्थे यत्ने यदुपकारकं वचनं न तस्यास्ति निषेध इति ।

सम्प्रति संयमोऽभिधीयते योगनिग्रहः संयमः योगा मनोवाक्कायलक्षणास्तेषां निग्रहः प्रवचनोक्तविधिना नियमः, एवमेव गन्तव्यं एवं स्थातव्यं एवं चिन्तयितव्यमिति, एष संयमोऽभिधीयते, स सप्तदशविधः इत्यादि, स इत्थंरूपः संयमः सप्तदशप्रकारो भवति, तद्यथेत्यनेन तान् प्रकारानभिमुखीकरोति, पृथिवीकायिकसंयमः पृथिवी कायः-शरीरं येषां ते पृथिवीकायिकाः, एवं चेन्मत्वर्थीयाभावः, उच्यते, पृथिवीकायशब्दस्य जातिशब्दत्वाद्भवत्येव मत्वर्थीयः, कृष्णसर्पवान् वल्मीक इति यथा, अथवा ज्ञापकाद्भवति 'इङ्धार्योः शत्रकृच्छ्रिणि' (पा.अ.३ पा.२ सू.१३०) इति, पृथिवीकायिकजातौ जातेर्वा संयमः-सम्यग् यमः-उपरमो निर्वृत्तिरित्यर्थः, ये जीवाः पृथिवीशरीरास्तेषां संघट्टपरितापव्यापत्तीर्मनोवाक्कायैः कृतकारितानुमतिभिश्च परिहरतीत्यर्थः, एवं सर्वत्र, यावत् पञ्चेन्द्रियसंयमः, प्रेक्ष्यसंयम इत्यत्र क्रियापदाध्याहारः, प्रेक्ष्य क्रियामाचरन् संयमेन युज्यते, प्रेक्ष्येति चक्षुषा दृष्ट्वा स्थण्डिलं बीजजन्तुहरितादिरहितं पश्चादूर्ध्वनिषद्यात्वग्वर्त्तनस्थानानि विदधातीत्येवमाचरतः संयमो भवति, उपेक्ष्यसंयमः व्यापार्य्याव्यापार्य्य चेत्यर्थः, एवं च संयमो भवति, साधून् व्यापारयतः प्रवचनविहितासु क्रियासु

संयम इति व्यापारणमेव, अव्यापारणं उपेक्षणं गृहस्थान् स्वक्रियासु अव्यापारयत उपेक्षमाणस्य-औदासीन्यं भजतः संयमो भवति, अपहृत्यसंयम इति प्रोज्झ्य-परिवर्ज्य संयमं लभते, वस्त्रपात्राद्यतिरिक्तमनुपकारकं चरणस्य वर्जयतः संयमलाभः, भक्तपानादि वा संसक्तं विधिना परित्यजत इति, प्रमृज्यसंयमः इति प्रेक्षिते स्थण्डिले रजोहृत्या प्रमार्जनमनुविधाय स्थानादि कार्यं, पथि वा गच्छतः सचित्तमिश्रपृथिवीकायरजोऽनुरञ्जितचरणस्य स्थण्डिलात् स्थण्डिलं क्रामतोऽस्थण्डिलाद्वा स्थण्डिलं प्रमृज्य चरणौ संयमभाक्त्वमगार्यादिरहिते, अन्यथा त्वप्रमार्जयत एव संयम इति । कायसंयम इति धावनवल्गनप्लवनादिनिवृत्तिः शुभक्रियासु च प्रवृत्तिः, वाक्संयमो हिंस्रपरुषादिनिवृत्तिः शुभभाषायां च प्रवृत्तिः, मनःसंयमः अभिद्रोहाभिमानेर्ष्यादिनिवृत्तिः धर्म्मध्यानादिषु च प्रवृत्तिः, उपकरणसंयम इत्यजीवकायसंयमः, अजीवकायश्च पुस्तकादिः, तत्र यदा ग्रहणधारणशक्तिसम्पद्धाजोऽभवन् पुरुषा दीर्घायुषश्च तदा नासीत्प्रयोजनं पुस्तकैः, दुष्षमानुभावात्तु परिहीणैर्ग्रहणधारणादिभिरस्ति निर्युक्त्यादिपुस्तकग्रहणानुज्ञेत्येवं यथा कालमपेक्ष्यासंयमः संयमो वा भवतीति संयमो धर्म्मः ।

सम्प्रति तपः प्रस्तावायातमुच्यते-तपो द्विविधमित्यादि तपतीति तपः, कर्त्तर्यसुन्, संयमात्मनः शेषाशयविशोधनार्थं बाह्याभ्यन्तरतापनं तपः, शरीरेन्द्रियतापात् कर्म्मनिर्दहनाच्च तपः, अपर आह-विशेषेण कायमनस्तापविशेषात् तपः, द्विविधमिति बाह्यमभ्यन्तरं च, बाह्यमिति बाह्यद्रव्यापेक्षत्वात् तीर्थिकगृहस्थादिकार्यत्वाच्च, अभ्यन्तरं अन्यतीर्थिकानभ्यस्तत्वाद् अन्तःकरणव्यापारस्य प्राधान्याद् बाह्यद्रव्यानपेक्षत्वाच्च, अन्ये त्वाहुः-परप्रत्यक्षं बाह्यं, स्वप्रत्यक्षमभ्यन्तरं, अथवा आतापनादिः कायक्लेशस्तपो बहिर्लक्ष्यत इति बाह्यं, अनशनादिभ्योऽपि बहिस्तरां वर्त्तत इति तदुपलक्षितं बाह्यं, नैवं प्रायश्चित्तादिः, तत् परस्तादुपरिष्टाद्वक्ष्यते अनशनावमौदर्यादि प्रायश्चित्तविनयादि च यथाक्रमं, इह त्वशून्यार्थं

पुरुषविशेषचरितं प्रकीर्णकं कवलाहारादिनियतमनेकविधं तद्यथेत्यादिना दर्शयति-

यववज्रमध्ये चन्द्रप्रतिमे द्वे मध्यशब्दः प्रत्येकमभिसम्बध्यते, यवमध्या वज्रमध्या च चन्द्रप्रतिमे इति चन्द्रतुल्ये, यथा चन्द्रस्य कलावृद्धिः प्रतिवासरं एवं भिक्षाकवलवृद्धिः यथा चन्द्रस्य हानिः प्रतिदिनं तथा भिक्षाकवलहानिरिति, तत्र यवमध्या चन्द्रप्रतिमा शुक्लप्रतिपदारम्भादमावस्यान्ता, प्रतिपद आरभ्य यथा चन्द्रस्य कलावृद्धिस्तथा भिक्षावृद्धिः कवलवृद्धिर्वा यावत् पौर्णमास्यां पञ्चदश कवलाः ततः कृष्णप्रतिपद्यपि पञ्चदश कवलाः एवमेकैककवलहान्या यावदमावस्यायामेकः कवल इत्येषा यवमध्या,

वज्रमध्या तु कृष्णप्रतिपदारम्भा, कृष्णप्रतिपदि पञ्चदश कवलानभ्यवहरति, तत्राप्येकैककवलहानिर्यावदमावस्यायामेकः कवलः, शुक्लप्रतिपद्यप्येक एवेति, द्वितीयादिष्वेकैकवृद्धिर्यावत् पौर्णमास्यां पञ्चदशेत्येषा वज्रमध्या ।

कनकरत्नमुक्तावल्यस्तिस्रः कनकावली रत्नावली मुक्तावली च, तत्र कनकावली तावद्व्याख्यायते-प्राक्तावत् चतुर्थभक्तं ततः षष्ठमष्टमं, ततोऽपि षष्ठान्यष्टौ, पुनश्चतुर्थषष्ठाष्टमदशमद्वादशचतुर्दशषोडशाष्टादशविंशतिद्वाविंशतिचतुर्विंशतिषड्विंशतिअष्टाविंशतित्रिंशद्द्वात्रिंशच्चतुस्त्रिंशद्भक्तानि, ततः पुनश्चतुस्त्रिंशत्सङ्ख्यानि षष्ठानि, ततः परमेतदेवाद्यमर्द्धं चतुस्त्रिंशद्भक्तादारभ्य प्रतिलोमं रचनीयं यावत् पर्यन्ते चतुर्थभक्तमिति । अस्यां च तपोदिवसानां त्रीणि शतानि चतुरशीत्यधिकानि अष्टाशीतिपारणादिवसप्रक्षेपात् पिण्डः वर्षमेकं मासत्रयं द्वाविंशतिर्दिवसाः, अत्र च प्रथमकनकावल्यां सर्वकामगुणितेन पारणाविधिः, द्वितीयकनकावल्यां पारणके सर्वनिर्विकृतिकं पारणीयं, तृतीयस्यां पारणविधिरलेपकृताहारेण,

चतुर्थ्यां पारणविधिराचाम्लेन परिमितभिक्षेणेति, एवमासां चतसृणामपि कालः पञ्च वर्षाणि मासद्वयमष्टाविंशतिर्दिवसा इति ।

सम्प्रति रत्नावल्याः स्थापना, चतुर्थषष्ठाष्टमानि, ततोऽष्टमान्यष्टौ, पुनश्चतुर्थषष्ठाष्टमदशमद्वादशचतुर्दशषोडशाष्टादशविंशतिद्वाविंशति-चतुर्विंशतिषड्विंशत्यष्टाविंशतित्रिंशद्द्वात्रिंशच्चतुस्त्रिंशद्भक्तानि, ततश्चतुस्त्रिंशत्सङ्ख्यान्यष्टमभक्तानि, ततः परमाद्यमर्द्धं चतुस्त्रिंशद्भक्ता-दारभ्य प्रतिलोमं न्यसनीयं यावत् पर्यन्ते चतुर्थभक्तमिति, अस्याश्चाष्टा-शीतिः पारणादिवसास्तैः सह तपोदिवसा एकस्थीकृताः एष पिण्डितः कालो वर्षं पञ्च मासा द्वादश दिवसाः, चतस्रो रत्नावल्य इत्येष राशिः संवत्सरादिश्चतुर्गुणो, जातो वर्षाणि पञ्च नव मासा अष्टादश दिवसाः, पारणाविधिः पूर्ववत् ।

साम्प्रतं मुक्तावली-तत्रादौ चतुर्थषष्ठौ ततश्चतुर्थाष्टमे ततश्चतुर्थद्वादशे चतुर्थचतुर्दशे चतुर्थषोडशे चतुर्थाष्टादशे चतुर्थविंशतितमे चतुर्थद्वाविंशे चतुर्थचतुर्विंशे चतुर्थषड्विंशे चतुर्थाष्टाविंशे चतुर्थत्रिंशद्भक्ते चतुर्थद्वात्रिंशद्भक्ते चतुर्थचतुस्त्रिंशद्भक्ते, अतः परमन्यदर्धं चतुस्त्रिंशद्भ-क्तादि प्रतिलोमं न्यसनीयं यावत् पर्यन्ते चतुर्थभक्तमिति, अत्र त्रीणि दिनशतानि षष्ट्यधिकानि वर्षमेकं, एतच्चतुर्गुणं जातं वर्ष चतुष्टयं, पारणादिनान्यपि क्षेप्याणि, विधिश्च पूर्ववत् ।

तथा अपरस्तपोविशेषः, सिंहविक्रीडिते द्वे-क्षुल्लकसिंहविक्रीडितं महासिंहविक्रीडितं च,

तत्र क्षुल्लकसिंहविक्रीडितस्य रचना-चतुर्थषष्ठे चतुर्थाष्टमे षष्ठदशमे अष्टमद्वादशे दशमचतुर्दशे द्वादशषोडशे चतुर्दशाष्टादशे षोडशविंशे, ततोऽष्टादशं, पुनराद्यार्द्धमेव प्रतिलोमं रचनीयं विंशषोडशादिकं यावत् पर्यन्ते चतुर्थभक्तमिति, षड्भिर्मासैः सप्तभिश्च दिवसैः परिसमाप्तिः, एतच्चतुर्गुणं जातं वर्षद्वयं दिनान्यष्टाविंशतिः त्रयस्त्रिंशत् पारणादिवसा इति ।

महतः सिंहविक्रीडितस्य रचना-चतुर्थषष्ठे चतुर्थाष्टमे षष्ठदशमे अष्टमद्वादशे दशमचतुर्दशे द्वादशषोडशे चतुर्दशाष्टादशे षोडशविंशे अष्टादशद्वाविंशे विंशतिचतुर्विंशे द्वाविंशतिषड्विंशे चतुर्विंशत्यष्टाविंशे षड्विंशतित्रिंशद्भक्ते अष्टाविंशतिद्वात्रिंशद्भक्ते त्रिंशच्चतुस्त्रिंशद्भक्ते, ततो द्वात्रिंशद्भक्तं, ततः परमाद्यार्द्धमेव चतुस्त्रिंशद्भक्तादिकं प्रतिलोमं विरचनीयं यावत् पर्यन्ते चतुर्थभक्तमिति, अस्य च कालो वर्षमेकं षण्मासा दिनान्यष्टादश, एष कालश्चतुर्गुणो वर्षाणि षण् मासद्वयं दिनानि द्वादश, शेषं पूर्ववत् ।

तथा परं तपः सप्तसप्तमिकाद्याः प्रतिमाश्चतस्रः सप्तसप्तमिका अष्टाष्टमिका नवनवमिका दशदशमिकाश्चेति, तत्र सप्त सप्तकाः प्रथमायामहोरात्राणाम्, एकोनपञ्चाशद्दिवसा इत्यर्थः, अष्टावष्टकाः अष्टाष्टमिकायामहोरात्राणां, चतुःषष्टिर्दिनानीति, नवमनवमिकायां एकाशीतिरहोरात्राणि, दशमदशमिकायां दिवसशतं, सर्वत्र प्रथमाद्यासु अहोरात्रसङ्ख्यासु एकैकभिक्षाशित्वं, सर्वत्रेति चतसृष्वपि प्रतिमासु, प्रथमे सप्तके प्रथमेऽष्टके प्रथमे नवके प्रथमे च दशके प्रतिदिनमेकैकभिक्षाशित्वं, द्वितीये सप्तकेऽष्टके नवके दशके च द्विभिक्षाशित्वं, एवं शेषेष्वपि सप्तकादिषु एकैकभिक्षावृद्धिः कार्या यावत् सप्तमे सप्तके सप्त भिक्षा अष्टमेऽष्टौ नवमे नव दशमे दश भिक्षाशित्वमिति,

तथाऽन्यत्तपः सर्वतोभद्रमिति, द्विविधं तत्-क्षुल्लकसर्वतोभद्रं महासर्वतोभद्रं चेति, तत्र प्रथमस्य प्रस्तारविधिर्भण्यते, पञ्च गृहकाणि कृत्वा तिर्यगूर्ध्वं च ततो रचना तपसः कार्या-चतुर्थषष्ठाष्टमदशमद्वादशानि प्रथमपङ्क्तौ, द्वितीयस्यां दशमद्वादशचतुर्थषष्ठाष्टमानि, तृतीयायां षष्ठाष्टमदशमद्वादशचतुर्थानि, द्वादशचतुर्थषष्ठाष्टमदशमानि चतुर्थ्यां, पञ्चम्यामष्टमदशमद्वादशमचतुर्थषष्ठानि, पारणादिवसाः पञ्चविंशतिः, कालो मासत्रयं दिनानि दश, एष एव चतुर्गुणः वर्षमेकं मासो दश दिनानीति

सर्वतोभद्रमुच्यते, तिर्यगूर्ध्वं कर्णयोश्च सर्वत्र दिनराशिः तुल्यः, पञ्चदश-परिमाण इति,

अथवा क्षुल्लकस्य सर्वतोभद्रस्य द्वितीयो विकल्पः-चतुर्थषष्ठाष्टम-दशमद्वादशानि अष्टमदशमद्वादशचतुर्थषष्ठानि द्वादशचतुर्थषष्ठाष्टमदशमानि षष्ठाष्टमदशमद्वादशचतुर्थानि दशमद्वादशचतुर्थषष्ठाष्टमानीति ।

सम्प्रति महत्सर्वतोभद्रं भण्यते-सप्त गृहाणि कृत्वा तिर्यगूर्ध्वं च चतुर्थषष्ठाष्टमदशमद्वादशचतुर्दशषोडशभक्तानि चतुर्दशषोडशचतुर्थ-षष्ठाष्टमदशमद्वादशभक्तानि दशमद्वादशचतुर्दशषोडशचतुर्थषष्ठाष्टमानि षष्ठाष्टमदशमद्वादशचतुर्दशषोडशचतुर्थानि षोडशचतुर्थषष्ठाष्टमदशमद्वादश-चतुर्दशानि द्वादशचतुर्दशषोडशचतुर्थषष्ठाष्टमदशमानि अष्टमदशमद्वादश-चतुर्दशषोडशचतुर्थषष्ठानि ।

भद्रोत्तररचना-द्वादशचतुर्दशषोडशाष्टादशविंशतिभक्तानि अष्टादश-विंशतिद्वादशचतुर्दशषोडशभक्तानि चतुर्दशषोडशअष्टादशविंशतिद्वादश-भक्तानि विंशतिद्वादशचतुर्दशषोडशाष्टादशभक्तानि षोडशाष्टादशविंशति-द्वादशचतुर्दशभक्तानीति, दिनानि पञ्चत्रिंशद्भद्रोत्तरम् ।

तथाऽपरं तपः आचाम्लवर्द्धमानं, अलवणारनालौदनलक्षणमाचाम्लं तद्वर्द्धमानं यत्र तपसि तदाचाम्लवर्द्धमानं तस्य प्ररूपणा-प्राक्तावदाचाम्लं ततः चतुर्थभक्तं द्वे आचाम्ले पुनश्चतुर्थभक्तं त्रीण्येवाचाम्लानि पुन-श्चतुर्थभक्तं चत्वार्याचाम्लानि पुनश्चतुर्थभक्तं पञ्चाचाम्लानि पुनश्चतुर्थभक्तं-एवमेकैकमाचाम्लं वर्द्धयता चतुर्थभक्तं च विदधता तावद्वर्धयितव्यं यावदाचाम्लशतं पूर्णं पर्यन्ते चतुर्थभक्तं, कालपरिमाणमस्य चतुर्दश वर्षाणि मासत्रयं विंशतिर्दिवसाश्चेति ।

सर्वतोभद्रमित्येवमादीत्यादिग्रहणादनेकप्रकारं तपोऽस्ति प्रकीर्णकमिति ज्ञापयतीति पारमर्ष एव प्रसिद्धं प्रवचने,

अथवा आदिशब्दसंगृहीता द्वादश भिक्षुप्रतिमाः, तत्प्रदर्शनार्थमाह- तथा द्वादश भिक्षुप्रतिमा मासिक्याद्या इति मासिकी आदिर्यासां ता मासिक्याद्याः, तथेति प्रदर्शनार्थः, द्वादशेति इयत्तानिरूपणाय सङ्ख्या, भिक्षुः-उद्गमोत्पादनैषणादिशुद्धभिक्षाशी, प्रतिमाः प्रतिज्ञाः, मासः प्रयोजनमस्या इति मासिकी, मासेन परिसमाप्तिमायातीत्यर्थः, आ सप्तमासिक्याः सप्तेति विभागं दर्शयति, द्वित्रिचतुःपञ्चषट्सप्तमासाख्याः, एवमेताः सप्त, तथाऽपरास्तिस्रः, प्रथमा सप्तरात्रिकी द्वितीया सप्तरात्रिकी तृतीया सप्तरात्रिकी चेति, एवमेता दश, अपरे द्वे-अहोरात्रिकी १ एकरात्रिकी २ चेत्येवं द्वादश, तत्र मासिकीप्रतिज्ञामारुढः साधुर्भोजनस्यैकां दत्तिमादत्ते, तथा पानस्य, दायिका च एलुकस्यान्तः पदमेकं विन्यस्यापरं बहिर्व्यवस्थाप्य तां दत्तिं यदि ददाति ततः कल्पते, आदिमध्यावसान-गोचरत्रयहिण्डी पेडा अर्द्धपेडा गोमूत्रिका पतङ्गवीथिः सम्बुक्कावृत्तिः गतप्रत्यागता चेति षड्विधगोचरभूमिचारी, एवंविधतपश्चारीति यत्र ज्ञायते तत्रैकरात्रिं कल्पते वासः, यत्र न ज्ञायते तत्रैकरात्रं वा अहोरात्रद्वयं वा वस्तुं कल्पते, न परतः, याचनाप्रच्छनानुज्ञापनप्रश्नव्याकरणभाषी आगमनविकटनगृहकवृक्षमूलोपाश्रयत्रयपरिभोगकारी पृथिवीकाष्ठयथा-ऽऽस्तीर्णसंस्तारकत्रयशायी, कश्चित्तदध्यासिते प्रतिश्रये अग्निं लगयेत्ततो दाहभयान्न निष्कामेत, कण्टकादिकं पादलग्नमक्षितो वा रेणुकादि नो निहरेत्, जलस्थलादिषु यत्रास्तमेति तपनः ततः स्थानादेकमपि पदं न प्रयाति, विगतजीवेनापि पानकेन हस्तपादादिप्रक्षालनं न करोति, संमुखमापततो दुष्टाश्वहस्त्यादेः पदमेकं पश्चान्नापसर्पेत्, एवमादिभिर्नियम-विशेषैर्विचित्रा एषा मासिकी प्रतिमेति, द्विमासप्रतिमामारूढस्यान्धसो द्वे दत्ती पानस्य च, शेषचर्या पूर्ववत्, एवमुत्तरास्वपि यावन्तो मासास्तावत्य एव दत्तयोऽपि यावत् सप्तमासिक्यां सप्त दत्तयः, शेषं प्रथमप्रतिमावद्विधानं, प्रथमसप्तरात्रिकीं प्रतिमामारुढस्य चतुर्थभक्तमपानकं ग्रामादेर्बहिरुत्तान-

पार्श्वशायिनो निषण्णस्य वा कल्पते स्थातुं, दिव्यमानुषतैर्यग्योनानुपसर्गान् सहमानस्येति, अन्यत् पूर्ववत्, द्वितीयां सप्तरात्रिकीप्रतिमामारुढस्य तदेव चतुर्थभक्तमपानकं च, स्थानं तस्य दण्डायतं लगण्डशायिता उत्कुटकासनं वा, तृतीयामपि सप्तरात्रिकीं प्रतिज्ञामारूढस्य चतुर्थभक्तमपानकं च, स्थानं पुनरस्य गोदोहिका वीरासनं आम्रकुब्जता चेति, अहोरात्रिकीं प्रतिपन्नस्य प्रतिमां षष्ठभक्तमपानकं च, बहिर्ग्रामादेश्चतुरङ्गुलान्तरौ चरणौ विधाय लम्बितबाहोः कायोत्सर्गः स्थानमेकं, शेषं पूर्ववत्, एकरात्रिकीं प्रतिमां कुर्वतोऽष्टमभक्तमपानकं, ग्रामादेर्बहिरीषत्प्राग्भारगतेन कायेनैकपुद्गलनिरुद्धदृष्टिरनिमिषनयनो यथाप्रणिहितगात्रः सुगुप्तेन्द्रियग्रामः कायोत्सर्गावस्थायी दिव्यमानुषतैरश्चानुपसर्गान् सम्यक्-तितिक्षते यस्तस्य भवतीति । सप्तचतुर्दशैकविंशतिरात्रिक्यस्तिस्र इति, नेदं पारमर्ष-प्रवचनानुसारि भाष्यं, किं तर्हि ?, गीतप्रमत्तमेतत्, वाचको हि पूर्ववित् कथमेवंविधमार्षविसंवादि निबध्नीयात्, सूत्रानवबोधा-दुपजातभ्रान्तिना केनापि रचितमेतद्वचनकं 'दोच्चा सत्तराइंदिया तइया सत्तराइंदिया' इति द्वितीया सप्तरात्रिकी तृतीया सप्तरात्रिकीति सूत्रनिर्भेदः, द्वे सप्तरात्रे त्रीणि सप्तरात्राणीति सूत्रनिर्भेदं कृत्वा पठितमज्ञेन सप्तचतुर्दशैकविंशतिरात्रिक्यस्तिस्र इति ।

एवं तपः प्रकीर्णकमभिधाय त्यागाभिधित्सया आह- बाह्याभ्यन्त-रोपधिशरीरान्नपानादिराश्रयो यस्य तस्यैवंविधस्य भावदोषस्य परित्याग-स्त्यागोऽभिधीयते, न हि निरालम्बनो भावदोषः समस्ति, यथा ह्यशुभं तपसा नादत्ते प्राक्तनं च त्यजति, एवं बाह्योपकरणादित्यागोऽपि संवृणोत्याश्रवद्वाराणि, तत्रोपकरणं बाह्यं रजोहरणपात्रादि स्थविरजिन-कल्पयोग्योपधिः दुष्टवाङ्मनसोऽभ्यन्तरं क्रोधादिश्चातिदुस्त्यज उपधिः, शरीरं वाऽभ्यन्तरोपधिरन्नपानं च बाह्यमादिग्रहणादौपग्रहिकं च बहिर्निषद्यादण्डकादि आश्रयभूतं भावदोषस्य भवति, भावदोषो मूर्च्छा

स्नेहः गार्द्ध्यादि, संयमसाधनं रजोहरणादीत्येवं धारयति, न पुनः रागादियुक्तः शोभाद्यर्थं, एवंविधस्य भावदोषस्य परित्यागः सर्वप्रकारः त्याग उच्यते ।

सम्प्रत्याकिञ्चन्यस्वरूपनिरूपणायाह- उक्तेन न्यायेन भावदोषत्यागं कृत्वा बाह्योपकरणं रजोहरणपात्राद्युपभुञ्जानोऽपि अकिञ्चन एव भवति, शरीरमाश्रयमात्रमात्मनो यदा च तत् त्यागार्हमशुचि त्वग्मांसास्थिपञ्जरं केवलं धर्म्मसाधनचेष्टायाः संयमभरक्षमायाः सहायके वर्त्तते तदिदं शकटादावक्षोपाञ्जनवदाहारादिनोपग्राह्यं, नत्ववयवसन्निवेशशोभार्थमिति, निर्ममत्वमाकिञ्चन्यं, धर्मोपकरणं रजोहृत्यादि प्रमार्जनादिकार्यप्रसाधनाय व्याप्रियत इति संयमोपकरणमत्रापि निर्ममत्वमाकिञ्चन्यमिति ।

ब्रह्मचर्यस्वरूपनिर्दिधारयिषया प्राह-व्रतपरिपालनायेत्यादि आकिञ्चन्यव्यवस्थितो ब्रह्मचर्यं परिपालयेत्, तच्च ब्रह्मचर्यं गुरुकुलवासलक्षणं, गुरुकुलवासो ब्रह्मचर्यमिति, बृहत्त्वादात्मा ब्रह्म ब्रह्मणि चरणमात्मारामत्वमरक्तद्विष्टात्मनि व्यवस्थानं अब्रह्मणश्च विनिवृत्तिर्व्रतं, मैथुनवर्जनं प्राधान्येन, तत्परिपालनाय गुरुकुले वसितव्यं, यद्यपि मनोज्ञामनोज्ञविषयरागविरागविमुक्तिर्ब्रह्मचर्यं तथापि प्रधानत्वेन विवक्षा मैथुननिवृत्तेरेव, तत्परिपालनार्थं च भगवद्भिर्नव गुप्तय उपदिष्टाः, वसतिकथानिषद्येन्द्रियकुड्यान्तरपूर्वक्रीडितप्रणीताहारातिमात्रभोजनविभूषणाख्याः, ज्ञानसंवर्द्धनार्थं च गुरुकुलवासो, यथोक्तमार्षे-

"णाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते अ ।
धण्णा आवकहाए गुरुकुलवासं न मुंचंति ॥१॥"

कषायाः क्रोधादयः तेषां परिपाकः परिणतिरुपशमः क्षयो वा तदर्थं च गुरुकुलवासोऽभ्युपेयः, गुरुरहितस्य हि परिणामवैचित्र्याद्विकथादिदोषादसज्जनसम्पर्कादसत्क्रियासङ्गादनुश्रोतोगामित्वदोषात् सद्य एव मोक्षमार्गाद् भ्रंशः स्यात्, तस्माद् आप्राणिताद् गुरुकुलवास आश्रेयः,

गुरुकुलवासेन चास्वतन्त्रीकृतस्य ज्ञानदर्शनचरणव्रतभावनागुप्त्यादि-परिवृद्धिः, अत एव साधोर्द्विसंगृहीतत्वमाचार्योपाध्यायाभ्यां, निर्ग्रन्थ्याः-साध्व्यास्तु प्रवर्तिनीसंगृहीतत्वं च, तदेव च पर्यायशब्दैराख्यातमादराधा-नार्थमस्वातन्त्र्यं गुर्वधीनत्वं गुरुनिर्देशावस्थायित्वमिति। आचार्यग्रहणाच्च पञ्चाचार्याः प्रोक्ताः, प्रव्राजकः व्रतादेरारोपयिता, दिगाचार्यः सचित्ता-चित्तमिश्रवस्त्वनुज्ञायी, श्रुतोद्देष्टा श्रुतमागममुद्दिशति यः प्रथमतः, एवं उद्दिष्टगुर्वपाये तदेव श्रुतं समुद्दिशत्यनुजानीते वा यः स्थिरपरिचित-कारयितृत्वेन सम्यग्धारणानुप्रावचनेन च स श्रुतसमुद्देष्टा, समुद्देशानुज्ञ-योरेककालत्वात् समुद्देशसंगृहीतमनुज्ञानं, आम्नायः-आगमस्तस्योत्सर्गा-पवादलक्षणोऽर्थस्तं वक्तीत्याम्नायार्थवाचकः, पारमार्षप्रवचनार्थकथने-नानुग्राहकोऽक्षनिषद्यानुज्ञायी पञ्चम आचार्यः तस्य ब्रह्मचर्यस्येत्यादि पुनरपि तद्रक्षणदृढीकरणार्थं ब्रह्मचर्यस्य विशेषगुणाः ख्याप्यन्ते, इमे इति प्रत्यक्षीक्रियन्ते, विशेषेण-अतिशयेनोपकारित्वाद्विशेषगुणा अब्रह्मविरति-व्रतस्य यथोक्ता भावनाः प्राक् पञ्च, स्त्यङ्गालोचनापूर्वरतिस्मृति-वृष्यरसकामकथनेभ्यः संसक्तादावसथाच्च विरतयो भावनाः ब्रह्मणः, इष्टाश्च शुभा ये स्पर्शादयः शरीरविभूषणा च तत्रानभिनन्दित्वं-तत्-प्राप्तावप्यपरितुष्टिर्मनसोऽप्रसादः अरक्तद्विष्टतेत्येवं ब्रह्मचर्यं जायत इति, तदेवं क्षमया क्रोधं निहन्यात्, निहतक्रोधो नीचैर्वृत्त्यनुत्सेकाभ्यां मार्दवं धारयेत्, त्यक्तमदस्थान आर्जवं भावयेद्, भावदोषवर्जनेन निगूढदोषां मायामार्जवेन प्रकटीकृत्य शौचमाचरेत् अलोभसंश्रयेण, लोभाशुचित्वम-लोभशौचेन संशोध्य शुद्धात्मा सत्यं ब्रूयात्, सत्यभाषी सप्तदशविधं संयममनुतिष्ठेत्, संयतात्मा शेषाशयविशोधनार्थं तपश्चरेत्, ततो बाह्यान्यपि धर्म्मसाधनानि सृजेत्, विद्यमानेष्वपि कायवाङ्मानसेषु धर्मोपकरणेषु सुहृत्सम्बन्धिषु च निःस्पृहत्वान्निर्ममत्वाख्यमाकिञ्चन्यं भावयेत्, सत्या-किञ्चन्ये ब्रह्मचर्यं परिपूर्णं भवतीति ॥९-६॥

ટીકાર્થ– ગૃહસ્થધર્મને રદ કરવા ઉત્તમ શબ્દનું ગ્રહણ કર્યું છે. પ્રકર્ષના યોગથી ધર્મ ઉત્તમ છે, અર્થાત્ ક્ષમા વગેરે ઉત્કૃષ્ટ થવાના કારણે ઉત્તમ છે. ઉત્તમ વિશેષણથી વિશિષ્ટ ક્ષમા વગેરે જે ધર્મો સાધુઓને છે તેવા ગૃહસ્થોને ન હોય. કારણ કે સાધુઓ સર્વ અવસ્થામાં સહન કરે છે, સઘળા મદસ્થાનોનો નિગ્રહ કરે છે, દંભથી રહિત છે, સંતોષરૂપ અમૃતથી તૃપ્ત છે, સત્ય બોલનારા છે, સંયમી છે, તપસ્વી છે, યથાવત્=યોગ્ય રીતે (ધર્મોપદેશ) આપનારા છે, સુવર્ણાદિથી રહિત છે, સર્વ પ્રકારના બ્રહ્મચર્યને ધારણ કરે છે. ગૃહસ્થોને ક્યારેય આવા પ્રકારના ઉત્કૃષ્ટ ક્ષમા વગેરે ધર્મો હોતા નથી. સૂત્રમાં દ્વન્દ્વ સમાસ કરીને પ્રથમા બહુવચનમાં નિર્દેશ કર્યો છે. બધા ભેગા થયેલા જ ઉત્તમ ધર્મ છે. આ ક્ષમાદિ સમુદાય સંવરને ધારણ કરે છે, કારણ કે ક્ષમા વગેરે સમુદાયથી ધર્મ છે. સંવર માટે આત્મા વડે ધારણ કરાય તે ધર્મ.

આટલા ધર્મના અંગો છે. તેમનાથી સિદ્ધ કરાયેલો ધર્મ છે, અર્થાત્ ધર્મ ધર્મના અંગોથી ઉત્પન્ન કરાયેલો છે એમ બતાવે છે–

આ પ્રમાણે આ દશ પ્રકારનો સાધુધર્મ મૂળ-ઉત્તર નામના ઉત્તમ ગુણોની પરાકાષ્ઠાથી યુક્ત સાધુઓને હોય છે.

તત્ર ક્ષમા ઇત્યાદિથી ઉત્તમતાનું વિવરણ કરે છે- ક્ષમા એટલે બીજાની ભૂલને માફ કરવી, અર્થાત્ શક્તિવાળા આત્માના (પ્રતિકાર કર્યા વિના) સહન કરવાના પરિણામ અથવા શક્તિથી રહિત આત્માના પ્રતિકાર કરવા છતાં સહન કરવાના પરિણામ. (પ્રતિકાર કરે પણ સહન કરવાના પરિણામ હોય.) ક્ષમાને પર્યાયવાચી શબ્દોથી કહે છે- તિતિક્ષા, ક્ષાન્તિ, સહિષ્ણુતા, સહનશીલતા અને ક્રોધનિગ્રહ આ શબ્દો એકાર્થવાચી છે=ક્ષમાને જ કહેનારા છે.

ક્રોધનિગ્રહ એટલે ક્રોધના ઉદયને રોકવો=આત્મામાં ક્રોધ જ ન થવા દેવો અથવા ક્રોધનો ઉદય થઈ જાય તો વિવેકબળથી એને નિષ્ફળ બનાવવો.[૧]

૧. નિષ્ફળ બનાવવો એટલે જે કારણે ક્રોધ ઉત્પન્ન થયો તે અંગે કશું બોલવું નહિ, કોઈ પ્રવૃત્તિ ન કરવી. ક્રોધમાં નિમિત્ત બનનારનું અહિત ન ચિંતવવું. આથી એની મેળે થોડા સમયમાં ક્રોધ

ભાષ્યકાર તો સ્વયં જ આશંકા કરીને આ પ્રમાણે કહે છે—

'तत् कथं क्षमितव्यम्' इति, क्षमितव्यं એ પ્રયોગમાં ભાવમાં કૃત્ય (तव्य) પ્રત્યય છે. ક્ષમા પણ ભાવ છે. આથી માત્ર સામાન્યને આશ્રયીને तद् શબ્દનો પ્રયોગ છે. વાક્યાર્થ આ પ્રમાણે થાય- તે ક્ષમા કેવી રીતે કરવી ? જો કોઇ એમ માને કે મદોન્મત્ત હાથીના વેગની જેમ ક્રોધનો વેગ મુશ્કેલીથી ભેદી શકાય=રોકી શકાય તેવો છે, તો અમારાથી કહેવાય છે- "ક્રોધના નિમિત્તના આત્મામાં ભાવ-અભાવના ચિંતનથી ક્રોધને રોકી શકાય છે." ભાવ એટલે હોવું. અભાવ એટલે ન હોવું. ક્રોધનિમિત્ત આત્મામાં હો કે ન હો એમ બંને રીતે ક્રોધ કરવો યોગ્ય નથી. બીજાએ યોજેલા જે નિમિત્તથી મને ક્રોધ ઉત્પન્ન થાય છે તે નિમિત્ત મારામાં શું સાચે જ છે ? કે બીજો (મારામાં તે નિમિત્ત ન હોવા છતાં કેવળ) મને અભ્યાખ્યાન આપે છે ?=મારા ઉપર ખોટા દોષનો આરોપ મૂકે છે ? જો એ નિમિત્ત મારામાં સાચે જ છે તો ક્રોધ કરવાથી શું ? મેં એ ખરેખર કર્યું છે. આથી આમાં સત્યવાતનું પ્રકાશિત કરતા બીજાનો અલ્પ પણ અપરાધ નથી. પોતાના કરેલા દુષ્ચરિતને કહે છે. આ પ્રમાણે વિચારવું. આને જ ભાષ્યકાર કહે છે- भावचिन्तनाद्, મારામાં આ દોષો છે, આમાં આ શું ખોટું કહે છે ? અર્થાત્ કંઇ પણ ખોટું કહેતો નથી. આ પ્રમાણે વિચારીને ક્ષમા કરવી. તથા 'अभावचिन्तनादपि क्षमितव्यम्' ઇત્યાદિ, અભાવના ચિંતનથી પણ ક્ષમા કરવી. બીજો જે દોષોનો મારા ઉપર આરોપ મૂકે છે તે દોષો મારામાં નથી=અભાવ જ છે. બીજો તો અજ્ઞાનતાથી આ પ્રમાણે કહે છે. જાણ્યા વિના જ મારા ઉપર દોષોનો આરોપ મૂકે છે. આ પ્રમાણે પોતાને નિર્દોષ જાણીને ક્ષમા કરવી જ જોઇએ.

વળી સહન કરવામાં બીજું શું આલંબન છે તે કહે છે—

શમી જશે. આ વિષે कोहं असच्चं कुविज्जा (ઉત્તરા. અ.૧ ગા.૧૪) એ મહાવીર પ્રભુના વચનને યાદ કરીને ક્રોધને નિષ્ફળ બનાવવો જોઇએ. આ વિષે ઉત્તરા. અ.૧ ગા.૧૪ માં આપેલું દૃષ્ટાંત અત્યંત મનનીય છે. ક્રોધને નિષ્ફળ બનાવવાથી એ નિમિત્તે નવો કર્મ બંધ ન થાય તથા આત્મામાં ક્રોધના સંસ્કારો દૃઢ ન બને એ મોટામાં મોટો લાભ થાય.

'क्रोधदोषचिन्तनाच्च' इत्यादि કષાયના પરિણામવાળો જીવ વિશેષથી દ્વેષી બનીને કર્મ બાંધે છે અથવા બીજાને મારે છે કે બીજાની હત્યા કરે છે. તેથી પ્રાણાતિપાતથી નિવૃત્તિરૂપ વ્રતનો લોપ થાય છે. ગુરુ ઉપર ખોટો આરોપ મૂકે. એથી મોક્ષનાં સાધન જ્ઞાન વગેરેની ઘણી હાનિ અવશ્ય થાય અથવા ગુસ્સે થયેલો તે સ્મૃતિભ્રષ્ટ થવાથી પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો છે એ ભૂલી જાય એથી અસત્ય પણ બોલે, બીજાએ નહિ આપેલું પણ લે. દ્વેષથી પરતીર્થિક પરિવ્રાજિકાઓમાં બ્રહ્મવ્રતનો ભંગ પણ કરે તથા અત્યંત દ્વેષી બનેલો તે સહાયની(=મને સહાય કરે છે એવી) બુદ્ધિથી વિરતિરહિત ગૃહસ્થોમાં મૂર્ચ્છા પણ કરે. આદિ શબ્દથી કરડક મુનિની જેમ ઉત્તરગુણનો ભંગ કરે. આહાર ન મળે તો માસક્ષમણ કરનારા મુનિની જેમ ઉત્તરગુણનો ભંગ કરે.

વળી ક્ષમા કરવામાં બીજું આલંબન શુ છે તે કહે છે—

'बालस्वभावचिन्तनाच्च' બાલશબ્દ અવિધેય(=અજ્ઞાનજીવ)ને કહેનારો છે, વયની અવસ્થાને કહેનારો નથી. તે પ્રમાણે જ ભાષ્યકાર કહે છે- બાલ એટલે મૂઢ, અર્થાત્ વિવેકથી રહિત. મૂઢ હોવાના કારણે બાળજીવનો આ સ્વભાવ છે કે ગમે તેમ બોલવું. બાળના સ્વભાવનું આલોચન=ચિંતન કરવું જોઈએ. તેના ચિંતનથી(=તેનું ચિંતન કરીને) ક્ષમા કરવી જ જોઈએ. च શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. 'उत्तरोत्तररक्षार्थम्' इति પરોક્ષ આક્રોશથી પ્રત્યક્ષ આક્રોશ ઉત્તર (પછીનું) છે. પ્રત્યક્ષ આક્રોશથી તાડન ઉત્તર છે. તાડનથી મારણ ઉત્તર છે, મારણથી ધર્મભ્રંશ ઉત્તર છે. પરોક્ષ આક્રોશ કરનારાઓની ઉપર ક્ષમા કરવાથી પ્રત્યક્ષ આક્રોશ રક્ષણ કરાયેલું થાય છે. એ પ્રમાણે પછી પછીમાં પણ જાણવું. આક્રોશ કરનારની મારા ઉપર થોડી પણ મહેરબાની છે કે જેથી પરોક્ષ આક્રોશ કરે છે, પ્રત્યક્ષ આક્રોશ કરતો નથી. दिष्ट्या એવો પ્રયોગ ત્રીજી વિભક્તિ એકવચનનું રૂપ છે, નિપાત છે, મહેરબાની એવા અર્થને કે પ્રશંસા એવા અર્થને કહેનારો છે. આ જ મારા ઉપર મહેરબાની છે અથવા

આ જ સારું છે કે જેથી મને પરોક્ષ આક્રોશ કરે છે, પ્રત્યક્ષ આક્રોશ કરતો નથી. આથી આ જ લાભ છે. આ લૌકિક કહેવત છે કે- "આ જ મારો લાભ છે." આ પ્રમાણે બધા સ્થળે(=બધા પદોમાં) વ્યાખ્યા કરવી.

વળી બીજું- કયા આલંબનનો આશ્રય કરીને ક્ષમા કરવી જોઈએ તે કહેવાય છે—

'स्वकृतफलाभ्यागमाच्च' इति અન્ય જન્મમાં ગ્રહણ કરેલા (એથી જ) પોતે કરેલા કર્મનો આ વિપાક(=ફળ) છે કે જેથી બીજો મને આક્રોશ કરે છે અને મારે છે. તે તો કર્મોદયમાં માત્ર નિમિત્ત છે. કારણ કે ભગવાને કર્મના ઉદયને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાવાળો કહ્યો છે. પોતે કરેલું નિકાચિત કર્મ અવશ્ય અનુભવવું પડે છે અથવા તપથી (કર્મનો) ક્ષય કરવો પડે છે. આથી ક્ષમા કરવી જ જોઈએ.

'क्षमागुणांश्च' इत्यादि, જ્ઞાનાદિની વૃદ્ધિના કારણો એવા અનાયાસ વગેરે ક્ષમાના ગુણો છે. ક્ષમાના ગુણોને વિચારીને ક્ષમા જ કરે. (અનાયાસ શબ્દનો અર્થ આ પ્રમાણે છે-) દુઃખનું કારણ એવી પ્રહાર કરવામાં સહાયક બને તેવા પુરુષની શોધ કરવી, પ્રહાર કરવાનો સંકલ્પ કરવો, આવેશના કારણે આંખો લાલ થવી, પસીનાના વેગવાળા પ્રવાહથી આકુલ બનવું, પ્રહારની વેદના વગેરે વિશેષ પ્રકારની ચેષ્ટા આયાસ(=પરિશ્રમ) છે. તેનાથી વિપરીત અનાયાસ છે, અર્થાત્ અનાયાસ એટલે સ્વસ્થતા. આદિ શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી આયાસ નિમિત્તે થતા કર્મબંધનો અને પ્રાયશ્ચિત્તનો અભાવ, શુભધ્યાનના અધ્યવસાયો, પરની સમાધિનું ઉત્પાદન(=પરને સમાધિનું પ્રદાન) પરની સમાધિનું ઉત્પાદન કરવાના કારણે અંતરાત્માની પ્રસન્નતા વગેરેનું ગ્રહણ કરવું. આ પ્રમાણે ચિંતન કરીને ક્ષમા કરનારને (અનેક) ગુણો પ્રાપ્ત થાય છે. આથી ક્ષમા કરવી જોઈએ. આ પ્રમાણે ક્ષમાધર્મ છે.

મૃદુ એટલે અક્કડતાથી રહિત. મૃદુનો ભાવ અથવા મૃદુનું કાર્ય તે માર્દવ. માર્દવનું લક્ષણ જણાવવા માટે કહે છે—

'नीचैर्वृत्त्यनुत्सेकौ' इति नीचैर्वृत्ति એટલે ઊભા થવું, આસન આપવું, અંજલિ જોડવી, યથાયોગ્ય વિનય કરવો એમ નમ્ર વર્તન કરવું, ઉત્સેક એટલે ગર્વરૂપ ચિત્તપરિણામ. તેનાથી વિપરીત તે અનુત્સેક. સંસારના અયોગ્ય સ્વભાવને વિચારતા તેને ભાન થાય છે કે વિશિષ્ટ જાતિ અને કુળ વગેરે સંપત્તિઓ ક્યારેક જ પ્રાપ્ત કરાય છે. ક્યારેક(=મોટા ભાગે) જાતિ-કુળ વગેરે હીન પ્રાપ્ત થાય છે. એથી તે ગર્વ પરિણામમાં ચઢતો નથી, અર્થાત્ ગર્વને આધીન બનતો નથી. આને જ ભાષ્યકાર કહે છે- मदनिग्रहो मानविघातश्चेत्यर्थः, (मद શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે-) माद्यत्यनेनेति मदः જાતિ આદિનો ગર્વ કરવો તે મદ. તેનો નિગ્રહ કરવો એટલે તેના ઉદયને અટકાવવો અથવા ક્યારેક ઉદયને પામેલા મદને નિષ્ફળ બનાવવો. 'मानविघातश्च' इति, માન મૂળ સ્વભાવ છે કે જેનો વિકાસ થવાથી આ જાતિ આદિ મદો પ્રગટ થાય છે. તેનો વિઘાત કરવો એટલે તેને મૂળમાંથી ઉખેડી નાખવો. તેનો ઘાત થયે છતે જાત્યાદિમદનો અવશ્ય વિનાશ થાય. જાત્યાદિમદના નિરૂપણ માટે કહે છે- 'तत्र मानस्य' ઇત્યાદિ, तत्र એવો પ્રયોગ વાક્યના ઉપન્યાસ માટે છે. સ્થાનો એટલે ભેદો. ઇમાન્ એવા પ્રયોગથી સ્થાનોને પ્રત્યક્ષ કરે છે=અન્યના અનુભવને ઉત્પન્ન કરે છે, અર્થાત્ પરને થતા અનુભવને પ્રગટ કરે છે.

तद्यथा ઇત્યાદિથી ઉદાહરણોને=મદસ્થાનોને કહે છે. જાતિથી પ્રારંભી વીર્ય સુધીના આઠ મદસ્થાનો છે.

जाति– જાતિ એટલે અતિશય પ્રસિદ્ધ હોય તેવો પિતાનો વંશ. (जातिशब्दनो शब्दार्थ આ પ્રમાણે છે-) જાતિ એટલે જન્મ, અર્થાત્ આત્મલાભ અથવા પંચેન્દ્રિય વગેરે જાતિ. તેનાથી જીવ "હું વિશિષ્ટ જાતિવાળો છું" એમ ગર્વને ધારણ કરે છે. કર્મ પરિણામનો જ્ઞાતા જીવ તો જાતિમદને રોકે છે. પોતે કરેલા કર્મોના ફળને ભોગવનારા જીવો વિવિધ પ્રકારની ઊંચી-નીચી જાતિને પામે છે. એથી જાતિમદ શ્રેયસ્કર નથી.

કુળ– કુળ એટલે માતાનો વંશ અથવા ઉગ્રકુળ, ભોજકુળ વગેરે. તેનાથી પણ મદ કરવો એ યુક્ત નથી જ. જાતિ આદિમાં ભાવના કરી તે પ્રમાણે અહીં પણ ભાવના કરવી.

રૂપ– રૂપ શરીરના અવયવોની રચનાવિશેષ છે, અર્થાત્ શરીરમાં લાવણ્યનો યોગ. તેનાથી પણ કોઈક જીવ મદ કરે છે. રૂપમદનો નિષેધ શરીરના આદિકારણની અને ઉત્તરકારણની વિચારણાથી થાય છે. તેમાં આદિકારણ માતાનું ઓજ=લોહી અને પિતાનું વીર્ય છે. ઉત્તરકારણ માતાએ ખાધેલા અન્ન-પાનના રસનો રસહરણી નાડી દ્વારા મળતો આહાર છે. આ પ્રમાણે વિચારનારને રૂપમદ યોગ્ય જણાતો નથી. કેમકે શરીર ચામડી, માંસ, હાડકાં, વિષ્ઠા અને પરુ વગેરે અશુભ પદાર્થોવાળું હોય છે.

ઐશ્વર્ય– ધન-ધાન્યરૂપ સંપત્તિથી ઐશ્વર્યમદ ઉત્પન્ન થાય છે. ચાંદી, સુવર્ણ અને મરકતમણિ વગેરે અને ગાય, ભેંસ, બકરા-ઘેટા વગેરે ધન છે. ચોખા, તલ, મગ, અડદ, ઘઉં, જવ અને ડાંગ વગેરે ધાન્ય છે.

કર્મના પ્રભાવથી અપ્રાપ્ત કે પ્રાપ્ત ઐશ્વર્યથી મદ શો કરવો ? પ્રાપ્ત ઐશ્વર્ય સંરક્ષણ કરવામાં ક્લેશ કરાવે છે, ભવિષ્યમાં ઓચિંતું નાશ પામવાના સ્વભાવવાળું છે, ઘણી મહેનત કરવી પડે છે. આવા પ્રાપ્ત ઐશ્વર્યથી મદ શો કરવો ? એમ પચ્ચક્ખાણ કરે=મદ ન કરવાનો નિર્ણય કરે.

વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજાએ તો પ્રશમરતિ ગ્રંથમાં ઐશ્વર્યને જ **બળ** સંજ્ઞાથી ગ્રહણ કર્યું છે. બળ, શરીરબળ, સ્વજનબળ અને દ્રવ્યબળ એમ ત્રણ પ્રકારનું છે. પ્રસ્તુતમાં ઐશ્વર્યના ગ્રહણથી સ્વજનબળ અને દ્રવ્યબળનું ગ્રહણ કર્યું છે. શરીરબળને તો વીર્યબળની પ્રધાનતા બતાવવા માટે વીર્યના ગ્રહણથી અલગ ગ્રહણ કર્યું છે.

વિજ્ઞાન– વિજ્ઞાન એટલે બુદ્ધિ. બુદ્ધિ ઔત્પાતિકી, વૈનયિકી, કર્મજા (=કાર્મિકી) અને પારિણામિકી એમ ચાર પ્રકારની છે. તેમાં ઔત્પાતિકી બુદ્ધિ જે વસ્તુ પૂર્વે જોઈ ન હોય અને સાંભળી ન હોય તે વસ્તુ(=પ્રસંગ) પ્રાપ્ત

થયે છતે તે જ ક્ષણે ભરત અને રોહક[1] વગેરેની જેમ નિર્ણયને પ્રાપ્ત કરી લે છે અને વિઘ્નરહિત ફળવાળી હોય છે, અર્થાત્ કરેલો નિર્ણય સત્ય હોય છે.

ગુરુ આદિનો વિનય કરવાના અભ્યાસવિશેષથી ઉત્પન્ન થનારી બુદ્ધિ વૈનયિકી છે. વૈનયિકી બુદ્ધિ આ લોકના અને પરલોકના ફળને આપનારી છે, પ્રસ્તુત કાર્યના પારને પામવામાં સમર્થ છે. ધર્મ વગેરે ત્રિવર્ગને જણાવનારા શાસ્ત્રના અર્થને ગ્રહણ કરનારી છે. આ વિષે પુત્રાગમનને જાણનારા અને કાણી હાથિણીને જાણનારા નૈમિત્તિકનું દૃષ્ટાંત છે.

કર્મજાબુદ્ધિ પ્રશંસારૂપ ફળવાળી છે. આચાર્યના ઉપદેશ વિના જેનું જ્ઞાન થાય તે કર્મ. તેમાં વારંવાર ઉપયોગ રાખવાથી પ્રતિક્ષણ અભ્યાસ કરનારને તેવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે કે જેથી પહેલા વગેરે કાર્યથી પછીનું કાર્ય ચઢિયાતું થાય છે. (પહેલા કાર્ય કરતાં બીજું કાર્ય ચઢિયાતું થાય છે, બીજાથી ત્રીજું, ત્રીજાથી ચોથું, એમ પછીનું કાર્ય ચઢિયાતું થાય છે.) જેમ કે સોની, ખેડૂત, વણકર વગેરે.

પારિણામિકી બુદ્ધિ વયના પરિપાકથી(=અનુભવોથી) ઉત્પન્ન થાય છે. આ બુદ્ધિ જેમાં પરમ(=સર્વોત્કૃષ્ટ) હિત છે તેવા મોક્ષરૂપ ફળવાળી છે. પંચાવયવ વગેરે સાધનોને અનુસરનારી છે. આમાં અભયકુમાર વગેરેના દૃષ્ટાંતો છે.

આ પ્રમાણે યથાસંભવ પ્રાપ્ત થયેલી બુદ્ધિથી હું જ બુદ્ધિશાળી છું એમ માનતો જીવ અન્ય જનનો પરાભવ કરે છે. મદથી ઉદ્ધત બનેલા જીવને પરપરાભવ, પરનિંદા અને સ્વોત્કર્ષથી નીચગોત્ર વગેરે અશુભકર્મનો બંધ થાય છે, જે અશુભકર્મ અનેક ભવપરંપરાઓમાં પરિપૂર્ણ થશે. આ પ્રમાણે બુદ્ધિગર્વને અનર્થવાળો જાણીને આ પ્રમાણે વિચારે-બુદ્ધિ તો સદા વિનયને ધારણ કરવાનું કારણ છે, ક્યારેય અહંકારનું કારણ બનતી નથી. માનમાં તત્પરને વિનયનું ખંડન અવશ્ય થાય. વિનય રહિતના ધર્મ અને તપ નિષ્ફળ થાય. આથી વિજ્ઞાનમદને ઘણો પ્રયત્ન કરીને છોડવો જોઈએ.

---

૧. ઉપદેશપદની ટીકામાં ચાર બુદ્ધિના વર્ણનમાં રોહક વગેરેનાં દૃષ્ટાંતો છે.

શ્રુત– શ્રુત એટલે આપ્તવિરચિત આગમ. તેના જ્ઞાનથી "હું જ જાણું છું, બીજા નહિ" એમ મદ કરે. શ્રુતના મદથી અંધ બનેલો જીવ બીજાને મૂર્ખ જ માને. શ્રુતમદનો નિગ્રહ કરવાની ઇચ્છાવાળો જીવ આ પ્રમાણે વિચારે- ક્ષયોપશમ અધિક-ન્યૂન વૃત્તિવાળું હોવાથી મારાથી બીજા પણ બહુશ્રુત છે. આગમોના પદાર્થો અતિગહન હોવાથી કદાચ હું એ બહુશ્રુતોની અપેક્ષાએ અલ્પશ્રુત હોઇ શકું છું. મેં શ્રુતને જાણ્યું હોવા છતાં તેનો અર્થ ખોટો સમજ્યો હોઉં એ સંભવ છે. આથી શ્રુતમદનો ત્યાગ કલ્યાણકારી છે. વળી- ચૌદપૂર્વધરોમાં પણ છસ્થાનની ઉદ્‌ઘોષણા કરાય છે, અર્થાત્ ચૌદપૂર્વધરોમાં પણ ન્યૂનાધિક બોધવાળા હોય છે, તો પછી શેષ શ્રુતધરોમાં ન્યૂનાધિક બોધવાળા હોય એની શી વાત કરવી ? શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ વિવિધ પ્રકારનો હોવાથી સઘળા શ્રુતના જાણકારે પણ શ્રુતમદનો ત્યાગ કરવો જોઇએ.

લાભ– મળવું=વિશિષ્ટ ફળની પ્રાપ્તિ તે લાભ. રાજા, સન્મિત્ર, નોકર અને સ્વજનોથી સત્કાર-સન્માન વગેરે હું મેળવું છું. વિજ્ઞાન, તપ, કીર્તિ અને શૌર્ય વગેરે હું અધિક મેળવું છું, બીજો પ્રયત્ન કરવા છતાં મેળવતો નથી એમ પોતાના લાભથી મદ કરે છે. તથા હું સકળ લોકના પ્રેમને પામેલો છું. આ બીજા કોઇને ગમતો નથી. લોકો એના વચનનો પણ આદર કરતા નથી. આ સઘળો ય લાભમદ છે. લાભમદનો નિગ્રહ આ પ્રમાણે કરવો જોઇએ- લાભાંતરાય કર્મના ઉદયથી લાભ થતો નથી અને લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી સત્કારાદિનો લાભ થાય છે. સંસારમાં ભ્રમણ કરતા જીવને લાભ ક્યારેક થાય છે, સદા થતો નથી. કેમકે લાભ કર્મને આધીન છે. લાભમદ સંસારના અનુબંધવાળો જ છે માટે લાભમદનો ત્યાગ કલ્યાણકારી છે. કર્મોદયથી કરાયેલી પ્રેમની પ્રાપ્તિ પણ સંસારી જીવોને સુલભ છે. આથી પ્રેમના લાભનો મદ છોડવો જોઇએ.

વીર્ય– વીર્ય, પરાક્રમ, શક્તિ, ઉત્સાહ, સામર્થ્ય અને અતિશયવાળી ચેષ્ટા એ પ્રમાણે વીર્યના પર્યાયવાચી શબ્દો છે. બળવિશેષરૂપ વીર્ય

વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટ થાય છે. તે વીર્યથી મદ કરે છે એથી વીર્યમદ છે. વીર્યમદ સંસારના અનુબંધવાળો છે એવા ચિંતનથી વીર્યમદને દૂર કરવો જોઈએ. વીર્યમદ કષાયરૂપ હોવાથી સંસારના અનુબંધવાળો છે. વીર્ય અશાશ્વત છે. તે આ પ્રમાણે- બળવાન પણ પુરુષો ક્ષણવારમાં નિર્બળતાને પામતા જોવામાં આવે છે. નિર્બળ પણ (શરીરના) સંસ્કારના કારણે જલદી બળવાન થાય છે તથા જેમનામાં બળ ઉત્પન્ન થયું છે તેવા વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આગળ દેવોથી સહિત એવા(=જેમની દેવો પણ સેવા કરે છે તેવાં) ચક્રવર્તીઓ, વાસુદેવો અને રાજાઓ પણ ઢીલા પડી જાય છે=નિર્બળ બની જાય છે. તો પછી બીજા સામાન્ય લોકો વ્યાધિ વગેરેની આગળ ઢીલા પડી જાય એમાં શું કહેવું ? માટે વીર્યમદથી અટકી જવું કલ્યાણકારી છે.

इति શબ્દ મદસ્થાનોના પરિમાણને જણાવે છે. મૂળ મદસ્થાનો આટલા છે. એમના સૂક્ષ્મભેદો તો ઘણા છે.

હવે સર્વમદસ્થાનોમાં સામાન્યથી દોષોને પ્રગટ કરતા ભાષ્યકાર ઉપસંહાર કરે છે—

"एभिर्जात्यादिभिः" इत्यादि જેનું લક્ષણ (આ જ સૂત્રની ટીકામાં) જણાવવામાં આવ્યું છે તે જાતિ વગેરેથી અભિમાની થયેલો પરનિંદામાં અને આત્મપ્રશંસામાં મશગૂલ અને અતિશય અહંકારથી મલિનબુદ્ધિવાળો તે આ લોકમાં અને પરલોકમાં અનુભવવા યોગ્ય અશુભ ફળવાળું કર્મ બાંધે છે. અકુશળ પણ બાંધેલું કર્મ ક્યારેક શુભફળરૂપે પરિણમે એવું બને માટે અહીં 'અશુભ ફળવાળું' એમ કહ્યું છે. સમ્યગ્દર્શન વગેરે મુક્તિનું સાધન કલ્યાણકારી છે. ઉપદેશાતા પણ સમ્યગ્દર્શન વગેરે મુક્તિસાધનની તે શ્રદ્ધા કરતો નથી. આ મદસ્થાનોનો માર્દવ નિગ્રહ કરે છે. તેનો નિગ્રહ કરવાથી માર્દવધર્મ છે.

હવે માયાના વિરોધી આર્જવના લક્ષણને કહે છે—

'भावविशुद्धिः' इति કાયા-વચન-મન ભાવો છે. તેમની વિશુદ્ધિ એટલે વક્રપણાનો અભાવ, અર્થાત્ શઠતાનો અભાવ. મનના પણ પરિણામનો કાયા અને વચનમાં ઉપચાર કરાય છે. કારણ કે મનમાં જે થયું હોય તેનું(=મનના પરિણામનું) કાયા અને વચનમાં અનુસરણ થાય છે. માયાવી તો બધાને છેતરવામાં તત્પર હોવાથી બધાને શંકા કરવા યોગ્ય બને છે. કપટરૂપ પટથી ઢાંકી દીધી છે કાયાદિની ક્રિયા જેણે એવો તે મિત્રનો પણ દ્રોહ કરે છે.

અવિસંવાદન, અવિનાશન, અહિંસન એ પ્રમાણે એક અર્થ છે. વિસંવાદન એટલે અન્ય પરિણામને પ્રાપ્ત કરવો. અન્ય પરિણામને પ્રાપ્ત કરવો તે વિસંવાદન કહેવાય છે. વિસંવાદનનો અભાવ તે અવિસંવાદન. અવિસંવાદન એટલે અન્ય પરિણામને પ્રાપ્ત ન કરવો. યોગોના તે જ અવિપર્યાસને(=ઉલટાપણાના અભાવને) ऋजुभावः ઇત્યાદિથી બતાવે છે- ઉપધિ અને નિકૃતિમાં ભેદ છે- ઉપધિ એટલે કપટ, અર્થાત્ પોતાના અભિપ્રાયને ઢાંકવો. નિકૃતિ એટલે વિરુદ્ધપણું, અર્થાત્ પરાભવ કરવામાં તત્પર બુદ્ધિ વડે પોતાના અભિપ્રાયને સફળ બનાવવો. તેથી આવા પ્રકારનો આર્જવ ધર્મ છે.

હવે લોભના વિરોધી શૌચના લક્ષણને પ્રગટ કરતા ભાષ્યકાર કહે છે—

'अलोभः' इति લોભનો અભાવ એ શૌચનું લક્ષણ છે. ભાવથી= પરમાર્થથી ચેતન, અચેતન અને મિશ્ર વસ્તુમાં રાગ એ લોભ છે. લોભદોષથી ક્રોધ-માન-માયા-હિંસા-અસત્ય-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહાર્જન-રૂપ મળસમૂહથી લેપાતો આત્મા અશુચિ થાય છે. તેમાં અલોભ એટલે લોભનો અભાવ=ક્યાંય મમત્વ નહિ. લોભથી રહિત જીવ લોભદોષથી મુક્ત હોવાથી નિર્ભય બને છે. તેથી સ્વ-પરનું હિત થાય તેવી પ્રવૃત્તિ થાય છે. આ જ આત્માનું મુખ્ય શૌચ લક્ષણ છે. પ.પૂ.આ.શ્રી નેમિસૂરિ-જ્ઞાન ...

આને જ સ્પષ્ટ કરે છે—

મમત્વનો અને રાગનો અભાવ ભાવવિશુદ્ધિ છે, અર્થાત્ બીજાને દ્રોહ દીધા વિના પોતાનું કાર્ય કરવું તે ભાવવિશુદ્ધિ છે. નિષ્કલ્મષતા એટલે નિર્મલતા. રજોહરણ, મુહપત્તિ, ચોલપટ્ટો અને પાત્ર વગેરે ધર્મસાધનનું પરિમાણ છે, અર્થાત્ સાધુએ શાસ્ત્રોક્ત પરિમાણ પ્રમાણે ધર્મસાધનો રાખવાના છે. તેમાં પણ રાગથી રહિત હોય, અર્થાત્ મૂર્ચ્છાથી રહિત હોય. અશુચિ જીવ ભાવમળથી યુક્ત હોય. લોભકષાય ભાવમળ છે. તેનો ત્યાગ કરવો જોઈએ. 'शौचं धर्मः' इति, શરીરના મહાવ્રણનું પ્રક્ષાલન કરવું વગેરે દ્રવ્યશૌચ છે. શરીરને લેપથી(=અશુચિથી) રહિત અને દુર્ગંધથી રહિત બનાવવા રૂપ દ્રવ્યશૌચ આગમોક્ત વિધિથી પ્રાસુક અને એષણીય પાણી વગેરેથી કરવું.

હવે અવસરથી પ્રાપ્ત થયેલા ધર્મના પાંચમા અંગનો નિર્દેશ કરવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે—

સત્ એટલે વિદ્યમાન. અનેક ધર્મવાળો જે વિદ્યમાન અર્થ (વસ્તુ) તે સત્ અર્થ છે. સત્ અર્થમાં થયેલું સત્ય. યથાવસ્થિત અર્થનું (વસ્તુ જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે વસ્તુનું) જ્ઞાન કરાવનારું વચન સત્ય છે.

પ્રશ્ન— સત્ય શબ્દની આ પ્રમાણે વ્યાખ્યા કરવાથી તો શિકારીને (મૃગો કઇ દિશામાં ગયા છે એમ પૂછે ત્યારે) મૃગોનું કથન પણ સત્ય થાય.

ઉત્તર— એમ છે તો સત્ શબ્દ પ્રશંસા અર્થમાં છે. જે અર્થ પ્રશસ્ત હોય=પાપનો હેતુ ન હોય તે સત્ છે. તેમાં થયેલું વચન સત્ય છે અથવા અન્યપક્ષનો(=અન્ય અર્થનો) આશ્રય લેવાય છે- 'सद्भ्यो वा हितं सत्यम्' इति સત્ને જે હિતકર હોય તે વચન સત્ય છે. અહીં સત્ શબ્દથી જીવો જ ગ્રહણ કરવામાં આવે છે. કેમકે હિતશબ્દનું ગ્રહણ કર્યું છે. અજીવોનું કંઇ હિત નથી, અર્થાત્ હિત જીવોનું હોય. અજીવોનું ન હોય. આનાથી અપ્રશસ્ત અર્થ દૂર થાય છે. અથવા સામાન્યથી જીવ-અજીવનું હિત. અર્થો(=વસ્તુઓ) અનેક પર્યાયવાળા હોય તે અર્થોનું યથાવસ્થિત

વિવક્ષિત પર્યાયનું પ્રતિપાદન સત્ય છે. યથાર્થપ્રતિપાદન એ જ તેમના હિતને કરનારું છે.

હવે તે સત્યવચનના વિશેષગુણોને કહે છે–

અનૃત– ભૂતનો=યથાર્થનો નિહ્નવ (અપલાપ) કરવો અને અભૂતનું (અયથાર્થનું) ઉદ્‌ભાવન(=પ્રગટ) કરવું. એ અનૃત છે, અર્થાત્ વિપરીત, કટુ અને સાવદ્ય વગેરે વચન અનૃત છે. અનૃત નહિ તે અનનૃત.

પ્રશ્ન– અનનૃત શબ્દ સત્યશબ્દનો પર્યાયવાચી જ છે.

ઉત્તર– આ સાચું છે. તો પણ હવે કહેવાશે તે ઉત્તરગુણોની વ્યાપ્તિ માટે ફરી આ વચન છે, અર્થાત્ હવે કહેવાશે જે બધા ઉત્તરગુણોમાં સત્ય છે એ જણાવવા માટે ફરી આ વચન છે.

અપરુષ– પરુષ એટલે રૂક્ષ, સ્નેહરહિત, નિષ્ઠુર અને પરપીડાકારી વચન. પરુષ નહિ તે અપરુષ. અવિનીત જીવોમાં માધ્યસ્થ્ય ભાવના અને વિનીત જીવોમાં સૌમ્યવાણી એ અપરુષ છે.

અપિશુન– બેને કે ઘણાઓને સત્ય-અસત્ય દોષો કહેવાથી પરની પ્રીતિનો વિચ્છેદ કરનારું વચન પિશુન છે. પિશુન નહિ તે અપિશુન.

અનસભ્ય– સભાને યોગ્ય તે સભ્ય. સભ્ય નહિ તે અસભ્ય. સભાઓમાં જે નિંદિત હોય તે અસભ્ય. જેમ કે વિદ્વાનોની સભાઓમાં ગુપ્ત રાખવા યોગ્યને ખુલ્લું કરવું, મર્મભેદી વચન બોલવું. તેનો પ્રતિષેધ. ન અસભ્ય તે અનસભ્ય, અર્થાત્ સભ્ય.

અચપલ– ચપલ એટલે વિચાર્યા વિનાનું બોલનાર. તેનું વચન પણ ચપલ. તે વચન દોષોનો આક્ષેપ કરનારું થાય. (દોષ ન હોવા છતાં દોષ કહેવો તે આક્ષેપ.)

અનાવિલ– આવિલ એટલે મલિન(=દોષિત). કષાયને વશ થઈને વર્તનારા જીવનું વચન આવિલ હોય છે. આવિલ નહિ તે અનાવિલ, અર્થાત્ પ્રસન્નતા ભરેલું વચન અનાવિલ છે.

અવિરલ– વિરલ એટલે અટકીને બોલવું. તેવું વચન આંતરાવાળું હોવાથી શ્રોતાને આદર ન થાય. આદર ન થાય તેવું વાક્ય બોલવાને કારણે શ્રવણમાં રસાભાવને કરે છે, અર્થાત્ રસને ઉત્પન્ન કરતું નથી. વિરલ નહિ તે અવિરલ, અર્થાત્ અખંડધારાવાળું વચન.

અસંભ્રાન્ત– સંભ્રાન્ત એટલે ત્રાસને કરનારું. સંભ્રાન્ત નહિ તે અસંભ્રાન્ત અથવા અતિશય ઉતાવળું વચન તે સંભ્રાન્ત. શ્વાસને લીધા વિના જીવ જે બોલે તે સંભ્રાન્ત. અથવા અવ્યક્ત વર્ણ-પદ-આલાપવાળું હોવાથી જ્ઞાન કરાવનારું ન થાય અથવા વિરસ અક્ષરોવાળું હોવાથી સાંભળવામાં અરુચિકર જ થાય તે સંભ્રાન્ત.

મધુર– પ્રસન્ન(=પ્રસન્નતાને ઉત્પન્ન કરે તેવા) પદોથી યુક્ત, શ્રવણમાં સુખકર અને સુખપૂર્વક અર્થનો બોધ થાય તેવું વચન મધુર છે.

અભિજાત– સ્નેહથી સહિત અને વિનયથી સહિત વચન અભિજાત છે.

અસંદિગ્ધ– આકાંક્ષાને દૂર કરવામાં અસમર્થ વચન સંદિગ્ધ છે. તેનાથી વિપરીત વચન અસંદિગ્ધ છે, અર્થાત્ આકાંક્ષાનો વિચ્છેદ કરનારું=આકાંક્ષાથી રહિત વચન અસંદિગ્ધ છે.

સ્ફુટ– નિશ્ચિત અર્થવાળું ન હોવાથી છેદેલા અને વીંખાઇ ગયેલા જેવું વચન અસ્ફુટ(=અસ્પષ્ટ) છે. નિશ્ચિત અર્થવાળું વચન સ્ફુટ(=સ્પષ્ટ) છે.

ઔદાર્યયુક્ત– અતિશય ઉદ્ધતાઈને પ્રગટ કરનારું વચન અનૌદાર્ય છે. તેનાથી વિપરીત ઔદાર્ય છે. (અથવા) ઉત્તમ અર્થથી રહિત વચન અનૌદાર્ય છે. વચન ગંભીર અર્થથી યુક્ત હોવાથી ઉદાર છે. તેનો ભાવ તે ઔદાર્ય. તેનાથી યુક્ત તે ઔદાર્યયુક્ત.

અગ્રામ્યપદાર્થાભિવ્યાહાર– વિદ્વાન લોકોના મનની પ્રીતિને કરવામાં અસમર્થ હોય તે ગ્રામ્ય. ગ્રામ્ય નહિ તે અગ્રામ્ય. વિવક્ષિત પદાર્થોને કહે તે પદાર્થાભિવ્યાહાર. અગ્રામ્ય હોવાથી વિદ્વાનલોકને અભિમત (ઇષ્ટ) પદાર્થોને કહે છે તેથી અગ્રામ્યપદાર્થાભિવ્યાહાર છે.

અશીભર– પોતાની પ્રશંસા કરનારું અને બીજાની નિંદા કરનારું વચન શીભર છે. શીભર નહિ તે અશીભર. જલદી જ પ્રસ્તુત અર્થની પરિપૂર્ણતાને કરનારું વચન અશીભર છે. (જે મુદ્દાની વાત હોય તે જ કહે, વચ્ચે નિરુપયોગી કશું ન બોલે, પોતાની પ્રશંસા કે પરનિંદા ન કરે.)

અરાગ-દ્વેષયુક્ત– માયા-લોભથી અને ક્રોધ-માનથી યુક્ત ન હોય.

સૂત્રમાર્ગાનુસારપ્રવૃત્તાર્થ– સૂચન કરવાના કારણે સૂત્ર કહેવાય છે. (જે સૂચન કરે=સંક્ષેપથી કહે તે સૂત્ર.) ગણધર, પ્રત્યેકબુદ્ધ અને સ્થવિરોએ ગુંથેલું(=રચેલું) હોય તે સૂત્ર છે. તેનો ઉત્સર્ગ-અપવાદરૂપ જે માર્ગ તે માર્ગના અનુસારે પ્રવર્તેલા અર્થવાળું હોય તે સૂત્રમાર્ગાનુસાર-પ્રવૃત્તાર્થ છે.

અર્થ્ય– અર્થથી સહિત તે અર્થ્ય.

અર્થિજનભાવગ્રહણસમર્થ– સાંભળવાની ઇચ્છાવાળો લોક અર્થી છે. તેનો (અર્થિજનનો) ભાવ એટલે ચિત્ત. તેને ગ્રહણ કરવામાં સમર્થ, અર્થાત્ અર્થી લોકના ચિત્તનું આકર્ષણ કરવામાં સમર્થ.

આત્મપરાનુગ્રહસમર્થ– આવું(=અર્થિજનભાવગ્રહણસમર્થ) વચન સ્વ-પરનો અનુગ્રહ કરવામાં સમર્થ થાય.

નિરુપધ– માયાથી રહિત.

દેશકાલોપપન્ન– જે દેશમાં જે અર્થનું જે (વચન) પ્રસિદ્ધ હોય તે દેશોપપન્ન છે=તે દેશમાં તે અવિરુદ્ધ છે. જે કાળમાં કહેવાતું જ પરને ઉદ્વેગ કરનારું ન હોય તે કાલોપપન્ન છે=અવસરની અપેક્ષાવાળું છે. (અવસરને અનુસરનારું છે.)

અનવદ્ય– જે નિંદિત ન હોય તે અનવદ્ય.

અર્હત્શાસનપ્રશસ્ત– અર્હત્શાસન એટલે દ્વાદશાંગી=પ્રવચન. તેમાં કે તેનાથી જે પ્રશસ્ત=અનુજ્ઞા અપાયેલું હોય તે અર્હત્શાસનપ્રશસ્ત.

યત– સાવધાન થઈને મુખને મુખવસ્ત્રિકાથી ઢાંકીને કે હસ્તતલથી ઢાંકીને જે બોલવામાં આવે તે યત.

મિત– જેટલું બોલવાથી વિવક્ષિત કાર્યનું જ્ઞાન થાય તેટલું જ બોલવું પણ ઘણું ન બોલવું તે મિત.

યાચન– અવગ્રહાદિની વારંવાર યાચના કરવી.

પ્રચ્છન– જેને સંદેહ ઉત્પન્ન થાય તે માર્ગ વગેરે પૂછે, સૂત્ર અને અર્થ સંબંધી કંઈ પૂછે તે પ્રચ્છન.

પ્રશ્ન-વ્યાકરણ– બીજા વડે પૂછાયેલો સાધુ પ્રવચનથી અવિરુદ્ધ ઉત્તર આપે તે પ્રશ્ન-વ્યાકરણ. આ પ્રમાણે અસત્ય અને પરુષ વગેરે (વચનો)નો ત્યાગ કરીને તેનાથી વિપરીત સત્યની શોધ કરવી જોઈએ (=સત્ય બોલવું જોઈએ.)

મુખ્યપણે યાચના, પ્રચ્છન, પ્રશ્ન-વ્યાકરણ એ ત્રણમાં જ સાધુનો વચન વ્યાપાર હોય છે. બીજામાં નહિ. કારણ કે બીજામાં સાધુઓને કોઈ પ્રયોજન હોતું નથી.

પૂર્વપક્ષ– તો પછી સ્વાધ્યાય વાચના વગેરે પણ કરવા જેવું ન રહ્યું.

ઉત્તરપક્ષ– તે બરોબર નથી. વાચનાદિયત્ન આત્માના સંસ્કાર માટે(=આત્મામાં શુભ સંસ્કારો પડે એ માટે) છે. સંસ્કારવાળો આત્મા યાચનાદિ ત્રણમાં જ વ્યાપૃત થાય છે અથવા મુમુક્ષુના મુક્તિ માટે થતા પ્રયત્નમાં જે વચન ઉપકારક હોય તેનો નિષેધ નથી.

હવે સંયમ કહેવાય છે–

"योगनिग्रहः संयमः" इति મન, વચન અને કાયા એ યોગો છે. તેમનો નિગ્રહ એટલે શાસ્ત્રોક્ત વિધિથી આ પ્રમાણે જ જવું, આ પ્રમાણે રહેવું, આ પ્રમાણે વિચારવું એમ નિયમન કરવું તે નિગ્રહ. આ નિગ્રહ કહેવાય છે.

'स सप्तदशविधः' इत्यादि, તે આવા પ્રકારનો સંયમ સત્તર પ્રકારનો છે. तद्यथा એવા ઉલ્લેખથી શ્રોતાને તે પ્રકારોની સન્મુખ કરે છે. 'पृथ्वीकायिकसंयमः' પૃથ્વી એ જ કાય=શરીર છે જેમનું તે પૃથ્વીકાયિક.

પૂર્વપક્ષ– જો આ પ્રમાણે (વિગ્રહ) છે તો મત્વર્થીય પ્રત્યયનો અભાવ થાય.

ઉત્તરપક્ષ– પૃથ્વીકાય શબ્દ જાતિ શબ્દ હોવાથી મત્વર્થીય પ્રત્યય થાય જ છે. જેમ કે કૃષ્ણસર્પવાળો વલ્મીક(=માટીનો રાફડો). અહીં તાત્પર્ય આ છે- જેમ કૃષ્ણ એવા વિશેષણવાળા સર્પ શબ્દથી મત્વર્થીય વત્ પ્રત્યય થયો તેમ પૃથ્વી એવા વિશેષણવાળા કાય શબ્દથી પૃથ્વીકાયવાન્ એમ મત્વર્થીય પ્રત્યય પણ થઇ શકે અથવા ઇङ्धार्योः शत्रकृच्छ्रिणि એવા જ્ઞાપકસૂત્રથી મત્વર્થીય પ્રત્યય થાય. પૃથ્વીકાયિક જાતિમાં પૃથ્વીકાયિક-જાતિનો સંયમ. સંયમ એટલે સમ્યગ્ યમ=ઉપરમ, અર્થાત્ નિવૃત્તિ. જે જીવો પૃથ્વીશરીરવાળા છે તેમનો સંઘટ્ટ-પરિતાપ-નાશનો મન-વચન-કાયાથી કૃત-કારિત-અનુમતિથી ત્યાગ કરે છે એવો અર્થ છે. આ પ્રમાણે પંચેંદ્રિય સંયમ સુધી બધામાં જાણવું.

પ્રેક્ષ્યસંયમઃ એ સ્થળે ક્રિયાપદ અધ્યાહાર છે. જોઈને ક્રિયાને કરતો સાધુ સંયમથી યુક્ત થાય છે. પ્રેક્ષ્ય એટલે બીજ, જંતુ, વનસ્પતિ વગેરેથી રહિત ભૂમિને જોઇને પછી (આસન વગેરેની) ઉપર બેસવું. પડખો બદલવો (ઇત્યાદિ) સ્થાનોને કરે. આ પ્રમાણે આચરતા સાધુને સંયમ થાય છે.

ઉપેક્ષ્યસંયમઃ કાર્યમાં જોડીને અને કાર્યમાં ન જોડીને સંયમ થાય છે. સાધુઓને શાસ્ત્રવિહિત ક્રિયાઓમાં જોડનારને સંયમ થાય છે. એથી સાધુઓને શાસ્ત્રવિહિત ક્રિયાઓમાં જોડવા જ જોઇએ. ન જોડવા તે ઉપેક્ષા છે. ગૃહસ્થોને પોતાની(=ગૃહસ્થની પોતાની) ક્રિયાઓમાં નહિ જોડતા= ઉપેક્ષા કરતા, અર્થાત્ ઉદાસીન રહેતા સાધુને સંયમ થાય છે.

'अपहृत्यसंयमः' इति છોડીને સંયમને પામે છે, અર્થાત્ ચારિત્રમાં જે ઉપકારક ન હોય તે વધારાના વસ્ત્ર-પાત્ર આદિનો ત્યાગ કરતા સાધુને સંયમનો લાભ થાય. અથવા જીવોથી સંસક્ત(=જેમાં ઝીણા જીવો હોય તેવા) ભક્ત-પાન આદિનો વિધિથી ત્યાગ કરતા સાધુને સંયમનો લાભ થાય.

'प्रमृज्यसंयमः' इति જોયેલી શુદ્ધભૂમિમાં રજોહરણથી પ્રમાર્જન કરીને સ્થાન(=રહેવું) વગેરે કરવું જોઇએ અથવા સચિત્ત કે મિશ્ર પૃથ્વીકાયથી જેના પગો ખરડાયેલા છે તે સાધુ શુદ્ધભૂમિમાંથી શુદ્ધભૂમિમાં જાય ત્યારે

કે અશુદ્ધભૂમિમાંથી શુદ્ધભૂમિમાં જાય ત્યારે પગોનું પ્રમાર્જન કરીને જનારને સંયમ થાય. આ પ્રમાર્જન ગૃહસ્થ આદિ ન હોય(=ગૃહસ્થ ન જોતા હોય) ત્યારે કરે. અન્યથા(=ગૃહસ્થાદિ હોય તો) પ્રમાર્જન ન કરનારને જ સંયમ થાય.

'कायसंयमः' इति દોડવું-કૂદવું-ઠેકવું વગેરેથી નિવૃત્ત થવું અને શુભક્રિયાઓમાં પ્રવર્તવું એ કાયસંયમ છે.

'वाक्संयमः' इति ક્રૂર અને કઠોર વગેરે ભાષાથી નિવૃત્ત થવું અને શુભભાષામાં પ્રવર્તવું એ વાક્સંયમ છે.

'मनःसंयमः' इति દ્રોહ-અભિમાન-ઈર્ષ્યા આદિથી નિવૃત્ત થવું અને ધર્મધ્યાનાદિમાં પ્રવર્તવું એ મનઃસંયમ છે.

'उपकरणसंयमः' इति ઉપકરણસંયમ એટલે અજીવકાયસંયમ. પુસ્તક વગેરે અજીવકાય છે. તેમાં જ્યારે ગ્રહણ-ધારણની શક્તિરૂપ સંપત્તિને ધારણ કરનારા અને દીર્ઘ આયુષ્યવાળા પુરુષો હતા ત્યારે પુસ્તકોનું પ્રયોજન ન હતું. પાંચમા આરાના પ્રભાવથી ગ્રહણ-ધારણ આદિથી રહિત સાધુઓને નિર્યુક્તિ આદિ પુસ્તકોના ગ્રહણની અનુજ્ઞા છે. આ પ્રમાણે જેવો કાળ હોય તેવા કાળની અપેક્ષાએ અસંયમ કે સંયમ થાય છે. આ પ્રમાણે સંયમધર્મ છે.

હવે અવસરથી આવેલા તપને કહેવામાં આવે છે–

"तपो द्विविधम्" ઇત્યાદિ, તપાવે છે એથી તપ કહેવાય છે. કર્તા અર્થમાં असुन्[1] પ્રત્યય છે. સંયમી આત્માની બાકી[2] રહેલી ચિત્તવિશુદ્ધિ કરવા માટે બાહ્યને અને અભ્યંતરને તપાવે તે તપ. (બાહ્ય) શરીર અને ઇંદ્રિયોને તપાવવાથી, (અભ્યંતર) કર્મોને બાળવાથી તપ કહેવાય છે.

બીજો કહે છે- વિશેષથી કાયા-મનના તાપવિશેષથી તપ કહેવાય છે.

---

૧. સિદ્ધહેમ વ્યાકરણની અપેક્ષાએ अच् એ સૂત્રથી કર્તા અર્થમાં अच् પ્રત્યય થયો છે.
૨. સંયમી છે તેથી થોડી ચિત્તશુદ્ધિ થઈ છે તેથી અવશિષ્ટ ચિત્તશુદ્ધિ કરવા માટે.

'द्विविधम्' इति બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનું છે. બાહ્ય દ્રવ્યની અપેક્ષાવાળું હોવાથી અને કોઈપણ દર્શનના ગૃહસ્થો વગેરેનું કાર્ય હોવાથી બાહ્ય છે. અન્યદર્શનવાળાઓથી અભ્યાસ નહિ કરાયેલો હોવાથી અને અંતઃકરણના વ્યાપારની પ્રધાનતા હોવાના કારણે બાહ્ય દ્રવ્યની અપેક્ષાવાળું ન હોવાથી અભ્યંતર છે. બીજાઓ તો કહે છે- જે બીજાઓને પ્રત્યક્ષ હોય તે બાહ્ય, પોતાને પ્રત્યક્ષ હોય તે અભ્યંતર. અથવા આતાપના વગેરે કાયક્લેશરૂપ તપ બહાર જણાય છે તેથી બાહ્ય છે. આતાપનાદિ કાયક્લેશ તપ અનશનાદિથી પણ અધિક બાહ્ય છે. તેથી કાયક્લેશથી જણાયેલું તપ બાહ્ય છે, પ્રાયશ્ચિત્ત વગેરે બાહ્ય નથી. અનશન, ઊણોદરી વગેરે બાહ્ય અને પ્રાયશ્ચિત્ત, વિનય વગેરે અભ્યંતર તપ ક્રમશઃ આગળ કહેવાશે.

અહીં તો સ્થાન શૂન્ય ન રહે એ માટે વિશિષ્ટ પુરુષોથી આચરાયેલું કવલાહાર આદિથી નિયત થયેલું અનેક પ્રકારનું પ્રકીર્ણક તપ तद्यथा ઇત્યાદિથી બતાવે છે.

"यववज्रमध्ये चन्द्रप्रतिमे द्वे" મધ્ય શબ્દનો પ્રત્યેક શબ્દની સાથે સંબંધ કરવો. યવમધ્યા અને વજ્રમધ્યા, ચંદ્રપ્રતિમ એટલે ચંદ્રતુલ્ય. જેવી રીતે દરરોજ ચંદ્રકળાની વૃદ્ધિ થાય છે તેવી રીતે ભિક્ષાના(=આહારના) કવળની વૃદ્ધિ થાય. જેવી રીતે દરરોજ ચંદ્રકળાની હાનિ થાય તેમ ભિક્ષાકવળની હાનિ થાય. તેમાં યવમધ્યા ચંદ્રપ્રતિમા સુદપક્ષની એકમથી પ્રારંભી અમાસના અંતે પૂર્ણ થાય. જેવી રીતે એકમથી ચંદ્રની કળાવૃદ્ધિ થાય છે તે રીતે ભિક્ષાવૃદ્ધિ કે કવળવૃદ્ધિ થાય. છેલ્લે પૂનમમાં પંદર કવળો થાય. ત્યાર બાદ કૃષ્ણપક્ષની એકમમાં પણ પંદર કવળો છે. એ પ્રમાણે એક એક કવળની હાનિથી છેલ્લે અમાસમાં એક કવળ થાય. આ યવમધ્યા પ્રતિમા છે. વજ્રમધ્યા પ્રતિમા કૃષ્ણપક્ષની એકમથી શરૂ થાય છે. કૃષ્ણ પક્ષની એકમમાં પંદર કવળનો આહાર કરે છે. તેમાં પણ એક એક કવળની હાનિ થાય. છેલ્લે અમાસના દિવસે એક કવળ


રહે. શુક્લપક્ષની એકમમાં પણ એક જ કવળ છે. બીજ આદિ તિથિઓમાં એક એકની વૃદ્ધિ થાય. છેલ્લે પૂનમના દિવસે પંદર કવળ થાય. આ પ્રમાણે આ વજ્રમધ્યા પ્રતિમા છે.

कनकरत्नमुक्तावल्यस्तिस्रः કનકાવલી, રત્નાવલી અને મુક્તાવલી. તેમાં **કનકાવલી** તપનું વ્યાખ્યાન કરવામાં આવે છે. પહેલા દિવસે ઉપવાસ, ત્યાર બાદ છઠ્ઠ અને અઠ્ઠમ, ત્યાર બાદ આઠ છઠ્ઠ, ત્યાર બાદ એક ઉપવાસ, ૨ ઉપવાસ, ૩ ઉપવાસ, ૪ ઉપવાસ, ૫ ઉપવાસ, ૬ ઉપવાસ, ૭ ઉપવાસ, ૮ ઉપવાસ, ૯ ઉપવાસ, ૧૦ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૧૨ ઉપવાસ, ૧૩ ઉપવાસ, ૧૪ ઉપવાસ, ૧૫ ઉપવાસ, ૧૬ ઉપવાસ, ત્યાર પછી ફરી ચોત્રીશ છઠ્ઠ, ત્યાર પછી આ જ આદ્ય અર્ધાની ઉલટા ક્રમથી ૧૬ ઉપવાસથી આરંભી રચના કરવી, જેથી છેલ્લે એક ઉપવાસ આવે. આમાં ત્રણસો ચોરાસી (૩૮૪) તપના દિવસો થાય. તેમાં પારણાના અઠ્યાસી (૮૮) દિવસો ઉમેરવાથી કુલ એક વર્ષ, ત્રણ મહિના અને બાવીશ દિવસો(=૪૭૨) થાય.


આ તપમાં પહેલી કનકાવલીમાં પોતાને ઇષ્ટ સર્વ પ્રકારના આહારથી પારણું કરવાનો વિધિ છે. બીજી કનકાવલીમાં પારણામાં વિગઇ રહિત સર્વ પ્રકારના આહારથી પારણું કરવું. ત્રીજી કનકાવલીમાં અલેપકૃત(=લેપરહિત) આહારથી પારણું કરવું. ચોથી કનકાવલીમાં પરિમિત ભિક્ષાવાળા આયંબિલથી પારણું કરવું. આ પ્રમાણે આ ચારેય કનકાવલીનો કાળ પાંચ વર્ષ, બે માસ અને અઠાવીસ દિવસો છે.

હવે રત્નાવલીની સ્થાપના આ પ્રમાણે છે– (૧) ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ (૨) આઠ અઠ્ઠમ (૩) ફરી ૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬ ઉપવાસ (૪) પછી ચોત્રીસ અઠ્ઠમ (૫) ત્યાર પછી આદ્ય અર્ધાની ઊલટા ક્રમથી ૧૬ ઉપવાસથી પ્રારંભી સ્થાપના કરવી જેથી છેલ્લે એક ઉપવાસ આવે.

કનકાવલી



રત્નાવલી



આના પારણાના અઠ્યાસી (૮૮) દિવસો છે. પારણાના દિવસોની સાથે તપના દિવસો ભેગા કરવાથી સઘળો કાળ એક વર્ષ, પાંચ મહિના અને ૧૨ દિવસો(=૫૨૨ દિવસો) થાય. ચાર રત્નાવલીઓ છે. (આથી) વર્ષ વગેરે સંખ્યાને ચાર ગણી કરવી. કુલ પાંચ વર્ષ નવ મહિના ૧૮ દિવસો થયા. પારણાની વિધિ પૂર્વવત્ જાણવી.

હવે મુક્તાવલી આ પ્રમાણે છે– (૧) પહેલાં ઉપવાસ-છઠ્ઠ (૨) પછી ઉપવાસ-અઠ્ઠમ (૩) પછી ઉપવાસ-ચાર ઉપવાસ (૪) પછી ઉપવાસ-પાંચ ઉપવાસ (૫) ઉપવાસ-છ ઉપવાસ (૬) ઉપવાસ-સાત ઉપવાસ (૭) ઉપવાસ-આઠ ઉપવાસ (૮) ઉપવાસ-નવ ઉપવાસ (૯) ઉપવાસ-દસ ઉપવાસ (૧૦) ઉપવાસ-અગીયાર ઉપવાસ (૧૧) ઉપવાસ-બાર ઉપવાસ (૧૨) ઉપવાસ-તેર ઉપવાસ (૧૩) ઉપવાસ-ચૌદ ઉપવાસ (૧૪) ઉપવાસ-પંદર ઉપવાસ (૧૫) ઉપવાસ-સોળ ઉપવાસ (૧૬)

હવે પછી ૧૬ ઉપવાસ વગેરે બીજા અર્ધાની ઊલટા ક્રમથી સ્થાપના કરવી જેથી છેલ્લે ઉપવાસ આવે.


આમાં ત્રણસો ને સાઈઠ (૩૬૦) દિવસ=૧ વર્ષ થાય. આને ચાર ગણું કરતાં ચાર વર્ષ થાય.

એમાં પારણાના દિવસો પણ ઉમેરવા. વિધિ પૂર્વવત્ જાણવી.

તથા અન્ય તપવિશેષ તે બે સિંહવિક્રીડિત છે. એક લઘુસિંહવિક્રીડિત. બીજો મહાસિંહવિક્રીડિત.

તેમાં **લઘુસિંહવિક્રીડિતની રચના આ પ્રમાણે છે–** ઉપવાસ-છઠ્ઠ;, ઉપવાસ-અઠ્ઠમ;, છઠ્ઠ-ચાર ઉપવાસ, અઠ્ઠમ-પાંચ ઉપવાસ, ચાર ઉપવાસ-છ ઉપવાસ, પાંચ ઉપવાસ-સાત ઉપવાસ, છ ઉપવાસ-આઠ ઉપવાસ, સાત ઉપવાસ-નવ ઉપવાસ, પછી આઠ ઉપવાસ. ફરી આદ્ય અર્ધાની જ ઊલટા ક્રમથી નવ ઉપવાસ-સાત ઉપવાસ વગેરેની રચના કરવી. જેથી છેલ્લે ઉપવાસ આવે.

લઘુસિંહવિક્રીડિતની સ્થાપના



આ તપ છ માસ અને સાત દિવસે પૂર્ણ થાય. આને ચારગણું કરતા બે વર્ષ અને અઠાવીસ દિવસો થાય. તેત્રીસ દિવસો પારણાના થાય.


મહાસિંહવિક્રીડિત તપની રચના આ પ્રમાણે છે— ઉપવાસ-છઠ્ઠ, ઉપવાસ-અઠ્ઠમ, છઠ્ઠ-ચાર ઉપવાસ, અઠ્ઠમ-પાંચ ઉપવાસ, ચાર ઉપવાસ-છ ઉપવાસ, પાંચ ઉપવાસ-સાત ઉપવાસ, છ ઉપવાસ-આઠ ઉપવાસ, સાત ઉપવાસ-નવ ઉપવાસ, આઠ ઉપવાસ-દસ ઉપવાસ, નવ ઉપવાસ-અગિયાર ઉપવાસ, દસ ઉપવાસ-બાર ઉપવાસ, અગિયાર ઉપવાસ-તેર ઉપવાસ, બાર ઉપવાસ-ચૌદ ઉપવાસ, તેર ઉપવાસ-પંદર ઉપવાસ, ચૌદ ઉપવાસ-સોળ ઉપવાસ. ત્યાર પછી આદ્ય અર્ધાની જ ઊલટા ક્રમથી સોળ ઉપવાસ વગેરેની રચના કરવી જેથી છેલ્લે ઉપવાસ આવે.

આનો કાળ એક વર્ષ, છ માસ, અઢાર દિવસ છે. આ કાળ ચારગણો કરવાથી છ વર્ષ, બે માસ અને બાર દિવસ થાય. બાકીનું પૂર્વવત્ જાણવું.

તથા બીજું તપ—

સપ્ત-સપ્તમિકા, અષ્ટાષ્ટમિકા, નવનવમિકા અને દશદશમિકા એ પ્રમાણે ચાર પ્રતિમાઓ છે. તેમાં પ્રથમ પ્રતિમામાં અહોરાત્રના સાત સપ્તક છે, અર્થાત્ ઓગણપચાસ દિવસ છે, અષ્ટાષ્ટમિકામાં અહોરાત્રના આઠ અષ્ટક=૬૪ દિવસો છે. નવ નવમિકામાં એક્યાસી અહોરાત્ર છે. દશ દશમિકામાં સો દિવસ છે. અહોરાત્રમાનવાળી સર્વ પ્રતિમાઓમાં, પહેલી પ્રતિમામાં એક-એક દત્તિનું ભોજન કરવાનું હોય છે. સર્વત્ર એટલે ચારેય પ્રતિમાઓમાં પહેલા સપ્તકમાં, પહેલા અષ્ટકમાં, પહેલા નવકમાં અને પહેલા દશકમાં એમ દરેક બારીમાં એકેક દત્તિનું ભોજન કરવાનું હોય છે. બીજા સપ્તકમાં, બીજા અષ્ટકમાં, બીજા નવકમાં અને બીજા દશકમાં બે-બે દત્તિનું ભોજન કરવાનું હોય છે. એ પ્રમાણે બાકીના પણ સપ્તકાદિમાં એકેક દત્તિની વૃદ્ધિ કરવી, અર્થાત્ ત્રીજા સપ્તકમાં ત્રણ દત્તિ, ચોથા સપ્તકાદિમાં ચાર દત્તિ વગેરે. સાતમા સપ્તકમાં સાત ભિક્ષા, અર્થાત્ સાત દત્તિ, આઠમા અષ્ટકમાં આઠ ભિક્ષા (આઠ દત્તિ), નવમા

મહાસિંહવિક્રીડિતની સ્થાપના



નવકમાં નવ ભિક્ષા (નવ દત્તિ), દશમા દશકમાં દશ ભિક્ષાનું ભોજન કરવાનું થાય, અર્થાત્ દશ દત્તિ કરવાનું થાય.

તથા બીજું તપ સર્વતોભદ્ર છે. તે **લઘુસર્વતોભદ્ર** અને મહાસર્વતોભદ્ર એમ બે પ્રકારનું છે. તેમાં પ્રથમના પ્રસ્તારનો(=પાથરવાનો-રચનાનો) વિધિ કહેવાય છે- તિર્ચ્છા અને ઉપર પાંચ ઘરો(=ખાના) કરવા. પછી તપની રચના કરવી. પહેલી પંક્તિમાં ૧-૨-૩-૪-૫, બીજી પંક્તિમાં ૪-૫-૧-૨-૩, ત્રીજી પંક્તિમાં ૨-૩-૪-૫-૧, ચોથી પંક્તિમાં ૫-૧-૨-૩-૪, પાંચમી પંક્તિમાં ૩-૪-૫-૧-૨, પારણાના દિવસો ૨૫ છે. કાળ ત્રણ મહિના અને દશ દિવસ છે. આને જ ચારગણું કરવાથી એક વર્ષ, એક મહિનો અને દશ દિવસ થાય. આને સર્વતોભદ્ર તપ કહેવાય છે. તિર્ચ્છા (લાઇનમાં), ઊર્ધ્વ (કોલમમાં) અને બંને કર્ણમાં (ખૂણાઓમાં) એવી રીતે દિનાંકની સ્થાપના કરવી જેથી બધી બાજુથી સરવાળો પંદરનો થાય.

૧	૨	૩	૪	૫
૪	૫	૧	૨	૩
૨	૩	૪	૫	૧
૫	૧	૨	૩	૪
૩	૪	૫	૧	૨

અથવા **લઘુસર્વતોભદ્રનો બીજો ભેદ આ પ્રમાણે છે—** ૧-૨-૩-૪-૫, ૩-૪-૫-૧-૨, ૫-૧-૨-૩-૪, ૨-૩-૪-૫-૧, ૪-૫-૧-૨-૩.

૧	૨	૩	૪	૫
૩	૪	૫	૧	૨
૫	૧	૨	૩	૪
૨	૩	૪	૫	૧
૪	૫	૧	૨	૩

હવે મહાસર્વતોભદ્ર કહેવાય છે- તિર્ચ્છા અને ઉપર સાત ઘરો (ખાના) કરવા. તેમાં તપની રચના આ પ્રમાણે છે- ૧-૨-૩-૪-૫-૬-૭ ઉપવાસ, ૬-૭-૧-૨-૩-૪-૫ ઉપવાસ, ૪-૫-૬-૭-૧-૨-૩ ઉપવાસ,

૨-૩-૪-૫-૬-૭-૧ ઉપવાસ, ૭-૧-૨-૩-૪-૫-૬ ઉપવાસ, ૫-૬-૭-૧-૨-૩-૪ ઉપવાસ, ૩-૪-૫-૬-૭-૧-૨ ઉપવાસ.

૧	૨	૩	૪	૫	૬	૭
૬	૭	૧	૨	૩	૪	૫
૪	૫	૬	૭	૧	૨	૩
૨	૩	૪	૫	૬	૭	૧
૭	૧	૨	૩	૪	૫	૬
૫	૬	૭	૧	૨	૩	૪
૩	૪	૫	૬	૭	૧	૨

ભદ્રોત્તર તપની રચના આ પ્રમાણે છે— ૫-૬-૭-૮-૯, ૮-૯-૫-૬-૭, ૬-૭-૮-૯-૫, ૯-૫-૬-૭-૮, ૭-૮-૯-૫-૬ ભદ્રોત્તર તપના પાંત્રીસ દિવસો છે.

૫	૬	૭	૮	૯
૮	૯	૫	૬	૭
૬	૭	૮	૯	૫
૯	૫	૬	૭	૮
૭	૮	૯	૫	૬

તથા બીજું આયંબિલ વર્ધમાન તપ છે. જેમાં મીઠાથી રહિત ભાતનું ઓસામણ અને ભાત આહાર હોય તે આયંબિલ. જે તપમાં આયંબિલ વૃદ્ધિ પામતું હોય તે આયંબિલ વર્ધમાન તપ. તેની પ્રરૂપણા આ પ્રમાણે છે- પહેલાં એક આયંબિલ, પછી ઉપવાસ, પછી બે આયંબિલ અને ઉપવાસ, પછી ત્રણ આયંબિલ અને ઉપવાસ, પછી ચાર આયંબિલ અને ઉપવાસ, પછી પાંચ આયંબિલ અને ઉપવાસ એમ એકેક આયંબિલ વધારતા જવુ અને ઉપવાસ કરતા જવું. આમ ત્યાં સુધી વધારવું કે અંતે સો આયંબિલ ઉપર એક ઉપવાસ આવે. આ તપનું કાળપરિમાણ ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીસ દિવસ છે.

સર્વતોભદ્રમિત્યેવમાદિ એ સ્થળે આદિ શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી પ્રકીર્ણક તપ અનેક પ્રકારનું છે એમ જણાવે છે. તે અનેક પ્રકારનું તપ મહર્ષિઓના જ પ્રવચનમાં પ્રસિદ્ધ છે.

અથવા આદિ શબ્દથી બાર ભિક્ષુપ્રતિમાઓનું ગ્રહણ કર્યું છે. તેને બતાવવા માટે કહે છે—

'तथा द्वादश भिक्षुप्रतिमा मासिक्याद्याः' इति, માસિકી જેમની આદિમાં છે તે मासिकाद्याः, તથા શબ્દ પ્રદર્શન અર્થમાં છે. દ્વાદશ પદ પરિમાણના નિરૂપણ માટે સંખ્યા છે. ભિક્ષુ એટલે ઉદ્ગમ-ઉત્પાદન-એષણા વગેરેથી શુદ્ધ ભિક્ષાનું ભોજન કરનાર. પ્રતિમા એટલે પ્રતિજ્ઞા. માસ જેનું પ્રયોજન છે તે માસિકી, અર્થાત્ મહિના જેટલા કાળથી પૂર્ણ થાય છે.

'आ सप्तमासिक्याः' સપ્ત એ પ્રમાણે વિભાગને બતાવે છે. દ્વિમાસા-ત્રિમાસા-ચતુર્માસા-પઞ્ચમાસા-ષણ્માસા-સપ્તમાસા નામવાળી (છ પ્રતિમાઓ), (માસિકા પહેલા બતાવેલી છે.) આ પ્રમાણે આ સાત પ્રતિમાઓ છે. બીજી ત્રણ છે. પહેલી સપ્તરાત્રિકી, બીજી સપ્તરાત્રિકી અને ત્રીજી સપ્તરાત્રિકી આ પ્રમાણે દશ થઈ. અહોરાત્રિકી અને એકરાત્રિકી એમ બીજી બે છે. આ પ્રમાણે બાર પ્રતિમાઓ છે.

(૧) માસિકી પ્રતિમામાં આરૂઢ થયેલો સાધુ ભોજનની એક દત્તિને ગ્રહણ કરે છે.

(૨) પાણીની એક દત્તિને ગ્રહણ કરે છે.

(૩) આપનારી સ્ત્રી એક પગ ઉંબરાની અંદર અને એક પગ ઉંબરાની બહાર રાખીને દત્તિને આપે તો કલ્પે.

(૪) ભિક્ષાકાળ થયા પહેલા, ભિક્ષાકાળ સમયે અને ભિક્ષાકાળ વીતી ગયા પછી ગોચરી માટે જાય.

(૫) પેડા, અર્ધપેડા, ગોમૂત્રિકા, પતંગવીથિ, સંબુકાવૃત્તિ અને ગત-પ્રત્યાગતા એમ છ પ્રકારની ગોચર ભૂમિમાં (ભિક્ષા માટે) ફરે.

(૬) આવા પ્રકારના તપને કરનારા છે એમ જ્યાં લોકોને ખબર પડી જાય ત્યાં એક અહોરાત્ર જ રહે. જયાં તેવી ખબર ન હોય ત્યાં એક કે બે અહોરાત્ર રહેવું કલ્પે છે, વધારે નહિ.

(૭) અવગ્રહાદિની યાચના માટે બોલે, સૂત્રાર્થની શંકા આદિની પૃચ્છા કરવા માટે બોલે, તૃણાદિની અનુમતિ માટે બોલે, પ્રશ્નનો ઉત્તર આપવા માટે બોલે. (આ ચાર પ્રસંગે જ બોલે, એ સિવાય મૌન રહે.)

(૮) ધર્મશાળા, ખુલ્લું ઘર અને વૃક્ષની નીચે એમ ત્રણ આશ્રયનો પરિભોગ કરે.

(૯) (કારણે સૂવું પડે તો) પૃથ્વીશિલા, કાષ્ઠની પાટ કે પાથરેલા ઘાસ વગેરેનો સંથારો એમ ત્રણ સંથારા ઉપર શયન કરે.

(૧૦) તેનાથી સેવાયેલા (તે જે ઉપાશ્રયમાં હોય તે) ઉપાશ્રયમાં કોઇ આગ લગાડે તો બળી જવાના ભયથી ન નીકળે. (કોઇ હાથ પકડીને કાઢે તો નીકળે.)

(૧૧) પગમાં લાગેલા કાંટા વગેરેને કે આંખમાંથી રજ વગેરેને ન કાઢે.

(૧૨) પાણીમાં કે સ્થળ વગેરેમાં જયાં (હોય ત્યારે) સૂર્ય અસ્ત પામે તો તે સ્થાનથી એક પણ પગલું આગળ ન જાય.

(૧૩) પ્રાસુક પણ પાણીથી હાથ-પગ વગેરેનું પ્રક્ષાલન ન કરે.

(૧૪) દુષ્ટ અશ્વ અને હાથી વગેરે સામે આવી રહ્યા હોય તો એક પગલું પણ પાછળ ન ખસે.

(અદુષ્ટ પ્રાણી સાધુ ખસી જાય તો માર્ગથી જ જાય. એટલે વનસ્પતિ આદિની વિરાધના ન થતી હોય તો અદુષ્ટ પ્રાણી આવે ત્યારે સાધુ ખસી જાય.)

ઇત્યાદિ નિયમવિશેષોથી આ માસિકી પ્રતિમા વિચિત્ર છે.

દ્વિમાસિકી પ્રતિમામાં આરૂઢ થયેલા સાધુને આહારની અને પાણીની બે દત્તિ હોય. બાકીની ચર્યા પૂર્વવત્ (એક માસિકી પ્રતિમાધારીની જેમ) જાણવી. એ પ્રમાણે પછીની પ્રતિમાઓમાં પણ જેટલા માસ હોય તેટલી જ દત્તિઓ પણ હોય, યાવત્ સપ્તમાસિકી પ્રતિમામાં સાત દત્તિઓ હોય. બાકીનું વિધાન પ્રથમ પ્રતિમાની જેમ છે.

(૧) પ્રથમ સપ્તરાત્રિકી પ્રતિમામાં આરૂઢ થયેલા સાધુને (એકાંતરે) પાણી-રહિત ઉપવાસ હોય. (પારણે આયંબિલ કરે. દત્તિનો નિયમ નથી.)

(૨) ગામ આદિની બહાર ચત્તા સૂવે, પડખે સૂવે કે પલાઠીવાળી બેસે આ ત્રણ સ્થિતિમાંથી કોઇપણ સ્થિતિમાં રહેવું કલ્પે.

(૩) દેવ-મનુષ્ય-તિર્યંચના ઉપસર્ગોને સહન કરે.

(૪) બીજું પૂર્વની જેમ જાણવું.

(૧) બીજી સપ્ત રાત્રિકી પ્રતિમામાં આરૂઢ થયેલા સાધુને તે જ= પાણીરહિત ઉપવાસ હોય.

(૨) તેનું સ્થાન લાકડીની જેમ લાંબા થઇને સૂવે અથવા વાંકા લાકડાની જેમ સૂવે, અર્થાત્ જમીનને માત્ર મસ્તક અને પગની એડી અડે તે રીતે સૂવે અથવા ઉત્કટુક આસને (ઢેકા જમીનને ન અડે તે રીતે ઉભડક પગે બેસે.)

(૧) ત્રીજી સપ્તરાત્રિકી પ્રતિમા ઉપર આરૂઢ થયેલા સાધુને પાણીરહિત ઉપવાસ હોય.

(૨) એનું સ્થાન ગોદોહિકા છે. (પેની અને ઢેકા એકબીજાને અડે અને પાછળનો ભાગ અદ્ધર રહે તેમ બેસવું એ ગોદોહિકા આસન છે.) અથવા વીરાસન છે. (ભૂમિ ઉપર પગ રાખીને સિંહાસને બેઠેલાનું

સિંહાસન લઇ લેતાં ચલાયમાન થયા વિના જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ એ વીરાસન છે અથવા આમ્રફળની જેમ વાંકી રીતે બેસે.)

(૧) અહોરાત્રિકી પ્રતિમાનો સ્વીકાર કરેલા સાધુને ચોવિહાર છઠ્ઠ હોય.

(૨) ગામ આદિની બહાર ચાર આંગળ જેટલા આંતરાવાળા બે પગો કરીને બાહુ લંબાવીને કાયોત્સર્ગ મુદ્રાએ રહે. તેને એક જ સ્થાન હોય.

(૩) બાકીનું પૂર્વની જેમ હોય.

(૧) એક રાત્રિકી પ્રતિમાને કરનારા સાધુને ચોવિહાર અઠ્ઠમ હોય.

(૨) કાયાને કંઇક નમેલી રાખે.

(૩) કોઇ એક પદાર્થ ઉપર નેત્રોને મીંચ્યા વિના સ્થિર દૃષ્ટિ રાખે.

(૪) શરીરનાં સર્વ અંગો જેવી સ્થિતિમાં હોય તેવી જ સ્થિતિમાં રાખે, અર્થાત્ એક પણ અંગને જરા પણ હલાવે નહિ.

(૫) ઇંદ્રિયસમૂહ ઉપર કાબૂ રાખે.

(૬) કાયોત્સર્ગની અવસ્થામાં રહે.

(૭) જે દેવ-મનુષ્ય-તિર્યંચોના ઉપસર્ગોને સહન કરે તેને આ પ્રતિમા હોય.

(सप्तरात्रिक्याः तिस्रः ભાષ્યના એવા પાઠના સ્થાને કોઇ કોઇ પ્રતોમાં सप्तचतुर्दशैकविंशतिरात्रिक्यस्तिस्रः એવો પાઠ છે. આ પાઠ બરોબર નથી એ વિષે જણાવે છે-)

'सप्तचतुर्दशैकविंशतिरात्रिक्यस्तिस्रः' इति આ ભાષ્ય મહર્ષિઓના પ્રવચનને અનુસરનારું નથી. તો આ ભાષ્ય કેવી રીતે આવ્યું ? આ ગીતાર્થનો પ્રમાદ છે. પૂર્વના જાણકાર વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજા આવા પ્રકારનું આર્ષની સાથે વિસંવાદવાળું ભાષ્ય કેવી રીતે રચે ? સૂત્રનો બોધ ન થવાથી જેને ભ્રાન્તિ થઇ છે તેવા કોઇકે આ વચન રચ્યું છે. દોચ્ચા सत्तराइंदिया तइया सत्तराइंदिया=બીજી સપ્તરાત્રિકી, ત્રીજી સપ્તરાત્રિકી એવા સૂત્રને તોડી નાખ્યું છે=જુદું કર્યું છે. બે સપ્તરાત્ર(=ચૌદ)

અને ત્રણ સપ્તરાત્ર(=એકવીસ) એમ સૂત્રને તોડીને કોઇ અજ્ઞાનીએ सप्तचतुर्दशैकविंशतिरात्रिक्यस्तिस्रः એવું ભાષ્ય કર્યું છે.

આ પ્રમાણે પ્રકીર્ણક તપને કહીને ત્યાગને કહેવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે—

બાહ્ય-અભ્યંતર ઉપધિ, શરીર અને અન્નપાનાદિ જેનો આશ્રય છે તે આવા પ્રકારના ભાવદોષનો પરિત્યાગ એ ત્યાગ કહેવાય છે. આલંબન વિના ભાવદોષ નથી. (અર્થાત્ ઉપધિ વગેરે આશ્રયને=આલંબનને (=નિમિત્તને) પામીને ભાવદોષ થાય છે.)

તપથી જેવી રીતે અશુભ કર્મને ગ્રહણ કરતો નથી અને પૂર્વના અશુભ કર્મનો ત્યાગ કરે છે(=નિર્જરા કરે છે) તેવી રીતે બાહ્ય ઉપકરણાદિનો ત્યાગ પણ આસ્રવદ્વારોનો સંવર કરે છે(=બંધ કરે છે.) તેમાં સ્થવિરકલ્પ અને જિનકલ્પને યોગ્ય રજોહરણ-પાત્ર વગેરે ઉપકરણ બાહ્ય ઉપધિ છે. અશુભવાણી અને મનના દુઃખથી છોડી શકાય તેવા ક્રોધાદિ અભ્યંતર ઉપધિ છે. અથવા શરીર અભ્યંતર ઉપધિ છે, અન્ન-પાન બાહ્ય ઉપધિ છે. આદિ શબ્દના ગ્રહણથી સંથારો અને દાંડો વગેરે ઔપગ્રહિક ઉપકરણનું ગ્રહણ કરવું.

ઉપધિ વગેરે ભાવદોષના આશ્રયરૂપ છે. મૂર્ચ્છા, સ્નેહ અને ગાર્ધ્ય વગેરે ભાવદોષ છે. રજોહરણ વગેરે સંયમનું સાધન છે માટે સાધુ ધારણ કરે છે, નહિ કે રાગાદિથી યુક્ત થઈને શોભાદિ માટે. આવા પ્રકારના ભાવદોષનો સર્વ પ્રકારે ત્યાગ કરવો એ ત્યાગ કહેવાય છે.

હવે આકિંચન્યના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે—

ઉક્ત નીતિથી ભાવદોષનો ત્યાગ કરીને રજોહરણ-પાત્ર વગેરે બાહ્ય ઉપકરણનો ઉપભોગ કરતો પણ સાધુ અકિંચન જ છે. શરીર આત્માનો માત્ર આશ્રય છે. ત્યાગને યોગ્ય અને કેવળ અશુચિ-ચામડી-માંસ-હાડકાનું હાડપિંજર એવું શરીર જ્યારે(=જ્યાં સુધી) સંયમનું ભરણ-પોષણ કરવામાં સમર્થ એવી ધર્મસાધનક્રિયાની સહાયમાં રહે છે=

ધર્મક્રિયામાં સહાય કરે છે ત્યારે(=ત્યાં સુધી) આ શરીર આહારાદિથી શકટાદિમાં [1]અક્ષોપાંજનની જેમ ઉપગ્રહ કરવા યોગ્ય છે. પણ અવયવોની રચનાની શોભા માટે ઉપગ્રહ કરવા યોગ્ય નથી. શરીરમાં મમતાનો અભાવ આકિંચન્ય છે. રજોહરણાદિ ધર્મોપકરણ પ્રમાર્જનાદિ કાર્યને સાધવા માટે વાપરવામાં આવે છે એથી સંયમોપકરણ છે. સંયમોપકરણમાં પણ મમતાનો અભાવ આકિંચન્ય છે.

બ્રહ્મચર્યના સ્વરૂપનો નિર્ણય કરવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે–

'व्रतपरिपालनाय' इत्यादि આકિંચન્યમાં રહેલો સાધુ બ્રહ્મચર્યનું પાલન કરે. તે બ્રહ્મચર્ય ગુરુકુળવાસરૂપ છે, અર્થાત્ ગુરુકુળવાસ બ્રહ્મચર્ય છે. મહાન હોવાથી આત્મા બ્રહ્મ છે. બ્રહ્મમાં ચરવું તે બ્રહ્મચર્ય. આત્મામાં રમવું=રાગ-દ્વેષથી રહિત આત્મામાં રહેવું અને અબ્રહ્મથી વિશિષ્ટ નિવૃત્તિ એ બ્રહ્મચર્યવ્રત છે. બ્રહ્મચર્યમાં મુખ્યતાથી મૈથુનનો ત્યાગ છે. તેના પરિપાલન માટે ગુરુકુળમાં રહેવું જોઇએ. જો કે મનોહર અને અમનોહર વિષયોમાં અનુક્રમે રાગથી અને દ્વેષથી વિશિષ્ટ મુક્તિ એ બ્રહ્મચર્ય છે, તો પણ મુખ્યતયા મૈથુનનિવૃત્તિની જ વિવક્ષા છે. તેના પરિપાલન માટે ભગવાને વસતિ-કથા-નિષદ્યા-ઇંદ્રિય-કુડ્યાંતર-પૂર્વક્રીડિત-પ્રણીતાહાર-અતિમાત્ર ભોજન-વિભૂષણ નામની નવ ગુપ્તિઓ જણાવી છે.

જ્ઞાનના સંવર્ધન માટે ગુરુકુળવાસ છે. આર્ષ પ્રવચનમાં કહ્યું છે કે- "ગુરુકુળવાસમાં રહેનાર સાધુ દરરોજ વાચનાદિ થવાથી શ્રુતજ્ઞાનનું ભાજન બને છે. સ્વદર્શન-પરદર્શનનું સ્વરૂપ સાંભળવાથી શ્રદ્ધામાં અતિશય સ્થિર બને છે. વારંવાર સારણાદિ થવાથી ચારિત્રમાં અતિશય સ્થિર બને છે. આથી યાવજ્જીવ ગુરુકુળવાસનો ત્યાગ નહિ કરનારા

૧. અક્ષોપાંજન શબ્દનો શબ્દાર્થ આ પ્રમાણે છે- અક્ષ એટલે ગાડા વગેરેના પૈડાની ધરી. ઉપાંજન એટલે તેલાદિથી લેપવું. ભાવાર્થ આ પ્રમાણે છે- જેમ ગાડાના પૈડાની ધરીમાં તેલનું ઉંધણ પૈડું બરાબર ચાલે તેટલું જ જોઇએ તેમ શરીરને આહાર સંયમનો નિર્વાહ થાય તેટલો જ અને તેવો જ જોઇએ. આ વિષે પ્રશમરતિ પ્રકરણમાં ગાથા આ પ્રમાણે છે- व्रणलेपाक्षोपाङ्गवदसङ्गयोगभरमात्रयात्रार्थम् । पन्नग इवाभ्यवहरेदाहारं पुत्रपलवच्च ॥१३५॥

સાધુઓ ધન્ય છે=ધર્મરૂપ ધનને મેળવે છે. (વિશેષા.ગા.૩૪૫૯ પંચા.૧૧ ગા.૧૫)

ક્રોધ વગેરે કષાયો છે. પરિપાક એટલે પરિણતિ, ઉપશમ કે ક્ષય. કષાયોના પરિપાક માટે ગુરુકુળવાસ સ્વીકારવો જોઈએ. પરિણામ વિચિત્ર હોવાથી, વિકથાદિ દોષથી, અસત્ લોકના સંપર્કથી અશુભ ક્રિયાના સંગથી અનુશ્રોતોગામિત્વ દોષથી (પ્રવાહ પ્રમાણે જવાના સ્વભાવથી) ગુરુથી રહિત સાધુ જલદી જ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ બને. તેથી જીવનપર્યંત ગુરુકુળવાસનો આશ્રય કરવો જોઈએ. ગુરુકુળવાસથી પરાધીન કરાયેલાના જ્ઞાન-દર્શન-ચારિત્ર, વ્રત, ભાવના, ગુપ્તિ આદિની વિશેષથી વૃદ્ધિ થાય છે. આથી જ સાધુ આચાર્ય અને ઉપાધ્યાય એ બેથી સંગ્રહ કરાયેલો હોય, અર્થાત્ એ બેની નિશ્રામાં રહે. સાધ્વી આચાર્ય-ઉપાધ્યાય અને પ્રવર્તિનીથી સંગ્રહ કરાયેલી હોય.

સાધુ આચાર્યાદિથી સંગ્રહ કરાયેલો હોય એ જ વિષયને આદર ધારણ કરવા માટે ગુર્વધીનત્વ, અસ્વાતન્ત્ર્ય, ગુરુનિર્દેશાવસ્થાયિત્વ એમ પર્યાય શબ્દોથી કહ્યો છે. આચાર્યના ગ્રહણથી પાંચ આચાર્યો કહ્યા છે. પ્રવ્રાજક એટલે વ્રતાદિનું આરોપણ કરનાર. દિગાચાર્ય એટલે સચિત્ત, અચિત્ત અને મિશ્ર વસ્તુની(=વસ્તુને લેવાની) અનુજ્ઞા આપનાર. જે પહેલાથી શ્રુતનો=આગમનો ઉદ્દેશ કરે તે શ્રુતોદ્દેષ્ટા છે. જેમણે ઉદ્દેશો કર્યો છે તે ગુરુના વિયોગમાં શ્રુતને સ્થિર પરિચિત કરાવવા દ્વારા સમુદ્દેશો કરે અથવા સમ્યગ્ ધારી રાખવાનું કહેવા દ્વારા અનુજ્ઞા કરે છે, તે શ્રુતસમુદ્દેષ્ટા છે.

પ્રશ્ન– શ્રુતસમુદ્દેષ્ટા શબ્દથી તો શ્રુતનો સમુદ્દેશો કરે એવો જ અર્થ થાય. અનુજ્ઞા કરે એવો અર્થ પણ કેવી રીતે થાય ?

ઉત્તર– સમુદ્દેશ અને અનુજ્ઞા એક કાળે થતા હોવાથી સમુદ્દેશ શબ્દથી અનુજ્ઞાનો સંગ્રહ કર્યો છે.

આમ્નાય એટલે આગમ. આગમના ઉત્સર્ગ-અપવાદરૂપ અર્થને જે કહે તે આમ્નાયાર્થવાચક છે. પરમર્ષિના પ્રવચનના અર્થને કહેવા દ્વારા

અનુગ્રહ કરનારા પાંચમા આચાર્ય (યોગ્ય સાધુને) સ્થાપનાચાર્ય પધરાવવાની અને આસન પાથરવાની અનુજ્ઞા આપે.

'तस्य ब्रह्मचर्यस्य' ઇત્યાદિ, બ્રહ્મચર્યના રક્ષણ માટે અને દૃઢ કરવા માટે બ્રહ્મચર્યના વિશેષગુણો જણાવાય છે. ઇમે=આ એવા પ્રયોગથી વિશેષગુણો પ્રત્યક્ષ કરાય છે. અબ્રહ્મવિરતિરૂપ વ્રતના અતિશય ઉપકારી હોવાથી વિશેષથી ગુણો=વિશેષગુણો. યથોક્ત ભાવનાઓ એટલે પૂર્વે (સાતમા અધ્યાયના ત્રીજા સૂત્રમાં) કહેલી પાંચ ભાવનાઓ. સ્ત્રીના અંગોનું નિરીક્ષણ, પૂર્વે કરેલી કામક્રીડાઓનું સ્મરણ, વૃષ્ય(=વીર્યવર્ધક)-રસ અને કામકથાઓથી તથા સંસક્ત(=પશુ-પંડક-સ્ત્રી આદિના સંસર્ગવાળી) વસતિથી વિરતિઓ બ્રહ્મચર્યની ભાવનાઓ છે. શુભ જે સ્પર્શાદિ અને શરીરવિભૂષા તેમાં અભિનંદિત્વનો અભાવ એટલે કે તેમની પ્રાપ્તિ થવા છતાં હર્ષ ન પામવો=મનમાં પ્રસન્ન ન બનવું, રાગ-દ્વેષરહિત બનવું. એ પ્રમાણે બ્રહ્મચર્ય ધર્મ થાય છે.

આ પ્રમાણે ક્ષમાથી ક્રોધનો વિનાશ કરે, જેણે ક્રોધનો વિનાશ કર્યો છે તે નીચૈર્વૃત્તિ[૧] અને અનુત્સેકથી માર્દવને ધારણ કરે, જેણે મદસ્થાનોનો ત્યાગ કર્યો છે તે સરળતાને ભાવે, ભાવદોષનો ત્યાગ કરીને ગુપ્ત દોષોવાળી માયાને આર્જવથી પ્રગટ કરીને લોભાભાવના આશ્રયથી શૌચને આચરે. લોભાભાવરૂપ શૌચ વડે લોભરૂપ અશુચિનું સંશોધન કરીને શુદ્ધ બનેલો આત્મા સત્ય બોલે, સત્યવાદી સત્તર પ્રકારના સંયમને આચરે, સંયત બનેલો આત્મા બાકી રહેલ ચિત્તવિશુદ્ધિ માટે તપ કરે. પછી બાહ્ય પણ ધર્મસાધનોનો ત્યાગ કરે, વિદ્યમાન પણ કાયા-વચન-મનમાં, ધર્મોપકરણોમાં અને મિત્ર-સંબંધીઓમાં નિઃસ્પૃહ હોવાથી નિર્મમત્વ નામના આકિંચન્યને ભાવે, આકિંચન્યની વિદ્યમાનતામાં બ્રહ્મચર્ય પરિપૂર્ણ થાય છે. (૯-૬)

---

૧. નીચૈર્વૃત્તિ અને અનુત્સેકના અર્થ માટે પ્રસ્તુત સૂત્રમાં માર્દવના વર્ણનમાં જુઓ.

ટીકાવતરણિકા– एवं परमविशुद्धलक्षणे धर्मे व्यवस्थितः पुनरप्यात्मदोषजुगुप्सार्थं जगद् द्वादशभिः स्वतत्त्वैर्विभज्य अनुचिन्तयेदित्याह–

ટીકાવતરણિકાર્થ– આ પ્રમાણે પરમવિશુદ્ધ ધર્મમાં રહેલો સાધુ ફરી પણ આત્મદોષની જુગુપ્સા માટે જગતનો બાર સ્વરૂપોથી વિભાગ કરીને ચિંતન કરે એમ કહે છે–

અનુપ્રેક્ષાઓનું વર્ણન–

अनित्याशरणसंसारैकत्वान्यत्वाश्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभधर्म्मस्वाख्यातत्वानुचिन्तनमनुप्रेक्षाः ॥९-७॥

સૂત્રાર્થ– અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, બોધિદુર્લભ અને ધર્મસ્વાખ્યાત એમ બાર પ્રકારે તત્ત્વચિંતન એ ૧૨ પ્રકારની અનુપ્રેક્ષા=ભાવના છે. (૯-૭)

भाष्यं– एता द्वादशानुप्रेक्षाः तत्र बाह्याभ्यन्तराणि शरीरशय्यासनवस्त्रादीनि द्रव्याणि सर्वसंयोगाश्चानित्या इत्यनुचिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतः तेष्वभिष्वङ्गो न भवति मा भून्मे तद्वियोगजं दुःखमित्यनित्यानुप्रेक्षा ॥१॥

यथा निराश्रये जनविरहिते वनस्थलीपृष्ठे बलवता क्षुत्परिगतेनामिषैषिणा सिंहेनाभ्याहतस्य मृगशिशोः शरणं न विद्यते, एवं जन्मजरामरणव्याधिप्रियविप्रयोगाप्रियसंप्रयोगेप्सितालाभदारिद्र्यदौर्भाग्यदौर्मनस्यमरणादिसमुत्थेन दुःखेनाभ्याहतस्य जन्तोः संसारे शरणं न विद्यत इति चिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतो नित्यमशरणोऽस्मीति नित्योद्विग्नस्य सांसारिकेषु भावेष्वनभिष्वङ्गो भवति । अर्हच्छासनोक्त एव विधौ घटते, तद्धि परं शरणमित्यशरणानुप्रेक्षा ॥२॥

अनादौ संसारे नरकतिर्यग्योनिमनुष्यामरभवग्रहणेषु चक्रवत्परिवर्तमानस्य जन्तोः सर्व एव जन्तवः स्वजनाः परजना वा । न हि स्वजनपरजनयोर्व्यवस्था विद्यते । माता हि भूत्वा भगिनी भार्या दुहिता

च भवति । भगिनी भूत्वा माता भार्या दुहिता च भवति । भार्या भूत्वा भगिनी दुहिता माता च भवति । दुहिता भूत्वा माता भगिनी भार्या च भवति । तथा पिता भूत्वा भ्राता पुत्रः पौत्रश्च भवति । भ्राता भूत्वा पिता पुत्रः पौत्रश्च भवति । पौत्रो भूत्वा पिता भ्राता पुत्रश्च भवति । पुत्रो भूत्वा पिता भ्राता पौत्रश्च भवति । भर्ता भूत्वा दासो भवति । दासो भूत्वा भर्ता भवति । शत्रुर्भूत्वा मित्रं भवति । मित्रं भूत्वा शत्रुर्भवति । पुमान्भूत्वा स्त्री भवति, नपुंसकं च । स्त्री भूत्वा पुमान्नपुंसकं च भवति । नपुंसकं भूत्वा स्त्री पुमांश्च भवति । एवं चतुरशीतियोनिप्रमुखशतसहस्रेषु रागद्वेषमोहाभिभूतैर्जन्तुभिरनिवृत्तविषयतृष्णैरन्योन्यभक्षणाभिघातवधबन्धाभियोगाक्रोशादिजनितानि तीव्राणि दुःखानि प्राप्यन्ते । अहो द्वन्द्वारामः कष्टस्वभावः संसार इति चिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतः संसारभयोद्विग्नस्य निर्वेदो भवति । निर्विण्णश्च संसारप्रहाणाय घटत इति संसारानुप्रेक्षा ॥३॥

एक एवाहं, न मे कश्चित्स्वः परो वा विद्यते । एक एवाहं जाये । एक एव म्रिये । न मे कश्चित्स्वजनसंज्ञः परजनसंज्ञो वा व्याधिजरामरणादीनि दुःखान्यपहरति, प्रत्यंशहारी वा भवति । एक एवाहं स्वकृतकर्मफलमनुभवामीति चिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतः स्वजनसंज्ञकेषु स्नेहानुरागप्रतिबन्धो न भवति परसंज्ञकेषु च द्वेषानुबन्धः । ततो निःसङ्गतामभ्युपगतो मोक्षायैव यतत इत्येकत्वानुप्रेक्षा ॥४॥

शरीरव्यतिरेकेणात्मानुचिन्तयेत् । अन्यच्छरीरमन्योऽहम्, ऐन्द्रियकं शरीरम्, अतीन्द्रियोऽहम् । अनित्यं शरीरं नित्योऽहम् । अज्ञं शरीरं ज्ञोऽहम् । आद्यन्तवच्छरीरमनाद्यन्तोऽहम् । बहूनि च मे शरीरशतसहस्राण्यतीतानि संसारे परिभ्रमतः, स एवायमहमन्यस्तेभ्यः इत्यनुचिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतः शरीरप्रतिबन्धो न भवतीति । अन्यश्च शरीरान्नित्योऽहमिति निःश्रेयसे संघटत, इत्यन्यत्वानुप्रेक्षा ॥५॥

अशुचि खल्विदं शरीरमिति चिन्तयेत् । तत्कथमशुचीति चेद्, आद्युत्तरकारणाशुचित्वाद्, अशुचिभाजनत्वादशुच्युद्भवत्वाद्, अशुभ-परिणामपाकानुबन्धाद्, अशक्यप्रतीकारत्वाच्चेति । तत्राद्युत्तरकारणा-शुचित्वात्तावच्छरीरस्याद्यं कारणं शुक्रं शोणितं च तदुभयमत्यन्ताशुचीति । उत्तरमाहारपरिणामादि । तद्यथा । कवलाहारो हि ग्रस्तमात्र एव श्लेष्माशयं प्राप्य श्लेष्मणा द्रवीकृतोऽत्यन्ताशुचिर्भवति । ततः पित्ताशयं प्राप्य पच्यमानोऽम्लीकृतोऽशुचिरेव भवति । पक्वो वाय्वाशयं प्राप्य वायुना विभज्यते-पृथक् खलः पृथग् रसः । खलान्मूत्रपुरीषादयो मलाः प्रादुर्भवन्ति रसाच्छोणितं परिणमति, शोणितान्मांसम्, मांसान्मेदः, मेदसोऽस्थीनि, अस्थिभ्यो मज्जा, मज्जाभ्यः शुक्रमिति । सर्वं चैतत् श्लेष्मादिशुक्रान्तमशुचि भवति । तस्मादाद्युत्तरकारणाशुचित्वादशुचि शरीरमिति । किञ्चान्यत् अशुचिभाजनत्वात् अशुचीनां खल्वपि भाजनं शरीरं कर्णनासाक्षिदन्तमलस्वेदश्लेष्मपित्तमूत्रपुरीषादीनामवस्करभूतं तस्मादशुचीति । किञ्चान्यत् । अशुच्युद्भवत्वात् एषामेव कर्णमला-दीनामुद्भवः शरीरं तत उद्भवन्तीति । अशुचौ च गर्भे सम्भवतीति अशुचि शरीरम् । किञ्चान्यत् । अशुभपरिणामपाकानुबन्धादार्तवे बिन्दोराधानात्प्रभृति खल्वपि शरीरं कललार्बुदपेशीघनव्यूहसम्पूर्णगर्भ-कौमारयौवनस्थविरभावजनकेनाशुभपरिणामपाकेनानुबद्धं दुर्गन्धि पूति-स्वभावं दुरन्तं तस्मादशुचि । किञ्चान्यत् । अशक्यप्रतीकारत्वात् अशक्यप्रतीकारं खल्वपि शरीरस्याशुचित्वमुद्वर्तनरूक्षणस्नानानुलेपनधूप-प्रघर्षवासयुक्तिमाल्यादिभिरप्यस्य न शक्यमशुचित्वमपनेतुम् । अशुच्या-त्मकत्वाच्छुच्युपघातकत्वाच्चेति । तस्मादशुचि शरीरमिति । एवं ह्यस्य चिन्तयतः शरीरे निर्वेदो भवति । निर्विण्णश्च शरीरप्रहाणाय घटत इति अशुचित्वानुप्रेक्षा ॥६॥

आस्रवानिहामुत्रापाययुक्तान्महानदीस्रोतोवेगतीक्ष्णानकुशलागमकुशल-निर्गमद्वारभूतानिन्द्रियादीनवद्यतश्चिन्तयेत् ।

तद्यथा । स्पर्शनेन्द्रियप्रसक्तचित्तः सिद्धोऽनेकविद्याबलसम्पन्नोऽप्याकाशगोऽष्टाङ्गमहानिमित्तपारगो गार्ग्यः सत्यकिर्निधनमाजगाम । तथा प्रभूतयवसोदकप्रमाथावगाहादिगुणसम्पन्नवनविचारिणश्च मदोत्कटा बलवन्तोऽपि हस्तिनो हस्तिबन्धकीषु स्पर्शनेन्द्रियसक्तचित्ता ग्रहणमुपगच्छन्ति । ततो बन्धवधदमनवाहनाङ्कुशपार्ष्णिप्रतोदाभिघातादिजनितानि तीव्राणि दुःखान्यनुभवन्ति । नित्यमेव स्वयूथस्य स्वच्छन्दप्रचारसुखस्य वनवासस्यानुस्मरन्ति । तथा मैथुनसुखप्रसङ्गादाहितगर्भाऽश्वतरी प्रसवकाले प्रसवितुमशक्नुवन्ती तीव्रदुःखाभिहताऽवशा मरणमभ्युपैति । एवं सर्वे एव स्पर्शनेन्द्रियप्रसक्ता इहामुत्र च विनिपातमृच्छन्तीति ।

तथा जिह्वेन्द्रियप्रसक्ता मृतहस्तिशरीरस्थस्रोतोवेगोढवायसवत् हैमनघृतकुम्भप्रविष्टमूषिकवत् गोष्ठप्रसक्तहृदवासिकूर्मवत् मांसपेशीलुब्धश्येनवत् बडिशामिषगृद्धमत्स्यवच्चेति ।

तथा घ्राणेन्द्रियप्रसक्ता औषधिगन्धलुब्धपन्नगवत् पललगन्धानुसारिमूषकवच्चेति ।

तथा चक्षुरिन्द्रियप्रसक्ताः स्त्रीदर्शनप्रसङ्गादर्जुनकचोरवत् दीपालोकलोलपतङ्गवद्विनिपातमृच्छन्तीति चिन्तयेत् ।

तथा श्रोत्रेन्द्रियप्रसक्तास्तित्तिरिकपोतकपिञ्जलवत् गीतसंगीतध्वनिलोलमृगवद्विनिपातमृच्छन्तीति चिन्तयेत् । एवं हि चिन्तयन्नास्रवनिरोधाय घटत इति आस्रवानुप्रेक्षा ॥७॥

संवरांश्च महाव्रतादीन् गुप्त्यादिपरिपालनाद् गुणतश्चिन्तयेत् । सर्वे ह्येते यथोक्तास्रवदोषाः संवृतात्मनो न भवन्तीति चिन्तयेत् । एवं ह्यस्य चिन्तयतो मतिः संवरायैव घटत इति संवरानुप्रेक्षा ॥८॥

निर्जरा वेदना विपाक इत्यनर्थान्तरम्। स द्विविधोऽबुद्धिपूर्वः कुशलमूलश्च । तत्र नरकादिषु कर्मफलविपाकोदयोऽबुद्धिपूर्वकस्तमवद्यतोऽनुचिन्तयेदकुशलानुबन्ध इति ।

तपःपरीषहजयकृतः कुशलमूलः। तं गुणतोऽनुचिन्तयेत्। शुभानुबन्धो निरनुबन्धो वेति । एवमनुचिन्तयन् कर्मनिर्जरणायैव घटत इति निर्जरानुप्रेक्षा ॥९॥

पञ्चास्तिकायात्मकं विविधपरिणाममुत्पत्तिस्थित्यन्यतानुग्रहप्रलययुक्तं लोकं चित्रस्वभावमनुचिन्तयेत्। एवं ह्यस्य चिन्तयतस्तत्त्वज्ञानविशुद्धिर्भवतीति लोकानुप्रेक्षा ॥१०॥

अनादौ संसारे नरकादिषु तेषु भवग्रहणेष्वनन्तकृत्वः परिवर्तमानस्य जन्तोर्विविधदुःखाभिहतस्य मिथ्यादर्शनाद्युपहतमतेर्ज्ञानदर्शनावरणमोहान्तरायोदयाभिभूतस्य, सम्यग्दर्शनादिविशुद्धो बोधिदुर्लभो भवतीत्यनुचिन्तयेत्। एवं ह्यस्य बोधिदुर्लभत्वमनुचिन्तयतो बोधिं प्राप्य प्रमादो न भवतीति बोधिदुर्लभत्वानुप्रेक्षा ॥११॥

सम्यग्दर्शनद्वारः पञ्चमहाव्रतसाधनो द्वादशाङ्गोपदिष्टतत्त्वो गुप्त्यादिविशुद्धव्यवस्थानः संसारनिर्वाहको निःश्रेयसप्रापको भगवता परमर्षिणाऽर्हताऽहो व्याख्यातो धर्म इत्येवमनुचिन्तयेत्। एवं ह्यस्य धर्मस्वाख्यातत्वमनुचिन्तयतो मार्गाच्यवने तदनुष्ठाने च व्यवस्थानं भवतीति धर्मस्वाख्यातत्वानुचिन्तनानुप्रेक्षा ॥१२॥९-७॥

ભાષ્યાર્થ– આ બાર અનુપ્રેક્ષાઓ છે. તેમાં બાહ્ય-અભ્યંતર શરીર-શય્યા-આસન-વસ્ત્ર વગેરે દ્રવ્યો અને સર્વસંયોગો અનિત્ય છે એમ ચિંતન કરે. આ પ્રમાણે વિચારતા સાધુને તે શરીર આદિમાં રાગ થતો નથી, તેમના વિયોગથી મને દુઃખ ન થાઓ. આ પ્રમાણે અનિત્ય અનુપ્રેક્ષા છે.

જેવી રીતે નિરાશ્રય અને જનવિરહિત વનસ્થલીના પાછળના ભાગમાં બળવાન, ક્ષુધાને પામેલા અને માંસની ઇચ્છા કરનારા સિંહ

વડે પરાભવ પામેલ મૃગશિશુને શરણ નથી. એ પ્રમાણે જન્મ-જરા-મરણ-વ્યાધિ-પ્રિયવિપ્રયોગ-અપ્રિયસંપ્રયોગ-ઇપ્સિતઅલાભ-દારિદ્ર્ય-દૌર્ભાગ્ય-દૌર્મનસ્ય-મરણાદિથી થયેલ દુઃખથી હણાયેલા જીવને સંસારમાં શરણ નથી એ પ્રમાણે વિચારે.

આ પ્રમાણે ચિંતન કરતા સાધુને હું સદા અશરણ છું એમ નિત્ય ઉદ્વિગ્ન બનેલા તેને સાંસારિક ભાવોમાં રાગ થતો નથી. અરિહંત-શાસનમાં કહેલા જ વિધિમાં પ્રવર્તે છે. તે જ ઉત્કૃષ્ટ શરણ છે. આ પ્રમાણે અશરણ અનુપ્રેક્ષા છે.

અનાદિ સંસારમાં નરક-તિર્યંચયોનિ-મનુષ્ય-દેવોના જન્મોને ગ્રહણ કરવામાં ચક્રની જેમ પરિભ્રમણ કરતા જીવના બધા જ જીવો સ્વજનો છે અથવા પરજનો છે.

સ્વજન-પરજનની વ્યવસ્થા નથી. માતા થઈને બહેન, પત્ની અને દીકરી થાય છે. બહેન થઈને માતા, પત્ની અને પુત્રી થાય છે. પત્ની થઈને બહેન, પુત્રી અને માતા થાય છે. પુત્રી થઈને માતા, બહેન અને પત્ની થાય છે તથા પિતા થઈને ભાઈ, પુત્ર અને પૌત્ર થાય છે. ભાઈ થઈને પિતા, પુત્ર અને પૌત્ર થાય છે. પુત્ર થઈને પિતા, ભાઈ અને પૌત્ર થાય છે. પૌત્ર થઈને પિતા, ભાઈ અને પુત્ર થાય છે. સ્વામી થઈને દાસ થાય છે. દાસ થઈને સ્વામી થાય છે. મિત્ર થઈને શત્રુ થાય છે. શત્રુ થઈને મિત્ર થાય છે. પુરુષ થઈને સ્ત્રી અને નપુંસક થાય છે. સ્ત્રી થઈને પુરુષ અને નપુંસક થાય છે. નપુંસક થઈને સ્ત્રી અને પુરુષ થાય છે.

આ પ્રમાણે ચોરાશી લાખ યોનિ વગેરેમાં રાગ-દ્વેષ-મોહથી પરાભવ પામેલા અને વિષયતૃષ્ણાઓથી વિરામ નહિ પામેલા જીવોથી અન્યોન્ય ભક્ષણ-અભિઘાત-બંધ-અભિયોગ-આક્રોશ આદિથી ઉત્પન્ન કરાયેલા તીવ્ર દુઃખો પ્રાપ્ત કરાય છે. અહો ! સંસાર દ્વન્દ્વનો આરામ છે, કષ્ટ સ્વભાવવાળો છે એ પ્રમાણે ચિંતવે. આ પ્રમાણે ચિંતન કરતા અને એથી જ સંસારભયથી ઉદ્વિગ્ન બનેલા એને નિર્વેદ થાય છે. નિર્વેદ પામેલો તે સંસારના નાશ માટે પ્રવર્તે છે. આ પ્રમાણે સંસાર અનુપ્રેક્ષા છે.

હું એકલો જ છું, મારું કોઇ સ્વ કે પર નથી. હું એકલો જ ઉત્પન્ન થાઉં છું. હું એકલો જ મરું છું.

સ્વજન તરીકે જણાતો કે પરજન તરીકે જણાતો એવો મારે કોઇ નથી કે જે વ્યાધિ-જરા-મરણ વગેરે દુઃખોને દૂર કરે કે ભાગ પડાવે. હું એકલો જ સ્વકૃતકર્મના ફળને અનુભવું છું એમ ચિંતવે. આ પ્રમાણે ચિંતન કરતા એને સ્વજન તરીકે જણાતાઓમાં સ્નેહ-અનુરાગ-પ્રતિબંધ ન થાય. પરજન તરીકે જણાતાઓમાં દ્વેષનો અનુબંધ થતો નથી. તેથી નિઃસંગપણાને પામેલો તે મોક્ષ માટે જ પ્રવર્તે છે. આ પ્રમાણે એકત્વ અનુપ્રેક્ષા છે.

શરીરથી ભિન્ન આત્માને ચિંતવે. શરીર અન્ય=જુદું છે, હું અન્ય છું. શરીર ઇંદ્રિયથી જાણી શકાય છે. હું અતીંદ્રિય છું. શરીર અનિત્ય છે, હું નિત્ય છું. શરીર જાણનારું નથી, હું જાણનારો છું. શરીર આદિ-અંતવાળું છે. હું અનાદિ-અનંત છું. સંસારમાં ભમતા એવા મારા શરીરો ઘણા લાખો ગયા. હું એ જ છું. (આથી) હું શરીરોથી અન્ય છું. એમ ચિંતન કરે. એમ ચિંતન કરતા એને શરીરમાં પ્રતિબંધ (=રાગ) થતો નથી.

વળી બીજું, શરીરની અપેક્ષાએ હું નિત્ય છું એમ (ચિંતન કરતો તે) મોક્ષ માટે પ્રવર્તે છે. આ પ્રમાણે અન્યત્વ ભાવના છે.

ખરેખર ! આ શરીર અશુચિ છે એમ વિચારે. શરીર કેવી રીતે અશુચિ છે એમ જો પૂછતા હો તો (ઉત્તર આ પ્રમાણે છે-) આદિ અને ઉત્તર કારણ અશુચિ હોવાથી, અશુચિનું ભાજન હોવાથી, અશુચિમાંથી ઉત્પત્તિ થતી હોવાથી, અશુભ પરિણામપાકના અનુબંધથી અને અશક્યપ્રતિકારના કારણે શરીર અશુચિ છે.

તેમાં આદિ-ઉત્તર કારણ અશુચિ હોવાથી એ પ્રથમ હેતુ છે. શરીરનું પ્રથમ કારણ શુક્ર અને લોહી છે. તે બંને અત્યંત અશુચિ છે. આહારનો પરિણામ વગેરે ઉત્તરકારણ છે.

તે આ પ્રમાણે- ભક્ષિતમાત્રથી જ શ્લેષ્માશયને પામીને શ્લેષ્મ વડે દ્રવ કરાયેલો કવલાહાર અત્યંત અશુચિ થાય છે. પછી પિત્તાશયને પામીને પકાતો અને ખલ થયેલો કવલાહાર અશુચિ જ થાય છે. પાકેલો કવલાહાર પવનાશયને પામીને વાયુ વડે વિભાગ કરાય છે, ખલ જુદો કરાય છે અને રસ જુદો કરાય છે. ખલમાંથી મૂત્ર-વિષ્ઠા વગેરે મળો પ્રગટ થાય છે. રસમાંથી લોહી પરિણમે છે. લોહીમાંથી માંસ, માંસમાંથી મેદ, મેદમાંથી હાડકા, હાડકામાંથી મજ્જાઓ, મજ્જાઓમાંથી વીર્ય પરિણમે છે. શ્લેષ્મથી પ્રારંભી વીર્ય સુધી આ બધું અશુચિ છે. તેથી આદિકારણ અને ઉત્તરકારણ અશુચિ હોવાથી શરીર અશુચિ છે.

વળી બીજું- અશુચિનું ભાજન હોવાથી શરીર અશુચિ છે. અશુચિનું જ પાત્ર પણ શરીર કાન-નાક-આંખ-દાંતોના મેલના અને પસીનો-કફ-પિત્ત-મૂત્ર-વિષ્ઠા વગેરેના ઉકરડારૂપ છે. તેથી શરીર અશુચિ છે અથવા અશુચિ એવા ગર્ભમાં ઉત્પન્ન થાય છે તેથી શરીર અશુચિ છે.

વળી બીજું- આ જ કાનમેલ વગેરેનું શરીર ઉત્પત્તિ સ્થાન છે. કારણ કે કાનમેલ વગેરે શરીરમાં ઉત્પન્ન થાય છે.

વળી બીજું- અશુભ પરિણામવાળા પાકને(=ફળને) અનુસરેલું હોવાથી શરીર અશુચિ છે. આર્તવ થયે છતે બિંદુના પ્રક્ષેપથી આરંભીને જ શરીર કલલ-અર્બુદ-પેશિઘનવ્યૂહ-સંપૂર્ણ ગર્ભ-કૌમાર-યૌવન-સ્થવિર ભાવને ઉત્પન્ન કરનારા એવા અશુભ પરિણામરૂપ પાકથી અનુબદ્ધ, દુર્ગન્ધિ, પૂતિ સ્વભાવ અને દુરન્ત છે તેથી અશુચિ છે.

વળી બીજું- અપવિત્રતા અશક્ય પ્રતિકારવાળી હોવાથી શરીર અશુચિ છે. શરીરની અપવિત્રતા અશક્ય પ્રતિકાર જ છે. ઉદ્વર્તન-રૂક્ષણ-સ્નાન-અનુલેપન-ધૂપ-પ્રઘર્ષ-વાસયુક્તિ-માલ્યાદિથી પણ શરીરની અપવિત્રતાને દૂર કરવાનું શક્ય નથી.

અશુચિ સ્વરૂપ હોવાથી અને શુચિ(દ્રવ્યો)નો ઉપઘાતક હોવાથી શરીર અશુચિ છે. આ પ્રમાણે વિચારતા એને શરીર ઉપર નિર્વેદ થાય છે.

નિર્વેદને પામેલો તે શરીરનો નાશ કરવા(=જન્મરહિત બનવા) માટે પ્રવર્તે છે. આ પ્રમાણે અશુચિત્વ ભાવના છે.

ઇંદ્રિય વગેરે આસ્રવો આ લોકમાં અને પરલોકમાં અપાયથી યુક્ત છે, મહાનદીના પ્રવાહની સમાન તીક્ષ્ણ છે, અકુશળને આવવાના અને કુશળને નીકળવાના દ્વારરૂપ છે, જીવને કાપનારા છે એમ ચિંતવે.

તે આ પ્રમાણે- સ્પર્શેન્દ્રિયમાં આસક્ત ચિત્તવાળો, સિદ્ધ, અનેક વિદ્યાઓના બળથી યુક્ત, આકાશગામી અને અષ્ટાંગ મહાનિમિત્તના પારને પામનારો પણ ગાર્ગ્ય સત્યકિ મરણને પામ્યો. તથા ઘણાં યવસનો પ્રમાથ અને જલાવગાહ આદિ ગુણોથી યુક્ત, વિચરનારા મદોત્કટ બલવાન અને હાથણીમાં સ્પર્શેન્દ્રિયમાં આસક્ત ચિત્તવાળા બનેલા એવા હાથીઓ ગ્રહણને પામે છે=પકડાય છે, અર્થાત્ કેદ થઇ જાય છે. તેથી બંધ-વધ-દમન-વાહન-નિહનન-અંકુશ-પાર્ષ્ણિ-પ્રતોદઅભિઘાત (પરોણાનો ઘા) વગેરેથી ઉત્પન્ન કરાયેલા તીવ્ર દુઃખોને અનુભવે છે અને સદાય સ્વચ્છન્દ પ્રચાર સુખવાળા વનવાસને યાદ કરે છે. તથા મૈથુન સુખના પ્રસંગથી જેનો ગર્ભ કરાયો છે એવી ખચ્ચરી પ્રસવવાને સમર્થ ન બનતી તીવ્ર દુઃખથી હણાયેલી અને પરાધીન બનેલી મરણને પામે છે. આ પ્રમાણે સ્પર્શેન્દ્રિયના સુખમાં આસક્ત ચિત્તવાળા બધાય જીવો આ લોકમાં અને પરલોકમાં વિનાશને પામે છે.

જિહ્વેંદ્રિયમાં આસક્ત જીવો મરેલા હાથીના શરીરમાં રહેલા અને પ્રવાહના વેગથી વહન કરાયેલા કાગડાની જેમ, હેમંત ઋતુમાં ઘીના ઘડામાં પ્રવેશેલા ઉંદરની જેમ, ગાયના વાડામાં આસક્ત સરોવરવાસી કાચબાની જેમ, માંસપેશીમાં લુબ્ધ બનેલા બાજપક્ષીની જેમ, માછલીને પકડવાના કાંટામાં રહેલા માંસમાં આસક્ત બનેલા માછલાની જેમ મૃત્યુને પામે છે.

તથા ઘ્રાણેંદ્રિયમાં આસક્ત બનેલા જીવો ઔષધિની ગંધમાં લુબ્ધ બનેલા સર્પની જેમ, પરાળની ગંધને અનુસરનારા (ગંધ તરફ જનારા) ઉંદરની જેમ વિનાશને પામે છે.

તથા ચક્ષુરિંદ્રિયમાં આસક્ત બનેલા જીવો સ્ત્રીને જોવાના પ્રસંગથી અર્જુનક ચોરની જેમ, દીવાને જોવાની તૃષ્ણાવાળા પતંગની જેમ મૃત્યુ પામે છે.

તથા શ્રોત્રેંદ્રિયમાં આસક્ત તેતરપક્ષી, પારેવો અને ચાસપક્ષીની જેમ ગીત-સંગીતના શબ્દોમાં તૃષ્ણાવાળા હરણની જેમ મૃત્યુ પામે છે એમ ચિંતવે.

આ પ્રમાણે ચિંતન કરતો તે આસ્રવના નિરોધ માટે જ પ્રવર્તે છે. આ પ્રમાણે આસ્રવભાવના છે.

ગુપ્તિ આદિ જેમનું રક્ષણ કરે છે એવા મહાવ્રતાદિ સંવરો ઉપકારી છે એમ ચિંતવે. આસ્રવના યથોક્ત આ સઘળા દોષો સંવરવાળા જીવને થતા નથી એમ વિચારે. આ પ્રમાણે ચિંતન કરતા એની મતિ સંવર માટે જ પ્રવર્તે છે. આ પ્રમાણે સંવરભાવના છે.

નિર્જરા, વેદના અને વિપાક એ પ્રમાણે એક જ અર્થ છે. તે અબુદ્ધિપૂર્વક[1] અને કુશલમૂલ એમ બે પ્રકારે છે. તે બેમાં નરકાદિમાં થતો કર્મફળનો વિપાકોદય અબુદ્ધિપૂર્વક છે. તે વિપાક પાપનું કારણ હોવાથી સંસારના અનુબંધવાળો છે એમ ચિંતવે.

તપ અને પરિષહજયથી કરાયેલો વિપાક કુશળમૂળ છે. શુભાનુબંધવાળો કે અનુબંધ વગરનો તે વિપાક ગુણનું કારણ હોવાથી ઉપકારક છે એમ ચિંતવે. આ પ્રમાણે ચિંતન કરતો તે કર્મનિર્જરા માટે જ પ્રવર્તે છે. આ પ્રમાણે નિર્જરા ભાવના છે.

લોક પંચાસ્તિકાય સ્વરૂપ, વિવિધ પરિણામવાળો, ઉત્પત્તિ-સ્થિતિ-વિનાશ-અનુગ્રહ-પ્રલયથી યુક્ત અને વિચિત્ર સ્વભાવવાળો છે એમ ચિંતવે. આ પ્રમાણે ચિંતન કરતા એની તત્ત્વજ્ઞાન વિશુદ્ધિ થાય છે. આ પ્રમાણે લોકભાવના છે.

અનાદિ સંસારમાં નરકાદિમાં તે તે ભવજન્મોમાં અનંતવાર પરિવર્તન પામતા, વિવિધ દુઃખોથી હણાયેલા, મિથ્યાદર્શનાદિથી દૂષિતમતિવાળા

૧. અબુદ્ધિપૂર્વક વિપાક એટલે અકામનિર્જરા. કુશળમૂલ વિપાક એટલે સકામનિર્જરા.

અને જ્ઞાન-દર્શનાવરણ-મોહ-અંતરાયના ઉદયથી પરાભવ પામેલા જીવને સમ્યગ્દર્શનાદિથી વિશુદ્ધ બોધિ દુર્લભ છે એમ ચિંતન કરે.

આ પ્રમાણે બોધિના દુર્લભપણાને ચિંતવતા એવા એને બોધિને પામીને પ્રમાદ ન થાય. આ પ્રમાણે બોધિદુર્લભભાવના છે.

સમ્યગ્દર્શનરૂપ દ્વારવાળો, પંચમહાવ્રતરૂપ સાધનવાળો, દ્વાદશાંગીથી ઉપદિષ્ટ તત્ત્વવાળો, ગુપ્તિ આદિથી વિશુદ્ધ અવસ્થાવાળો, સંસારથી પાર પમાડનારો અને નિઃશ્રેયસને પમાડનારો ધર્મ અહો ! પરમર્ષિ એવા અર્હત્ભગવાને સારો કહ્યો છે.

આ પ્રમાણે ધર્મસ્વાખ્યાતત્વનું ચિંતન કરતા એને માર્ગથી પતિત(=ભ્રષ્ટ) ન થવામાં અને માર્ગના ચરણમાં સ્થિરતા થાય છે. આ પ્રમાણે ધર્મસ્વાખ્યાતત્વ ચિંતન અનુપ્રેક્ષા છે. (૯-૭)

ટીકા– तत्रानित्यादयो धर्मस्वाख्यातान्ताः कृतद्वन्द्वाः विहितभावप्रत्यया अनुचिन्तनशब्देन सह कृतषष्ठीतत्पुरुषसमासाः समानाधिकरणमनुप्रेक्षाशब्देन सह सम्प्रतिपद्यन्ते, अपरे पठन्ति अनुप्रेक्षा इति, अनुप्रेक्षितव्या इत्यर्थः, अपरेऽनुप्रेक्षाशब्दमेकवचनान्तमधीयते, तत्रार्थोऽनित्यादिचिन्तनमनुप्रेक्षोच्यते, बहुवचनान्ते त्वनित्यादिचिन्तनान्यनुप्रेक्षा इति, एता द्वादशानुप्रेक्षा इत्यादि भाष्यं, एता इत्यनित्यादिका परामृष्यन्ते, द्वादशेति द्वादशैव, नाधिका न्यूना वा, अनुप्रेक्षणमनुप्रेक्षा, अनुप्रेक्ष्यन्ते अनुचिन्त्यन्ते इति वाऽनुप्रेक्षाः ।

तत्र तास्वनित्या भावना तावद्भण्यते-अभ्यन्तरं शरीरद्रव्यं, जीवप्रदेशैर्व्याप्तत्वात्, बाह्यानि शय्यासनवस्त्रादीनि, आदिग्रहणादौधिकौपग्रहिकोपधेः समस्तस्य ग्रहणं, तत्र शरीरं तावज्जन्मनः प्रभृति पूर्वमवस्थानं जहदुत्तरामवस्थामास्कन्दत् प्रतिक्षणमन्यथा अन्यथा च भवज्जराजर्जरितसकलावयवं पुद्गलजालविरचनामात्रं पर्यन्ते परित्यक्तसन्निवेशविशेषं विशीर्यत इत्यनित्यमेव, परिणामानित्यत्वात्,

एवमनागत एवानुप्रेक्ष्यमाणस्य तत्राभिष्वङ्गः-स्नेहप्रतिबन्धो न भवति, तत्र स्नेहाभ्यञ्जनोद्वर्त्तनमर्दनस्नानविभूषादिषु निःस्पृहस्य धर्म्मध्यानादिषु व्यासङ्गो भवति, आगमेऽप्यभिहितं-"जंपि इमं सरीरं इट्ठं कंतं पियं मणुण्णं" इत्यादि, शय्या-प्रतिश्रयः संस्तरणपट्टकादिः-संस्तारफलकादिर्वा आसनं गोमयपीठकादि वस्त्रं कल्पचोलपट्टकादि प्रतिदिवसं रजसा विपरिणम्यमानं सर्वप्रकारं स्वां सन्निवेशावस्थां विहाय विशरारूतां प्रतिपद्यत इति भावनाभ्यासान्न तेषु ममत्वं भवति, केवलं धर्म्मसाधनमिति ग्रहणं, सर्वसंयोगाश्चानित्या इति, यावन्तः संयोगा मम सम्बन्धाः केचिद्बाह्याभ्यन्तरैर्द्रव्यैः तेऽनित्याः, यतः संयोगेन वियोगान्तेन भवितव्यं, स्वभावः खल्वयं बाह्याभ्यन्तराणां द्रव्याणामित्येवं चिन्तयेत्, कस्माद्धेतोः ? यस्माच्चैवं चिन्तयतः तेष्वभिष्वङ्गो न भवति, स्नेहप्रतिबन्धः, एतदेवाह-मा भून्मे तद्वियोगजं दुःखमित्यनित्यानुप्रेक्षा । तैर्वियोगो बाह्याभ्यन्तरैर्द्रव्यैस्तद्वियोगे जातं दुःखं शारीरं मानसं वा तन् मा भूदित्यनागतमेवेत्यनित्यानुप्रेक्षा ॥१॥

अशरणानुप्रेक्षाप्रतिपादनायाह-यथा निराश्रय इत्यादि यथेति दृष्टान्तप्रदर्शनं निराश्रय इति गुप्तिस्थानशून्येन विरहिते इति निवारकाभावप्रदर्शनं, यत्र जनस्तत्र कदाचित् कश्चित् कारुणिको निवारयत्यपि, वनस्थलीपृष्ठ इति, वनशब्देन वृक्षा एव गृह्यन्ते, न पुनर्जालिकूटादि तृप्तिस्थानं, बलवतेति दुर्बलेनाभिभूतः कदाचित् प्रणश्यत्यपि, बलवानपि यदि ध्राणो भवति तदा मन्दादरत्वान्नानुगच्छेदित्याह-क्षुत्परिगतेन आमिषैषिणेति सिंहेन मृगराजेनाभ्याहतस्याभिभूतस्य मृगशिशोरिति जीर्णमृगः कदाचिदनुभूतकूटशतवागुरानिःशरणः प्रगल्भात् प्रणश्येदपि, न पुनः शावः, शरणं भयापहारि स्थानं तस्य चाभावः, एवमित्यादिना दार्ष्टान्तिकमर्थं समीकरोति, जन्म योनेर्निःसरणं गर्भाधानं वा उभयं दुःखहेतुस्तत्राकुलः पिण्डकवद् योनिमुखेन पीड्यमानः कृच्छ्रेण निस्सरति,

उदरस्थोऽपि पिण्डितावयवत्वात् पुरीतन्मूत्रपुरीषाकुलितः कतिचिन्मासान् दुःखेन गमयति, निर्लुठितश्च योनेर्जरसा ग्रस्यत एव, प्रतिक्षणमवस्थान्तरापत्तेः, मरणमप्यावीचिकमवश्यं भाव्येव जन्मवतः, व्याधयो ज्वरातिसारकासश्वासकुष्ठप्रभृतयः प्रियः-इष्टो जनस्तेन सह विप्रयोगस्तद्विपरीतोऽप्रियस्तेन च संप्रयोगः, ईप्सितमासुमिष्टं तस्यालाभो, दौर्मनस्यं मानसमेव दुःखं मरणमल्पायुषत्वादुपक्रमसन्निधानाद्वा सकलायुषः परिक्षयाद्वाऽवश्यंतया प्राणिनां संसारे भवति, आदिग्रहणाद् वधबन्धपरिक्लेशशीतोष्णदंशमशकद्वन्द्वाभिभवः । एवं जन्मनाऽऽदित समुद्भूतेन दुःखेनालीढस्य जन्मवतः शरणं नास्तीत्यालोचयति, सर्वदाऽहमशरण इति नित्यमेव भीतस्य सांसारिकेषु भावेषु मनुजसुरसुखेषु हस्त्यश्वादिषु सुवर्णादिषु च नाभिष्वङ्गो न प्रीतिर्भवतीति परमर्षिप्रणीतशासनाभिहित एव विधौ ज्ञानचरणादिलक्षणे घटते प्रवर्त्तत इति जन्मजरामरणभयपरिष्वक्तस्य च यस्मात्तदेव परं प्रकृष्टं शरणमित्यशरणानुप्रेक्षा ॥२॥

संसारानुप्रेक्षानिरूपणाय प्रक्रम्यते-अनादौ संसार इत्यादि, अविद्यमान आदिर्यस्यासावनादिः न अभूत उत्पन्नो नाप्युत्पादितः केनचिदिति, संसरणं-इतश्चेतश्च गमनं संसारस्तस्य चातुर्विध्यं नरकादिभेदेन, भवशब्दो जन्मवचनः, नरकादिजन्मनां ग्रहणान्युपादानानि तेषु चक्रवत्तत्रैव परिभ्रमतो जन्मवतः सर्व एव प्राणिनः क्षितिजलदहनपवनवनस्पतिशरीराः द्वित्रिचतुःपञ्चेन्द्रियलक्षणाः स्वजनकाः सन्तो यदा यौनेन सम्बन्धेन स्वाम्यादिसम्बन्धेन वा सम्बद्धतामन्वभूवन्ननुभवन्त्यनुभविष्यन्ति वा, तदा स्वजनकाः स्वाम्यादयो वा। यदा नासम्बन्धास्तदा परजनाः। एतदेव दर्शयति-न हि स्वजनपरजनयोर्व्यवस्था विद्यत इति, न नित्यमेव कश्चित् स्वजनः परजनो वाऽस्ति, स्वजनो भूत्वा कर्म्मानुभावात् परजनो भवति, परजनश्च भूत्वा स्वजनो भवतीय(? त्थ)मव्यवस्थैव संसारे, न

व्यवस्थास्तीति । माता हि भूत्वेत्यादिना, तामेवाव्यवस्थां प्रपञ्चयति, एवं चतुरशीतियोनिप्रमुखशतसहस्रेष्वित्यादि, योनिर्यत्र सन्मूर्च्छति गर्भस्थानं वा तत्र विभागो भवति परस्परं केनचिद् वैलक्षण्येन दृश्येनादृश्येन वा सर्वज्ञवचनग्राह्येण, तत्र पृथिवीजलज्वलनसमीरणेषु प्रत्येकं सप्त लक्षाः दश लक्षाः प्रत्येकवनस्पतिषु निगोदजीवेषु चतुर्दश लक्षाः द्वित्रिचतुरिन्द्रियेषु प्रत्येकं द्वे द्वे लक्षे तिर्यङ्नारकदेवेषु प्रत्येकं चतस्रश्चतस्रो लक्षाः, मनुजेषु चतुर्दश लक्षा, एवं चतुरशीतिर्लक्षा योनीनां चतुरशीतियोनिप्रमुखानि शतसहस्राणि, प्रमुखशब्दः प्रधानवचनः, चतुरशीतियोनिप्रधानानि शतसहस्राणि तेषु, नान्येष्वित्यर्थः, रागो मायालोभौ द्वेषः क्रोधमानौ मिथ्यात्वहास्यादिर्मोहः एभिरभिभूतैर्जन्मवद्भिः अनिवृत्ता विषयतृष्णा येषां ते तथा तैः अविच्छिन्नविषयतर्षैः अन्योऽन्यं परस्परं भक्षणं पृथुरोमादीनामिव तथा वधो-मारणं बन्धः-संयमनं अभियोगः-अभ्याख्यानं आक्रोशः-अप्रियवचनं एभिरन्योऽन्यभक्षणादिभिर्जनितानि तीव्राणि प्रकृष्टानि दुःखानि प्राप्यन्ते-अनुभूयन्ते, अहो इति विस्मये, न खल्वेवंविधं दुःखभाजनमन्यदस्ति यादृशः संसारः, द्वन्द्वा वधबन्धदंशमशकशीतोष्णादयः एत एवारामो यत्र संसारे, आरामो हि नानाजातीयतरुसमूहः, आराम इवारामो, द्वन्द्वानां सङ्घातः, कष्टं-कृच्छ्रं दुःखं-गहनं स्वरूपं-स्वभावः यस्य इत्येवं चिन्तयेत्, ततः संसारभयादुद्विग्नस्य जातारतेः सांसारिकसुखजिहीर्षालक्षणो भवति निर्वेद इत्येषा संसारानुप्रेक्षा ॥३॥

एकत्वभावनास्वरूपाभिधानायाह-एक एवाहमित्यादि एक एवाहं, न जातुचित् ससहायो जाये म्रिये वा जननं मरणं वाऽनुभवामि इति, यमलकयोरपि क्रमेणैव निस्सरणं, यच्च जन्मनि दुःखं मरणे वा तदेक एवाहमनुभवामीत्यर्थः, न तस्य मदीयस्याशर्मणोऽनुभवे कश्चित् सहायोऽस्ति, ततश्च सहजन्मानः सहमरणाश्च निगोदजीवा अपि न व्यभिचार-

यन्त्यमुमर्थमेक एवाहं जाये एक एवाहं म्रिये इति, एतदेव भाष्येण दर्शयति-न मे कश्चित् इत्यादि, मत्तः सकलं दुःखमाक्षिप्यात्मनि निधत्त इति, एतन्न प्रत्यंशो-विभागो वण्टकं न च सम्भूय स्वजनाः परजना वा मयि दुःखमुत्पन्नं विभाजयन्तीत्यर्थः, ततश्चैक एवाहं स्वकृतस्य कर्म्मणः फलमनुभवामीति चिन्तयेत्, स्नेहानुरागप्रतिबन्ध इति, जनन्यादि-विषयः स्नेहः भार्यायां कामविषयोऽनुरागः प्रतिबन्ध आसक्तिर्न भवति, परसंज्ञेषु च द्वेषानुबन्धः, पर एवायं न कदाचिदात्मीयो भवति, किमनेनादतेनेति ?, ततः स्वजनेषु परजनेषु च निःसङ्गतामुपगतो मोक्षायैव यतत इत्येकत्वानुप्रेक्षा ॥४॥

अन्यत्वभावनाविर्भावनायाह-शरीरव्यतिरेकेणेत्यादि शरीरं पञ्चप्रकारं औदारिकादि तस्मात् शरीरपञ्चकादन्योऽहं, कुत एतद् ?, यस्मादिन्द्रियग्राह्यं शरीरं, अतीन्द्रियोऽहं, न चक्षुरादिना करणेन ग्रहीतुं शक्यः, इन्द्रियग्राह्यं शरीरमित्यव्यापिनी अभेदप्रतिपत्तिरित्याह-अनित्यं शरीरमित्यादि, पुद्गलात्मकमौदारिकादि शरीरं, पुद्गलाश्च विशरारुत्वाच्छरीरसन्नि-वेशविशेषं विहाय स्कन्धान्तरेण परमाणुरूपेण वा वर्त्तन्ते, न जातुचिदात्मा असङ्ख्येयप्रदेशसन्निवेशं परित्यज्य ज्ञानदर्शनरूपं वा वृत्तो वर्त्तते वर्त्तिष्यते वा, ततश्च नित्यत्वमात्मनः, ननु च परिणामा-नित्यतयाऽऽत्मा अनित्योऽपीष्यत इत्यपरितुष्यन्नाह-अज्ञं शरीरं ज्ञोऽहमिति न कदाचित् पुद्गला ज्ञानाद्युपयोगरूपेण परिणामिनो भवन्ति, आत्मा तु परिणामी ज्ञानाद्युपयोगपरिणामेनातोऽन्यत्वं, आद्यन्तवच्छरीरमना-द्यन्तोऽहं आदिः-आरम्भकालः अन्तो-विनाशकालः तौ यस्य स्तः तदाद्यन्तवत्, आदिः औदारिकवैक्रियाहारकाणां सुज्ञानः तैजसकार्मणयोः सत्यप्यनादिसम्बन्धे सन्ततत्याऽनादित्वमिष्टं, पर्यायाङ्गीकरणेन तु तैजस-कार्मणपुद्गलाः परिशटन्ति लगन्ति च, यदा श्लेषमायान्ति तैजस-कार्मणतया तदा आदिः, यदा परिशटन्ति तदाऽन्तः, नैवमात्मनः

कदाचिदादिरन्तो वा विद्यते, आरभ्यारम्भकभावाभावात्, ज्ञानरूपेण दर्शनरूपेण च, अविच्छिन्नत्वात्, तत्स्वरूपत्वाच्च सर्वदैवानाद्यन्तोऽहं, इतश्चान्यत्वं, बहूनि च मे शरीरशतसहस्राणीत्यादि प्राक्तनजन्मशरीराणि इदानीन्तनजन्मशरीराणि भवन्ति, संसारे परिभ्रमतः अनादौ च संसारे बहून्यतीतानि शरीरकाणि, न हि तेषां अधुनातनशरीरेऽन्वयोऽस्ति स्वल्पोऽपि, अहं पुनः स एव येनोपभुक्तान्यतीतानि शरीरशत-सहस्राणीत्यतोऽहमन्यस्तेभ्य इत्यनुचिन्तयेत्, अन्यत्वे च सति विच्छिन्न-शरीरममत्वो निःश्रेयसायैव घटत इत्यन्यत्वानुप्रेक्षा ॥५॥

अशुचित्वानुप्रेक्षानिर्धारणायाह- शुचि-मलरहितं न शुच्यशुचि शरीरकं-पाणिपादाद्यवयवसन्निवेशविशेषः तदशुचीत्येवं विचिन्तयेत्, ननु च निर्मलशरीराः स्निग्धत्वचः स्त्रियः पुमांसश्च दृश्यन्ते, तत् कथमस्य प्रतिज्ञामात्रेणाशुचित्वं प्रतिपद्येमहीत्याह-आद्युत्तरकारणाशुचित्वादित्यादि हेतुपञ्चकं, तत्राद्युत्तरकारणाशुचित्वादिति तत्र तेषु पञ्चसु हेतुषु आद्युत्तर-कारणाशुचित्वादित्यस्य व्याख्या, तावच्छब्दः क्रमावद्योतनार्थः, आद्यं कारणं-प्रथमं शुक्रं शोणितं च, करोतीति कारणं, निर्वर्त्तयत्युत्पादय-तीत्यर्थः, योनावुत्पद्यमानो जीवस्तैजसकार्मणशरीरी प्रथममेव शुक्रशोणिते अभ्यवहरति, शरीरीकरोति-औदारिकशरीरतया परिणमयति, ततः कललार्बुदपेशीघनपाणिपादाद्यङ्गोपाङ्गशोणितमांसमस्तुलुङ्गास्थि-मज्जाकेशश्मश्रुनखशिराधमनिरोमकूपादिना परिणमयति, उत्तरकारणं तु रसहरण्या परस्परप्रतिबद्धया जनन्याहृतमाहाररसमभ्यवहरति, तदेव तदुभयमत्यन्ताशुचीति, शुक्रशोणितयोरशुचित्वं लोकस्य प्रतीतमिति ख्यापयति-अत्यन्ताशुचीति, न जातुचिच्छुचित्वं शुक्रशोणितयोः समस्ति, तद्यथा कवलाहारो हीत्यादिना उत्तरकारणस्याशुचित्वमाचष्टे, कवलाहारो हि जनन्या ग्रस्तमात्र एव श्लेष्माशयं-कफस्थानं प्राप्तः श्लेष्मणा द्रवतामापादितोऽत्यन्ताशुचिस्ततोऽपि पित्तस्थानप्राप्तोऽम्लतामापन्नो-

ऽशुचिरेव, ततो वाताशयं प्राप्तः समीरणेन विभज्यमानः पृथक्खलः पृथग्रस इति द्वर्यी परिणतिमापाद्यते, ततो खलान्मूत्र-पुरीष-दूषिका-स्वेद-लालादयो मलाः प्रादुष्यन्ति, रसाच्छोणितमांसमेदोऽस्थिमज्जा-शुक्राणि जायन्ते, सर्वं चैतत् कफादि शुक्रान्तमशुच्येव, तस्मादाद्युत्तर-कारणाशुचित्वादशुचिरेव, किञ्चान्यदित्यनेन अशुचित्वे हेत्वन्तरमाह-अशुचिभाजनत्वादिति अशुचीनि कर्णमलादीनि तेषामवस्करभूतम्, अवस्करो-वर्चस्थानं पादपायुक्षालनकं तदिव यत् तदवस्करभूतं तस्मादशुचीति, किञ्चान्यद् अशुच्युद्भवत्वादिति हेत्वन्तरं एषामेव कर्णमलादीनामशुचीनामुद्भव आकरः शरीरं यस्मात्तत उत्पद्यन्ते एते कर्णमलादयः, अनन्तरेण हेतुना उत्पन्नानां कर्णमलादीनामाश्रयः शरीरमिति प्रतिपादितं, अनेन पुनर्हेतुना शरीरादेव कर्णमलादय उत्पद्यन्ते इति प्रतिपाद्यते, अथवा अयं विशेषः-अशुचौ च गर्भे सम्भवतीत्यशुचि शरीरं, गर्भ-उदरमध्यं, चशब्दो वाशब्दार्थः अशुचौ वा गर्भे पुरीषादिप्राये सम्भवति-उत्पद्यते यस्माच्छरीरं तस्मादशुचीति, किञ्चान्यदित्ययमपरो हेतुरशुचित्वे अशुभपरिणामिपाकानुबन्धादिति अशुचिः परिणामो यस्य पाकस्य तेनानुबन्धत्वाद्-अनुगतत्वात्, तमेवाशुभपरिणामं पाकं प्रकाशयति आर्त्तव इत्यादिना, आर्त्तवम्-ऋतौ शोणितं तस्मिन् आर्त्तवे सति, बिन्दोराधानात् प्रभृतीति, बिन्दुः-शुक्रावयवः तदाधानात्-तत्प्रक्षेपात् प्रभृत्यौदारिकं कललादिभावेन परिणमते, अर्बुदं-घनव्यूहोऽवयवविभागः, सर्वश्चायमशुभपरिणामः पाकः कललाद्यवयवरूपस्तेनानुबद्धं दुर्गन्धि-अशुभगन्धं अत एव पूतिस्वभावं, दुरन्तमिति पर्यवसानेऽपि कृम्यादिपुञ्जो वा गृध्रसारमेयवायसादिभक्तं वा भस्मान्तमस्थिशकलानि वा, एवमिदं दुष्टान्तं शरीरं यतस्तस्मादशुचीति, किञ्चान्यदिति प्रकारान्तरेणैवाशुचित्व-प्रतिपादनं, अशक्यप्रतीकारत्वादिति अशक्यः प्रतिकारो यस्याशुचित्वस्य, अशुच्यपनयनप्रकारश्च लोके जलक्षालनादिना प्रसिद्धः, उद्वर्त्तनं प्रतीतं,

रूक्षणं रोध्रकषायादिभिः स्नानं जलेन अनुलेपनंचन्दनादिकं धूपो-विशिष्टगन्धद्रव्यसमवायी प्रघर्षो-ऽङ्गघर्षणम् वासयुक्तिः-पटवासादिका माल्यं-मालार्हं पुष्पं, आदिग्रहणात् कर्पूरोशीरतुरुष्ककस्तूरिकाग्रहः, एभिरप्यस्य विशिष्टद्रव्यैरशुचित्वमपनेतुं न शक्यं, कुतः ?-अशुच्यात्मकत्वात् अशुचिरात्मा-स्वभावो यस्य तदशुच्यात्मकं, अशुचिस्वभावस्य पुरीषादेरिवाशक्यप्रतिकारमशुचित्वापनयनं, शुच्युप-घातकत्वाच्चाशुचि शरीरं, शुचीनि द्रव्याणि-शाल्योदनदधिघृतक्षीरादीनि तान्यप्यात्मसम्पर्कादुपसंहत्याशुचीकरोति, यतः कर्पूरचन्दनकश्मीरजादीनि सुगन्धिद्रव्याणि संश्लेषमात्रादेव पूतीकरोति अतोऽन्विष्यमाणं सर्वप्रकारं शरीरमेवाशुचि परमार्थतो, नापरं किञ्चित् स्वतोऽशुचि समस्ति, शरीरं तत्सम्पृक्तं वा विहायेति, एवं ह्यस्य चिन्तयत इत्यादिना अशु-चित्वानुप्रेक्षायाः फलमाह- निर्वेदः-अप्रीतिः अरतिः-उद्वेगः, शरीरके निर्विण्णः न शरीरसंस्कारार्थमायतते, जन्मप्रहाणायैव तु घटत इत्य-शुचित्वानुप्रेक्षा ॥६॥

आश्रवानुप्रेक्षास्वभावप्रकाशनायाह-आश्रवानिहामुत्रापाययुक्तानित्यादि, आश्रूयते-यैः कर्म्मादीयते आश्रवास्ते इन्द्रियादयः तानाश्रवानिह लोके अमुत्रेति परलोके अपायो-दोषः पीडा दुःखं तेनापायेन युक्तान्, महानदी गङ्गादिका तस्याः श्रोतः-प्रवाहस्तस्य वेगः-संसर्पणविशेषः तद्वत्तीक्ष्णान् यथा स नदीप्रवाहस्तृणकाष्ठादि पतितमपहरति एवमेते चक्षुरादयः स्वप्रवाहपतितमात्मानमपहरन्ति-सन्मार्गाद् भ्रन्शयन्ति, अकुशलं पापं सामान्येन वा कर्म्मबन्धः तस्यागमः प्रवेशः तद्द्वारभूतान् कुशलस्य च पुण्यस्य दशविधधर्म्मस्य निर्गमद्वारभूतान् इन्द्रियमादिर्येषां ते इन्द्रियादयः तानवद्यत खण्डयतो जीवस्यापकारिणश्चिन्तयेत्, अथवा अवद्यं-गर्हितं, गर्हितान्-पापानित्येवं चिन्तयेत्, तद्यथेत्यादिना सोदाहरणेन आश्रवान् दर्शयति, सिद्ध्यतीति सिद्धः-सिद्धविद्यः सोऽनेकविद्याबलेन

युक्तोऽपि वियद्विचारी अङ्गस्वरलक्षणाद्यष्टाङ्गं निमित्तं तस्य पारङ्गतो गार्ग्य इति गोत्राख्या, सत्यकिः स्त्रीष्वासक्तचित्तो निधनं-नाशमुपजगामेति, तथेत्यपरमुदाहरणं यवसः-चरणीयविशेषः तस्य प्रमाथो भञ्जनमर्दनाभ्यवहारलक्षणः उदके च स्वेच्छयाऽवगाहः अवगाहादिगुणसम्पन्नमिति आदिग्रहणात् सिंहादिव्यालरहितं एवंविधवनविचारिणो मदेन दुष्टतरा हस्तिनः। हस्तिबन्धकीष्विति विकारि(? रा)णां संज(न)नीषु अनेकप्रकारं वाजीकरणस्पर्शनादिभिः प्रौढयोषित इव मनुजान् प्रतारयन्ति हस्तिमूर्खान् बन्धः-संयमनं वधः-ताडनं दमनं-शिक्षाग्रहणं पश्चाद्वाहनं अङ्कुशोऽभिघातः प्रतोदः प्रयोजनकस्तेनाभिघातः आदिग्रहणादतिभारारोपणं युद्धकाले च शस्त्राभिघातः, तथेति दृष्टान्तान्तरमाह-मैथुनसुखप्रसङ्गेनाहितः कृतो गर्भो यस्याः अश्वतरी-वेगसरी प्रसवकाले मरणमभ्युपैत्यवशा, 'एव'मित्यादिना दार्ष्टान्तिकमर्थमुपसंहरति, एवमुक्तेन न्यायेन लोकद्वयेऽपि विनाशमृच्छन्ति प्राप्नुवन्तीति ।

तथेत्याश्रवान्तरदोषदर्शनार्थं, सामयिकानि च वायसाद्युदाहरणानि, बडिशो-गलस्तत्र मांसं तथेत्यपराश्रवगतदोषदर्शनमुदाहरणद्वयेन, तथापराश्रवदोषोपपादनं अर्जुनकश्चौरः श्यामायां विनिवेशितदृष्टिर्निधनं गत इति, सामयिकमेवाख्यानकं, तथेत्ययमप्याश्रवः सदोष इति कथयति, तित्तिरिः पञ्जरस्थतित्तिरी-शब्दश्रवणादागतो युयुत्षार्थी पाशेन बध्यते, एवं कपोतकपिञ्जलकावपि, गीतमेकमेव गौर्याखेटके गायति सङ्गीतकं तु वंशकांस्यादीत्यादियुक्तं, एवमेतान् आश्रवान् दोषबहुलानेव चिन्तयेत्, एवं च परिचिन्तयन्नाश्रवनिरोधायैव घटत इत्याश्रवानुप्रेक्षा ॥७॥

संवरानुप्रेक्षानिरूपणायाह-संवरांश्च महाव्रतादीनित्यादि आश्रवद्वाराणां पिधानं-आश्रवदोषपरिवर्जनं संवरः, तांश्च संवरान् प्राणातिपातनिवृत्त्यादीन् गुप्त्यादिपरिपालनादिति गुप्त्यादयः परिपालना येषां महाव्रतादीनाम्,

आदिग्रहणादुत्तरगुणपरिग्रहः, इतरत्रादिग्रहणात् समितिग्रहणमतस्तांश्चिन्तयेत्, गुणा उपकारिणस्तान् गुणानित्येवं चिन्तयेत्, सर्वे ह्येते इत्यादि गतार्थं भाष्यम् ॥८॥

निर्जरानुप्रेक्षास्वरूपावधारणमधुना-निर्जरा वेदना इत्यादि निर्जरणं निर्जरा आत्मप्रदेशेभ्योऽनुभूतरसकर्म्म पुद्गलपरिशटनं निर्ज्जरा इति, तत्र वेदना अनुभवः तस्याः आस्वादनं, विपचनं विपाकः कर्म्मपुद्गलानामुदयावलिकाप्रवेशेन अनुभूतरसानामुत्तरकालं परिशाटः, विपच्यमाना विपक्वाः परिशटन्ति, 'द्विविध' इति, विपाकाभिसम्बन्धः निर्ज्जरया सहैकार्थत्वाद्, द्वैविध्यप्रदर्शनायाह-अबुद्धिपूर्वः कुशलमूलश्च, तत्र बुद्धिः पूर्वा यस्य, कर्म्म परिशाटयामीत्येवंलक्षणा बुद्धिः प्रथमं यस्य विपाकस्य स बुद्धिपूर्वः न बुद्धिपूर्वः अबुद्धिपूर्वः, तत्र तयोर्विपाकयोरयं तावदबुद्धिपूर्वः नरकतिर्यङ्मनुष्यामरेषु कर्म्म ज्ञानावरणादि तस्य यद् फलं-आच्छादकादिरूपं तद्विपाकः-तदुदयस्तस्मात् कर्म्मफलाद्विपच्यमानाद्यो निर्जरणलक्षणो विपाकः, सति तस्मिन् कर्म्मफले विपच्यमाने स भवत्यबुद्धिपूर्वकः, न हि तैस्तपः परीषहजयो वा नारकादिभिर्मनीषितः, तमेवंविधं विपाकमवद्यतः पापं संसारानुबन्धिनमेव चिन्तयेत्, न हि तादृशा निर्जरया मोक्षः शक्योऽधिगन्तुमित्येतदेवाह-कुशलानुबन्ध इति, यस्मादुपभुज्य यत्तत् कर्म्मफलं पुनः संसृतावेव भ्रमितव्यम् । यः पुनः कुशलमूलो विपाकः तपसा द्वादशविधेन परीषहजयेन च कृतः सोऽवश्यंतयैव बुद्धिपूर्वकः, तमेवंविधं गुणत इति गुणमुपकारकमेव चिन्तयेत्, यस्मात् स तादृशः किम् ?-शुभमनुबध्नाति, अमरेषु तावद्देवेन्द्रसामानिकादिस्थानान्यवाप्नोति मनुष्येषु च चक्रवर्तिबलमहामाण्डलिकादिपदानि लब्ध्वा, ततः सुखपरम्परया मुक्तिमवाप्स्यतीति । शुभानुबन्धः निरनुबन्धो वेति, वाशब्दः पूर्वविकल्पापेक्षः, तपःपरीषहजयकृतो विपाकः सकलकर्म्मक्षयलक्षणः

साक्षान्मोक्षायैव कारणीभवतीति, ननु च यदि बुद्धिपूर्वको देवादिफलः शुभानुबन्धो विपाकस्तत आगमेन सह विरोधः "नो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा", भण्यते, न मुमुक्षुणा देवादिफलमिष्टं, स हि मोक्षार्थमेव घटते, यदान्तरालिकं फलं देवादि तदानुषङ्गिकमिक्षुवनसेके तृणादिसेकवत्, मनीषितं तु तेन तपःपरीषहजयाभ्यां मोक्षः प्राप्यः, तत्र या प्रवृत्तिस्तपसि परीषहजये वा सा बुद्धिपूर्वका विपाकहेतुरिति, तस्मादेवमनुचिन्तयन् कर्म्मनिर्जरणायैव घटते, निर्जरानुप्रेक्षा ॥९॥

पञ्चास्तिकायात्मकमित्यादिना लोकानुप्रेक्षास्वरूपं निरूपयति, पञ्चास्तिकाया धर्म्माधर्म्माकाशपुद्गलजीवाख्यास्ते आत्मानः-स्वरूपमस्येति, लोकमित्युपरिष्टाद्वक्ष्यति, विविधो नानाप्रकारः परिणामो यस्येति, तमेव विविधपरिणामं दर्शयति उत्पत्तिस्थित्यन्यतानुग्रहप्रलययुक्तं उत्पत्तिर्द्विविधा-प्रतिक्षणवर्त्तिनी कालान्तरवर्त्तिनी च, प्रतिक्षणवर्त्तिनी अविभाव्याऽन्त्यप्रलयानुमेया, प्रतिक्षणमन्यथाऽन्यथा चोत्पद्यन्ते परिणाम-भावाः अस्तिकायाः, कालान्तरवर्तिनी मृद्द्रव्यं पिण्डाद्याकारेण मृद्भावं प्रकीर्णमपहाय पिण्डादिरूपेण परिणमते, स्थितिरवस्थानं अस्तिकायरूपेण सर्वदा व्यवस्थानात्, धर्म्मास्तिकायादिव्यपदेशं न जहते, ते सर्वदा व्यवतिष्ठन्त्येव वचनार्थपर्यायैः, अन्यता तूत्पत्तिस्थितिभ्यामन्यत्वं विनाशः, सोऽपि द्विविधः-क्षणिकः कालान्तरवर्ती च, विवक्षितक्षणाद्द्वितीय-क्षणेऽन्यत्वमवश्यं भावीत्यवस्थान्तरापत्तिरेव विनाशो, न निरन्वयः क्वचिदस्ति प्रलयः, स्थित्युत्पत्ती अनुग्रहकारिण्यौ सत्त्वानां, घटो हि समुत्पन्नस्तिष्ठंश्च जलाहरणधारणादिरूपेणानुगृह्णाति, प्रलयोऽपि कालान्तर-भावी भवत्यनुग्राहको विनाशसंज्ञितः, कुण्डलार्थिनः कटकविनाशवत्, अत एव एभिरुत्पत्त्यादिभिर्युक्तमुत्पत्त्यादिपरिणतिस्वभावमिति, विनाशो नानाप्रकारः स्वभावः स्वरूपं यस्य सुखदुःखप्रकर्षापकर्षस्वरूपत्वात्

वैचित्र्याच्च कर्म्मपरिणतेः, एवं ह्यस्य चिन्तयतस्तत्त्वज्ञानविशुद्धिर्भवतीति एवम्-उक्तेन प्रकारेण लोकस्वरूपमभिध्यायतस्तेषु जीवादिपदार्थेषु विशुद्धं-निर्मलं शङ्कादिदोषरहितं ज्ञानं भवतीति, यथा भगवद्भिरुक्तं "सव्वाइं ठाणाइं असासयाइं" न कदाचिदस्मिन् व्यावर्णितलक्षणे लोके किञ्चित् स्थानमस्ति शाश्वतं यत्रात्यन्तिकी निवृत्तिरात्मनो भवतीत्याह-परलोकनिरपेक्षस्य च मोक्षायैव चेतोवृत्तिरनुगुणा भवतीति लोकानुप्रेक्षा ॥१०॥

अनादौ संसार इत्यादिना बोधिदुर्लभत्वानुप्रेक्षां निरूपयति, अनादाविति सर्वकालावस्थायिनि संसारे, किं स्वरूपेण ?, नरकादिष्वित्याह, तेषु भवग्रहणेष्विति तेष्वेव नरक-तिर्यङ्-मनुष्या-ऽमरभवग्रहणेषु पुनः पुनः चक्र इव परिभ्रमतोऽनन्तकृत्वः, प्राणिन शारीरमानसैर्नानाप्रकारै-र्दुःखैरालीढस्य तत्त्वार्थाश्रद्धानाविरतिप्रमादकषायादिभिरुपहतमते-र्ज्ञानावरणाद्युदयाभिभूतस्य ज्ञानावरणादिकर्म्मचतुष्टयं घातिकर्म्म विशेषतो मोहनीयं सम्यग्दर्शनादिमार्गस्य विघातकमित्येतदेवाह-सम्यग्दर्शना-दिनेत्यादि, सम्यग्दर्शनविरत्यप्रमादाकषायविशुद्धो बोधिर्दुर्लभो भवतीति विभक्तिपरिणामेनाभिसम्बन्धनीयं, जन्तुना दुर्लभ इति, बोधिशब्देनात्र चारित्रमेव विवक्षितं, अथवा पाठान्तरं सम्यग्दर्शनादिरेव बोधिः अपगतसकलशङ्कादिदोषरहितो दुःखेन लभ्यत इति, एवं बोधेर्दुर्लभ-त्वमनुचिन्तयतो बोधिं प्राप्य प्रमादो न भवतीति बोधिदुर्लभत्वानुप्रेक्षा ॥११॥

स्वाख्यातधर्म्मानुप्रेक्षां प्रतिपादयन्नाह-सम्यग्दर्शनप्रतिष्ठामन्तरेण न महाव्रतादिलाभः समस्ति, प्रागेव सम्यग्दर्शनं द्वारभूतं धर्म्मानुष्ठानस्येति प्रतिपादयति सम्यग्दर्शनद्वारेण धर्म्मावगाह इति, पञ्च महाव्रतानि साधनं यस्येत्यनेन समस्तमूलोत्तरगुणपरिग्रहः, आचारादीनि दृष्टिवादपर्यन्तानि द्वादशाङ्गानि, अर्हत्प्रणीत आगमः, तेनोपदिष्टं तत्त्वं यस्य धर्म्मस्य,

चरणलक्षणस्येत्यर्थः, गुप्तिसमितिपरिपालनं विशुद्धं व्यवस्थानमस्येति गुप्तिभिः समितिभिश्च परिपालनं-परिरक्षणं विशुद्धं निर्मलं व्यवस्थानं-स्वरूपावस्थानं यस्य स तथोक्तः, संसारो नरकादिचतुष्टयं तस्मान्निर्वाहको-निस्तारकः, न चासावभावीभवति मुक्तावस्थायामित्याह-निःश्रेयसप्रापक इति, निश्चितं श्रेयो निःश्रेयसं-स्वात्मन्येवावस्थानं समस्तकर्मापेतस्य निःश्रेयसमुच्यते तस्य प्रापकः, तस्य पर्यायान्तरस्योत्पादक इत्यर्थः, यशोविभवादियुक्तो भगवान् परमर्षिरिति समधिगतसकलज्ञानः तीर्थकर-नामकर्म्मोदयात् तीर्थस्य प्रयाणकः वन्दनपूजार्होऽर्हन् तेनामोघवचनेन स्वाख्यातः अहो इत्याश्चर्ये नापरेण केनचिदेवं कथितः सुष्ठु उत्सर्गा-पवादलक्षण आख्यातः धर्म्म इत्येवमस्य धर्म्मस्वाख्यातत्वमनुचिन्तयतो मार्गाच्यवनेन तदनुष्ठानेन च व्यवस्थानं भवतीति मार्गो रत्नत्रयं मुक्तेः स्वरूपं वा तस्मादच्यवनं-अपतनं तदिति मार्गस्य सम्बन्धः तस्यानुष्ठानं श्रद्धानस्वाध्यायक्रियाचरणमिति, तदेव न परमार्थतोऽच्यवनं मार्गाद्यथोक्त-क्रियानुष्ठानमित्येषा धर्म्मस्वाख्यातत्वानुचिन्तनानुप्रेक्षा ॥१२॥९-७॥

ટીકાર્થ– તેમાં અનિત્ય આદિથી પ્રારંભી ધર્મસ્વાખ્યાત સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે, બધા શબ્દોમાં ભાવ અર્થમાં त्व પ્રત્યયનું વિધાન કર્યું છે. અનુચિંતન શબ્દની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસ કર્યો છે. અનુપ્રેક્ષા શબ્દની સાથે સમાનાધિકરણને સ્વીકારે છે.

બીજાઓ અનુપ્રેક્ષા એવા પદના સ્થાને अनुप्रेक्षितव्याः એવો પાઠ કહે છે. બીજાઓ અનુપ્રેક્ષા શબ્દને એકવચનાંત કહે છે. એકવચનાંતમાં અર્થ આ પ્રમાણે છે- અનિત્યાદિનું ચિંતન અનુપ્રેક્ષા છે. બહુવચનાંતમાં અર્થ આ પ્રમાણે છે- અનિત્યાદિના ચિંતનો અનુપ્રેક્ષાઓ છે.

'एता द्वादश भावनानुप्रेक्षाः' ઇત્યાદિ ભાષ્ય છે. एताः એ પદથી અનિત્યાદિ અનુપ્રેક્ષાઓનો પરામર્શ કરાય છે. 'द्वादश' इति બાર જ છે. અધિક કે ન્યૂન નથી. અનુપ્રેક્ષણ કરવું તે અનુપ્રેક્ષા. અથવા અનુપ્રેક્ષાય છે=અનુચિંતવાય છે એથી અનુપ્રેક્ષાઓ છે.

'तत्र' તે અનુપ્રેક્ષાઓમાં અનિત્યભાવના કહેવાય છે–

શરીરદ્રવ્ય જીવપ્રદેશોથી વ્યાપ્ત હોવાથી અભ્યંતર છે. શય્યા-આસન-વસ્ત્ર વગેરે દ્રવ્યો બાહ્ય છે. આદિ શબ્દના ગ્રહણથી સઘળીય ઔધિક, ઔપગ્રહિક ઉપધિનું ગ્રહણ કરવું.

શરીર– તેમાં શરીર જન્મથી પ્રારંભી પૂર્વની અવસ્થાનો ત્યાગ કરે છે અને ઉત્તરાવસ્થાને પામે છે. પ્રતિક્ષણ જુદી જુદી રીતે થતા શરીરના સઘળા અવયવો જરાથી જર્જરિત થઇ જાય છે અને માત્ર પુદ્ગલ સમૂહની રચના રૂપ રહે છે. અંતે રચનાવિશેષનો ત્યાગ કરીને નાશ પામે છે. આથી શરીર પરિણામે અનિત્ય હોવાથી અનિત્ય જ છે. આ પ્રમાણે પહેલેથી(=શરીર નાશ પામે એ પહેલાં) ચિંતન કરનારને તેમાં સ્નેહપ્રતિબંધ ન થાય. શરીરમાં સ્નિગ્ધપદાર્થનું મર્દન કરવું, વિલેપન કરવું, મસળવું=દબાવવું, સ્નાન કરવું, વિભૂષા કરવી વગેરેમાં નિઃસ્પૃહ સાધુને ધર્મધ્યાનાદિમાં આસક્તિ થાય છે. આગમમાં (ભગ.સૂ. શ.૨ ઉ.૧ સ્કંદક અણગારના વર્ણનમાં) પણ કહ્યું છે કે- "જે આ ઇષ્ટ, કાંત, પ્રિય અને મનોજ્ઞ મારું શરીર છે તેને પણ હું મારા છેલ્લા શ્વાસોશ્વાસે ત્યાગ કરી દઇશ."

શય્યા=ઉપાશ્રય અથવા શય્યા એટલે સંથારો, પાટિયું વગેરે. આસન=પ્રાણીઓના રુંવાટાઓમાંથી બનેલું આસન, વસ્ત્ર=કપડો, ચોલપટ્ટો વગેરે.

પ્રતિદિન રજથી વિપરિણામ પામતા સર્વ પ્રકારના શય્યાદિ દ્રવ્યો પોતાની રચનાવસ્થાને છોડીને નાશ પામવાના સ્વભાવને પામે છે. આ પ્રમાણે ભાવનાનો અભ્યાસ કરવાથી તે વસ્તુઓમાં મમત્વ ન થાય. કેવળ ધર્મનું સાધન છે એમ માનીને ગ્રહણ કરે.

"सर्वसंयोगाश्चानित्या" इति બાહ્ય-અભ્યંતર દ્રવ્યોની સાથે મારા જેટલા સંબંધો[1] છે તે બધા અનિત્ય છે. કારણ કે સંયોગ વિયોગના અંતવાળો

૧. વાક્ય રચના ક્લિષ્ટ બને એથી केचिद् પદનો અર્થ લખ્યો નથી.

હોય. બાહ્ય-અભ્યંતર દ્રવ્યોનો આ જ સ્વભાવ છે એમ ચિંતન કરે. કારણ કે આ પ્રમાણે ચિંતન કરતા સાધુને તે દ્રવ્યોમાં રાગ=સ્નેહ પ્રતિબંધ ન થાય. આને જ કહે છે- 'मा भून्मे तद्वियोगजं दुःखमित्यनित्यानुप्रेक्षा'=તે બાહ્ય-અભ્યંતર દ્રવ્યોથી વિયોગ તે તદ્વિયોગ. તદ્વિયોગમાં થતું જે શારીરિક-માનસિક દુઃખ તે (મને) ન થાઓ એટલા માટે વિયોગ થાય એ પહેલા જ અનિત્યતાનું ચિંતન કરે. આ પ્રમાણે અનિત્ય અનુપ્રેક્ષા છે.

અશરણ અનુપ્રેક્ષાનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

"यथा निराश्रयः" ઇત્યાદિ, યથા એ પદ દૃષ્ટાંતને બતાવનારું છે. નિરાશ્રય એટલે રક્ષણના સ્થાનથી રહિત. વિરહિતે એ પદ નિવારણ કરનારના અભાવને બતાવનારું છે. જ્યાં લોક હોય ત્યાં કદાચ કોઈક દયાળુ નિવારણ પણ કરે. 'वनस्थलीपृष्ठ' इति वन શબ્દથી વૃક્ષો જ ગ્રહણ કરવામાં આવે છે નહિ કે ઝાડીનો સમૂહ વગેરે, તૃપ્તિનું (નિશ્ચિતતાનું) સ્થાન. 'बलवता' इति દુર્બલ વડે પરાભવ પામેલ કદાચ નાસી પણ જાય. બલવાન પણ ધરાયેલો હોય તો મંદ આદરવાળો હોવાથી મૃગશિશુ પાસે ન પણ જાય. એથી કહે છે- "क्षुत्परिगतेन आमिषैषिणा" इति ક્ષુધાને પામેલા અને માંસની ઇચ્છા કરનારા. સિંહથી=મૃગરાજથી. અભ્યાહત= પરાભવ પામેલ. 'मृगशिशुः' इति કપટવાળી સેંકડો જાળોનો જેણે અનુભવ કર્યો છે તેવો શરણ રહિત વૃદ્ધ મૃગ ચતુર હોવાથી કદાચ નાસી પણ જાય, બાળ મૃગ ન ભાગી જાય. શરણ એટલે ભયને દૂર કરનારું સ્થાન. તેનો અભાવ છે.

एवम् ઇત્યાદિથી દાર્ષ્ટાન્તિક અર્થને સમાન કરે છે=ઘટાવે છે. જન્મ એટલે યોનિમાંથી નીકળવું અથવા ગર્ભાધાન(=ગર્ભમાં મૂકાવું). બંને દુઃખનું કારણ છે. ગર્ભમાં આકુળ થયેલો જીવ[1] પિંડકની જેમ યોનિમુખથી પીડાતો કષ્ટથી નીકળે છે. ઉદરમાં રહેલો પણ ભેગા કરેલા અંગોવાળો

૧. પિંડક એક જાતનું કંદ છે. તેને જેમ જમીનમાંથી બહાર કાઢવામાં આવે છે તેમ જીવને યોનિમાંથી બહાર કાઢવામાં આવે છે.

હોવાથી શરીરથી અને શરીરના મૂત્ર-વિષ્ઠાથી આકુળતાવાળો કેટલાક મહિના દુઃખથી પસાર કરે છે. યોનિમાંથી બહાર નીકળેલો જીવ (સમય જતાં) વૃદ્ધાવસ્થાથી ઘેરાય જ છે. કેમકે શરીર પ્રતિક્ષણ અન્યાવસ્થાને પામતું રહે છે. જન્મવાળાને આવીચિ મરણ પણ અવશ્ય થાય જ છે. તાવ, અતિસાર, ખાંસી, શ્વાસ અને કોઢ વગેરે રોગો થાય છે. પ્રિય એટલે ઇષ્ટજન. તેની સાથે વિયોગ, અર્થાત્ તેનો વિયોગ તે ઇષ્ટવિપ્રયોગ. પ્રિયથી વિપરીત અપ્રિય. તેની સાથે યોગ તે અપ્રિયસંપ્રયોગ. ઇપ્સિત એટલે મેળવવાને ઇચ્છેલું. તેનો લાભ ન થવો તે ઇપ્સિતઅલાભ. દૌર્મનસ્ય માનસિક દુઃખ છે. (દૌર્મનસ્ય એટલે ઉદાસીનતા, બેચેની, અશુભ વિચારો, ચિંતા વગેરે) આયુષ્ય અલ્પ હોવાથી કે ઉપક્રમના સાંનિધ્યથી અથવા સઘળા આયુષ્યના ક્ષયથી જીવોનું સંસારમાં મરણ અવશ્ય થાય છે. આદિ શબ્દના ગ્રહણથી વધ-બંધ-પરિક્લેશ-શીત-ઉષ્ણ-દંશમશક-કલહ-પરાભવ (વગેરે)નું ગ્રહણ કરવું.

આ પ્રમાણે જન્મના કારણે પ્રારંભથી જ દુઃખથી યુક્ત એવા જન્મવાળા પ્રાણીને શરણ નથી એમ વિચારે છે. સદા હું અશરણ છું એમ સદા જ ભય પામેલા સાધુને મનુષ્ય-દેવના સુખો, હાથી, અશ્વ વગેરે અને સુવર્ણ વગેરે સાંસારિક ભાવોમાં પ્રીતિ થતી નથી. મહર્ષિપ્રણીત શાસ્ત્રમાં કહેલા જ જ્ઞાન ચારિત્રાદિ રૂપ વિધિમાં પ્રવર્તે છે. કારણ કે જન્મ-જરા-મરણ-ભયથી ઘેરાયેલાને[૧] તે જ(=જિનશાસન જ) પ્રકૃષ્ટ શરણ છે. આ પ્રમાણે અશરણ અનુપ્રેક્ષા છે.

સંસાર અનુપ્રેક્ષાનું નિરૂપણ કરવા માટે પ્રારંભ કરાય છે–

'અનાદૌ સંસારે' ઇત્યાદિ જેની આદિ વિદ્યમાન નથી તે અનાદિ. સંસાર હતો નહિ, કોઇએ ઉત્પન્ન કર્યો એવું નથી. સંસરવું=આમથી તેમ જવું તે સંસાર. સંસાર નરકાદિ ભેદોથી ચાર પ્રકારનો છે. ભવ શબ્દ જન્મવાચી છે, અર્થાત્ ભવ એટલે જન્મ. નરકાદિ જન્મોને ગ્રહણ

૧. जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते । जिनवरवचनादन्यत्र, नास्ति शरणं क्वचिल्लोके ॥ (પ્રશમરતિ પ્રકરણ શ્લોક-૧૫૨)

કરવામાં ચક્રની જેમ ત્યાં જ પરિભ્રમણ કરતા જન્મવાળા જીવના પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાયુકાય-વનસ્પતિકાય, બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય-પંચેંદ્રિય એ બધા જીવોએ જ્યારે યોનિના સંબંધથી સ્વજન થયા છતા કે સ્વામી આદિના સંબંધથી સંબંધને અનુભવ્યો છે, અનુભવે છે અને અનુભવશે ત્યારે સ્વજનો કે સ્વામી આદિ થાય છે. જ્યારે સંબંધવાળા નથી ત્યારે પરજનો છે.

આને જ ભાષ્યકાર બતાવે છે—

"न हि स्वजनपरजनयोर्व्यवस्था विद्यते" इति सदा જ કોઇ સ્વજન કે પરજન નથી. સ્વજન થઇને કર્મના બળથી પરજન થાય છે અને પરજન થઇને સ્વજન થાય છે. આ પ્રમાણે સંસારમાં અવ્યવસ્થા જ છે=વ્યવસ્થા નથી.

माता हि भूत्वा ઇત્યાદિથી તે જ અવ્યવસ્થાને વિસ્તારે છે=વિસ્તારથી વર્ણવે છે.

"चतुरशीतियोनिप्रमुखशतसहस्रेषु" ઇત્યાદિ યોનિ એટલે જ્યાં સ્ત્રી-પુરુષના સંયોગથી કે સંયોગ વિના જીવોત્પત્તિ થાય તે સ્થાન અથવા ગર્ભસ્થાન. સર્વજ્ઞવચનથી જાણી શકાય તેવી અને દૃશ્ય કે અદૃશ્ય એવી કોઇક વિલક્ષણતાથી જીવોનો પરસ્પર યોનિમાં વિભાગ થાય છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુઓમાં પ્રત્યેકની સાત લાખ, પ્રત્યેક વનસ્પતિકાયની દશ લાખ, નિગોદની ચૌદ લાખ, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયોમાં પ્રત્યેકની બે બે લાખ, તિર્યંચ, નારક, દેવોમાં પ્રત્યેકની ચાર ચાર લાખ, મનુષ્યોમાં ચૌદ લાખ એ પ્રમાણે ચોરાશી લાખ યોનિ છે. 'चतुरशीतियोनिप्रमुखानि शतसहस्राणि' પ્રમુખ શબ્દ પ્રધાન અર્થને કહેનારો છે, અર્થાત્ પ્રમુખ એટલે પ્રધાન. चतुरशीतियोनिप्रधानानि शतसहस्राणि तेषु અર્થાત્ ચોરાશી લાખ યોનિ સિવાય બીજાઓમાં નહિ. માયા-લોભ રાગ છે, ક્રોધ-માન દ્વેષ છે. મિથ્યાત્વ-હાસ્ય વગેરે મોહ છે. વિષયતૃષ્ણાઓથી વિરામ નહિ પામેલા એટલે જેમની વિષયતૃષ્ણાનો વિચ્છેદ નથી થયો તેવા જીવો. અન્યોન્ય એટલે પરસ્પર.

ભક્ષણ=માછલાઓની જેમ પરસ્પર ભક્ષણ કરવું. વધ=મારી નાખવો. બંધ=કાબૂમાં રાખવું. અભિયોગ=અભ્યાખ્યાન(=અસત્ય દોષનો આરોપ.) આક્રોશ=અપ્રિયવચન.

અન્યોન્ય ભક્ષણાદિથી ઉત્પન્ન કરાયેલા પ્રકૃષ્ટ દુઃખોને પ્રાપ્ત કરાય છે=અનુભવાય છે.

અહો ! શબ્દ વિસ્મયમાં છે. આવા પ્રકારના દુઃખનું ભાજન. સંસાર જેવું દુઃખનું ભાજન છે તેવું દુઃખનું ભાજન બીજું કોઈ નથી. (દ્વન્દ્વારામઃ=)દ્વન્દ્વ એટલે વધ-બંધ-દંશમશક-શીત-ઉષ્ણ વગેરે. જેમાં વધ વગેરે જ આરામ છે તેવા સંસારમાં. આરામ એટલે વિવિધ જાતિના વૃક્ષોનો સમૂહ. જે સંસારમાં દ્વન્દ્વો એ જ આરામ છે તે દ્વન્દ્વારામ. દ્વન્દ્વારામ એટલે દ્વન્દ્વોનો સમૂહ. (કષ્ટ સ્વભાવ=) કષ્ટ એટલે કૃચ્છ્ર, દુઃખ કે ગહન. (આ બધા શબ્દો કષ્ટવાચી છે.) સ્વભાવ એટલે સ્વરૂપ. કષ્ટ છે સ્વભાવ જેનો તે કષ્ટસ્વભાવ.

સંસાર દ્વન્દ્વારામ અને કષ્ટસ્વભાવ છે એ પ્રમાણે વિચારે. તેથી સંસારભયથી સંસાર પ્રત્યે ઉદ્વિગ્ન=અરતિવાળા થયેલા એને સાંસારિક સુખનો ત્યાગ કરવાની ઇચ્છારૂપ નિર્વેદ થાય છે. આ પ્રમાણે સંસાર અનુપ્રેક્ષા છે.

એકત્વભાવનાના સ્વરૂપનું કથન કરવા માટે કહે છે–

'एक एवाहम्' ઇત્યાદિ હું એકલો જ છું. હું ક્યારે ય પણ સહાય સહિત ઉત્પન્ન થતો નથી અને મરતો નથી. જોડલું પણ ક્રમથી જ યોનિમાંથી બહાર આવે છે, અર્થાત્ જન્મમાં કે મરણમાં જે દુઃખ છે તેને હું એકલો જ અનુભવું છું. મારા તે દુઃખનો અનુભવ કરવામાં કોઈ સહાય નથી. સાથે જન્મનારા અને સાથે મરનારા નિગોદ જીવો પણ હું એકલો જ જન્મું છું અને એકલો જ મરું છું એ નિયમનું ઉલ્લંઘન કરતા નથી.

આને જ ભાષ્યથી બતાવે છે–

'न मे कश्चिद्' ઇત્યાદિ મારામાંથી સઘળાં દુઃખો લઈને પોતાનામાં મૂકે એવો કોઈ નથી. प्रत्यंशः=સ્વજનો કે પરજનો ભેગા થઈને મારામાં ઉત્પન્ન

થયેલા દુઃખનો વિભાગ કરતા નથી=વહેંચી લેતા નથી. તેથી હું એકલો જ સ્વકૃત કર્મના ફળને અનુભવું છું=ભોગવું છું. આ પ્રમાણે ચિંતવે.

'स्नेहानुरागप्रतिबन्ध' इति, માતા આદિનો સ્નેહ, પત્નીમાં કામનો અનુરાગ, પ્રતિબંધ કે આસક્તિ ન થાય. પર તરીકે જણાતાઓમાં દ્વેષનો અનુબંધ ન થાય. આ પર જ છે, ક્યારેય પોતાનો ન થાય. આ આદરથી શું ?=એમાં મન લગાડવાથી શું ? તેથી સ્વજનમાં અને પરજનમાં નિઃસંગપણાને પામેલો મોક્ષને માટે જ પ્રયત્ન કરે છે. આ પ્રમાણે એકત્વભાવના છે.

અન્યત્વભાવનાને પ્રગટ કરવા માટે કહે છે–

શરીર ઔદારિક વગેરે પાંચ પ્રકારનું છે. આ પાંચ પ્રકારના શરીરથી હું અન્ય=ભિન્ન છું. આ શાથી છે ? કારણ કે શરીર ઇંદ્રિયથી જાણી શકાય એવું છે, હું અતીન્દ્રિય છું=ચક્ષુ વગેરે ઇંદ્રિયોથી જાણી શકાય તેવો નથી.

શરીર ઇંદ્રિયગ્રાહ્ય છે. આથી અભેદનું જ્ઞાન વ્યાપક[1] નથી એમ કહે છે–

'अनित्यं शरीरम्' इत्यादि, ઔદારિક આદિ શરીર પુદ્ગલ સ્વરૂપ છે. પુદ્ગલો વિનાશ પામવાના સ્વભાવવાળા હોવાથી શરીરની રચના-વિશેષને છોડીને અન્ય સ્કંધરૂપે કે પરમાણુરૂપે રહે છે. આત્મા ક્યારેય પણ અસંખ્ય પ્રદેશની રચનાને કે જ્ઞાન-દર્શનના સ્વરૂપને છોડીને (બીજા સ્વરૂપે) રહ્યો નથી, રહેતો નથી અને રહેશે નહિ. તેથી આત્મા નિત્ય છે. પરિણામની અપેક્ષાએ આત્મા અનિત્ય હોવાથી અનિત્ય પણ અભિપ્રેત છે એમ સંતોષ નહિ પામતા ભાષ્યકાર કહે છે- "अज्ञं शरीरं ज्ञोऽहम्" इति પુદ્ગલો ક્યારેય પણ જ્ઞાનાદિના ઉપયોગરૂપે પરિણામવાળા બનતા નથી. પરિણામી આત્મા તો જ્ઞાનાદિ ઉપયોગરૂપ પરિણામથી પરિણમે છે. આથી આત્મા શરીરથી

---

૧. વ્યાપક એટલે અવિનાભાવ સંબંધવાળો. જેમકે સૂર્ય અને પ્રકાશ અવિનાભાવ સંબંધવાળા છે. જ્યાં જ્યાં સૂર્ય હોય ત્યાં ત્યાં પ્રકાશ હોય. જ્યાં જ્યાં પ્રકાશ હોય ત્યાં ત્યાં સૂર્ય હોય. તે રીતે પ્રસ્તુતમાં જ્યાં જ્યાં આત્મા હોય ત્યાં ત્યાં શરીર હોય તેવો નિયમ નથી. પરભવમાં જતાં આત્મા હોય પણ શરીર ન હોય. મોક્ષમાં શરીર ન હોય. એ રીતે જ્યાં જ્યાં શરીર હોય ત્યાં ત્યાં આત્મા હોય એવો પણ નિયમ નથી. મૃતક શરીરમાં આત્મા નથી હોતો. આમ આત્મા અને શરીર અવિનાભાવ સંબંધવાળા નથી.

અન્ય છે. आद्यन्तवच्छरीरमनाद्यन्तोऽहम्, આદિ એટલે આરંભકાળ. અંત એટલે વિનાશકાળ. તે બે જેને હોય તે આદ્યન્તવત્ છે. ઔદારિક-વૈક્રિય-આહારક શરીરોનો આરંભકાળ સારી રીતે સમજી શકાય છે. તૈજસ-કાર્મણ એ બે શરીરનો સંબંધ અનાદિ હોવા છતાં સંતતિથી(=પ્રવાહથી) અનાદિપણું સ્વીકારાયેલું છે. પર્યાયના સ્વીકારથી તો તૈજસ-કાર્મણના પુદ્ગલો નાશ પામે છે અને જોડાય છે. જ્યારે (આત્માના) સંસર્ગને પામે છે ત્યારે આદિ છે. જ્યારે નાશ પામે છે ત્યારે અંત છે. એ પ્રમાણે આત્માનો ક્યારેય આદિ અને અંત થતો જ નથી. કારણ કે આરભ્ય અને આરંભક-ભાવનો અભાવ છે[=આત્મા આરંભ કરવા યોગ્ય(=ઉત્પન્ન કરવા યોગ્ય) નથી અને આત્માનો આરંભ કરનાર(=ઉત્પાદક) કોઈ નથી.] આત્મા સતત જ્ઞાન-દર્શનરૂપે રહેવાના કારણે સદૈવ જ્ઞાન-દર્શનરૂપ હોવાથી હું અનાદિ અનંત છું. આથી શરીરથી અન્ય છું.

"बहूनि च मे शरीरशतसहस्राणि" ઇત્યાદિ પૂર્વના જન્મશરીરો હમણાંના જન્મશરીરો થાય છે. સંસારમાં પરિભ્રમણ કરતા એવા મારા અનાદિ સંસારમાં ઘણાં શરીરો ગયા. તે શરીરોનો હમણાનાં શરીરમાં જરા પણ અન્વય=અનુસરણ નથી. હું તો તે જ છું કે જેણે ગયેલા લાખો શરીરોનો ઉપભોગ કર્યો છે. આથી હું તે શરીરોથી અન્ય છું એમ ચિંતન કરે. શરીરનું અન્યત્વ (સિદ્ધ) થયે છતે જેના શરીરનું મમત્વ છેદાઈ ગયું છે એવો તે મોક્ષ માટે જ પ્રવર્તે છે. આ પ્રમાણે અન્યત્વ ભાવના છે.

અશુચિત્વ ભાવનાના નિર્ણય માટે કહે છે—

શુચિ એટલે મલરહિત. શુચિ નહિ તે અશુચિ. શરીર એટલે હાથ-પગ આદિ અંગોની રચનાવિશેષ, અર્થાત્ વિશિષ્ટ અંગોની રચના તે શરીર. તે અશુચિ છે એમ ચિંતન કરે.

પ્રશ્ન— સ્ત્રીઓ અને પુરુષો નિર્મળ શરીરવાળા અને સ્નિગ્ધ ચામડીવાળા દેખાય છે તેથી અમે પ્રતિજ્ઞા માત્રથી એનું અશુચિપણું કેવી રીતે સ્વીકારીએ ? આથી તેના ઉત્તરમાં કહે છે—

ઉત્તર– તેમાં "આદિ-ઉત્તરકારણ અશુચિ" વગેરે પાંચ હેતુઓ છે. તેમાં એટલે પાંચ હેતુઓમાં. તે પાંચ હેતુઓમાં "આદિ-ઉત્તરકારણ અશુચિ હોવાથી" એ હેતુનું આ વ્યાખ્યાન છે. तावत् શબ્દ ક્રમને જણાવવા માટે છે. પ્રથમ કારણ શુક્ર-લોહી છે.જે કરે તે કારણ. કારણ શબ્દનો બનાવે છે, ઉત્પન્ન કરે છે એવો અર્થ છે. યોનિમાં ઉત્પન્ન થતો તૈજસ-કાર્મણ શરીરવાળો જીવ પહેલા જ શુક્ર-લોહીનો આહાર કરે છે. (એનાથી) શરીર કરે છે=ઔદારિક શરીરરૂપે પરિણમાવે છે. ત્યાર બાદ કલલ[1]-અર્બુદ-પેશી-ઘન-હાથ-પગાદિ-અંગોપાંગ-લોહી-માંસ-મસ્તુલુંગ-અસ્થિ-મજ્જા-કેશ-શ્મશ્રુ-નખ-શિરા-ધમનિ-રોમકૂપ આદિ રૂપે પરિણમાવે છે. ઉત્તરકારણ પરસ્પર સંલગ્ન રસહરણી નાડી વડે માતાએ ખાધેલા આહારરસનો આહાર કરે છે.

(तदेव उभयं=तदुभयम्) તે બે અત્યંત અશુચિ છે. લોકમાં જાણીતા વીર્ય-લોહીના અશુચિપણાંને જણાવે છે–

अत्यन्ताशुचीति વીર્ય-લોહીનું શુચિપણું ક્યારેય નથી.

તે આ પ્રમાણે- कवलाहारो हि ઈત્યાદિથી ઉત્તરકારણના અશુચિપણાને કહે છે- માતા વડે ભક્ષિતમાત્રથી જ કફસ્થાનને પામેલો કવલાહાર કફ વડે પ્રવાહી બનાવાય છે. પ્રવાહીપણાને પમાડાયેલો તે અત્યંત અશુચિ છે. ત્યારબાદ પિત્તસ્થાનને પામેલો તે ખટાશને પામે છે. ખાટો થયેલો તે અશુચિ જ છે. ત્યારબાદ પવનાશયને પામેલા તેના વાયુવડે વિભાગ કરાય છે. ખલ(=કચરો) જુદો અને રસ જુદો એમ બે પરિણામને પમાડાય છે. પછી ખલમાંથી મૂત્ર, વિષ્ઠા, આંખનો મેલ(=ચીપડા), પસીનો, લાળ વગેરે મળો પ્રગટ થાય છે. રસમાંથી લોહી-માંસ-મેદ-

૧. કલલ=સ્ત્રીના ઉદરમાં ગયેલા વીર્યનો એક રાતમાં થતો વિકાર. અર્બુદ=માંસપિંડ. પેસિ=ગર્ભ ઉપર વીંટળાયેલી ઓર. ઘન=મગજ. મસ્તુલુંગ=મસ્તકનો સ્નેહ. શ્મશ્રુ=મૂછ-દાઢી. શિરા=શરીરની નાડી. ધમનિ=શરીરની અંદરની મુખ્ય રક્તવાહિની. રોમકૂપ=રૂવાટાંનું છિદ્ર.

હાડકાં-મજ્જા-વીર્ય થાય છે. કફથી પ્રારંભી વીર્ય સુધીનું આ બધું અશુચિ જ છે. તેથી ઉત્તરકારણ અશુચિ હોવાથી શરીર અશુચિ જ છે.

किञ्चान्यद् એવા ઉલ્લેખથી અશુચિપણામાં બીજા હેતુને કહે છે- 'अशुचिभाजनत्वाद्' इति, કાનનો મેલ વગેરે અશુચિ છે. શરીર તેમના ઉકરડારૂપ છે. તેથી શરીર અશુચિ છે.

'किञ्चान्यद् अशुच्युद्भवत्वाद्' इति આ અન્યહેતુ છે. આ જ કાનમેલ વગેરે અશુચિનું ઉત્પત્તિસ્થાન=ખાણ છે. કારણ કે કાનમેલ વગેરે શરીરમાંથી ઉત્પન્ન થાય છે. હમણાં જ કહેલા હેતુઓથી "ઉત્પન્ન થયેલા કાનમેલ વગેરેનો શરીર આશ્રય છે." એમ પ્રતિપાદન કર્યું. ફરી આ હેતુથી શરીરમાં જ કાનમેલ વગેરે ઉત્પન્ન થાય છે એમ પ્રતિપાદન કરવામાં આવે છે. અથવા આ વિશેષ છે- અશુચિ એવા ગર્ભમાં ઉત્પન્ન થાય છે તેથી શરીર અશુચિ છે. ગર્ભ એટલે ઉદરનો મધ્યભાગ. च શબ્દ वा અર્થમાં છે.

જેનું પરિણામ અશુભ છે તેવા પાકને(=ફળને) અનુસરનારું હોવાથી શરીર અશુચિ છે. તે જ અશુભ પરિણામવાળા પાકને આર્તવ ઇત્યાદિથી પ્રકાશિત કરે છે- આર્તવ એટલે ઋતુમાં(=સ્ત્રી ગર્ભાધાનને યોગ્ય બને તે કાળમાં) થતું લોહી. તે આર્તવ થયે છતે "बिन्दोराधानात् प्रभृति" इति બિંદુ એટલે વીર્યનો અવયવ (છાંટો=બિંદુ). તેનો (વીર્યના બિંદુનો) (યોનિમાં) પ્રક્ષેપ કરવાથી પ્રારંભી ઔદારિક શરીર કલલ આદિ સ્વરૂપે પરિણમે છે. ઘનવ્યૂહ[૧] એટલે અવયવ વિભાગ. અશુભપરિણામવાળો કલલાદિ અવયવ આ સઘળોય જે પાક તે પાકથી શરીર અનુસરાયેલું છે. દુર્ગંધિ=અશુભગંધવાળું. એથી જ અશુદ્ધિ સ્વરૂપ છે અને અંતે પણ કૃમિ આદિનો પુંજ કે ગીધ, શ્વાન અને કાગડાદિનું ભોજન બને છે. અથવા અંતે ભસ્મરૂપ થનારું કે હાડકાના ટુકડારૂપ બને છે. તેથી દુરંત છે. આ પ્રમાણે આ શરીર અશુભઅંતવાળું છે, તેથી અશુચિ છે.

૧. અહીં અર્બુદ શબ્દનો અર્થ છૂટી ગયો હોય કે અર્બુદ શબ્દ અનુપયોગથી ટીકામાં આવી ગયો હોય તેમ જણાય છે.

'किञ्चान्यद्' इति અન્ય પ્રકારે અપવિત્રતાનું પ્રતિપાદન કર્યું છે. 'अशक्यप्रतिकारत्वाद्' इति જેની અપવિત્રતાનો પ્રતિકાર અશક્ય છે તે અશક્ય પ્રતિકાર. જલપ્રક્ષાલન આદિથી અશુચિ દૂર કરવાનો પ્રકાર લોકમાં પ્રસિદ્ધ છે. ઉદ્વર્તન પ્રસિદ્ધ છે. લોધર (વનસ્પતિ) અને તૂરારસવાળા પદાર્થોથી શરીરને ઘસવું તે રૂક્ષણ. જલાદિથી સ્નાન કરવું. ચંદનાદિ અનુલેપન છે, અર્થાત્ ચંદનાદિથી શરીરમાં વિલેપન કરવું તે અનુલેપન. વિશિષ્ટ ગંધવાળા દ્રવ્યોના સમૂહવાળો પદાર્થ ધૂપ છે. પ્રઘર્ષ એટલે શરીરને (વિશિષ્ટ દ્રવ્યોથી) ઘસવું. વાસયુક્તિ એટલે પટવાસ (સુગંધિચૂર્ણ) વગેરે માલ્ય=માળા બનાવવાને યોગ્ય પુષ્પ.

આદિ શબ્દના ગ્રહણથી કપૂર, સુગંધીવાળો તુરુષ્ક(=સુગંધી દ્રવ્યવિશેષ-લોબાન) અને કસ્તૂરીનું ગ્રહણ કરવું. આ વિશિષ્ટ દ્રવ્યોમાંથી પણ આ શરીરના અશુચિપણાને દૂર કરવાનું શક્ય નથી. શાથી ?

अशुच्यात्मकत्वाद् અશુચિ જેનો આત્મા=સ્વભાવ છે તે અશુચ્યાત્મક. જેમ અશુચિસ્વરૂપવાળા વિષ્ઠાદિની અશુચિને દૂર કરવાનું અશક્ય છે તેમ શરીરની અશુચિને દૂર કરવાનું અશક્ય છે. शुच्युपघातकत्वाच्चेति તથા શુચિ(દ્રવ્યો)નો ઉપઘાતક હોવાથી શરીર અશુચિ છે. ઉત્તમ કલમી ચોખા, દહીં, ઘી અને દૂધ વગેરે શુચિદ્રવ્યોને પણ પોતાના સંપર્કથી વિનાશ કરીને અપવિત્ર કરે છે. કારણ કે કપૂર-ચંદન-કેસર વગેરે સુગંધી દ્રવ્યોને સંસર્ગ માત્રથી જ અશુચિ કરે છે. આથી તપાસ કરાતું સર્વ પ્રકારનું શરીર જ પરમાર્થથી અશુચિ છે. શરીર અને તેના સંપર્કવાળા થયેલા દ્રવ્યને છોડી બીજી કોઇ પણ વસ્તુ સ્વથી અશુચિ નથી. (શરીર પોતાનાથી જ અશુચિ છે. બીજી કોઇ વસ્તુ પોતાનાથી અશુચિ નથી. બીજી વસ્તુ બીજા કારણોથી અશુચિ થાય પણ પોતાનાથી અશુચિ નથી.)

एवं ह्यस्य चिन्तयतः ઇત્યાદિથી અશુચિત્વભાવનાના ફળને કહે છે- નિર્વેદ એટલે અપ્રીતિ, અરતિ, ઉદ્વેગ. શરીર ઉપર નિર્વેદને પામેલો જીવ શરીરસંસ્કાર માટે પ્રયત્ન કરતો નથી. જન્મના નાશ માટે જ પ્રવર્તે છે. આ પ્રમાણે અશુચિત્વભાવના છે.

આસ્રવભાવનાના સ્વરૂપને પ્રકાશિત કરવા માટે કહે છે–

'आस्रवानिहामुत्रापाययुक्तान्' इत्यादि, आश्रूयते=જેમનાથી કર્મગ્રહણ કરાય તે આસ્રવ. ઇંદ્રિયો વગેરે આસ્રવો છે. તે આસ્રવો આ લોકમાં અને પરલોકમાં અપાય=દોષ, પીડા કે દુઃખથી યુક્ત છે. ગંગા વગેરે મહાનદીના પ્રવાહના વેગ સમાન તીક્ષ્ણ છે. જેવી રીતે નદીનો પ્રવાહ તેમાં પડેલા તૃણ-કાષ્ઠ વગેરેને લઇ જાય છે, એ પ્રમાણે ચક્ષુ વગેરે આસ્રવો પોતાના પ્રવાહમાં પડેલાને લઇ જાય છે=સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે. અકુશળ એટલે પાપ અથવા સામાન્યથી કર્મબંધ. તેને પ્રવેશવાના દ્વારરૂપ છે, દશ પ્રકારના ધર્મરૂપ પુણ્યને નીકળવાના દ્વારરૂપ છે. જીવને છેદનારા, અર્થાત્ જીવ ઉપર અપકાર કરનારા છે. આ પ્રમાણે ચિંતવે. અથવા અવદ્ય એટલે ગર્હિત. ગર્હિત છે=નિંદવા યોગ્ય છે એમ ચિંતવે.

तद्यथा ઇત્યાદિથી ઉદાહરણ સહિત આશ્રવોને બતાવે છે–

જે સિદ્ધ થાય તે સિદ્ધ. સિદ્ધ એટલે વિદ્યાસિદ્ધ. તે અનેક વિદ્યાબળથી યુક્ત હોવા છતાં પણ આકાશમાં વિચરનાર, શરીર અને સ્વર વગેરે આઠ અંગવાળા(=આઠ પ્રકારવાળા) નિમિત્તને પાર પામનાર(=કુશળ) ગાર્ગ્ય ગોત્રવાળો સત્યકી સ્ત્રીઓમાં આસક્તચિત્તવાળો બનીને મૃત્યુ પામ્યો. તથા શબ્દનો પ્રયોગ બીજું ઉદાહરણ જણાવવા માટે છે. યવસ એ હાથીને ચરવા(=ખાવા) યોગ્ય ઘાસવિશેષ છે. પ્રમાથ એટલે ભાંગવું, ચૂર્ણ કરવું, ખાવું, પાણીથી સ્વેચ્છા પ્રમાણે અવગાહ કરવો (=નાહવું કે પાણીમાં પ્રવેશવું.)

'अवगाहादिगुणसंपन्नं' इति આદિ શબ્દના ગ્રહણથી સિંહ વગેરે હિંસક જંગલી પ્રાણીઓથી રહિત. આવા પ્રકારના વનમાં વિચરનારા અને મદથી અધિક દુષ્ટ(=ઉન્મત્ત) થયેલા હાથીઓ. हस्तिबन्धकीषु इति હાથીઓમાં વિકારોને ઉત્પન્ન કરનારી હાથણીઓમાં. જેવી રીતે પ્રૌઢ સ્ત્રીઓ વાજીકરણ અને સ્પર્શાદિથી અનેક પ્રકારે મનુષ્યોને છેતરે છે, તેવી રીતે હસ્તિબંધકીઓ મૂર્ખ હાથીઓને છેતરે છે.

બંધ=કાબૂમાં રાખવું. વધ=મારવું. દમન=શિક્ષાને ગ્રહણ કરવી. (હાથીઓને ખેલમાં બતાવવા માટે કે લડવા માટે જુદી જુદી કળાઓ શિખવાડે છે.) પછી (ભાર) વહન કરાવે છે. (અથવા પછી શિક્ષાને અમલમાં મૂકાવે છે.) અંકુશ એટલે (અંકુશથી) પ્રહાર કરવો. પ્રતોદ એટલે ચાબુક, ચાબુકથી પ્રહાર કરવો.

આદિ શબ્દના ગ્રહણથી અતિશય ભાર મૂકવો અને યુદ્ધકાળે શસ્ત્રનો પ્રહાર કરવો. તથા શબ્દના પ્રયોગથી અન્ય દૃષ્ટાંતને કહે છે- મૈથુન-સુખના પ્રસંગથી જેનો ગર્ભ કરાયો છે એવી અને પરાધીન ખચ્ચરી પ્રસવકાળે મરણને પામે છે.

એવં ઇત્યાદિથી દાર્ષ્ટાન્તિક અર્થનો ઉપસંહાર કરે છે- ઉક્તનીતિથી બંને ય લોકમાં વિનાશને પામે છે.

તથા શબ્દનો પ્રયોગ આસ્રવના અન્ય દોષોને બતાવવા માટે છે. કાગડો[૧] આદિનાં દૃષ્ટાંતો જૈન શાસ્ત્રોમાં છે, અર્થાત્ શાસ્ત્રીય દૃષ્ટાંતો છે. બડિશ એટલે ગલ. (ગલ=માછલીને પકડવાનો કાંટો.) ગલમાં રહેલ માંસ તથા ઇતિ બે ઉદાહરણોથી આશ્રવમાં રહેલા દોષનું દર્શન કરાવે છે. તથા અન્ય આશ્રવ દોષનું પ્રતિપાદન કરે છે. સ્ત્રીમાં દૃષ્ટિને સ્થાપિત કરનાર અર્જુનક [૨]ચોર મૃત્યુ પામ્યો. આ દૃષ્ટાંત જૈનશાસ્ત્રમાં જ છે. તથા એવો પ્રયોગ આશ્રવ પણ દોષ સહિત છે એમ કહે છે. પાંજરામાં રહેલા તેતરના શબ્દોના શ્રવણથી આવેલો યુદ્ધ કરવાની

૧. કાગડાનો આ પ્રસંગ આ પ્રમાણે છે- માંસમાં આસક્ત બનેલ કાગડાએ (સમુદ્રના કિનારે પડેલા) મરેલા હાથીના ક્લેવરમાં મળદ્વાર દ્વારા પ્રવેશ કર્યો. વરસાદના કારણે આવેલા પાણીના પૂરથી એ ક્લેવર સમુદ્રની મધ્યમાં આવ્યું. તે જ મળદ્વારના માર્ગથી બહાર નીકળીને સર્વ દિશાઓને જોતાં તે કાગડાએ ક્યાંય વિશ્રામસ્થાન ન જોયું. આથી પાણીમાં ડૂબતો તે મરણ પામ્યો. (પ્રશમરતિ પ્રકરણ ગાથા-૭૬)

૨. અર્જુન ચોરનું દૃષ્ટાંત આ પ્રમાણે છે- કોઇ વખતે અર્જુન ચોરને અગડદત્ત સાથે યુદ્ધ થયું. પણ અગડદત્ત કોઇ રીતે તેને પરાજિત કરવા સમર્થ ન બન્યો, ત્યારે તેણે પોતાની અતિ રૂપવતી પત્નીને સર્વાલંકારથી વિભૂષિત કરી રથના અગ્રભાગે બેસાડી. ત્યારે તે સ્ત્રીના રૂપના દર્શનથી વ્યામોહ પામેલો અર્જુન ચોર યુદ્ધકરણમાં વિસ્મૃતિવાળો થઇ સ્ત્રીના રૂપમાં મોહિત થઇ ગયો. ત્યારે અગડદત્તે તેને મારી નાખ્યો. (નિશીથભાષ્ય-૩૧૯૪ થી ૩૧૯૬)

ઇચ્છાવાળો તેતર પાશથી બંધાય છે. પારેવો અને ચાસપક્ષી એ પ્રમાણે નાશ પામે છે. મૃગના શિકારમાં (વાજિંત્ર રહિત) એકલું જ ગીત ગાય છે. સંગીત તો વાંસળી અને કરતાલ(=ઝાંઝ) વગેરે(વાજિંત્ર)થી યુક્ત હોય. આ પ્રમાણે આ આસ્રવો ઘણા દોષવાળા જ છે એમ ચિંતવે.

સંવરભાવનાનું નિરૂપણ કરવા માટે કહે છે–

સંવરાંશ્ચ મહાવ્રતાન્ ઇત્યાદિ આસ્રવના દ્વારોને બંધ કરવા=આસ્રવ-દ્વારોનો ત્યાગ કરવો તે સંવર છે અને તે પ્રાણાતિપાતના ત્યાગસ્વરૂપ છે. ગુપ્ત્યાદિપરિપાલનાત્ ઇતિ ગુપ્તિ વગેરે પરિપાલના જેમાં છે તે મહાવ્રતો વગેરે છે. આદિ શબ્દના ગ્રહણથી ઉત્તરગુણોને ગ્રહણ કરવા. અન્યસ્થળે (ગુપ્ત્યાદિ એ સ્થળે) આદિ શબ્દથી સમિતિનું ગ્રહણ કરવું. ગુણ એટલે ઉપકારી. તે ઉપકારી છે એમ ચિંતવે. સર્વે હ્યેતે ઇત્યાદિ ભાષ્યનો અર્થ સહેલો હોવાથી સમજાઇ જ ગયેલો છે. તે વિપાકવાળો છે.

હવે નિર્જરાભાવનાના સ્વરૂપનો નિર્ણય કરે છે–

'નિર્જરા વેદના' ઇત્યાદિ નિર્જરવું (નાશ કરવો) તે નિર્જરા, અર્થાત્ જે કર્મોના રસનો અનુભવ કરી લીધો છે તે પુદ્ગલોનું આત્મપ્રદેશોથી છૂટા થવું તે નિર્જરા. વેદના એટલે અનુભવ, અર્થાત્ તેનો આસ્વાદ. વિશેષથી પાકવું તે વિપાક. ઉદયાવલિકામાં પ્રવેશ થવાથી રસનો અનુભવ થયા પછીના કાળે કર્મપુદ્ગલોનું આત્મપ્રદેશોથી છૂટા થવું તે વિપાક. વિશેષથી પકાવાતા કર્મપુદ્ગલો વિશેષથી પાકી જાય એટલે આત્મપ્રદેશોથી છૂટા થઇ જાય છે.

'દ્વિવિધઃ' ઇતિ, દ્વિવિધઃ એવો પ્રયોગ વિપાકની સાથે સંબંધવાળો છે. કેમકે નિર્જરાની સાથે એક અર્થવાળો છે. બે પ્રકારોને બતાવવા માટે કહે છે- અબુદ્ધિપૂર્વઃ કુશલમૂલશ્ચ જેની પૂર્વે બુદ્ધિ છે તે બુદ્ધિપૂર્વ. જે વિપાકની પૂર્વે કર્મનો ક્ષય કરું એવી બુદ્ધિ હોય તે બુદ્ધિપૂર્વ છે. બુદ્ધિપૂર્વ નહિ તે અબુદ્ધિપૂર્વ. તે બે વિપાકોમાં અબુદ્ધિપૂર્વ વિપાક આ છે- નરક-તિર્યંચ-મનુષ્ય-દેવોમાં જ્ઞાનાવરણાદિનું આચ્છાદનાદિ રૂપ જે ફળ તેનો વિપાક=તેનો ઉદય. વિપાકરૂપે ભોગવાઇ રહેલા તે કર્મફળથી નિર્જરા-

રૂપ જે વિપાક, અર્થાત્ કર્મક્ષય કરું એવી બુદ્ધિ વિના કર્મફળ વિપાકરૂપે ભોગવાઇ રહ્યું હોય ત્યારે અબુદ્ધિપૂર્વક વિપાક છે. તપ કે પરીષહ તે નારકો આદિથી ઇચ્છાયેલો નથી. આવા પ્રકારનો તે વિપાક પાપનું કારણ હોવાથી સંસારના અનુબંધવાળું પાપ છે એમ વિચારે. એવી નિર્જરાથી મોક્ષને મેળવવાનું શક્ય નથી. આને જ કહે છે- 'अकुशलानुबन्धः' इति કારણ કે તે કર્મફળને ભોગવીને પણ સંસારમાં જ ભમવાનું થાય છે.

બાર પ્રકારના તપથી કે પરિષહજયથી કરાયેલો કુશળમૂળ વિપાક અવશ્ય બુદ્ધિપૂર્વક છે. આવા પ્રકારનો તે વિપાક ઉપકારક જ છે એમ ચિંતવે. કારણ કે તે વિપાક શુભનો અનુબંધ કરે છે. દેવલોકમાં તે દેવેંદ્ર અને સામાનિક દેવ આદિ સ્થાનોને પામે છે. મનુષ્યોમાં ચક્રવર્તી, બલદેવ, મહામાંડલિકાદિ પદોને મેળવીને પછી સુખની પરંપરાથી મોક્ષને પામશે.

शुभानुबन्धः निरनुबन्धो वा इति, वा શબ્દ પૂર્વવિકલ્પ (શુભાનુબંધ)ની અપેક્ષાએ છે. તપ-પરિષહજયથી કરાયેલ સકળ કર્મક્ષયરૂપ વિપાક સાક્ષાત્ મોક્ષનું જ કારણ થાય છે.

પૂર્વપક્ષ– જો બુદ્ધિપૂર્વક શુભાનુબંધવાળો વિપાક દેવાદિના ફળવાળો છે તો આગમની સાથે વિરોધ આવે છે. કારણ કે આગમમાં કહ્યું છે કે- આ લોકના સુખ માટે (લબ્ધિ આદિ પ્રગટાવવા) તપને ન કરવો, અન્ય જન્મમાં સુખ માટે તપને ન કરવો. (દશ વૈ. અ.૯ ઉ.૪ સૂ.૪)

ઉત્તરપક્ષ– મુમુક્ષુએ દેવાદિ ફળની ઇચ્છા રાખી નથી. તે તો મોક્ષ માટે જ પ્રવર્તે છે. અંતરાલનું જે દેવાદિ ફળ છે તે આનુષંગિક છે. જેમ કે- શેરડીના વનને સિંચવામાં ઘાસ વગેરેનું સિંચન થઇ જાય છે. મુમુક્ષુએ દેવાદિ ફળને ઇચ્છ્યું નથી. તેણે તપ-પરિષહજયથી મોક્ષને પ્રાપ્ત કરવો છે. મોક્ષને મેળવવા માટે તપમાં કે પરિષહજયમાં જે પ્રવૃત્તિ થાય તે બુદ્ધિપૂર્વક છે અને નિર્જરાનું કારણ છે. તેથી આ પ્રમાણે ચિંતન કરતો તે કર્મનિર્જરા માટે પ્રવૃત્તિ કરે છે. આ પ્રમાણે નિર્જરા ભાવના છે.

पञ्चास्तिकायात्मकम् ઇત્યાદિથી લોકભાવનાના સ્વરૂપનું નિરૂપણ કરે છે–

ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એ નામના પાંચ અસ્તિકાયો છે. પાંચ અસ્તિકાયો જેનું સ્વરૂપ છે તે પંચાસ્તિકાયાત્મક. પંચાસ્તિકાયાત્મક લોકને આગળ કહેશે. વિવિધ પ્રકારવાળો પરિણામ જેનો છે તે વિવિધ પરિણામવાળો. તે જ વિવિધ પરિણામને બતાવે છે- લોક ઉત્પત્તિ-સ્થિતિ-વિનાશ-અનુગ્રહ-પ્રલયથી યુક્ત છે. ઉત્પત્તિ પ્રતિક્ષણવર્તિની અને કાલાંતરવર્તિની એમ બે પ્રકારની છે. પ્રતિક્ષણવર્તિની ઉત્પત્તિ જાણી ન શકાય તેવા અંત્યપ્રલયથી અનુમેય છે. પરિણામભાવવાળા અસ્તિકાયો પ્રતિક્ષણ બીજી બીજી રીતે ઉત્પન્ન થાય છે. મૃદ્દ્રવ્ય વિખરાયેલા મૃદ્ભાવને છોડીને પિંડાદિરૂપે પરિણમે તે કાલાંતરવર્તિની ઉત્પત્તિ છે.

સ્થિતિ એટલે રહેવું. કેમ કે અસ્તિકાયરૂપે સદા રહે છે. અસ્તિકાયો ધર્માસ્તિકાયાદિ સંજ્ઞાને છોડતા નથી તથા વચન, અર્થ અને પર્યાયોથી સદા રહે જ છે.

અન્યતા એટલે ઉત્પત્તિ-સ્થિતિથી ભિન્નપણું, અર્થાત્ વિનાશ. વિનાશ પણ ક્ષણિક અને કાલાંતરવર્તી એમ બે પ્રકારે છે. વસ્તુનું વિવક્ષિત ક્ષણથી બીજી ક્ષણે ભિન્નપણું અવશ્ય થાય છે. આથી અવસ્થાંતરની પ્રાપ્તિ એ જ વિનાશ છે. નિરન્વય વિનાશ ક્યાંય નથી.

સ્થિતિ અને ઉત્પત્તિ જીવોને અનુગ્રહ કરનારી છે. ઉત્પન્ન થયેલો અને રહેલો ઘટ જલાહરણરૂપે અને જલધારણરૂપે અનુગ્રહ કરે છે.

વિનાશ સંજ્ઞાવાળો કાલાંતરભાવી પ્રલય પણ અનુગ્રહ કરનારો થાય છે. જેમકે કુંડલના અર્થીને કડાનો વિનાશ.

આથી જ ઉત્પત્તિ આદિથી યુક્ત લોક ઉત્પત્તિ આદિ પરિણામ સ્વભાવવાળો છે. જીવ-અજીવનું આધારક્ષેત્ર એ લોક છે. આથી જ चित्रस्वभावम् ચિત્ર=વિવિધ પ્રકારવાળો સ્વભાવ-સ્વરૂપ જેનું છે તે ચિત્રસ્વભાવ. લોક સુખ-દુઃખ-પ્રકર્ષ-અપકર્ષ સ્વરૂપ છે અને કર્મપરિણામ વિચિત્ર છે. આથી લોક ચિત્ર સ્વભાવવાળો છે.

'एवं ह्यस्य चिन्तयतस्तत्त्वज्ञानविशुद्धिर्भवति' इति ઉક્ત રીતે લોકસ્વરૂપનું ચિંતન કરનારને તે જીવાદિ પદાર્થોનું નિર્મળ=શંકાદિ દોષથી રહિત જ્ઞાન થાય છે. જેમ કે ભગવાને કહ્યું છે કે "સર્વસ્થાનો અશાશ્વત છે." (હમણાં જ) જેનું વર્ણન કર્યું છે તેવા લોકમાં ક્યારેય કોઈપણ સ્થાન શાશ્વત નથી કે જ્યાં આત્માની નિત્ય રહેનારી નિવૃત્તિ થાય" એમ (લોક ભાવના દ્વારા) કહે છે. પરલોકની અપેક્ષાથી રહિત જીવની ચિત્તવૃત્તિ મોક્ષ માટે જ ઉપયોગી થાય છે. આ પ્રમાણે લોકભાવના છે.

अनादौ संसारे ઇત્યાદિથી બોધિદુર્લભ ભાવનાનું નિરૂપણ કરે છે–

'अनादौ' इति સર્વકાળ રહેનારા સંસારની નરકાદિ ગતિમાં કેવા સ્વરૂપથી રહેનારા ? એથી કહે છે- "तेषु तेषु भवग्रहणेषु", તે જ નરક-તિર્યંચ-મનુષ્ય-દેવોના ભવજન્મોમાં ચક્રની જેમ ફરી ફરી અનંતવાર પરિભ્રમણ કરતા વિવિધ પ્રકારના શારીરિક-માનસિક દુઃખોથી ચખાયેલ(=હેરાન કરાયેલ) તત્ત્વાર્થઅશ્રદ્ધા-અવિરતિ-પ્રમાદ-કષાયાદિથી દૂષિત મતિવાળા અને જ્ઞાનાવરણાદિના ઉદયથી પરાભવ પામેલા[1] જીવને સમ્યગ્દર્શન-વિરતિ-અપ્રમાદ-કષાયાભાવથી વિશુદ્ધ એવો બોધિદુર્લભ છે. અહીં વિભક્તિના પરિણામથી(=ફેરફારથી) સંબંધ જોડવો, અર્થાત્ जन्तोः दुर्लभः એવા પ્રયોગના સ્થાને जन्तुना दुर्लभः (જીવથી દુઃખથી મેળવી શકાય છે) એમ કરવું. બોધિ શબ્દથી અહીં ચારિત્ર જ વિવક્ષિત છે.

અથવા પાઠાંતર છે. (सम्यग्दर्शनादिबोधिर्दुर्लभो भवति એવો પાઠ છે.) સમ્યગ્દર્શનાદિ એ જ બોધિ છે. જેમાંથી સઘળા શંકાદિ દોષો દૂર થયા છે (અને એથી) જે સઘળા શંકાદિ દોષોથી રહિત છે તે સમ્યગ્દર્શનાદિ બોધિ દુઃખથી મેળવાય છે. આ પ્રમાણે બોધિના દુર્લભપણાને ચિંતવતા એવા તેને બોધિને પામીને પ્રમાદ ન થાય. આ પ્રમાણે બોધિદુર્લભત્વ અનુપ્રેક્ષા છે.

---

૧. વાક્યનો સંબંધ જળવાઈ રહે એ માટે ज्ञानावरणाद्युदयाभिभूतस्य એ પદનો ટીકાર્થ અનુવાદમાં લખ્યો નથી.

સ્વાખ્યાતધર્મભાવનાનું પ્રતિપાદન કરતા ભાષ્યકાર કહે છે–

'सम्यग्दर्शनद्वारः' ઇત્યાદિ તત્ત્વભૂત જીવાદિ પદાર્થોની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. તે દ્વાર=મુખ છે જે ધર્મનું તે સમ્યગ્દર્શનદ્વાર. સમ્યગ્દર્શનમાં સ્થિરતા થયા વિના મહાવ્રતાદિથી લાભ થતો નથી. સમ્યગ્દર્શન ધર્મના અનુષ્ઠાનના(આચરણના) પહેલા જ દ્વારરૂપ છે એમ (સમ્યગ્દર્શનદ્વાર એવા) વિશેષણથી જણાવે છે. સમ્યગ્દર્શન દ્વારા ધર્મમાં પ્રવેશ થાય છે. પાંચ મહાવ્રતો જેનું સાધન છે તે પંચમહાવ્રતસાધન. આનાથી સઘળા મૂલગુણ-ઉત્તરગુણોનું ગ્રહણ સમજવું.

આચારાંગથી દૃષ્ટિવાદ સુધી બાર અંગો અરિહંતપ્રણીત આગમ છે. તેનાથી ઉપદિષ્ટ છે તત્ત્વ જે ધર્મનું તે દ્વાદશાંગોપદિષ્ટતત્ત્વ. ધર્મ એટલે ચારિત્રધર્મ.

ગુપ્તિ-સમિતિઓથી પરિપાલન[1] વિશુદ્ધવ્યવસ્થાન છે જેનું તે ગુપ્ત્યાદિવિશુદ્ધવ્યવસ્થાન. પરિપાલન એટલે પરિરક્ષણ. વિશુદ્ધ એટલે નિર્મળ. વ્યવસ્થાન એટલે સ્વરૂપમાં રહેવું.

નરકાદિ ચાર સંસાર છે. તેનાથી નિર્વાહક એટલે પાર પમાડનાર.

મુક્તાવસ્થામાં ધર્મનો અભાવ થઈ જતો નથી એમ કહે છે- निःश्रेयसप्रापकः इति, નિશ્ચિત શ્રેય તે નિઃશ્રેયસ. સઘળા કર્મોથી રહિત જીવનું પોતાના આત્મામાં જ રહેવું એ નિઃશ્રેયસ કહેવાય છે. ધર્મ નિઃશ્રેયસને પમાડનાર છે, અર્થાત્ અન્યપર્યાયને ઉત્પન્ન કરનાર છે.

'परमर्षिः' इति યશ અને વૈભવાદિથી યુક્ત, સઘળા જ્ઞાનને પ્રાપ્ત કરનારા અને તીર્થંકરનામકર્મના ઉદયથી તીર્થના સ્થાપક ભગવાન પરમર્ષિ છે.

---

૧. ભાષ્યમાં સમિતિ શબ્દ અને પરિપાલન શબ્દ છે જ નહિ. મોટી ટીકા અને આ ટીકા એ બંનેમાં સમિતિ શબ્દ અને પરિપાલન શબ્દ ઉમેરાયો છે. ભાષ્યના પાઠ પ્રમાણે ગુપ્તિ આદિથી વિશુદ્ધ છે વ્યવસ્થાન જેનું એ ગુપ્ત્યાદિવિશુદ્ધવ્યવસ્થાન. આમ સમાસ વિગ્રહ સરળ રીતે થાય છે. આદિ શબ્દથી સમિતિઓનું ગ્રહણ કરી શકાય. ગુપ્તિ આદિથી એટલે ગુપ્તિ આદિના પરિપાલનથી. ગુપ્તિ આદિના પરિપાલનથી ચારિત્રધર્મ પોતાના સ્વરૂપમાં રહે છે.

અર્હત્ એટલે વંદન-પૂજાને યોગ્ય. તે ભગવાન અરિહંતથી અમોઘ[1] વચનથી ધર્મ સારો કહેવાયો છે. અહો શબ્દ આશ્ચર્યમાં છે. બીજા કોઈ વડે આવો ધર્મ કહેવાયો નથી. સારો એટલે ઉત્સર્ગ-અપવાદરૂપ. ધર્મ ઉત્સર્ગ-અપવાદરૂપ કહ્યો છે.

આ પ્રમાણે ધર્મસ્વાખ્યાતત્વનું ચિંતન કરતા એને માર્ગથી પતિત ન થવામાં અને માર્ગના આચરણમાં સ્થિરતા થાય છે.

માર્ગ એટલે રત્નત્રયરૂપ મુક્તિનો માર્ગ અથવા સ્વરૂપ, અર્થાત્ સ્વરૂપમાં રહેવું એ મુક્તિમાર્ગ છે. તે માર્ગથી પતન ન થવું તે અચ્યવન. તદ્ પદનો માર્ગની સાથે સંબંધ છે, અર્થાત્ તદ્ પદ માર્ગનું વિશેષણ છે. તે માર્ગનું અનુષ્ઠાન એટલે શ્રદ્ધા રાખવી. સ્વાધ્યાય કરવો એટલે ક્રિયાઓને આચરવી=કરવી. (અહીં શ્રદ્ધાથી સમ્યગ્દર્શનને, સ્વાધ્યાયથી જ્ઞાનને અને ક્રિયાઓથી ચારિત્રને જણાવ્યું છે.) પરમાર્થથી યથોક્ત ક્રિયાઓ કરવી તે જ 'માર્ગથી અપતન' છે. આ પ્રમાણે આ ધર્મસ્વાખ્યાતત્વ અનુચિંતન અનુપ્રેક્ષા છે. (૯-૭)

भाष्यावतरणिका– उक्ता अनुप्रेक्षाः । परीषहान्वक्ष्यामः ।

ભાષ્યાવતરણિકાર્થ– ભાવનાઓ કહી. પરિષહોને કહીશું.

टीकावतरणिका– उक्ता अनुप्रेक्षाः सोदाहरणाः, सम्प्रति परीषहान् वक्ष्याम इति प्रतिजानीते–

ટીકાવતરણિકાર્થ– ઉદાહરણોથી સહિત ભાવનાઓ કહી. હવે પરિષહોને કહીશું એવી પ્રતિજ્ઞા કરે છે–

પરિષહનો અર્થ અને હેતુ–

मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ॥९-८॥

સૂત્રાર્થ– મોક્ષમાર્ગથી પતન ન થાય એ માટે અને નિર્જરા માટે જે સહન કરવા યોગ્ય છે તે પરિષહો છે. (૯-૮)

૧. ભગવાનની દેશના ક્યારેય નિષ્ફળ ન જાય એથી અહીં 'અમોઘ વચનથી' એમ કહ્યું છે.

ભાષ્યં– सम्यग्दर्शनादेर्मोक्षमार्गादच्यवनार्थं कर्मनिर्जरार्थं च परिषोढव्याः परीषहा इति ॥૯-૮॥

ભાષ્યાર્થ– સમ્યગ્દર્શન વગેરે મોક્ષમાર્ગથી પતન ન થાય માટે અને કર્મોની નિર્જરા થાય માટે સહન કરવા યોગ્ય છે તે પરિષહો છે. (૯-૮)

ટીકા– अर्थशब्दः प्रत्येकमभिसम्बध्यते, मार्गाच्यवनार्थं निर्जरार्थं, परीषहसहने मार्गाच्यवनं प्रयोजनं, कदाचित् क्लिष्टचित्तः क्लीबत्वात् तत्सहनाप्रवृत्तः सन्मार्गात् प्रच्यवेतापि अतस्तत्सहनादरः, मार्गस्थस्य तु सम्यगधिसहमानस्य गिरेरिव निष्प्रकम्पचेतसो निराकुलिकध्यानस्य जायते कर्म्मनिर्जरा, एतदेवाह-सम्यग्दर्शनादेरित्यादि तत्त्वार्थश्रद्धानादि-लक्षणो मार्गो निर्वृतेरात्यन्तिक्याः तस्मान्मार्गान् मा प्रच्युतिर्भविष्यतीति सह्यन्ते परीषहाः, तथा ज्ञानावरणादिकर्म्मक्षपणार्थं परिषोढव्याः परीषहाः, सिद्धिप्राप्तिकारणसंवरविघ्नहेतवः परिषोढव्या परीषहा इति निर्वचनं, समन्तादापतन्तः क्षुत्पिपासादयो द्रव्यक्षेत्रकालभावापेक्षाः षोढव्याः सहितव्या परीषहाः भण्यन्ते परिसह्यन्त इति परीषहाः ॥૯-૮॥

ટીકાર્થ– અર્થશબ્દનો માર્ગાચ્યવનાર્થં નિર્જરાર્થં એમ પ્રત્યેકની સાથે સંબંધ છે. પરિષહોને સહવામાં માર્ગથી અપતન પ્રયોજન છે. ક્યારેક સંક્લિષ્ટચિત્તવાળો તે સત્ત્વહીન હોવાથી પરિષહોને સહન ન કરતો માર્ગથી પતિત પણ થાય. આથી પરિષહોને સહન કરવામાં આદર= પ્રયત્ન કરવો જોઈએ. માર્ગમાં રહેલા, પરિષહોને સમ્યક્ સહન કરતા, પર્વતની જેમ સ્થિર ચિત્તવાળા, વ્યાકુલતા રહિત ધ્યાનવાળાને કર્મનિર્જરા થાય છે. આને જ ભાષ્યકાર કહે છે.

सम्यग्दर्शनादेः इत्यादि आत्यंतिक(=નાશ ન પામે તેવા) મોક્ષનો તત્ત્વાર્થશ્રદ્ધાન આદિ માર્ગ છે. એ માર્ગથી પતન ન થાય એ માટે પરિષહો સહન કરવામાં આવે છે તથા જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો ક્ષય કરવા માટે પરિષહો સહન કરવા જોઈએ. સિદ્ધિ પ્રાપ્તિનું કારણ એવા સંવરમાં વિઘ્નના હેતુઓ છે અને તેથી જે સહન કરવા યોગ્ય છે તે

પરિષહો છે. આવો પરિષહશબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ છે. ચારે બાજુથી આવી પડતા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાવાળા ક્ષુધા-પિપાસા વગેરે સહન કરવા યોગ્ય છે તેથી પરિષહો કહેવાય છે. જે સહન કરાય તે પરિષહો. (૯-૮)

પરિષહો કેટલા છે, કયા નામવાળા છે અથવા કેવા સ્વરૂપવાળા છે તેને કહે છે–

भाष्यावतरणिका– तद्यथा–

ભાષ્યાવતરણિકાર્થ– તે આ પ્રમાણે–

टीकावतरणिका– कियन्तस्ते किं नामानः किंस्वरूपा वेत्याह-तद्यथेति सङ्ख्यादिनिरूपणोपक्रमणम् ।

टीકાવતરણિકાર્થ– તે આ પ્રમાણે એવું કથન સંખ્યાદિનું નિરૂપણ કરવા માટે પ્રારંભ છે=પ્રારંભ કરવા માટે છે.

પરિષહો–

क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्याशय्या-निषद्याक्रोशवधयाचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कार-पुरस्कारप्रज्ञाज्ञानादर्शनानि ॥९-९॥

સૂત્રાર્થ– ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચન, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન એમ (બાવીસ) પરિષહો છે. (૯-૯)

भाष्यं– क्षुत्परीषहः पिपासा शीतं उष्णं दंशमशकं नाग्न्यं अरतिः स्त्रीपरीषहः चर्यापरीषहः निषद्या शय्या आक्रोशः वधः याचनं अलाभः रोगः तृणस्पर्शः मलं सत्कारपुरस्कारः प्रज्ञाज्ञाने अदर्शनपरीषह इति । एते द्वाविंशतिर्धर्मविघ्नहेतवो यथोक्तं प्रयोजनमभिसन्धाय रागद्वेषौ निहत्य परीषहाः परिषोढव्या भवन्ति ।

पञ्चानामेव कर्मप्रकृतीनामुदयादेते परीषहाः प्रादुर्भवन्ति । तद्यथा । ज्ञानावरणवेदनीयदर्शनचारित्रमोहनीयान्तरायाणामिति ॥૯-૯॥

ભાષ્યાર્થ– ક્ષુધાપરિષહ, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, નાગ્ન્ય, અરતિ, સ્ત્રીપરિષહ, ચર્યાપરિષહ, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, સત્કાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન પરિષહ છે.

ધર્મમાં વિઘ્નનું કારણ એવા આ બાવીસ પરિષહો યથોક્ત પ્રયોજનને વિચારીને અને રાગ-દ્વેષને હણીને સહન કરવા યોગ્ય છે.

પાંચ જ કર્મપ્રકૃતિઓના ઉદયથી એ પરિષહો પ્રગટે છે. તે આ પ્રમાણે- જ્ઞાનાવરણ-વેદનીય-દર્શનમોહનીય-ચારિત્રમોહનીય-અંતરાયના ઉદયથી પરિષહો પ્રગટે છે. (૯-૯)

ટીકા– क्षुत्पिपासादयः परीषहा द्वाविंशतिः, नामतोऽपि क्षुदादिनामानः स्वरूपमपि च शब्दार्थेनावेदितमेव, सङ्ख्यादीनां त्रयाणामपि प्रदर्शनं करोति भाष्यकारः-क्षुत्परीषहः १ पिपासा २ शीतं ३ उष्णं ४ दंशमशकं ५ नाग्न्यं ६ अरतिः ७ स्त्रीपरीषहः ८ चर्यापरीषहः ९ निषद्या १० शय्या ११ आक्रोशः १२ वधः १३ याचनं १४ अलाभः १५ रोगः १६ तृणस्पर्शः १७ मलः १८ सत्कारपुरस्कारौ १९ प्रज्ञा २० ऽज्ञाने २१ अदर्शन २२ परीषह इति,

तत्र क्षुत्परीषहः क्षुद्वेदना मुदितां आगमविहितेन विधिना शमयतो-ऽनेषणीयं परिहरतः क्षुत्परीषहजयो भवति, अनेषणीयग्रहणे तु न विजितः स्यात् क्षुत्परीषहः १,

एवं पिपासापरीषहोऽपि, एषणीयभावे तु प्राणिदयावता समस्त-मनेषणीयं परिहरता शरीरस्थितिः कार्या २,

शीतपरीषहजयस्तु शीते पतति महत्यपि जीर्णवसनः परित्राणवर्जितो नाकल्प्यानि वासांसि गृह्णाति शीतत्राणाय, आगमविहितेन विधिना

एषणीयमेव कल्पादि गवेषयेत् परिभुञ्जीत वा, नोऽपि शीतार्त्तोऽग्निं ज्वालयेत्, अन्यज्वालितं वा नासेवेत, एवमनुतिष्ठता शीतपरीषहजयः कृतो भवति ३,

एवमुष्णतप्तोऽपि जलावगाहस्नानव्यजनवातान् वर्जयेद्, अभिधारयेत् छायादि वा, अत उष्णमापतितं सम्यक् सहते, नैवातपशीतोष्णत्रयाद् बीभेति ४,

दंशमशकादिभिर्दश्यमानोऽपि न ततः स्थानादपगच्छेत्, न च तदपनयनार्थं धूमादिना यतेत, न च व्यजनादिना निवारयेदित्येवं दंशमशकपरीषहजयः कृतः स्यात्, नान्यथेति ५ ।

नाग्न्यपरीषहस्तु न निरुपकरणतैव दिगम्बरभौतादिवत्, किं तर्हि ?, प्रवचनोक्तेन विधानेन नाग्न्यं, प्रवचने तु द्विविधः कल्पः-जिनकल्पः स्थविरकल्पश्च, तत्र स्थविरकल्पे परिनिष्पन्नः जिनकल्पी भवति, तत्र क्रमेण धर्मश्रवणसमनन्तरं प्रव्रज्याप्रतिपत्तिः, ततो द्वादश वर्षाणि सूत्रग्रहणं, पश्चाद्द्वादश वर्षाण्यर्थग्रहणं, ततो द्वादश देशदर्शनं, कुर्वन्नेव च देशदर्शनं निष्पादयति शिष्यान्, शिष्यनिष्पत्तेरनन्तरं प्रतिपद्यते-ऽभ्युद्यतविहारं, स च त्रिविधो-जिनकल्पः शुद्धिपरिहारः यथालन्दश्च, तत्र जिनकल्पप्रतिपत्तियोग्य एव जिनकल्पं प्रतिपत्तुकामः प्रथममेव तपःसत्त्वादिभावनाभिरात्मानं भावयति, भावितात्मा च द्विविधे एव परिकर्म्मणि प्रवर्त्तते, यदि पाणिपात्रलब्धिरस्ति ततस्तदनुरूपमेव परिकर्म चेष्टते, अथ पाणिपात्रलब्धिर्नास्ति ततः प्रतिग्रहधारित्वपरिकर्म्मणि प्रवर्त्तते, तत्र यः पाणिपात्रलब्धिसम्पन्नस्तस्योपधिरवश्यंतया रजोहरणं मुखवस्त्रिका च, कल्पग्रहणात् त्रिविधश्चतुर्विधः पञ्चविधो वा, प्रतिग्रहधारिणस्तु नवप्रकारोऽवश्यंतया, कल्पग्रहणाद् दशविध एकादशविधो द्वादशविधो वा उपधिरागमेऽभिहितः, एवंविधं नाग्न्यमिष्टं,

दशविधसामाचार्यां चेमाः पञ्च तेषां सामाचार्यः-आपृच्छना मिथ्या-दुष्कृतमावश्यकी निषीधिकी गृहस्थोपसम्पच्च, उपरितनी वा त्रिप्रकारा सामाचारी, आवश्यक्यादिका, श्रुतसम्पदपि तेषामाचारवस्तु नवमस्य पूर्वस्य जघन्यतः, तत्र हि कालः परिज्ञेयो न्यक्षेण उत्कृष्टेन दश पूर्वाणि भिन्नानि, न सम्पूर्णानि, वज्रर्षभनाराचसंहननाश्च ते वज्रकुड्यकल्पधृतयः, स्थितिरपि तेषां क्षेत्रादिकाऽनेकभेदा, क्षेत्रतस्तावत् जन्मना सद्भावेन च सर्वास्वेव कर्म्मभूमिषु, संहरणतः कदाचित् कर्म्मभूमावकर्म्मभूमौ वा, अवसर्पिण्यां कालतः तृतीयचतुर्थ्योः समयोः जन्म, त्रिचतुर्थपञ्चमीषु सद्भावः, चतुर्थ्यां लब्धजन्मा पञ्चम्यां प्रव्रजति, उत्सर्प्पिण्यां दुष्षमाद्यासु त्रिषु कालविभागेषु जन्म, द्वयोस्तु सद्भावः, सामायिकच्छेदोपस्थाप्य-योर्जिनकल्पप्रतिपत्तिः चरणयोः, एवं तीर्थपर्यायागमवेदादिकाऽपि स्थितिरुपयुज्यागमानुसारेण वाच्या, ननु च अचेलकादिर्दशविधः कल्पस्तत्राचेलक्यं स्फुटमेवोक्तं, तत्र मध्यमतीर्थकरतीर्थवर्त्तिनां सामा-यिकसंयतानां चतुर्विधः कल्पोऽवस्थितोऽवश्यंतया करणीयः, यथाह-

"शय्यातरपिण्डत्यागः कृतिकर्म्म च तथा व्रतादेशः ।
पुरुषज्येष्ठत्वं च हि चत्वारोऽवस्थिताः कल्पाः ॥१॥"

षड्विधश्चानवस्थितकल्पः, यथोक्तं-

"आचेलक्यौद्देशिकनृपपिण्डत्यागमासकल्पाश्च ।
वर्षाविधिः प्रतिक्रमणविधानं चानवस्थिताः कल्पाः ॥१॥"

आद्यचरमतीर्थङ्करतीर्थवर्त्तिनां तु दशविधोऽप्यवस्थितः कल्पः ।

"अस्य तु पुनर्भगवतस्तीर्थङ्करवर्द्धमानचन्द्रस्य ।
स्थित एवेष्टः कल्पः स्थानेषु दशस्वपि यथावत् ॥१॥"

किं पुनः कारणमेतदेवं तीर्थकृतां विषममुपदेशनं ?,

"आर्जवजडा अनार्जवजडाश्चेति वृषभवीरतीर्थकालभवाः ।
मनुजा यस्मात्तस्मात् कल्पः स्थित एव स प्रोक्तः ॥१॥"

सत्यमुक्तं, आचेलक्यमुक्तं तत्तु यथोक्तं तथा कर्त्तव्यं, तीर्थकृत्कल्प-स्तावदन्य एव, मतिश्रुतावधिज्ञानिनः प्रतिपन्नचारित्रास्तु चतुर्ज्ञानिन इति युक्तमेव तेषां पाणिपात्रभोजित्वम्, एकदेवदूष्यपरिग्रहाश्च, साधवस्तु तदुपदिष्टाचारानुष्ठायिनो जीर्णखण्डितासर्वतनुप्रावरणाः श्रुतोपदेशेन विद्यमानैवंविधवाससोऽपि अचेलका एव, यथा आपगोत्तरणे शाटकपरिवेष्टितशिराः पुरुषो नग्न उच्यते सवस्त्रकोऽपि, तथाऽत्र गुह्यप्रदेशस्थगनाय गृहीतचोलपट्टकोऽपि नग्न एवेति, योषित् काचित् परिजीर्णशाटिकापरिधाना तन्तुवायमाह-'नग्नाऽहं देहि मे शाटिका' इति, एवं साधवोऽप्यमहाधनमूल्यानि खण्डितानि जीर्णानि च बिभ्रतः श्रुतोपदेशाद्धर्म्मबुद्ध्या नाग्न्यभाज एवेति, चारित्रसूत्रे शुद्धपरिहारिकान् वक्ष्यामः, यथालन्दिकास्तु भण्यन्ते, लन्दमिति कालस्याख्या, तच्च पञ्चरात्रं, तेषां हि पञ्चको गच्छः, सामाचारी तु तेषां जिनकल्पिकैस्तुल्या सूत्रप्रमाणभिक्षाचर्याकल्पान् विहाय, तत्रापरिसमाप्तात्पसूत्रार्थास्तु गच्छप्रतिबद्धाः, तत्र केचिज्जिनकल्पिकाः यथालन्दिनः, तत्र जिनकल्पिका निष्प्रतिकर्मशरीराः समुत्पन्नरोगाश्चिकित्सायां न प्रवर्त्तन्ते, नेत्रमल्याद्यपि नापनयन्ति, स्थविरकल्पास्तूत्पन्नरोगं गच्छे प्रक्षिपति, गच्छोऽपि प्रासुकै-षणीयेन कर्म्म करोति भेषजादिना, स्थविरकल्पिकाश्चैकैकप्रतिग्रहधारिणः सप्रावरणाः, जिनकल्पिकानां तु वस्त्रपात्राणि भाज्यानि, एकत्र पञ्चरात्रचारिण एते, गणप्रमाणं जघन्यतस्त्रयो गणाः शतश उत्कृष्टः, भिक्षाचर्या तु तेषां पञ्च पञ्चैव, एकवीथौ चरन्तः पञ्चभिः षट्कैर्मासकल्पं प्रतिसमापयन्ति, स्थितास्थितकल्पयोः शुद्धयोरपि ते भवन्ति, एवमेते जिनकल्पिकादयो गच्छनिर्गताः, तत्र यद्येवंविधं नाग्न्यमिष्यते ततो नागमोपरोधः, अथ परिधानकपरित्यागमात्रं ततस्तदप्रमाणकं न मनांसि प्रीणयति जैनेन्द्रशासनानुसारिणामिति, स्थविरकल्पिकास्तु चतुर्दश-विधोपधय उत्सर्गापवादव्यवहारिणः औपग्राहिकोपधिधारिणश्च एवं

जिनकल्पादीनां गच्छवासिनां च पारमार्षप्रवचनानुसारिणां नाग्न्य-परीषहजयः सम्भवतीति नान्येषाम् ६,

अरतिरुत्पद्यते कदाचिद्विहरतस्तिष्ठतो वा, सूत्रोपदेशात् तत्रोत्पन्नारतिनापि सम्यग्धर्मारामरतिनैव भवितव्यं, एवमरतिपरीषहजयः ७,

स्यादिति, न स्त्रीणामङ्गप्रत्यङ्गसंस्थानहसितललितविभ्रमादिचेष्टाः चिन्तयेत् न जातुचिच्चक्षुरपि तासु निवेशयेत् मोक्षमार्गार्गलासु काम-बुद्ध्या, एवं स्त्रीपरीषहजयः कृतो भवति, ८,

वर्जिताऽलस्यः ग्रामनगरकुलादिष्वनियतवसतिनिर्ममत्वः प्रतिमासं चर्यामाचरेदित्येवं चर्यापरीषहजयः ९,

निषीदन्त्यस्यामिति निषद्या-स्थानं स्त्रीपशुपण्डकविवर्जितमिष्टा-निष्टोपसर्गजयिना तत्रानुद्विग्नेन निषद्यापरीषहजयः कार्यः १०,

शय्या-संस्तारकश्चम्पकादिपट्टो वा मृदुकठिनादिभेदेनोच्चावचः, प्रतिश्रयो वा पांशूत्करप्रचुरः शिशिरे बहुघर्म्मको वा तत्र नोद्विजेत कदाचनेति शय्यापरीषहजयः ११,

आक्रोशः अनिष्टवचनं तद् यदि सत्यं कः कोपः ? शिक्षयति हि मामयमुपकारी न पुनरेवं करिष्यामीति, असत्यं चेत् सुतरां कोपो न कर्त्तव्य इत्याक्रोशपरीषहजयः १२,

वधः-ताडनं पाणिपार्ष्णिलताकशादिभिस्तदपि शरीरकमवश्यंतया विध्वंसत एवेति मत्वा सम्यक् सहितव्यम्, अन्यदेवेदमात्मनः पुद्गल-संहतिरूपं, आत्मा पुनर्न शक्यत एव ध्वंसयितुमतः स्वकृतकर्मफल-मुपनतमिदं ममेति सम्यक् सहमानस्य वधपरीषहजयः १३,

याचनं-मार्गणं भिक्षोर्वस्त्रपात्रान्नपानप्रतिश्रयादेः परतो लब्धव्यं सर्व-मेव साधुना अतो याचनमवश्यमेव कार्यमित्येवं याञ्चापरीषहजयो विधेयः १४,

अलाभस्तु याचिते सति प्रत्याख्यानं विद्यमानमविद्यमानं वा न ददाति यस्य स्वं तत्, कदाचिद्वा दत्ते, अल्पं वा कदाचित् परः, कस्तत्रापरितोषो न यच्छति सति ? यथोक्तं-"बहुं परघरे अत्थी'त्यादि, अलाभे च प्रसन्नात्मनैव भवितव्यं अलाभपरीषहजयः १५,

रोगो-ज्वरातिसारकासश्वासादिस्तस्य प्रादुर्भावे सत्यपि न गच्छनिर्गता-श्चिकित्सायां प्रवर्त्तन्ते, गच्छवासिनस्त्वल्पबहुत्वालोचनया सम्यक् सहन्ते, प्रवचनोक्तेन वा विधिना प्रतिकारमाचरन्तीति रोगपरीषहजयः १६,

अशुषिरतृणस्य दर्भादेः परिभोगोऽनुज्ञातो गच्छनिर्गतानां, गच्छवासिनां च, तत्र येषां शयनमनुज्ञातं ? निशायां ते तान् दर्भान् भूमावास्तीर्य संस्तारकोत्तरपट्टकौ च दर्भाणामुपरि विधाय शेरते, चौरैरुपकरणापहृतो वा प्रतनुकसंस्तारकादिपट्टको वा अत्यन्तजीर्णत्वात्तृणाद्यपि तं परुष-कुशदर्भादितृणसंस्पर्शं सम्यगधिसहते यस्तस्य तृणपरीषहजयः १७,

रजः-परागमात्रं मलस्तु स्वेदवारिसम्पर्कात् कठिनीभूतो वपुषि स्थिरतामितो ग्रीष्मसम्पातजनितघर्म्मजलादार्द्रतां गतो दुर्गन्धिर्मंहान्त-मुद्वेगमापादयति, तदपनयनाय कदाचिदभिषेकाद्यभिलाषं न करोतीति मलपरीषहजयः १८,

सत्कारो-भक्तपानवस्त्रपात्रादिना परतो योगः पुरस्कारः-सद्भूतगुणो-त्कीर्त्तनं वन्दनाभ्युत्थानासनादिव्यवहारश्च, तत्रासत्कारितोऽपुरस्कारितो वा न द्वेषं यायात् न द्वेषयेच्च मनोविकारेणात्मानमिति सत्कार-पुरस्कारपरीषहजयः १९,

प्रज्ञायतेऽनयेति प्रज्ञा-बुद्ध्यतिशयः तस्मात्तत्प्राप्तौ न गर्वमुद्वहत इति प्रज्ञापरीषहजयः २०,

प्रज्ञाप्रतिपक्षेणाप्यबुद्धिकत्वेन परीषहो भवति, नाहं किञ्चिज्ज्ञाने मूर्खोऽहं सर्वपरिभूत इत्येवं परितापमुपागतस्य परीषहस्तदकरणात् कर्म्मविपाकोऽयमिति परीषहजयः,

ज्ञानं तु श्रुताख्यं चतुर्दश पूर्वाण्येकादशाङ्गानि समस्तश्रुतधरोऽहमिति गर्वमुद्वहते, तत्रागर्वकरणात् ज्ञानपरीषहजयः, ज्ञानप्रतिपक्षेणाप्यज्ञानेनागम-शून्यतया परीषहो भवति, ज्ञानावरणोदयात् क्षयोपशमोदयविजृम्भित-मेतदिति, स्वकृतकर्म्मफलपरिभोगादपैति तपोऽनुष्ठानेन वेत्येवमा-लोचयतो ज्ञानपरीषहजयो भवति २१,

अदर्शनपरीषहस्तु सर्वपापस्थानेभ्यो विरतः प्रकृष्टतपोऽनुष्ठायी निःसङ्गश्चाहं तथापि धर्म्माधर्म्मात्मदेवनारकादिभावान्नेक्षे अतो मृषा समस्तमेतदिति अदर्शनपरीषहः, तत्रैवमालोचयेद्-धर्म्माधर्म्मौ पुण्यपाप-फललक्षणौ यदि कर्म्मरूपौ पुद्गलात्मकौ ततस्तयोः कार्यदर्शनादनु-मानसमधिगम्यत्वं, अथ क्षमाक्रोधादी धर्म्माधर्म्मौ ततः स्वानुभव-त्वादात्मपरिणामरूपत्वात् प्रत्यक्षविरोधः, विज्ञानात्मकत्वादात्मनः न प्रलम्भो विद्यत एव, देवास्त्वत्यन्तरतसुखासक्तत्वान्मनुष्यलोके च कार्याभावाद् दुष्षमानुभावाच्च न दर्शनगोचरं प्रयान्ति, नारकास्तु तीव्रवेदनार्त्ताः पूर्वकृतकर्म्मोदयनिगडबन्धनवशीकृतत्वादस्वतन्त्राः कथमायान्तीत्येवमालोचयतः अदर्शनपरीषहजयो भवति २२ ।

इतिशब्द इयत्ताप्रदर्शनार्थः, एत इति क्षुदादयोऽदर्शनान्ताः प्रत्यक्षीकृताः द्वाविंशतिरिति, न न्यूनाः, नाधिकाः, क्षमादिदशलक्षणस्य धर्म्मस्य विघ्नहेतवः अन्तरायकारणभूताः । यथोक्तं संवराख्यं प्रयोजनमभि-समीक्ष्याभिसन्धाय संवरफलं चाभिसन्धाय मोक्षं रागद्वेषौ निहत्येति, केचिद्रागादुदयमासादयन्ति केचिद्द्वेषादित्यतः सर्व एवैते प्रादुःष्यन्ति, समापतिताः समन्तात् परिषोढव्या भवन्तीति ।

'पञ्चानामेव चे' त्यादिना सूत्रं सम्बध्नाति, पञ्चानामेव, न षण्णां, न चतसृणां, कर्म्मप्रकृतीनां उदयाद्विपाकाद् द्वाविंशतिः परीषहाः समुपजायन्ते, काः पुनस्ताः पञ्च कर्म्मप्रकृतय इति नामग्राहमाचष्टे-

ज्ञानावरणस्य वेद्यस्य मोहनीयस्य तथा मोहनीयं द्विप्रकारं-दर्शनमोहनीयं चारित्रमोहनीयं च, तथाऽन्तरायस्येत्येवमेतासु पञ्चसु प्रकृतिषु ॥९-९॥

ટીકાર્થ– ક્ષુધા-પિપાસા વગેરે બાવીસ પરિષહો છે. નામથી પણ ક્ષુધા વગેરે નામવાળા છે. સ્વરૂપ પણ શબ્દના અર્થથી જણાવ્યું જ છે. સંખ્યા વગેરે (સંખ્યા, નામ અને સ્વરૂપ એ) ત્રણેયને ભાષ્યકાર બતાવે છે–

(૧) **ક્ષુધા–** ક્ષુધાવેદના આદિથી ક્ષુધાપરિષહ થાય છે. આગમોક્ત વિધિથી ક્ષુધાને શમાવનારા અને અનેષણીયનો ત્યાગ કરતા મુનિને ક્ષુધાપરિષહનો જય થાય છે. અનેષણીય લેવામાં ક્ષુધાપરિષહ જિતાયેલો ન થાય.

(૨) **પિપાસા–** એ પ્રમાણે પિપાસાપરિષહ વિશે પણ જાણવું. એષણીય મળે તો પ્રાણીઓ પ્રત્યે દયાવાળા મુનિએ સર્વ અનેષણીયનો ત્યાગ કરીને શરીરનો નિર્વાહ કરવો જોઈએ.

(૩) **શીત–** ઘણી પણ ઠંડી પડતી હોય ત્યારે જીર્ણવસ્ત્રવાળા અને (એથી જ) રક્ષણ રહિત એવા મુનિ ઠંડીના રક્ષણ માટે અકલ્પ્ય વસ્ત્રોને ન લે. આગમવિહિતવિધિથી એષણીય જ વસ્ત્ર વગેરેની ગવેષણા કરે કે પરિભોગ કરે પણ ઠંડીથી પીડિત મુનિ અગ્નિને ન સળગાવે કે અન્યથી સળગાવાયેલા અગ્નિનું સેવન ન કરે. આ પ્રમાણે કરતા મુનિથી શીતપરિષહનો જય કરાયેલો થાય.

(૪) **ઉષ્ણ–** એ પ્રમાણે ગરમીથી તપેલો પણ મુનિ જળમાં ન પ્રવેશે, સ્નાન ન કરે, પંખાથી પવન ન નાખે અથવા છાયા આદિને ધારણ કરે. આનાથી (વર્જન અને ધારણથી) આવી પડેલી ગરમીને સમ્યક્ સહન કરે. તડકો, ઠંડી અને ગરમી એ ત્રણેયથી ગભરાય નહિ.

(૫) **દંશમશક–** દંશમશક (દંશ મારનારા મશક) આદિથી દંશાઈ રહ્યો હોવા છતાં તે સ્થાનથી ખસે નહિ અને દંશમશકને દૂર કરવા માટે ધૂમાડો વગેરે ન કરે, પંખા આદિથી દંશમશકને દૂર ન કરે. આ રીતે દંશમશકપરિષહનો જય કરાયેલો થાય, બીજી રીતે નહિ.

(૬) **નાગ્ન્ય**– દિગંબર અને ભૌત સાધુ આદિની જેમ ઉપકરણનો અભાવ જ નાગ્ન્ય નથી. તો નાગ્ન્ય શું છે ? શાસ્ત્રોક્ત વિધિથી નાગ્ન્ય છે. શાસ્ત્રમાં જિનકલ્પ અને સ્થવિરકલ્પ એમ બે પ્રકારનો કલ્પ છે. તેમાં સ્થવિરકલ્પમાં પરિપૂર્ણસિદ્ધ થયેલ જિનકલ્પી થાય છે. સ્થવિરકલ્પમાં ધર્મશ્રવણ પછી પ્રવ્રજ્યાનો સ્વીકાર થાય, પછી બાર વર્ષ સુધી સૂત્રોને ગ્રહણ કરે, પછી બાર વર્ષ સુધી અર્થને ગ્રહણ કરે, પછી બાર વર્ષ દેશદર્શન કરે, દેશદર્શનને કરતો જ શિષ્યોને મેળવે, શિષ્યોની પ્રાપ્તિ પછી અભ્યુદ્યત વિહારને સ્વીકારે. અભ્યુદ્યત વિહાર જિનકલ્પ, પરિહારવિશુદ્ધિ અને યથાલંદ એમ ત્રણ પ્રકારનો છે. તેમાં જિનકલ્પના સ્વીકારને યોગ્ય જ જિનકલ્પને સ્વીકારવાની ઇચ્છાવાળો સાધુ પહેલાં જ તપ અને સત્ત્વ આદિ ભાવનાઓથી પોતાને ભાવિત કરે. ભાવિત આત્મા બે પ્રકારના જ પરિકર્મમાં પ્રવર્તે છે. જો [૧]પાણિપાત્રની લબ્ધિ હોય તો તેને અનુરૂપ જ પરિકર્મ કરે. જો પાણિપાત્રની લબ્ધિ ન હોય તો પાત્રને ધારણ કરવાના પરિકર્મમાં પ્રવર્તે. તેમાં જે પાણિપાત્રલબ્ધિથી યુક્ત હોય તેને રજોહરણ અને મુહપત્તિ એ બે ઉપધિ અવશ્ય હોય. (પાણિપાત્રલબ્ધિસંપન્ન બે પ્રકારના હોય. વસ્ત્રધારી અને વસ્ત્રરહિત. તેમાં વસ્ત્રધારીને) વસ્ત્રગ્રહણને આશ્રયીને ત્રણ પ્રકારની, ચાર પ્રકારની કે પાંચ પ્રકારની ઉપધિ હોય. (જો એક કપડો રાખે તો ત્રણ પ્રકારની, બે કપડા રાખે તો ચાર પ્રકારની અને ત્રણ કપડા રાખે તો પાંચ પ્રકારની ઉપધિ હોય.) પાત્ર ધારણ કરનારને અવશ્ય [૨]નવ પ્રકારની ઉપધિ હોય. (હવે જો તે વસ્ત્રધારી હોય તો) વસ્ત્રગ્રહણને આશ્રયીને દશ પ્રકારની, અગિયાર પ્રકારની કે બાર પ્રકારની ઉપધિ આગમમાં કહી છે. (એક કપડો રાખે તો દશ પ્રકારની, બે કપડા રાખે તો અગિયાર પ્રકારની અને ત્રણ કપડા રાખે તો બાર પ્રકારની થાય.) આવા પ્રકારનું નાગ્ન્ય ઇષ્ટ છે.

---

૧. હાથમાં ગમે તેટલાં આહાર-પાણી લેવા છતાં બિંદુ માત્ર પણ નીચે ન પડે તેવી લબ્ધિ તે પાણિપાત્રલબ્ધિ છે.

૨. રજોહરણ, મુહપત્તિ, પાત્ર, પાત્રબંધન, પાત્રસ્થાપન, પુંજણી, પડલા, રજસ્ત્રાણ, ગુચ્છો.

દશ પ્રકારની સામાચારીમાં જિનકલ્પીને પાંચ સામાચારી હોય. તે પાંચ સામાચારી આ છે- આપૃચ્છના, મિથ્યાદુષ્કૃત, આવશ્યકી, નિષીધિકી અને ગૃહસ્થોપસંપદ્ અથવા ઉપરની આવશ્યકી વગેરે ત્રણ સામાચારી હોય.

તેમની શ્રુતસંપત્તિ પણ જઘન્યથી નવમા પૂર્વની આચારવસ્તુ સુધી હોય. આચારવસ્તુમાં કાળ જાણવા યોગ્ય છે, અર્થાત્ આચારવસ્તુને જે જાણે તે સૂત્રપાઠ આદિથી આટલા સૂત્રનો પાઠ થયો માટે આટલો કાળ થયો ઇત્યાદિ રીતે કાળને જાણી શકે છે. ઉત્કૃષ્ટથી કંઇક ન્યૂન દશ પૂર્વો હોય, પણ દશ પૂર્વો સંપૂર્ણ ન હોય.

વજ્રઋષભનારાચ સંહનનવાળા તે વજ્રની ભીંત સમાન ધૈર્યવાળા હોય. તેમની સ્થિતિ પણ ક્ષેત્ર વગેરેને આશ્રયીને અનેક પ્રકારની છે. ક્ષેત્રને આશ્રયીને જન્મથી અને સદ્ભાવથી સઘળી કર્મભૂમિઓમાં હોય, સંહરણના કારણે ક્યારેક કર્મભૂમિમાં કે અકર્મભૂમિમાં હોય. કાળને આશ્રયીને અવસર્પિણીમાં ત્રીજા-ચોથા આરામાં જન્મ અને ત્રીજા-ચોથા-પાંચમા આરામાં સદ્ભાવ હોય. ચોથા આરામાં જન્મેલો પાંચમા આરામાં દીક્ષા લે. ઉત્સર્પિણીમાં દુષ્ષમા વગેરે ત્રણ કાલ વિભાગોમાં જન્મ અને બેમાં સદ્ભાવ હોય. જિનકલ્પનો સ્વીકાર સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રમાં હોય.

આ પ્રમાણે તીર્થ, પર્યાય, આગમ અને વેદ આદિની પણ સ્થિતિ ઉપયોગ રાખીને આગમના અનુસારે કહેવી.

પૂર્વપક્ષ— અચેલક વગેરે દશ પ્રકારનો કલ્પ છે. તેમાં આચેલક્ય સ્પષ્ટ જ કહેવાયેલ છે. તેમાં મધ્યમ તીર્થંકરોના તીર્થમાં રહેલા સામાયિકચારિત્રી સાધુઓનો ચાર પ્રકારનો કલ્પ અવસ્થિત છે=અવશ્ય કરવા યોગ્ય છે. કહ્યું છે કે- "શય્યાતરપિંડનો ત્યાગ, વંદન, ચારવ્રતો અને પુરુષપ્રધાનતા એ ચાર કલ્પો અવસ્થિત છે." (૧) છ પ્રકારનો કલ્પ અનવસ્થિત છે. કહ્યું છે કે- આચેલક્ય, ઔદ્દેશિક, રાજપિંડત્યાગ, માસકલ્પ, ચાતુર્માસ અને

પ્રતિક્રમણ એ છ કલ્પો અનવસ્થિત છે. "પહેલા-છેલ્લા તીર્થંકરના તીર્થમાં રહેલા સાધુઓનો દશેય પ્રકારનો કલ્પ અવસ્થિત છે." આ ભગવાન તીર્થંકર વર્ધમાનરૂપ ચંદ્રનો દશેય સ્થાનોમાં યથાવત્ સ્થિત જ કલ્પ ઇષ્ટ છે."

પ્રશ્ન– આ પ્રમાણે તીર્થંકરોના વિષમ ઉપદેશમાં શું કારણ છે ?

ઉત્તર– ઋષભ તીર્થંકરના કાળમાં મનુષ્યો સરળ અને જડ હોય છે અને વીર તીર્થંકરના કાળમાં મનુષ્યો વક્ર અને જડ હોય છે. આ કારણે સ્થિત જ કલ્પ કહ્યો છે.

તમોએ સાચું કહ્યું છે, આચેલક્ય જે રીતે કહ્યું છે તે રીતે કરવું જોઇએ. તીર્થંકરોનો કલ્પ ભિન્ન જ છે. તીર્થંકરો મતિ-શ્રુત-અવધિજ્ઞાનવાળા હોય છે અને સ્વીકૃતચારિત્રવાળા તીર્થંકરો ચાર જ્ઞાનવાળા હોય છે. તેથી તીર્થંકરો હાથરૂપ પાત્રમાં ભોજન કરે તે યુક્ત જ છે. તીર્થંકરો એક દેવદૂષ્યને ધારણ કરનારા હોય છે તેમણે ઉપદેશેલા આચારોને કરનારા સાધુઓ તો જીર્ણ અને ખંડિત વસ્ત્રોને ધારણ કરનારા હોય છે, અને એથી સંપૂર્ણ શરીરમાં વસ્ત્રવાળા હોય તેવા નથી. શાસ્ત્રના ઉપદેશથી આવા પ્રકારના વસ્ત્રોવાળા હોવા છતાં અચેલક જ છે. જેમકે નદીને ઉતરતી વખતે જેનું મસ્તક વસ્ત્રથી વીંટળાયેલું છે તે પુરુષ વસ્ત્રસહિત હોવા છતાં નગ્ન કહેવાય છે. તે રીતે પ્રસ્તુતમાં ગુહ્યપ્રદેશને ઢાંકવા માટે ચોલપટ્ટાનું ગ્રહણ કર્યું હોવા છતાં નગ્ન જ છે. જીર્ણવસ્ત્રો પહેર્યા છે એવી કોઇ સ્ત્રી વણકરને કહે છે કે હું નગ્ન છું, મને વસ્ત્રો આપ. આ પ્રમાણે શાસ્ત્રના ઉપદેશથી અને ધર્મબુદ્ધિથી(=વસ્ત્રો હોય તો શરીર ટકે અને ધર્મ થાય એવી બુદ્ધિથી) અલ્પમૂલ્યવાળા, ખંડિત અને જીર્ણવસ્ત્રોને ધારણ કરનારા સાધુઓ પણ નાગ્ન્યને ધારણ કરનારા જ છે.

શુદ્ધપરિહારિકોને ચારિત્રના (અ.૯ સૂ.૧૮) સૂત્રમાં કહીશું.

યથાલન્દિકો કહેવાય છે- લંદ એ કાળની સંજ્ઞા છે. તે પાંચ અહોરાત્રિ પ્રમાણ છે. તેમનો પાંચનો ગચ્છ હોય છે. તેમની સામાચારી તો સૂત્રપ્રમાણ, ભિક્ષાચર્યા અને માસકલ્પ સિવાય જિનકલ્પિકોની સમાન

છે. જેમના સૂત્ર અને અર્થો પૂર્ણ નથી થયા અને એના કારણે ન્યૂન સૂત્રાર્થવાળા[૧] હોય તે ગચ્છપ્રતિબદ્ધ હોય. તેમાં કેટલાક યથાલંદિકો[૨] જિનકલ્પિક હોય છે. તેમાં જિનકલ્પિક યથાલંદિકો શરીરના પ્રતિકર્મથી રહિત હોય છે. રોગ ઉત્પન્ન થવા છતાં ચિકિત્સા ન કરાવે. ચક્ષુમળ વગેરેને પણ દૂર ન કરે. સ્થવિરકલ્પિક યથાલંદિકો જેને રોગ ઉત્પન્ન થયો હોય તેને ગચ્છમાં મૂકે. ગચ્છ પણ પ્રાસુક-એષણીય ઔષધ આદિથી ચિકિત્સાકર્મ કરે. સ્થવિરકલ્પિકો એક એક પાત્રને ધારણ કરે અને વસ્ત્રસહિત હોય છે. જિનકલ્પિકોને વસ્ત્ર-પાત્રોમાં વિકલ્પ હોય. એક સ્થળે પાંચ અહોરાત્ર રહેનારા હોય. ગણનું પ્રમાણ (એક ગણમાં પાંચ પુરુષો હોય. આવા ગણો) જઘન્યથી ત્રણ ગણો અને ઉત્કૃષ્ટથી સેંકડો (શતપૃથક્ત્વ) ગણો હોય.

ભિક્ષાચર્યા– (પેટા, અર્ધપેટા, અંતરશંબૂકા, બાહ્યશંબૂકા, પતંગવીથિ અને ગોમૂત્રિકા એ છ શેરીઓની કલ્પના કરીને) એક એક શેરીમાં પાંચ પાંચ દિવસ ભિક્ષા માટે ફરે. આ રીતે છ શેરીઓમાં ફરતા માસકલ્પ પૂર્ણ થાય.

શુદ્ધ સ્થિતકલ્પ અને અસ્થિતકલ્પ એ બંનેમાં યથાલંદિકો હોય.

આ પ્રમાણે જિનકલ્પિકો વગેરે ગચ્છનિર્ગત(=ગચ્છથી અલગ રહેનારા) હોય. તેમાં જો આવા પ્રકારનું નાગ્ન્ય અભિપ્રેત હોય તો આગમની સાથે વિરોધ નથી. હવે જો વસ્ત્રમાત્રનો ત્યાગ એવું નાગ્ન્ય અભિપ્રેત હોય તો એ નાગ્ન્ય અપ્રમાણ છે અને જિનશાસનને અનુસરનારાઓના મનને ખુશ કરતું નથી.

સ્થવિરકલ્પિકો તો ચૌદ પ્રકારની ઉપધિવાળા, ઉત્સર્ગ-અપવાદથી વ્યવહાર કરનારા અને ઔપગ્રહિક ઉપધિને ધારણ કરનારા હોય છે.

૧. ન્યૂન સૂત્રાર્થવાળા યથાલંદિકો ગચ્છપ્રતિબદ્ધ હોય. ન્યૂન સૂત્રાર્થવાળા પૂર્ણ સૂત્રાર્થવાળા બને તે અંગેનો વિધિ બૃહત્કલ્પ, પ્રવચનસારોદ્ધાર અને ધર્મસંગ્રહ વગેરે ગ્રંથોમાં જણાવ્યો છે.

૨. યથાલંદિકોના જિન અને સ્થવિર એમ બે પ્રકારો છે. તેમાં જેઓ યથાલંદિક પૂર્ણ થયા પછી જિનકલ્પને સ્વીકારે તે જિન અને ગચ્છનો આશ્રય લે તે સ્થવિરો જાણવા.

આ પ્રમાણે જિનકલ્પિક વગેરેને અને પરમર્ષિઓના પ્રવચનને અનુસરનારા ગચ્છવાસીઓને નાગ્ન્યપરિષહનો જય સંભવે છે, અન્યોને નહિ.

(૭) **અરતિ–** વિહાર કરતા કે સ્થાને રહેતા સાધુને ક્યારેક અરતિ ઉત્પન્ન થાય. જેને અરતિ ઉત્પન્ન થઈ હોય તેણે પણ સૂત્રના ઉપદેશને અનુસરીને(=યાદ કરીને) સમ્યગ્ધર્મરૂપ બગીચામાં રતિવાળા થવું જોઈએ. એ રીતે અરતિપરિષહનો જય થાય.

(૮) **સ્ત્રી–** સ્ત્રીના અંગોપાંગ-આકાર-હાસ્ય-શૃંગારિક-ચેષ્ટા-શોભા વગેરેની ચેષ્ટાઓને ન ચિંતવે. મોક્ષમાર્ગમાં આગળિયા સમાન સ્ત્રીઓની ઉપર કામબુદ્ધિથી ક્યારેય આંખ પણ ન સ્થાપે. આ પ્રમાણે સ્ત્રીપરિષહનો જય કરાયેલો થાય.

(૯) **ચર્યા–** આળસ છોડીને ગામ-નગર-કુલ આદિ વિષે અનિયતવાસ અને મમતાથી રહિત બનીને પ્રતિમાસ ચર્યાને આચરે=માસકલ્પ પ્રમાણે વિહાર કરે. આ પ્રમાણે ચર્યાપરિષહનો જય થાય.

(૧૦) **નિષદ્યા–** જેમાં બેસે તે નિષદ્યા=સ્થાન (ઉપાશ્રયાદિ). સ્થાન સ્ત્રી-પશુ-નપુંસકથી રહિત હોય ઈષ્ટ-અનિષ્ટ ઉપસર્ગને જીતનારાએ તેમાં ઉદ્વિગ્ન બન્યા વિના નિષદ્યાપરિષહનો જય કરવો જોઈએ.

(૧૧) **શય્યા–** શય્યા એટલે સંથારો કે ચંપકવૃક્ષાદિનું પાટિયું. તે કોમળ-કર્કશ વગેરે ભેદથી અનેક પ્રકારનું હોય અથવા શય્યા એટલે ઉપાશ્રય. ઉપાશ્રય ઘણી ધૂળવાળો, ઠંડો કે ઘણી ગરમીવાળો હોય. તેમાં ક્યારેય ઉદ્વેગ ન કરે તે ચર્યાપરિષહનો જય છે.

(૧૨) **આક્રોશ–** આક્રોશ એટલે અનિષ્ટવચન. અનિષ્ટવચન જો સત્ય છે તો શો કોપ કરવો ? આ મને શિખામણ આપે છે (એથી) ઉપકારી છે. ફરી આવું નહિ કરું. અનિષ્ટ વચન જો અસત્ય છે તો તદ્દન કોપ ન કરવો જોઈએ. આ પ્રમાણે આક્રોશપરિષહનો જય છે.

(૧૩) **વધ–** વધ એટલે હાથ-પેની-દોરી-ચાબુક વગેરેથી મારવું. તે પણ શરીર અવશ્ય નાશ પામે છે એમ માનીને(=વિચારીને) સમ્યક્

સહન કરવું જોઈએ. પુદ્ગલના સમૂહરૂપ આ શરીર આત્માથી ભિન્ન છે. આત્માને મારવાનું અશક્ય જ છે. આ પોતે કરેલા કર્મનું ફળ મને પ્રાપ્ત થયું છે. આ પ્રમાણે સમ્યક્ સહન કરનારને વધપરિષહનો જય થાય છે.

(૧૪) **યાચન–** યાચન એટલે સાધુની વસ્ત્ર-પાત્ર-અન્ન-પાન-ઉપાશ્રય આદિની માગણી. સાધુએ સઘળું ય બીજાની પાસેથી મેળવવાનું હોય છે. આથી યાચના અવશ્ય કરવી જોઈએ. આ પ્રમાણે યાચનાપરિષહને જીતવો જોઈએ.

(૧૫) **અલાભ–** અલાભ એટલે માગણી કર્યે છતે નિષેધ કરવો. માગણી કર્યે છતે જે વસ્તુની માગણી કરી હોય તે વસ્તુ જે માનવની પોતાની હોય તે માનવ વિદ્યમાન કે અવિદ્યમાન તે વસ્તુ ન આપે અથવા ક્યારેક આપે અથવા ક્યારેક અલ્પ આપે, તેમાં ન આપે ત્યારે અપરિતોષ શો કરવો ? અર્થાત્ નારાજ ન થવું. કહ્યું છે કે- "ગૃહસ્થના ઘરે વિવિધ (અશન, પાન ઉપરાંત) ખાદિમ, સ્વાદિમ બહુ હોય છતાં ન આપે તો (તત્થ=)તે ગૃહસ્થ ઉપર પંડિત સાધુ કોપ ન કરે. (એમ વિચારે કે) ગૃહસ્થ પોતાની ઇચ્છા હોય તો આપે, ઇચ્છા ન હોય તો ન આપે." (દશ વૈ. અ.૫ ઉ.૨ ગા.૧૮૭) લાભ ન થાય ત્યારે પ્રસન્ન જ રહેવું જોઈએ. (આમ કરવાથી) અલાભપરિષહનો જય થાય.

(૧૬) **રોગ–** તાવ, ઝાડા, ખાંસી, શ્વાસ વગેરે રોગ છે. રોગ પ્રગટ થાય ત્યારે ગચ્છનિર્ગત સાધુઓ ચિકિત્સામાં પ્રવર્તતા નથી. ગચ્છવાસી સાધુઓ તો અલ્પ-બહુત્વની વિચારણાથી સમ્યક્ સહન કરે છે અથવા શાસ્ત્રોક્ત વિધિથી પ્રતિકાર કરે છે. આ પ્રમાણે રોગપરિષહ જય છે.

(૧૭) **તૃણસ્પર્શ–** પોલાણ રહિત દર્ભ વગેરે (પ્રકારના) તૃણના પરિભોગની ગચ્છનિર્ગત અને ગચ્છવાસી સાધુઓને અનુજ્ઞા છે. જેમને સૂવાની અનુજ્ઞા છે તે સાધુઓ રાતે ભૂમિ ઉપર ઘાસને પાથરીને તેની ઉપર સંથારો-ઉત્તરપટ્ટો પાથરીને સુવે અથવા ચોરોએ ઉપકરણો લઇ લીધા હોય ત્યારે અથવા અત્યંત જીર્ણ થવાના કારણે સંથારો વગેરે

પાથરવાનું વસ્ત્ર પાતળું હોય ત્યારે તૃણાદિના પણ ઉપભોગની અનુજ્ઞા છે. કઠોર, કુશ અને દર્ભાદિ તૃણના તે સ્પર્શને જે સમ્યક્ સહન કરે તેને તૃણપરિષહનો જય થાય છે.

(૧૮) **મલ–** રજ એટલે માત્ર ધૂળ. મલ (મેલ) તો પરસેવાના પાણીના સંબંધથી કઠિન થયેલો અને શરીરમાં જામી ગયેલો હોય છે. ઉનાળાના આગમનથી ઉત્પન્ન કરાયેલા ઘામના પાણીથી ભીનો થયેલો અને દુર્ગંધી તે મેલ ઘણા ઉદ્વેગને પમાડે છે. તેને દૂર કરવા માટે ક્યારેય સ્નાન (કે જલ સિંચન) આદિની ઇચ્છા ન કરે. આ પ્રમાણે મલપરિષહ જય છે.

(૧૯) **સત્કાર-પુરસ્કાર–** ભક્ત-પાન-વસ્ત્ર-પાત્ર આદિથી(=આદિના પ્રદાનથી) પરથી થતો યોગ પુરસ્કાર છે. સદ્ગુણોનું કીર્તન અને વંદન, અભ્યુત્થાન અને આસનપ્રદાન આદિ વ્યવહાર પુરસ્કાર છે. તેમાં કોઇ સત્કાર ન કરે કે પુરસ્કાર ન કરે તો દ્વેષ ન પામે. માનસિક વિકારથી આત્માને દૂષિત ન કરે. આ પ્રમાણે સત્કાર-પુરસ્કારપરિષહ જય છે.

(૨૦) **પ્રજ્ઞા–** જેનાથી પ્રકૃષ્ટ જાણી શકાય તે પ્રજ્ઞા. પ્રજ્ઞા=અતિશય બુદ્ધિ. તેનાથી કે તેની પ્રાપ્તિમાં ગર્વને ધારણ ન કરે. એ પ્રમાણે પ્રજ્ઞાપરિષહનો જય થાય.

(૨૧) **અજ્ઞાન–** બુદ્ધિનો અભાવ હોવાથી પ્રજ્ઞાથી વિરુદ્ધ અજ્ઞાનથી પણ પરિષહ થાય. હું કંઇ જાણતો નથી, મૂર્ખ છું. સર્વથી પરાભવ પામેલો છું. આ પ્રમાણે પરિતાપને પામેલાને અજ્ઞાનપરિષહ થાય. પરિતાપને ન કરવાથી, આ કર્મવિપાક છે એમ વિચારવાથી પરિષહ જય થાય.

જ્ઞાન એટલે શ્રુતજ્ઞાન. ચૌદ પૂર્વ અને અગિયાર અંગો શ્રુત છે. હું સંપૂર્ણ શ્રુતધર છું એમ ગર્વ ન કરે તેમાં ગર્વ ન કરવાથી જ્ઞાનપરિષહનો જય થાય. જ્ઞાનથી વિરુદ્ધ અજ્ઞાનથી પણ જ્ઞાનનો અભાવ હોવાના કારણે પરિષહ થાય. જ્ઞાનાવરણીયના ઉદયથી ક્ષયોપશમ અને ઉદયનો આ વિલાસ(=રમત) છે. સ્વકૃતકર્મફળને ભોગવી લેવાથી કે તપ કરવાથી અજ્ઞાન દૂર થાય એમ વિચારનારને અજ્ઞાનપરિષહનો જય થાય છે.

(૨૨) **અદર્શન–** હું સર્વ પાપસ્થાનોથી વિરામ પામ્યો છું, ઉત્કૃષ્ટ તપને કરનારો છું. આસક્તિથી રહિત છું તો પણ ધર્મ-અધર્મ-આત્મા-દેવ-નારકાદિ ભાવોને(=પદાર્થોને) જોતો નથી. આથી આ બધું ખોટું છે એવો ભાવ એ અદર્શનપરિષહ છે. તેમાં આ પ્રમાણે વિચારે- જો પુણ્ય અને પાપરૂપ ફળવાળા ધર્મ અને અધર્મ કર્મરૂપ અને પુદ્ગલરૂપ છે એવો અર્થ કરવામાં આવે તો તે બેનું કાર્ય જોવાથી તે બે અનુમાનથી જાણી શકાય છે. હવે જો ક્ષમા-ક્રોધાદિ ધર્મ-અધર્મ છે એવો અર્થ કરવામાં આવે તો સ્વાનુભવ થતો હોવાથી અને આત્મપરિણામરૂપ હોવાથી ધર્મ-અધર્મ નથી એમ માનવામાં પ્રત્યક્ષથી વિરોધ છે. આત્મા વિજ્ઞાનસ્વરૂપ હોવાથી છેતરામણી નથી, આત્મા છે જ. દેવો તો મૈથુનસુખમાં આસક્ત હોવાથી, મનુષ્યલોકમાં તેમનું કોઇ કાર્ય ન હોવાથી અને દુષ્ષમાકાળના (પાંચમા આરાના) પ્રભાવથી જોવામાં આવતા નથી. તીવ્ર વેદનાથી આર્ત નારકો તો પૂર્વકૃત કર્મના ઉદયરૂપ બેડીના બંધનથી પરવશ કરાયેલા હોવાથી પરતંત્ર બનેલા કેવી રીતે આવે ? આ પ્રમાણે વિચારનારને અદર્શનપરિષહનો જય થાય.

इति શબ્દ પરિમાણ બતાવવા માટે છે–

एते=ક્ષુધાથી પ્રારંભી અદર્શન સુધીના પ્રત્યક્ષ કરાયેલા.

'द्वाविंशतिः' इति બાવીસ જ છે, ન્યૂન નથી અને અધિક પણ નથી.

'धर्मस्य विघ्नहेतवः' (પરિષહો) ક્ષમાદિ રૂપ દશ ધર્મના અંતરાયમાં કારણરૂપ છે. સંવર નામના યથોક્ત પ્રયોજનને વિચારીને અને મોક્ષરૂપ સંવરફળને વિચારીને તથા રાગ-દ્વેષને હણીને પરિષહો સહન કરવા યોગ્ય છે.

કોઇક પરિષહો રાગના કારણે ઉદયને પામે છે અને કોઇક પરિષહો દ્વેષના કારણે ઉદયને પામે છે. આથી પ્રગટ થતા અને ચારે બાજુથી આવી પડેલા આ બધાય પરિષહો સહન કરવા યોગ્ય છે.

पञ्चानामेव ઇત્યાદિથી સૂત્રના સંબંધને જોડે છે–

છ નહિ, ચાર નહિ, પાંચ જ કર્મ પ્રકૃતિઓના ઉદયથી=વિપાકથી બાવીસ પરિષહો ઉત્પન્ન થાય છે. તે પાંચ પ્રકૃતિઓ કઈ છે એમ નામ લઈને કહે છે- જ્ઞાનાવરણ, વેદનીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને અંતરાય એમ આ પાંચ પ્રકૃતિઓ છે. (૯-૯)

ટીકાવતરણિકા– गुणस्थानेषु के क्वेत्याह–

ટીકાવતરણિકાર્થ– તેમાં કયો પરિષહ કયા ગુણસ્થાનોમાં હોય એમ કહે છે–

પરિષહોની ગુણસ્થાનકોમાં વિચારણા–

सूक्ष्मसम्परायच्छद्मस्थवीतरागयोश्चतुर्दश ॥९-१०॥

સૂત્રાર્થ– સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગમાં ચૌદ પરિષહો સંભવે છે. (૯-૧૦)

ભાષ્યં– सूक्ष्मसम्परायसंयते छद्मस्थवीतरागसंयते च चतुर्दश परीषहा भवन्ति । क्षुत्पिपासाशीतोष्णदंशमशकचर्याप्रज्ञाज्ञानालाभशय्यावध-रोगतृणस्पर्शमलानि ॥९-१०॥

ભાષ્યાર્થ– સૂક્ષ્મસંપરાયસંયતમાં અને છદ્મસ્થવીતરાગસંયતમાં ચૌદ પરિષહો સંભવે છે. (તે આ પ્રમાણે-) ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, પ્રજ્ઞા, અજ્ઞાન, અલાભ, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ. (૯-૧૦)

ટીકા– सूक्ष्मेत्यादि स्वामिविशेषावधारणं चतुर्दशानां परीषहाणां, सम्परायः-कषायो लोभाख्यस्तस्य बादराणि खण्डानि परिशाटितानि नवमे गुणस्थाने, दशमे सूक्ष्मलोभपरमाणवो विद्यन्तेऽतः सूक्ष्मः सम्परायो यस्यासौ सूक्ष्मसम्परायः शमकः क्षपको वा संयतो मूलोत्तरगुणप्रतिपन्नस्तस्मिन् सूक्ष्मसम्परायसंयतेऽमी चतुर्दशपरीषहाः सम्भवन्ति उदयमासादयन्तीतियावत् छद्म-आवरणं तत्र स्थितः छद्मस्थः-सावरणज्ञान इति, वीतो-गतो रागः सकलमोहोपशमात् समस्तमोह-क्षयाच्च, यस्य क्रमेणैकादशद्वादशगुणस्थानवर्तिनौ संयतौ परिगृह्येते,

छद्मस्थवीतरागसामान्याच्चैकवचनं, सूक्ष्मसम्परायश्च छद्मस्थवीतरागश्चेति द्वन्द्वः, तयोश्चतुर्दशैते भाष्यपरिपठिताः परीषहाः क्षुदादयो मलावसानाः ॥९-१०॥

ટીકાર્થ– 'सूक्ष्म' ઇત્યાદિ ચૌદ પરિષહોના સ્વામીવિશેષનું અવધારણ કર્યું છે. સંપરાય એટલે લોભ નામનો કષાય. સંપરાયના ખંડોનો નવમા ગુણસ્થાને ક્ષય થઇ ગયો છે. દશમા ગુણસ્થાનકે સૂક્ષ્મ લોભના પરમાણુઓ વિદ્યમાન છે. આથી સૂક્ષ્મ સંપરાય જેને છે તે સૂક્ષ્મ સંપરાય. તે શમક કે ક્ષપક હોય. સંયત એટલે મૂલગુણ-ઉત્તરગુણોથી યુક્ત. સૂક્ષ્મસંપરાયસંયતમાં આ ચૌદ પરિષહો સંભવે છે=ઉદયને પામે છે.

છદ્મ એટલે આવરણ. તેમાં જે રહેલો હોય તે છદ્મસ્થ, અર્થાત્ આવરણ સહિત જ્ઞાનવાળો. જેનો રાગ સઘળા મોહના ઉપશમથી કે ક્ષયથી જતો રહ્યો છે તે વીતરાગ. ક્રમથી અગિયારમે અને બારમે ગુણસ્થાને રહેલા સંયતો ગ્રહણ કરવામાં આવે છે.

પ્રશ્ન– છદ્મસ્થવીતરાગ ઉપશાંતમોહ અને ક્ષીણમોહ એમ બે પ્રકારના છે. તેથી છદ્મસ્થવીતરાગસંયતે એમ એકવચનનો પ્રયોગ કેમ કર્યો ?

ઉત્તર– તે બંનેમાં છદ્મસ્થવીતરાગતાની સમાનતા હોવાથી તે બંનેને એક ગણીને એકવચનનો પ્રયોગ કર્યો છે. સૂત્રમાં સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગ એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ છે. તે બેને ભાષ્યમાં કહેલા ક્ષુધાથી આરંભી મલ સુધીના ચૌદ પરિષહો હોય છે. (૯-૧૦)

ટીકાવતરણિકા– भवस्थस्य केवलिनः शेषकर्म्मकारणाभावाद्वेदनीयसम्भवाच्च तदाश्रया एव परीषहा भवन्तीत्याह–

ટીકાવતરણિકાર્થ– ભવસ્થકેવળીને[1] શેષકર્મરૂપ કારણ ન હોવાથી અને વેદનીય હોવાથી વેદનીયના જ આશ્રયવાળા પરિષહો થાય છે એમ કહે છે–

૧. અહીં ભાવાર્થ આ છે- પાંચ કર્મોના ઉદયથી પરિષહો સંભવે છે એમ નવમા સૂત્રના ભાષ્યમાં જણાવ્યું છે. ભવસ્થકેવળીને તેમાંથી ચાર કર્મોનો ક્ષય થઇ ગયો છે. આથી શેષ કર્મરૂપ કારણોનો અભાવ છે. અહીં શેષ એટલે વેદનીય સિવાયના.

સયોગી કેવળીમાં પરિષહોની વિચારણા–

एकादश जिने ॥९-११॥

સૂત્રાર્થ– જિનમાં અગિયાર પરિષહો સંભવે છે. (૯-૧૧)

भाष्यं– एकादश परीषहाः सम्भवन्ति जिने वेदनीयाश्रयाः । तद्यथा- क्षुत्पिपासाशीतोष्णदंशमशकचर्याशय्यावधरोगतृणस्पर्शमलपरीषहाः ॥९-११॥

ભાષ્યાર્થ– જિનમાં વેદનીયના આશ્રયવાળા અગિયાર પરિષહો સંભવે છે. તે આ પ્રમાણે- ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ. (૯-૧૧)

टीका– एकादशैव परीषहाः । पूर्वोक्तचतुर्दशमध्यादपनीय अमून् प्रज्ञाज्ञानालाभाख्यांस्त्रीन् एकादश शेषा भवन्ति वेदनीयकर्म्माश्रयाः, जितेषु मोहपुरःसरेषु ज्ञानदर्शनावरणान्तरायेषु क्षयमात्यन्तिकमुपगतेषु, घातिकर्म्मसूत्पन्नसकलज्ञेयग्राहिनिरावरणज्ञानो जिनः केवलीतियावत्, तत्रान्त्योपान्त्ययोर्गुणस्थानयोर्जिनत्वं तत्र सम्भवः ॥९-११॥

टीकार्थ– જિનમાં અગિયાર જ પરિષહો છે-સંભવે છે. પૂર્વોક્ત ચૌદ પરિષહોમાંથી પ્રજ્ઞા, અજ્ઞાન અને અલાભ એ ત્રણ પરિષહને બાદ કરીને બાકીના વેદનીયકર્મના આશ્રયવાળા અગિયાર પરિષહો સંભવે છે. મોહથી યુક્ત (અથવા મોહ જેમનો અગ્રેસર છે તેવા) જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ઘાતીકર્મોનો આત્યંતિક ક્ષય થઈ ગયે છતે જેને સકળ જ્ઞેયોને ગ્રહણ કરનારું નિરાવરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે તે જિન છે, અર્થાત્ કેવળી છે. તેમાં અંત્ય(=ચૌદમા) અને ઉપાંત્ય(=૧૩મા) ગુણસ્થાનોમાં જિનપણું છે તેમાં ઉક્ત પરિષહોનો સંભવ છે. (૯-૧૧)

टीकावतरणिका– सर्वेषां परीषहकारणानामुदयसम्भवमङ्गीकृत्याह–

ટીકાવતરણિકાર્થ– સઘળા પરિષહકારણોના ઉદયના સંભવને સ્વીકારીને કહે છે–

નવમા ગુણસ્થાને પરિષહો–

बादरसम्पराये सर्वे ॥९-१२॥

સૂત્રાર્થ– બાદર સંપરાયમાં સઘળા પરિષહો સંભવે છે. (૯-૧૨)

ભાષ્યં– बादरसम्परायसंयते सर्वे द्वाविंशतिरपि परीषहाः सम्भवन्ति ॥૯-૧૨॥

ભાષ્યાર્થ– બાદરસંપરાયસંયતમાં સઘળા=બાવીસે ય પરિષહો સંભવે છે. (૯-૧૨)

ટીકા– बादरः-स्थूलः सम्परायः-कषायस्तदुदयो यस्यासौ बादर-सम्परायसंयतः, स च मोहनीयप्रकृतीः काश्चिदुपशमयतीति उपशमकः काश्चित् क्षपयतीति क्षपकः, तत्र सर्वेषां द्वाविंशतेरपि क्षुदादीनां परीषहाणामदर्शनान्तानां सम्भव इति ॥૯-૧૨॥

ટીકાર્થ– બાદર એટલે સ્થૂળ. સંપરાય એટલે કષાય. બાદર સંપરાયનો ઉદય જેને છે તે બાદરસંપરાયસંયત. તેમાં કોઈક મોહનીય પ્રકૃતિઓને ઉપશમાવે છે તેથી ઉપશમક કહેવાય છે. કોઈક મોહનીય પ્રકૃતિઓનો ક્ષય કરે છે તેથી ક્ષપક કહેવાય છે. તેનામાં સઘળા=ક્ષુધા આદિથી પ્રારંભી અદર્શન સુધીના બાવીસેય પરિષહોનો સંભવ છે. (૯-૧૨)

ટીકાવતરણિકા– उक्ता गुणस्थानेषु यथासम्भवं परीषहाः, सम्प्रति कर्म्मप्रकृतिष्वन्तर्भावकथनायाह–

ટીકાવતરણિકાર્થ– ગુણસ્થાનોમાં યથાસંભવ પરિષહો કહ્યાં. હવે કર્મપ્રકૃતિઓમાં અંતર્ભાવને જણાવવા માટે કહે છે–

કયા કયા કર્મના ઉદયે કયા કયા પરિષહો આવે તેની વિચારણા–

ज्ञानावरणे प्रज्ञाऽज्ञाने ॥૯-૧૩॥

સૂત્રાર્થ– પ્રજ્ઞા અને અજ્ઞાન પરિષહ જ્ઞાનાવરણમાં હોય. (૯-૧૩)

ભાષ્યં– ज्ञानावरणोदये प्रज्ञाऽज्ञानपरीषहौ भवतः ॥૯-૧૩॥

ભાષ્યાર્થ– પ્રજ્ઞાપરિષહ અને અજ્ઞાનપરિષહ જ્ઞાનાવરણીયકર્મનો ઉદય હોય ત્યારે સંભવે છે. (૯-૧૩)

ટીકા– प्रज्ञापरीषहः अज्ञानपरीषहश्च ज्ञानावरणे भवतः, ज्ञानावरण-क्षयोपशमात् प्रज्ञाज्ञानं च, सत्येव हि ज्ञानावरणे तदुद्भवतः ॥૯-૧૩॥

ટીકાર્થ– પ્રજ્ઞાપરિષહ અને અજ્ઞાનપરિષહ જ્ઞાનાવરણમાં થાય. જ્ઞાનાવરણના ક્ષયોપશમથી પ્રજ્ઞા અને અજ્ઞાન થાય. જ્ઞાનાવરણ હોય ત્યારે જ તે બે પ્રગટે છે. (૯-૧૩)

दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ॥૯-૧૪॥

સૂત્રાર્થ– દર્શનમોહ અને અંતરાયમાં અદર્શન અને અલાભ પરિષહ હોય. (૯-૧૪)

ભાષ્યં– दर्शनमोहान्तराययोरदर्शनालाभौ यथासङ्ख्यं दर्शनमोहोदये-ऽदर्शनपरीषहः । लाभान्तरायोदयेऽलाभपरीषहः ॥૯-૧૪॥

ભાષ્યાર્થ– દર્શનમોહ અને અંતરાયમાં અદર્શન અને અલાભ અનુક્રમથી છે. (તેથી) દર્શનમોહના ઉદયમાં અદર્શનપરિષહ હોય, લાભાંતરાયના ઉદયમાં અલાભપરિષહ હોય. (૯-૧૪)

ટીકા– दर्शनमोहः-अनन्तानुबन्धिनो मिथ्यात्वादि त्रयं च । यथा-सङ्ख्यमिति क्रमेण, दर्शनमोहे दर्शनपरीषहः लाभान्तराये चालाभपरीषहः, अदर्शनं-अश्रद्धानं देवादिसद्भावविषयं अतो मिथ्यात्वानुबन्धात् दर्शन-मोहतः स इति ॥૯-૧૪॥

ટીકાર્થ– અનંતાનુબંધી ચાર કષાયો અને મિથ્યાત્વ વગેરે ત્રણ દર્શનમોહ છે. યથાસંખ્ય એટલે ક્રમથી. દર્શનમોહમાં દર્શનપરિષહ અને લાભાંતરાયમાં અલાભપરિષહ થાય. અદર્શન એટલે દેવાદિની વિદ્યમાનતાની શ્રદ્ધા ન કરવી. આથી અદર્શનપરિષહ મિથ્યાત્વના અનુબંધવાળા દર્શનમોહથી થાય. (૯-૧૪)

चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याक्रोशयाचनासत्कार-पुरस्काराः ॥૯-૧૫॥

સૂત્રાર્થ– ચારિત્રમોહમાં નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર-પુરસ્કાર પરિષહ હોય. (૯-૧૫)

भाष्यं– चारित्रमोहोदये एते नाग्न्यादयः सप्त परीषहा भवन्ति ॥૯-૧૫॥

ભાષ્યાર્થ– ચારિત્રમોહના ઉદયમાં આ નાગ્ન્ય વગેરે સાત પરિષહો હોય. (૯-૧૫)

टीका– दर्शनमोहवर्जं शेषं चारित्रमोहनीयं, चारित्रं-मूलोत्तरगुण-सम्पत्तिः मोहात्तत्पराङ्मुखत्वाच्चारित्रमोहनीयं, तदुदये सति नाग्न्यादयः सप्त परीषहा भवन्ति, नाग्न्यं जुगुप्सोदयात् अरत्युदयादरतिः वेदोदयात् स्त्रीपरीषहः निषद्यास्थानासेवित्वं तु भयोदयात् क्रोधोदयादाक्रोशपरीषहः मानोदयाद् याञ्चापरीषहः लोभोदयात् सत्कारपरीषह इति ॥૯-૧૫॥

टीकार्थ– દર્શનમોહ સિવાય શેષ મોહકર્મ ચારિત્રમોહનીય છે. ચારિત્ર એટલે મૂલગુણ-ઉત્તરગુણરૂપ સંપત્તિ. મોહના કારણે ચારિત્રથી પરાઙ્મુખ કરવાના કારણે ચારિત્રમોહનીય છે. તેનો ઉદય થયે છતે નાગ્ન્ય વગેરે સાત પરિષહો થાય. જુગુપ્સાના ઉદયથી નાગ્ન્ય, અરતિના ઉદયથી અરતિ, વેદના ઉદયથી સ્ત્રીપરિષહ, ભયના ઉદયથી નિષદ્યા= સ્થાનનું સેવન, ક્રોધના ઉદયથી આક્રોશપરિષહ, માનના ઉદયથી યાચનાપરિષહ અને લોભના ઉદયથી સત્કાર-પુરસ્કારપરિષહ થાય. (૯-૧૫)

वेदनीये शेषाः ॥૯-૧૬॥

સૂત્રાર્થ– શેષ પરિષહો વેદનીયમાં હોય. (૯-૧૬)

भाष्यं– वेदनीयोदये शेषा एकादश परीषहा भवन्ति ये जिने सम्भवन्तीत्युक्तम् । कुतः शेषाः । एभ्यः प्रज्ञाज्ञानादर्शनालाभनाग्न्यारतिस्त्री-निषद्याऽऽक्रोशयाचनासत्कारपुरस्कारेभ्य इति ॥૯-૧૬॥

ભાષ્યાર્થ– વેદનીયમાં શેષ અગિયાર પરિષહો. જે પરિષહો જિનમાં હોય એમ (સૂ.૧૧માં) કહ્યું તે અગિયાર પરિષહો. કોનાથી શેષ પરિષહો ? પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન, અલાભ, નાગ્ન્ય, અરતિ, સ્ત્રી નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર-પુરસ્કાર એ પરિષહોથી શેષ. (૯-૧૬)

ટીકા– વેદનીયકર્મોદયે શેષાः એકાદશ પરીષહાः સમ્પતન્તિ, કુતः શેષાः ?, ઉપર્યુક્તેભ્યોऽન્યે શેષાः, કે પુનરુપર્યુક્તાः ?, પ્રજ્ઞાજ્ઞાને અદર્શનાલાભૌ સપ્ત ચ નાગ્ન્યાદયः, એભ્યः શેષાः કેવલિનિ તે સમ્ભવન્તિ, એકાદશ જિને પ્રાગુક્તાः ક્ષુત્પિપાસાશીતોષ્ણદંશમશકચર્ય્યાશય્યાવધ-રોગતૃણસ્પર્શમલપરીષહાખ્યા ઇતિ ॥૯-૧૬॥

ટીકાર્થ– વેદનીયકર્મના ઉદયમાં શેષ અગિયાર પરિષહો આવે છે. કોનાથી શેષ ? ઉપર જે કહ્યા તેમનાથી બીજા શેષ છે. ઉપર કયા કહ્યા છે ? પ્રજ્ઞા-અજ્ઞાન, અદર્શન-અલાભ અને નાગ્ન્ય આદિ સાત પરિષહો ઉપર કહ્યા છે. આનાથી શેષ પરિષહો કેવળીમાં સંભવે છે. પૂર્વે (૧૧માં સૂત્રમાં) જિનમાં ક્ષુધા-પિપાસા-શીત-ઉષ્ણ-દંશમશક-ચર્યા-શય્યા-વધ-રોગ-તૃણસ્પર્શ-મલ નામના અગિયાર પરિષહો કહ્યા છે. (૯-૧૬)

ટીકાવતરણિકા– એવમેતે વ્યાખ્યાતનિમિત્તલક્ષણવિકલ્પાः આબાદ-રસંપરાયાત્ સર્વે ભવન્તિ, પરતસ્તુ નેયન્તः, તત્ કિમેતે કદાચિત્ સર્વેऽપ્યેકસ્ય જન્તોર્યૌગપદ્યેન સમ્ભવન્તિ ન વા સમ્ભવન્તીત્યાહ–

ટીકાવતરણિકાર્થ– આ પ્રમાણે જેમના નિમિત્ત-લક્ષણ ભેદો કહ્યા છે તે પરિષહો બાદર સંપરાય સુધી બધા હોય. પછી આટલા ન હોય. તો શું આ પરિષહો ક્યારેક કોઈક જીવને એકી સાથે બધાય સંભવે છે કે નથી સંભવતા એમ કહે છે–

એક જીવને એકી સાથે સંભવતા પરિષહો–

एकादयो भाज्या युगपदेकोनविंशतेः ॥૯-૧૭॥

સૂત્રાર્થ– એક જીવને એકી સાથે એક વગેરે ઓગણીસ પરિષહો હોઈ શકે છે. (૯-૧૭)

ભાષ્યં– एषां द्वाविंशतेः परीषहाणामेकादयो भजनीया युगपदेकस्मिन् जीवे आ एकोनविंशतेः । अत्र शीतोष्णपरीषहौ युगपन्न भवतः । अत्यन्तविरोधित्वात् । तथा चर्याशय्यानिषद्यापरीषहाणामेकस्य सम्भवे द्वयोरभावः ॥૯-૧૭॥

ભાષ્યાર્થ– આ બાવીશ પરિષહોમાંથી એક જીવમાં એકી સાથે ઓગણીસ પરિષહો ભાજ્ય છે=હોઈ શકે છે. અહીં શીત-ઉષ્ણ એકી સાથે ન હોય. કેમ કે અત્યંત વિરોધી છે તથા ચર્યા-શય્યા-નિષદ્યામાંથી એક હોય ત્યારે બીજા બે ન હોય. (૯-૧૭)

ટીકા– एषां द्वाविंशतेः परीषहाणामित्यादि भाष्यं, एकादय इति तद्गुणसंविज्ञानो बहुव्रीहिः, अथवैकशेषः, एकश्चासावादिश्चैकादि, एक आदिर्येषां ते एकादयः, एकादिश्च एकादयश्च एकादयः तदेते द्वाविंशतिपरीषहाः भाज्या-विकल्प्याः युगपदेकस्मिन् जन्तौ, कस्यचिदेकः कस्यचिद्द्वौ कस्यचित्त्रयस्तावद्यावदेकोनविंशतिरविरोधाद् युगपदेकत्रोदयन्ते, विरोधात्तु न द्वाविंशतिरप्येकस्मिन् युगपदिति । कथं पुनरेकोनविंशतिर्युगपत् न पुनर्द्वाविंशतिरपीत्याह-अत्यन्तविरोधित्वादिति, शीतोष्णलक्षणयोरसहावस्थानलक्षणो विरोधः परस्परपरिहारेण स्थितिः, अत्यन्तग्रहणं पर्यायनयविवक्षाप्राधान्यख्यापनार्थं, शीतोष्णपर्यायावत्यन्तभिन्नौ विरुद्धौ, तयोश्चैकस्मिन् काले नैकत्वेनावस्थानं, द्रव्यार्थिकस्य तु तदेव द्रव्यमपास्तसमस्तपर्यायं शीतमुष्णं चेत्युत्थितासीनपुरुषवद् उत्फणविफणीभूतसर्पवद्वा नास्ति कश्चिद्विरोधः, तथा चर्य्याशय्यानिषद्यानामेकस्य सम्भवे द्वयोरभावः चर्य्यायां सत्यां निषद्याशय्ययोरभावः निषद्यायां तु शय्याचर्य्ययोरभावः शय्यायां पुनः निषद्याचर्ये न भवत इति तयोर्वर्ज्जनम् ॥૯-૧૭॥

ટીકાર્થ– 'एषां द्वाविंशतिः परीषहाणाम्' ઇત્યાદિ ભાષ્ય છે. एकादयः એ तद्गुण संविज्ञ बहुव्रीहि સમાસ છે અથવા એકશેષ છે. એક છે અને તે આદિ છે=एकादि એક છે આદિ જેમની તે एकादयः એકાદિ છે અને એકાદય છે=एकादयः । આ બાવીસ પરિષહો એક જીવમાં એકી સાથે વિકલ્પ કરવા યોગ્ય છે. કોઈ જીવને એક હોય, કોઈ જીવને બે હોય, કોઈ જીવને ત્રણ હોય, યાવત્ કોઈ જીવને એકી સાથે ઓગણીસ ઉદયમાં આવે છે. કેમકે(=પરસ્પર) વિરોધ નથી. વિરોધ હોવાથી એકમાં એકી સાથે બાવીસે ય ન હોય.

એકમાં એકી સાથે ઓગણીસ હોય અને બાવીસ કેમ ન હોય એ અંગે કહે છે–

अत्यन्तविरोधित्वाद् इति અતિશય વિરોધી હોવાથી. શીત-ઉષ્ણમાં સાથે ન રહેવા રૂપ વિરોધ છે. એથી પરસ્પરને છોડીને રહે છે. અત્યન્ત શબ્દનું ગ્રહણ પર્યાયનયની વિવક્ષાનું પ્રાધાન્ય જણાવવા માટે છે. શીત-ઉષ્ણ એ બે પર્યાયો અત્યંત ભિન્ન છે, વિરુદ્ધ છે. તે બેનું એકી સાથે એકત્વથી(=ભેગા મળીને) અવસ્થાન નથી. દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ વિચારવામાં આવે તો દૂર કરાયા છે સઘળા પર્યાયો જેના વડે એવું દ્રવ્ય જ શીત છે અને ઉષ્ણ છે. ઊભા થઈને બેઠેલા પુરુષની જેમ અથવા ફણાને ઊંચી કરીને ફણા રહિત બનેલા સર્પની જેમ કોઈ વિરોધ નથી. તથા ચર્યા-શય્યા-નિષદ્યામાંથી એક હોય ત્યારે (બીજા) બે ન હોય. ચર્યા હોય ત્યારે નિષદ્યા અને શય્યા ન હોય. નિષદ્યા હોય ત્યારે ચર્યા અને શય્યા ન હોય. શય્યા હોય ત્યારે નિષદ્યા અને ચર્યા ન હોય. આથી તે બેનો ત્યાગ હોય. (૯-૧૭)

टीकावतरणिका– इत्युक्तः परीषहजयः, सम्प्रति प्रस्तावप्राप्तं चारित्रमुच्यते–

टीकावतरणिकार्थ– આ પ્રમાણે પરિષહનો જય કહ્યો. હવે પ્રસંગથી પ્રાપ્ત ચારિત્રને કહેવાય છે–

ચારિત્રનું વર્ણન–

सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्पराय-यथाख्यातानि चारित्रम् ॥९-१८॥

સૂત્રાર્થ– સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત (એમ પાંચ) ચારિત્ર છે. (૯-૧૮)

भाष्यं– सामायिकसंयमः छेदोपस्थाप्यसंयमः परिहारविशुद्धिसंयमः सूक्ष्मसम्परायसंयमः यथाख्यातसंयम इति पञ्चविधं चारित्रम्। तत्पुलाकादिषु विस्तरेण वक्ष्यामः ॥९-१८॥

ભાષ્યાર્થ– સામાયિકસંયમ, છેદોપસ્થાપ્યસંયમ, પરિહારવિશુદ્ધિ-સંયમ, સૂક્ષ્મસંપરાયસંયમ અને યથાખ્યાતસંયમ એમ પાંચ પ્રકારનું ચારિત્ર છે. તેને પુલાકાદિના વર્ણનમાં (સૂત્ર ૪૮માં) વિસ્તારથી કહીશું. (૯-૧૮)

टीका– सामायिकादयः कृतद्वन्द्वाः प्रथमाबहुवचनेन निर्दिष्टाः, एकमेव चारित्रं संयमभेदं मन्यमानो भाष्यकृदाह-सामायिकसंयम इत्यादि, सर्वसावद्ययोगविरतिलक्षणं सामायिकं, तद्विशेषा एव च च्छेदोपस्थाप्यादयो विशुद्धतराध्यवसायविशेषाः, सावद्ययोगविरतिरूपं सामायिकं द्विप्रकारं-इत्वरकालं यावज्जीविकं च, तत्राद्यं प्रथमान्त्य-तीर्थकरतीर्थयोः प्रव्रज्याप्रतिपत्तावारोपितं शस्त्रपरिज्ञाध्ययनादिविदः श्रद्दधतः छेदोपस्थाप्यसंयमारोपणं विशिष्टतरत्वाद्विरतेः सामायिकव्यपदेशं जहातीत्यत इत्वरकालं, मध्यमतीर्थकृतां विदेहक्षेत्रवर्तिनां च यावज्जीविकं प्रव्रज्याप्रतिपत्तिकालादारभ्य प्राणप्रयाणकालादवतिष्ठते १ ।

प्रथमान्ततीर्थकरशिष्याणां सामान्यसामायिकपर्यायच्छेदो विशुद्धतरायां सर्वसावद्ययोगविरतावावस्था विविक्ततरमहाव्रतारोपणं छेदोपस्थाप्य-संयमः, छेदोपस्थापनमेव छेदोपस्थाप्यं, पूर्वपर्यायच्छेदे सति उत्तरपर्याये उपस्थापनं, भावे यतो विधानात्, तदपि द्विधा-निरतिचारसातिचारभेदेन, तत्र शैक्षस्य निरतिचारमधीतविशिष्टाध्ययनविदः, मध्यमतीर्थकरशिष्यो वा यदोपसम्पद्यते चरमतीर्थकरशिष्याणामिति, सातिचारं तु मूलगुण-स्थानस्य पुनर्व्रतारोपणाच्छेदोपस्थाप्यं, उभयं चैतत् सातिचारं निरतिचारं च स्थितकल्प एव, आद्यान्ततीर्थकरयोरेवेत्यर्थः२ ।

परिहारः-तपोविशेषस्तेन विशुद्धं परिहारविशुद्धिकं, तदपि द्वेधा-निर्विश्यमानकं निर्विष्टकायिकं च, तत्र निर्विश्यमानकमासेव्यमानकं, परिभुज्यमानकमित्यर्थः, निर्विष्टकायिकमासेवितमुपभुक्तं, तत्सहयोगात् तदनुष्ठायिनोऽपि निर्विश्यमानकाः, निर्विष्टकायिकास्तु निर्विष्टः कायो

येषामस्ति ते निर्विष्टकायिकाः तत्सहयोगात् तेनाकारेण तपोऽनुष्ठानद्वारेण परिभुक्तः कायो यैरिति, परिभुक्ततादग्विधतपसो निर्विष्टकायिका इत्यर्थः, परिहारविशुद्धिकं च तपः प्रतिपन्नानां नवको गच्छः, तत्र परिहारिणश्चत्वारः अनुपरिहारिणोऽपि चत्वारः, कल्पस्थित एकः, वाचनाचार्य इत्यर्थः, सर्वे च ते श्रुताद्यतिशयसम्पन्नाः तथापि रुच्या (? रूढ्या) कल्पस्थित एकः कश्चिदवस्थाप्यते, तत्र ये कालभेदेन विहितं तपोऽनुतिष्ठन्ति ते परिहारिणः, नियताचाम्लभक्तास्त्वनुपरिहारिणः, तेषामेवाभिसरास्तपोग्लानानां परिहारिणां सहायके वर्तन्ते, कायस्थितोऽपि नियताचाम्लभक्त एव, तच्च तपः परिहारिणां ग्रीष्मे चतुर्थषष्ठाष्टम-भक्तलक्षणं जघन्यमध्यमोत्कृष्टक्रमेणैव शिशिरकाले षष्ठाष्टमदशमानि जघन्यमध्यमोत्कृष्टानि, वर्षास्वष्टमदशमद्वादशभक्तानि जघन्यमध्यमो-त्कृष्टानि, पारणकालेऽप्याचाम्लमेव पारयन्ति, उक्तविधानं तपः षण्मासं कृत्वा परिहारिणोऽनुपरिहारित्वं प्रतिपद्यन्ते, अनुपरिहारिणोऽपि परिहारिणो भवन्ति, तेऽपि षण्मासान् विदधते तपः, पश्चात् कल्पस्थित एकाक्येव षण्मासावधिकं परिहारतपः प्रतिपद्यते, तस्य चैकोऽनुपरिहारीभवति, तन्मध्येऽपरश्चैकः कल्पस्थित इति, एवमेष परिहारविशुद्धः संयमो-ऽष्टादशभिर्मासैः परिसमाप्तिमुपयाति, परिसमाप्ते तु तस्मिन् पुनस्तदेव केचित् परिहारतपः प्रतिपद्यन्ते स्वशक्त्यपेक्षया केचिद्वा जिनकल्पमपरे तु गच्छमेव प्रविशन्तीति, परिहारविशुद्धिकाश्च स्थितकल्प एव प्रथम-चरमतीर्थयोरेव, न मध्यतीर्थेष्विति ३ ।

सूक्ष्मसम्परायसंयमस्तु श्रेणिमारोहतः प्रपततो वा भवति, श्रेणिरपि द्विप्रकारा-औपशमिकी क्षायिकी च, तत्रौपशमिकी अनन्तानुबन्धिनो मिथ्यात्वादित्रयं नपुंसकस्त्रीवेदौ हास्यादिषट्कं पुंवेदः अप्रत्याख्यान-प्रत्याख्यानावरणाः सञ्ज्वलनाश्चेति, अस्याश्च प्रारम्भकोऽप्रमत्तसंयतः, अपरे तु ब्रुवते-अविरतदेशप्रमत्ताप्रमत्तविरतानामन्यतमः प्रारभते, स

चानन्तानुबन्धिनश्चतुरोऽपि समकमेव शमयति अन्तर्मुहूर्त्तेन, ततो दर्शनत्रिकं, ततोऽनुदीर्णं पुमानारोहन् नपुंसकवेदं, ततः स्त्रीवेदं, योषिदारोहन्ती प्राग् नपुंसकवेदं, ततः पुरुषवेदं, तृतीयप्रकृतिरपि आरोहन् प्राक् स्त्रीवेदं, ततः पुंवेदं, ततोऽपि हास्यादिषट्कं, ततो नपुंसकवेदं, ततोऽप्रत्याख्यानानां प्रत्याख्यानावरणानां च युगपदेव द्वौ क्रोधौ, पश्चात् सञ्ज्वलनक्रोधान्तरितौ शमयति पुनः द्वौ मानौ, पश्चात् सञ्ज्वलनमानं, पुनर्द्वे माये, ततः सञ्ज्वलनमायां, पुनर्द्वौ लोभौ पश्चात् सञ्ज्वलनलोभं सङ्ख्येयानि खण्डानि कृत्वा क्रमेण चोपशमय्य पश्चिमखण्डमसङ्ख्येयानि खण्डानि करोति, ततः प्रतिसमयम-सङ्ख्येयभागमुपशमयन् समस्तमन्तर्मुहूर्त्तेन शमयति, तांश्चासङ्ख्येयान् भागान् शमयन् सूक्ष्मसम्परायसंयमीभवति, अत्यन्तविशुद्धाध्यवसायो दशमगुणस्थानवर्ती श्रेण्यारोहे वर्धमानविशुद्धाध्यवसायस्य विशुद्धमवतरतः संक्लिष्टं, सूक्ष्मः-श्लक्ष्णावयवः कषायः-संसारभ्रान्तिहेतुर्यत्र तत् सूक्ष्मसम्परायं, स चोपशान्तकषायोऽपि स्वल्पप्रत्ययलाभात् दवदग्धा-ञ्जनद्रुमवदुदकसेचनादिप्रत्ययलाभादङ्कुरादिरूपेण भश्मच्छन्नाग्निवद्वा, वाय्विन्धनादिप्रत्ययतः स्वरूपमुपदर्शयति, तद्वदसौ मुखवस्त्रिकादिषु ममत्वसमीरणेन सन्धुक्षमाणः कषायाग्निश्चरणेन्धनमामूलतो दहन् प्रच्याव्यते, प्रतिविशिष्टाध्यवसायादिति, क्षायिकी तु श्रेणिरनन्तानुबन्धिनो मिथ्यात्वमिश्रसम्यक्त्वानि अप्रत्याख्यानप्रत्याख्यानावरणे नपुंसकस्त्रीवेदौ हास्यादिषट्कं पुंवेदं सञ्ज्वलनाश्च, अस्यास्त्वारोहकः अविरतदेश-प्रमत्ताप्रमत्ताविरतानामन्यतमो विशुध्यमानाध्यवसायः । स चानन्तानु-बन्धिनो युगपदेव क्षपयन्त्यन्तर्मुहूर्त्तेन, ततः क्रमेण दर्शनत्रिकं, ततः प्रत्याख्यानाप्रत्याख्यानावरणे युगपदेव क्षपयितुमारभते, विमध्यभागे चैषामिमाः षोडश प्रकृतीः क्षपयति, नरकतिर्यग्गती एतदानुपूर्व्यौ एकद्वित्रिचतुरिन्द्रियजातयः आतपोद्योतस्थावरसाधारणसूक्ष्मनामानि ततो

निद्रानिद्रां प्रचलाप्रचलां स्त्यानर्द्धिं, ततोऽष्टानां शेषं, ततोऽनुदीर्णं वेदं जघन्यं पूर्ववत्, ततो हास्यादिषट्कं, ततोऽप्युदितं वेदं, ततो सञ्ज्वलनानामेकैकं क्रमेण क्षपयति, सावशेषे च पूर्वसञ्ज्वलनकषाये उत्तरं क्षपयितुमारभते, सर्वत्र पूर्वशेषं चोत्तरेणैव सह क्षपयति यावत् सञ्ज्वलनलोभसङ्ख्येयभागः, तमपि सङ्ख्येयभागमसङ्ख्येयानि खण्डानि कृत्वा प्रतिसमयमेकैकं खण्डं क्षपयति तदा सूक्ष्मसम्पराय-संयमीभवति, तदा समस्तमोहनीयोपशमे तु एकादशगुणस्थानप्राप्तः उपशान्तकषायो अथाख्यातसंयमो भवति, क्षपकस्तु सकलमोहार्णवमुत्तीर्णो निर्ग्रन्थो अथाख्यातसंयमीजायते, अथशब्दो यथाशब्दार्थो, यथा ख्यातः संयमो भगवता तथाऽसावेव, कथं च आख्यातः ?, अकषायः, स चैकादशद्वादशयोर्गुणस्थानयोः, उपशान्तत्वात् क्षीणत्वाच्च कषायाभाव इति, एवं पञ्चविधं चारित्रं अष्टविधकर्म्मचयरिक्तीकरणात्, तच्च पुलाकादिषु विस्तरेण वक्ष्यामः पुलाकादिसूत्रे उपरिष्टात्। पुलाकादिभेदेषु सामायिकादिसंयमः पञ्चप्रकारोऽपि पञ्चसु पुलाकादिनिर्ग्रन्थेषु विस्तरेण-प्रपञ्चेन भावयिष्यत इति ॥९-१८॥

ટીકાર્થ– સામાયિકાદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને પ્રથમા બહુવચનમાં નિર્દેશ કર્યો છે. એક જ ચારિત્રને સંયમના કારણે ભેદવાળું માનતા ભાષ્યકાર કહે છે-

સામાયિક– "सामायिकसंयमः" ઇત્યાદિ, સામાયિક સર્વસાવદ્યયોગોથી વિરતિરૂપ છે. અધિક વિશુદ્ધ અધ્યવસાયવાળા છેદોપસ્થાપ્ય વગેરે સામાયિકના જ વિશેષો(=ભેદો) છે. સાવદ્યયોગોથી વિરતિરૂપ સામાયિક ઇત્વરકાળ અને યાવજ્જીવિક એમ બે પ્રકારનું છે. તેમાં પહેલું સામાયિક પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં હોય. પ્રવ્રજ્યાનો સ્વીકાર કરતી વેળાએ સામાયિકનું આરોપણ કરવામાં આવે છે. પછી (આચારાંગનું) શસ્ત્રપરિજ્ઞા અધ્યયન વગેરે જાણકારને અને (તેની) શ્રદ્ધા કરનારને

છેદોપસ્થાપ્યનું આરોપણ કરવામાં આવે છે. છેદોપસ્થાપ્યનું આરોપણ વિશિષ્ટ વિરતિ હોવાથી સામાયિક એવા વ્યવહારનો ત્યાગ કરે છે, અર્થાત્ પછી એ સંયમ સામાયિક નથી કહેવાતું. આથી એ સંયમ ઇત્વરકાળ(=થોડા સમય સુધી રહેનારું) છે. મધ્યમ તીર્થંકરોના અને મહાવિદેહક્ષેત્રમાં રહેલા સાધુઓનું સામાયિક યાવજ્જીવિક છે=પ્રવ્રજ્યાના સ્વીકારથી પ્રારંભી પ્રાણ જવાના કાળ સુધી રહે છે.

છેદોપસ્થાપ્ય– પહેલા અને છેલ્લા તીર્થંકરોના તીર્થમાં સામાન્ય સામાયિકપર્યાયોનો છેદ કરવો અને અધિક વિશુદ્ધ સર્વસાવદ્યયોગ વિરતિમાં પ્રતિષ્ઠિત કરવા રૂપ અધિક વિશુદ્ધ પાંચ મહાવ્રતોનું આરોપણ કરવું એ છેદોપસ્થાપ્ય સંયમ છે. છેદોપસ્થાપન એ જ છેદોપસ્થાપ્ય. પૂર્વપર્યાયનો છેદ થયે છતે ઉત્તરપર્યાયમાં સ્થાપિત કરવો તે ઉપસ્થાપ્ય. ભાવમાં યત્ (ય) પ્રત્યયનું વિધાન કર્યું હોવાથી ઉપસ્થાપ્ય[1] બને.

ઉપસ્થાપ્ય ચારિત્ર પણ નિરતિચાર અને સાતિચાર એવા ભેદથી બે પ્રકારે છે. તેમાં ભણેલા વિશિષ્ટ અધ્યાયને જાણનાર શૈક્ષને નિરતિચાર છેદોપસ્થાપ્ય હોય. અથવા મધ્યમ તીર્થંકરનો શિષ્ય જ્યારે અંતિમ તીર્થંકરના શિષ્યોની પાસે ઉપસંપદા સ્વીકારે ત્યારે નિરતિચાર ઉપસ્થાપ્ય હોય. મૂલગુણ સ્થાનવાળા (મૂલગુણોનો ભંગ કરનારા)ને ફરી વ્રતનું આરોપણ કરવાથી સાતિચાર છેદોપસ્થાપ્ય હોય. સાતિચાર અને નિરતિચાર એ બંને છેદોપસ્થાપ્ય સ્થિતકલ્પમાં જ હોય, અર્થાત્ પહેલા-છેલ્લા તીર્થંકરોના તીર્થમાં જ હોય.

પરિહારવિશુદ્ધિ– પરિહાર તપવિશેષ છે. તેનાથી વિશુદ્ધ તે પરિહારવિશુદ્ધિક. તે પણ નિર્વિશ્યમાનક અને નિર્વિષ્ટકાયિક એમ બે પ્રકારનું છે. તેમાં વર્તમાનમાં સેવાઇ રહેલું પરિહારવિશુદ્ધિચારિત્ર નિર્વિશ્યમાનક છે. સેવેલું પરિહારવિશુદ્ધિચારિત્ર નિર્વિષ્ટકાયિક છે.

૧. જેવી રીતે उपस्थाप् ધાતુને ભાવમાં अन प्रत्यय લાગવાથી उपस्थापन શબ્દ બન્યો, તેવી રીતે उपस्थाप् ધાતુને ભાવમાં य પ્રત્યય લાગવાથી उपस्थाप्य શબ્દ બન્યો છે. આથી ઉપસ્થાપન અને ઉપસ્થાપ્ય એ બંનેનો એક જ અર્થ છે.

તેની સાથે યોગ થવાથી તેનું આચરણ કરનારા પણ નિર્વિશ્યમાનક કહેવાય છે. પ્રવેશ કર્યો છે જેમની કાયાએ તે નિર્વિષ્ટકાયિક છે. તેની સાથે યોગ થવાથી તે સ્વરૂપે તપના આચરણ દ્વારા કાયા ભોગવાઈ છે જેમનાથી તે નિર્વિષ્ટકાયિક છે, અર્થાત્ ભોગવ્યો છે(=આચર્યો છે) તેવા પ્રકારનો તપ જેમણે તે નિર્વિષ્ટકાયિક છે.

પરિહાર તપને સ્વીકારેલાઓનો નવ સાધુનો ગચ્છ હોય છે. તેમાં ચાર પરિહારીઓ(=તપનું સેવન કરનારાઓ) હોય. ચાર અનુપરિહારીઓ (=તપ કરનારાઓની સેવા કરનારા) હોય. એક કલ્પસ્થિત, અર્થાત્ વાચનાચાર્ય હોય. તે બધાય વિશિષ્ટશ્રુતથી સંપન્ન હોય તો પણ રુચિથી(=તપમાં તેવી વિધિ હોવાથી) કોઈ એકને વાચનાચાર્ય તરીકે સ્થાપવામાં આવે છે. તેમાં જે કાળભેદ પ્રમાણે વિહિત તપને આચરે છે=સેવે છે તે પરિહારીઓ છે. નિયત આયંબિલનું ભોજન કરનારા અનુપહારીઓ છે. તેઓ તપથી ગ્લાન થયેલા પરિહારીઓની સેવામાં રહે છે. વાચનાચાર્ય પણ નિયત આયંબિલ તપ જ કરે છે. તે તપ આચરનારાઓને ઉનાળામાં જઘન્યથી ઉપવાસ, મધ્યમથી છઠ્ઠ, ઉત્કૃષ્ટથી અઠ્ઠમ, શિયાળામાં છઠ્ઠ-અઠ્ઠમ-ચાર ઉપવાસ, વર્ષાઋતુમાં અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ તપ કરવાનો હોય છે. પારણામાં આયંબિલથી જ પારે છે, અર્થાત્ તપના પારણે આયંબિલ કરે છે. ઉક્તવિધિથી છ મહિના સુધી તપ કરીને પરિહારીઓ અનુપહારીઓ થાય છે. તેઓ પણ છ માસ સુધી તપ કરે છે. પછી વાચનાચાર્ય એકલો જ છ માસ સુધી પરિહારતપને સ્વીકારે છે. એક તેનો અનુપહારી થાય છે. તેમનામાંથી બીજો કોઈ એક વાચનાચાર્ય થાય. આ પ્રમાણે આ પરિહારવિશુદ્ધિસંયમ અઢાર મહિનાઓથી પૂર્ણતાને પામે છે. તે તપ પૂર્ણ થયે છતે પોતાની શક્તિ પ્રમાણે કોઈક ફરી તે જ પરિહારને સ્વીકારે છે, કોઈક જિનકલ્પને સ્વીકારે છે. બીજાઓ ગચ્છમાં જ પ્રવેશ કરે છે. પરિહારવિશુદ્ધિ તપકરનારાઓ પ્રથમ-અંતિમ તીર્થંકરોના તીર્થમાં જ સ્થિતકલ્પમાં જ હોય, મધ્યમ તીર્થંકરોના તીર્થમાં ન હોય.

સૂક્ષ્મસંપરાય– સૂક્ષ્મસંપરાયસંયમ શ્રેણિમાં ચઢતાને કે પડતાને હોય. શ્રેણિ ઔપશમિકી અને ક્ષાયિકી એમ બે પ્રકારની છે. તેમાં ઔપશમિકિ-શ્રેણિ અનંતાનુબંધી ચાર કષાયો, મિથ્યાત્વાદિ ત્રણ, નપુંસકવેદ-સ્ત્રીવેદ, હાસ્યાદિષટ્ક, પુરુષવેદ, અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ-સંજવલન એ ૨૮ પ્રકૃતિઓનો ઉપશમ કરે છે. અપ્રમત્તસંયત શ્રેણિનો આરંભ કરે છે. બીજાઓ તો કહે છે- અવિરત, દેશવિરત, પ્રમત્તવિરત અને અપ્રમત્તવિરતમાંથી કોઇ પણ એક શ્રેણિનો આરંભ કરે છે. તે અંતર્મુહૂર્તમાં અનંતાનુબંધી ચારેય કષાયોને એકી સાથે ઉપશમાવે છે. પછી દર્શનત્રિકને, પછી શ્રેણિમાં ચઢતો પુરુષ અનુદીર્ણ(=ઉદયમાં નહિ આવેલા) નપુંસકવેદને, પછી સ્ત્રીવેદને, શ્રેણિમાં ચઢતી સ્ત્રી પહેલાં નપુંસકવેદને, પછી પુરુષવેદને, શ્રેણિમાં ચઢતો નપુંસક પહેલાં સ્ત્રીવેદને, પછી પુરુષવેદને, પછી હાસ્યાદિ ષટ્કને, પછી નપુંસકવેદને, પછી અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણના એકી સાથે બે ક્રોધને, પછી સંજવલન ક્રોધને ઉપશમાવતા વચ્ચે (અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ એ) બે માનને, પછી સંજવલન માનને, પછી બે માયાને, પછી સંજવલન માયાને, પછી બે લોભને ઉપશમાવે છે. પછી સંજવલન લોભના સંખ્યાતા ભાગ કરીને ક્રમથી ઉપશમાવીને પછી છેલ્લા ભાગના અસંખ્યભાગ કરે છે. પછી પ્રત્યેક સમયે એક-એક અસંખ્યભાગને ઉપશમાવતો તે અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ લોભને ઉપશમાવે છે. તે અસંખ્યભાગોને ઉપશમાવતો સૂક્ષ્મસંપરાયસંયમી થાય છે. તે અત્યંત વિશુદ્ધ અધ્યવસાયવાળો હોય અને દશમા ગુણસ્થાને રહેલો હોય. વધતા વિશુદ્ધઅધ્યવસાયવાળા, શ્રેણિમાં ચઢનારને વિશુદ્ધ અને શ્રેણિથી પડતાને સંક્લિષ્ટ[1] ચારિત્ર હોય.

૧. એક જ ગુણસ્થાને રહેલાને શુદ્ધ અને સંક્લિષ્ટ ચારિત્ર હોય એ કેવી રીતે બને છે ? આ અંગે વ્યવહારિક દૃષ્ટાંતને વિચારીએ. બે વ્યક્તિને ૧૦૨ ડીગ્રી તાવ હોય. તેમાં એકને ૧૦૪ ડીગ્રીમાંથી ઉતરીને ૧૦૨ ડીગ્રી થયો હોય તો એ સારું ગણાય એમ મનાય છે. બીજાને ૧૦૦ ડીગ્રીમાંથી વધીને ૧૦૨ ડીગ્રી તાવ હોય તો એ સારું ન ગણાય. તેવી જ રીતે ચડતાનું ચારિત્ર વિશુદ્ધ ગણાય અને પડતાનું ચારિત્ર સંક્લિષ્ટ ગણાય.

સૂક્ષ્મ છે સંપરાય જેમાં તે સૂક્ષ્મસંપરાય. સૂક્ષ્મ એટલે અલ્પભાગવાળો. કષાય સંસારભ્રમણનું કારણ છે. ઉપશાંત થયેલો પણ કષાય અતિશય અલ્પ નિમિત્ત મળવાથી ફરી પ્રગટે છે. જેવી રીતે બળેલું અંજનવૃક્ષ જલસિંચનાદિ નિમિત્ત મળવાથી અંકુરાદિ રૂપે ફરી પૂર્વની જેવો થાય છે તે રીતે. અથવા જેમ ભસ્મથી (રાખથી) ઢાંકેલો અગ્નિ વાયુ અને કાષ્ઠાદિ નિમિત્તથી પોતાના સ્વરૂપને બતાવે છે, તેમ મુખવસ્ત્રિકા આદિમાં મમત્વરૂપ પવનથી બળતો કષાયરૂપ અગ્નિ વિશિષ્ટ અધ્યવસાયના કારણે ચારિત્રરૂપ કાષ્ઠને મૂળથી બાળતો જાય છે.

ક્ષપકશ્રેણિ– ક્ષાયિકીશ્રેણી અનંતાનુબંધી ચાર કષાયો, મિથ્યાત્વ-મિશ્ર-સમ્યક્ત્વ, અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનાવરણ એ આઠ કષાયો, નપુંસક-સ્ત્રીવેદ, હાસ્યાદિષટ્ક, પુરુષવેદ અને સંજ્વલન ચાર કષાયોનો ક્ષય કરે છે. વિશુદ્ધ અધ્યવસાયવાળો અવિરત, દેશવિરત, પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયતમાંથી કોઈપણ શ્રેણિમાં ચઢે છે. તે અનંતાનુબંધી ચાર કષાયોને અંતર્મુહૂર્તમાં એકી સાથે જ ખપાવે છે. ત્યારબાદ ક્રમશઃ દર્શનત્રિકને ખપાવે છે. ત્યાર પછી પ્રત્યાખ્યાન-અપ્રત્યાખ્યાનાવરણને એકી સાથે જ ખપાવવાનો પ્રારંભ કરે છે. વચ્ચે આ સોળ પ્રકૃતિઓને ખપાવે છે- નરક-તિર્યંચગતિ, એની આનુપૂર્વી, એકેંદ્રિય-બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય જાતિ, આતપ-ઉદ્યોત-સ્થાવર-સાધારણ-સૂક્ષ્મનામ, પછી નિદ્રાનિદ્રા-પ્રચલાપ્રચલા-સ્ત્યાનર્ધિ.

પછી પ્રત્યાખ્યાન-અપ્રત્યાખ્યાનાવરણ એ આઠ પ્રકૃતિઓના બાકી રહેલા ભાગને ખપાવે છે. પછી પૂર્વની(=ઉપશમ શ્રેણિની) જેમ શ્રેણિમાં ચઢતો પુરુષ જઘન્ય વેદને=નપુંસકવેદ-સ્ત્રીવેદને ખપાવે છે. પછી હાસ્યાદિ ષટ્કને, પછી ઉદિત પુરુષવેદને, પછી સંજ્વલનના એકે એક કષાયને ક્રમથી ખપાવે છે. પૂર્વના સંજ્વલન કષાયનો થોડો ભાગ બાકી રહે ત્યારે ઉત્તર સંજ્વલન કષાયને ખપાવવાનું શરૂ કરે છે, અર્થાત્ ક્રોધનો થોડો ભાગ બાકી રાખીને માનને ખપાવવાનું શરૂ કરે છે. પછી

માનનો થોડો ભાગ બાકી રાખીને માયાને ખપાવવાનું શરૂ કરે છે. આમ પૂર્વના કષાયનો થોડો ભાગ બાકી રાખીને પછીના કષાયને ખપાવે છે. પછી ઉત્તરની સાથે પૂર્વનું બાકી રહેલું બધું ખપાવે છે. સંજ્વલન લોભના સંખ્યાત ભાગ બાકી રહે ત્યાં સુધી આ પ્રમાણે કરે છે. સંખ્યાતમા ભાગના (સંખ્યાત ભાગનો છેલ્લો એક ભાગ બાકી રહે ત્યારે છેલ્લા ભાગના) પણ અસંખ્ય ભાગ કરે છે. દરેક ભાગને એક એક સમયે ખપાવે ત્યારે તે સૂક્ષ્મસંપરાયસંયમી થાય છે.

સંપૂર્ણ મોહનીયના ઉપશમમાં અગિયારમા ગુણસ્થાનને પામે છે અને ઉપશાંત કષાયવાળો તે યથાખ્યાતસંયમી થાય છે. સંપૂર્ણ મોહસમુદ્રને તરી ગયેલો ક્ષપકનિર્ગ્રંથ યથાખ્યાતસંયમી થાય છે. અથ શબ્દ યથા શબ્દના અર્થવાળો છે. ભગવાને સંયમ જેવું કહ્યું છે તેવું આ જ છે. ભગવાને સંયમ કેવું કહ્યું છે ? કષાયરહિત સંયમ કહ્યું છે. તે સંયમ અગિયારમા અને બારમા ગુણસ્થાને હોય. કારણ કે તેમાં કષાયો ઉપશાંત અને ક્ષીણ થઈ ગયા હોવાથી કષાયનો અભાવ છે. આ પ્રમાણે પાંચ પ્રકારનું ચારિત્ર છે. આઠ પ્રકારના કર્મના સંચયને ખાલી કરવાના કારણે ચારિત્ર કહેવાય છે.

तच्च पुलाकादिषु विस्तरेण वक्ष्यामः તે ચારિત્રને હવે પછી પુલાક આદિના (૪૮મા) સૂત્રમાં પુલાક આદિના ભેદોમાં સામાયિકાદિ પાંચેય પ્રકારનું સંયમ પુલાકાદિ નિર્ગ્રંથોમાં વિસ્તારથી વિચારાશે. (૯-૧૮)

टीकावतरणिका– उक्तं चारित्रं प्रकीर्णकं च तपः, सम्प्रत्यनशनादिकं तपो भण्यते–

ટીકાવતરણિકાર્થ– ચારિત્ર અને પ્રકીર્ણક તપ કહ્યો. હવે અનશનાદિ તપને કહેવાય છે–

બાહ્ય તપના છ ભેદો–

अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्त-
शय्याऽऽसनकायक्लेशा बाह्यं तपः ॥९-१९॥

સૂત્રાર્થ– અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશ એમ છ પ્રકારનો બાહ્ય તપ છે. (૯-૧૯)

ભાષ્યં– अनशनं अवमौदर्यं वृत्तिपरिसङ्ख्यानं रसपरित्यागः विविक्तशय्याऽऽसनता कायक्लेश इत्येतत्षड्विधं बाह्यं तपः । 'सम्यग्योगनिग्रहो गुप्तिः' इत्यतः प्रभृति सम्यगित्यनुवर्तते । संयमरक्षणार्थं कर्मनिर्जरार्थं च चतुर्थषष्ठाष्टमादि सम्यगनशनं तपः ॥

अवमौदर्यम् । अवमं न्यूनं नाम । अवममुदरमस्य अवमोदरः, अवमोदरस्य भावः अवमौदर्यं । उत्कृष्टावकृष्टौ वर्जयित्वा मध्यमेन कवलेन त्रिविधमवमौदर्यं भवति । तद्यथा- अल्पाहारावमौदर्यं, उपार्धावमौदर्यं, प्रमाणप्राप्तात्किञ्चिदूनावमौदर्यमिति । कवलपरिसङ्ख्यानं च प्राग्द्वात्रिंशद्भ्यः कवलेभ्यः ।

वृत्तिपरिसङ्ख्यानमनेकविधम् । तद्यथा- उत्क्षिप्तनिक्षिप्तान्तप्रान्तचर्यादीनां सक्तुकुल्माषौदनादीनां चान्यतममभिगृह्यावशेषस्य प्रत्याख्यानम् ।

रसपरित्यागोऽनेकविधः । तद्यथा- मद्यमांसमधुनवनीतादीनां रसविकृतीनां प्रत्याख्यानं विरसरूक्षाद्यभिग्रहश्च ।

विविक्तशय्यासनता नाम एकान्तेऽनाबाधेऽसंसक्ते स्त्रीपशुपण्डकविवर्जिते शून्यागारदेवकुलसभापर्वतगुहादीनामन्यतमे समाध्यर्थं संलीनता ।

कायक्लेशोऽनेकविधः । तद्यथा- स्थानवीरासनोत्कटुकासनैकपार्श्वदण्डायतशयनातापनाप्रावृतादीनि । सम्यक्प्रयुक्तानि बाह्यं तपः । अस्मात्षड्विधादपि बाह्यात्तपसः सङ्गत्यागशरीरलाघवेन्द्रियविजयसंयमरक्षणकर्मनिर्जरा भवन्ति ॥९-१९॥

ભાષ્યાર્થ– અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસનતા અને કાયક્લેશ આ પ્રમાણે આ છ પ્રકારનો બાહ્ય તપ છે. सम्यग्योगनिग्रहो गुप्तिः (અ.૯ સૂ.૪) એ સૂત્રથી પ્રારંભી

'સમ્યગ્' એ પ્રમાણે ચાલ્યું આવે છે. સંયમની રક્ષા માટે અને કર્મનિર્જરા માટે ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ વગેરે સમ્યગ્ અનશન તપ છે.

'अवमौदर्यम्' इति, અવમ એટલે ન્યૂન(=ઓછું). અવમ છે ઉદર (પેટ) જેનું તે અવમોદર. અવમોદરનો ભાવ તે અવમૌદર્ય. ઉત્કૃષ્ટ અને અપકૃષ્ટ કોળિયાને છોડીને મધ્યમ કોળિયાથી ત્રણ પ્રકારનું અવમૌદર્ય છે. તે આ પ્રમાણે- અલ્પાહાર અવમૌદર્ય, ઉપાર્ધ અવમૌદર્ય અને પ્રમાણપ્રાપ્તથી કંઈક ઊન અવમૌદર્ય. કોળિયાની સંખ્યા બત્રીસ કોળિયાની પહેલાં જાણવી=અંદર જાણવી.

વૃત્તિપરિસંખ્યાન અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે- ઉત્ક્ષિપ્ત, નિક્ષિપ્ત અને અંતપ્રાંત ચર્યા આદિમાંથી અને સક્તુ(=સાથવો), અડદ અને ભાત આદિમાંથી કોઈ એકનો અભિગ્રહ કરીને બાકીનાનું પ્રત્યાખ્યાન કરવું.

રસત્યાગ અનેક પ્રકારનો છે. તે આ પ્રમાણે- મદ્ય-માંસ-મધ-માખણ આદિ રસવિગઈઓનું પ્રત્યાખ્યાન કરવું અને વિરસ-રૂક્ષ આહાર આદિનો અભિગ્રહ કરવો તે રસપરિત્યાગ તપ છે.

એકાંત, અનાબાધ, અસંસક્ત અને સ્ત્રી-પશુ-પંડકથી રહિત એવા શૂન્યઘર, દેવકુલ, સભા, પર્વતગુફા આદિમાંથી કોઈ એક સ્થાનમાં સમાધિ માટે સંલીનતા એ વિવિક્તશય્યાસનતા છે.

કાયક્લેશ અનેક પ્રકારનો છે. તે આ પ્રમાણે- સ્થાન, વીરાસન, ઉત્કટુક આસન, એક પાર્શ્વ દંડાયતશયન, આતાપના અને અપ્રાવૃત્ત વગેરે.

(ઉપર જણાવેલા અનશનાદિ) સમ્યગ્ યોજેલા બાહ્યતપ છે.

આ છએ પ્રકારના બાહ્યતપથી સંગત્યાગ-શરીરલાઘવ-ઇંદ્રિયજય-સંયમરક્ષણ-કર્મનિર્જરા થાય છે. (૯-૧૯)

ટીકા– द्विविधं तपो-बाह्यमभ्यन्तरं च, तत्र बाह्याभ्यन्तरशब्दार्थः प्राग् निरूपितः, तदेकैकं षोढा-तत्र बाह्यस्य तावद्भाष्यकारो भेदानाचष्टे षडपि सूत्रं विवृण्वन् अनशनं अवमौदर्यं वृत्तिपरिसङ्ख्यानमित्यादि प्राक् प्रकृतः सम्यक्शब्दोऽनुवर्त्तते, स च विशेषणं, सम्यगनशनं

सम्यगवमौदर्यमेवं सर्वत्र वृत्तिपरिसङ्ख्यानादिष्वपि, किं पुनर्विशेषेण व्यावर्त्त्यते ?, नृपशत्रुतस्करकृताहारनिरोधादि, तथा पंक्तिनिमित्तमाजीवादिहेतोरुपहतभावदोषस्य न हि संयमरक्षणं न च कर्म्मनिर्जरित्यतः सम्यग्ग्रहणं, यस्तु प्रवचनोदितं श्राद्धतया स्वसामर्थ्यापेक्षो द्रव्यक्षेत्रकालभावाभिज्ञः क्रियाश्चाहापयन्नहोरात्राभ्यन्तरकार्याः करोत्यनशनादितपः स कर्म्मनिर्जराभाग्भवतीत्येवमर्थं अनुवर्त्यते सम्यग्ग्रहणं बालतपःप्रतिषेधार्थं च, संयमः सप्तदशभेद उक्तः, चारित्रं वा पञ्चप्रकारं संयमः, तत्परिपालनाय रसत्यागादि सम्यक्तपो भवति, कर्म्म-ज्ञानावरणादि तस्य निर्जरा आत्मप्रदेशेभ्यः परिशटनं यथोक्तं [१]यद्वद्विशोषणादुपचितो वेत्यादि, तपश्च प्रायः सर्वसमयेषु प्रतीतं शुभाशुभकर्म्मक्षयायेत्येवं कर्म्मनिर्जरणार्थं चेत्युक्तं, चशब्दः समुच्चयार्थः तत्रानशनमादावेव, आहारगवेषणे यत्नवानपि संयतः केनचिदतीचारकलङ्केन युज्यत एवेति तत्परिहारायोपन्यस्तं सप्रपञ्चं चतुर्थषष्ठाष्टमादीत्यादिना, अशनंआहारस्तत्परित्यागोऽनशनं, तद् द्विधा-इत्वरं यावज्जीविकं च, तत्रेत्वरं नमस्कारसहितादि, चतुर्थभक्तादिषण्मासपर्यवसानमित्वरमनशनं भगवतो महावीरस्य तीर्थे, यावज्जीविकं च त्रिविधं-पादपोपगमनं इङ्गिनी भक्तप्रत्याख्यानमिति, तत्र पादपोपगमनं द्विधा-सव्याघातमव्याघातं च, सतो ह्यायुषो यदुपक्रान्तिः क्रियते समुपजातव्याधिना उत्पन्नमहावेदनेन वा तत् सव्याघातं, निर्व्याघातं तु प्रव्रज्याशिक्षापदादिक्रमेण जराजर्जरितशरीरः करोति, यदुपहितचतुर्विधाहारप्रत्याख्यानो निर्जन्तुकं स्थण्डिलमाश्रित्य पादप इवैकेन पार्श्वेन निपतत्यपरिस्पन्दस्तावदास्ते प्रशस्तध्यानव्यापृतान्तःकरणः यावदुत्क्रान्तप्राणस्तदेतत् पादपोपगमनाख्यमनशनं १, इंगिनी-श्रुतविहितः क्रियाविशेषस्तद्विशिष्टं मरणं

१. सम्पूर्ण पद्यं यथा–
यद्वद् विशोषणादुपचितोऽपि यत्नेन जीर्यते दोषः ।
तद्वत् कर्मोपचितं निर्जरयति संवृत्तस्तपसा ॥

इङ्गिनीमरणं, अयमपि प्रव्रज्यादिप्रतिपत्तिक्रमेणैवायुषः परिहाणिमवबुद्ध्य आत्तनिःशेषोपकरणः स्थावरजङ्गमप्राणिविवर्जितस्थण्डिलस्थाय्येकाकी कृतचतुर्विधाहारप्रत्याख्यानः छायाया उष्णे उष्णात् छायायां क्रामन् सचेष्टः सम्यग्ज्ञानपरायणः प्राणान् जहात्येतदिङ्गिनीमरणमपरिकर्म्मपूर्वकं चेति २, भक्तप्रत्याख्यानं तु गच्छमध्यवर्त्तिनः, स कदाचित्त्रिविधाहारप्रत्याख्यायी कदाचिच्चतुर्विधाहारप्रत्याख्यानो वा, पर्यन्ते कृतसमस्तप्रत्याख्यानः समाश्रित्य मृदुसंस्तारकः समुत्सृष्टशरीराद्युपकरणममत्वः स्वयमेवोद्ग्राहितनमस्कारः समीपवर्त्तिसाधुदत्तनमस्कारो वा उद्वर्त्तनपरिवर्त्तनादि कुर्वाणः समाधिना करोति कालम्, एतद् भक्तप्रत्याख्यानं मरणमिति ३ ।

उक्तमनशनमवमौदर्यमुच्यते-अवमौदर्यमित्यवमं न्यूनं नामेत्यादि, अवमं न्यूनमुदरं यस्यासाववमोदरः तद्भावोऽवमौदर्यं-न्यूनोदरता, कवलप्रमाणनिरूपणार्थमाह-उत्कृष्टावकृष्टौ इत्यादि, उत्कृष्टो विकृत्य मुखविवरं यन्नतो महाप्रमाणं कृत्वा यः प्रक्षिप्यते अवकृष्टस्त्वत्यन्तलघुकस्तौ वर्जयित्वा मध्यमेन कवलेनाविकृतस्वमुखप्रमाणेनावमौदर्यं कार्यं, तच्च त्रिविधमवमौदर्यं, तद्यथेत्यादिना प्रत्यक्षीकरोति, अल्पाहारावमौदर्यमुपार्द्धावमौदर्यं प्रमाणप्राप्तात् किञ्चिदूनावमौदर्यमिति, तत्राहारः पुंसो द्वात्रिंशत्कवलप्रमाणः, कवलाष्टकाभ्यवहारोऽल्पाहारावमौदर्यं, उपार्द्धावमौदर्यं द्वादश कवलाः, अर्द्धसमीपमुपार्द्धं द्वादश कवलाः, यतः कवलचतुष्टयप्रक्षेपात् सम्पूर्णमर्द्धं भवति, प्रमाणप्राप्ताहारो द्वात्रिंशत् कवलाः, स चैकेन कवलेन न्यूनं किञ्चिदूनावमौदर्यं भवति, इतिशब्दः प्रकारार्थः, प्रमाणप्राप्तावमौदर्यं चतुर्विंशतिः कवलाः, त्रिविधावमौदर्ये एकैककवलह्रासेन बहूनि स्थानानि जायन्ते, सर्वाणि चावमौदर्यविशेषाः कवलपरिसङ्ख्यानं चेति, पुरुषस्य द्वात्रिंशत् योषितोऽष्टाविंशतिः, अतो विभागः कार्यः ।

वृत्तिपरिसङ्ख्यानमनेकविधमित्यादि, वर्तते यया सा वृत्तिः-भैक्ष्यं तस्य परिसङ्ख्यानं-परिगणनं आगमविहितोऽभिग्रहो वा, परिगणनं दत्तीनां भिक्षाणां वा, तत्र दत्तिर्यदेकमुखेन प्रक्षिपति पात्रकादौ पटलकेन वा दोहनकादिना वा, भिक्षा तु हस्तेनोत्क्षिप्य यद्ददाति कडुच्छकेनो-दङ्किकया वा, तत् परिगणनमेकां दत्तिं ग्रहीष्याम्यद्य द्वे तिस्रो वा इत्यादि, एवं भिक्षाणामपि गणनं गोचरप्रवेशकाले करोति, तद्यथेत्यादिना अभिग्रहानेकविधत्वं दर्शयति, उत्क्षिप्तनिक्षिप्तान्तप्रान्तचर्यादीनामित्यादि उत्क्षिप्तं पटलोदङ्किकाकडुच्छुकादिनोपकरणेन दानयोग्यतया दायकेनोद्यतं तादृशं यदि लप्स्ये ततो ग्रहीष्यामि नाविशिष्टमित्युत्क्षिप्तचर्या-उत्क्षिप्ताभ्यवहरणमिति, तथाऽपरो निक्षिप्तचरकः पूर्वोक्तविपरीतग्राही, आदिशब्दादन्ये चाभिग्रहका वाच्याः, अन्तचरको रूक्षकौद्रवौदनार-नालादिग्राही, प्रान्तचरकः शीतलौदनादिग्राही, इत्थमुत्क्षिप्तचर्यादी-नामन्यतममभिग्रहमभिगृह्य पर्यटति भिक्षायै, सक्तुकुल्माषौदनादीनां चेत्यनेन द्रव्यक्षेत्रकालभावविभक्तान् अभिग्रहान् सूचयति, तत्र द्रव्यतः सक्तुकुल्माषान्नशुष्कौदनमादिशब्दात्तक्रतेमनमाचाम्लपर्णकं मण्डकान् वा ग्रहीष्ये, क्षेत्रतो देहलीं जङ्घयोरन्तः कृत्वा कालतो विनिवृत्तेषु सर्व-भिक्षाचरेषु भावतो हसनरोदनादिव्यापृतो निगडादिबद्धो अक्ताक्षः कृततमालपत्रो वा दायको ददाति यत् तदेवमन्यतमं द्रव्याद्यभिगृह्य शेषप्रत्याख्यानं वृत्तिपरिसङ्ख्यानं तप इति ।

रसपरित्यागो इत्यादि, रस्यन्ते-स्वाद्यन्तेऽतिशयेन रसास्तान्, परित्यागो हि तत्परिहारः, सोऽनेकप्रकारः, तद्बहुत्वादेव तद्यथेत्यादिना रसान् प्रत्यक्षीकरोति, मद्यमांसमधुनवनीतादीनामित्यादि तत्र मद्यं गुडपिष्टद्राक्षा-खर्जूरादिद्रव्यसम्भारोपजातं मदसामर्थ्यं विषगरादिवज्जीवमस्वतन्त्रं करोति, अस्वतन्त्रश्च तद्वशः कार्याकार्यविवेकशून्यः, प्रभ्रष्टस्मृतिसंस्कारो न किञ्चिन्नाचरति गर्हितम् । मांसं- सर्वशास्त्रप्रतीतं तस्य परित्यागः

श्रेयानिति, मधु त्रिप्रकारं-माक्षिकं कौन्तिकं भ्रामरं च, एतदपि प्राण्युपघातनिष्पन्नमेवेति परिहार्यं, द्रव्यादिचतुष्टयापेक्षयेति, गोमहिष्य-जाविकानां नवनीतं चतुर्द्धा, स चापि रसो वृष्य इति परिहार्यः, आदिग्रहणाद् क्षीरदधिगुडघृततैलाख्याः पञ्चावरुध्यन्ते विकृतयः, तत्र क्षीरविकृतिः पञ्चप्रकारा गोमहिष्यजाविकोष्ट्रीणां, दधिविकृतिरपि करभीवर्जानां चतुष्प्रकारा, गुडविकृतिरिक्षुविकारः फाणितादिः प्रसिद्धः खण्डशर्करावर्जः, दधिविकृतिरिव घृतविकृतिरपि चतुर्विधैव, तैल-विकृतिरपि चतुर्विधा । तिलातसीसिद्धार्थककुसुम्भाख्यानि तैलानि, दशमी घृताद्यवगाहनिष्पन्ना अवगाह्यकविकृतिरपूपादिका । साप्यादि-ग्रहणादागृहीतैव, एवमेतासां रसविकृतीनां प्रत्याख्यानं तपः, एता हि वृष्यत्वाद्वाजीकरणप्रसिद्धेश्चेति न सर्वदाऽभ्यवहार्याः, चित्तविकारहेतु-भूतत्वाद्, एवं च विकृतयोऽन्वर्थसंज्ञां लभन्ते, अतो मुमुक्षुणा ललनाङ्गविलोकनवत् प्रत्याख्येयाः, इत्थं च रसपरित्यागलक्षणं विशिष्टं तपः । विरसरूक्षाद्यभिग्रहश्चेत्यनेन विनापि विकृतिभिः शक्यं प्राणरक्षणं यतिनेति दर्शयति, विगतरसं विरसं, तस्माद्रसात् प्रच्युतं रूक्षं कोद्रवाम्लपर्णकं, आदिग्रहणादन्तप्रान्तपरिग्रहः ।

विविक्तशय्यासनतानामेति शय्याग्रहणेन प्रतिश्रयत्रिकग्रहणं, आसनग्रहणेन पीठवृषिकादि, विविक्तं गर्हितजनसम्पातरहितं अबीला-शुषिरादि, विविक्तं च तत् शय्यासनं च विविक्तशय्यासनं तद्भावो विविक्तशय्यासनता, नामशब्दो वाक्यालङ्कारार्थः अभिधानवचनो वा, अस्यैव विवरणमेकान्तेऽनाबाधे इत्यादि, पर्यायकथनेन व्याख्यानं, विविक्तमेकान्तमनाबाधमसंसक्तं स्त्रीपशुपण्डकविवर्जितमिति पर्यायाः, अनाबाध इति आबाधः-शरीरोपघातः स न विद्यते यत्र तदनाबाधं असंसक्त इति सूक्ष्मस्थूलजन्तुरहिते स्त्रीपशुपण्डकविवर्जित इति स्त्रियो-मानुष्यः पशवो-गोमहिष्यजाविकाद्याः पण्डकानि-नपुंसकानि, वस्तुतश्चा-

रित्रोपघात एवैष सर्वः, तदेवैकान्तादिगुणयुक्तं प्रतिश्रयादि निरूपयति-शून्यागार इत्यादिना, शून्यागारं-शून्यगृहमदोषं देवकुलं-दुर्गाद्यायतनादि सभा-यत्र प्राङ् मनुष्याः समवायमकृषत सम्प्रति तु न तत्र समवयन्ति पर्वतगुहा-पर्वतविवरं गिरिनगरादाविव लयनानि, आदिग्रहणादन्यदपि जीर्णोद्यानमध्यवर्त्ति मण्डपकादि परिगृह्यते, एषां यथोक्तानामन्यतमस्थाने व्यवस्थानं, किमर्थमिति चेत् समाध्यर्थं समाधिर्ज्ञानदर्शनचारित्रतपोवीर्यात्मकः पञ्चधा, समाधानं समाधिः स्वस्थता ज्ञानादीनामपरिहाणिर्विवृद्धिश्च, इत्थमियं संलीनता तपोविशेषः, इन्द्रियाणि संयम्य सस्वान्तानि क्रोधादिकषायकदम्बकं च विविक्तं शय्यासनमासेवमानस्य संलीनता भवतीति, प्राप्तेष्विन्द्रियविषयेषु भवितव्यमरक्तद्विष्टेन, कषायसंलीनता क्रोधस्य तावदुदयनिरोधः प्राप्तोदयस्य वा वैफल्यापादनं, एवं शेषाणामपि, तथा अकुशलमनोनिरोधः कुशलचित्तोदीरणं वा, एवं वागपि वाच्या, कायव्यापारे समुत्पन्नप्रयोजनस्य यत्नवतः संलीनताव्यपदेशमश्नुते, विना प्रयोजनेन निश्चलासनमेव श्रेयः, विविक्तचर्या तु भाष्यकृतैवोक्ता ।

कायक्लेशोऽनेकविध इत्यादि कायः-शरीरं तस्य क्लेशो-बाधनं, कायात्मनोरभेदः, संसार्य्यवस्थायामन्योऽन्यानुगतत्वात् क्षीरोदकयोरिव, अतः कायबाधायात्मनोऽपि कायद्वारेण क्लेशोपपत्तिः, सम्यग्योगनिग्रहो गुप्तिरित्येतस्मात् सम्यग्ग्रहणमनुवर्त्तते, तच्च कायक्लेशविशेषणं आगमानुसारिणी सम्यक् क्लेशोत्पत्तिर्निर्जरायै न्याय्या, स चागमेऽनेकप्रकारः कायक्लेश उपन्यस्तः, तद्यथेत्यादिना तदनेकविधत्वं दर्शयति, स्थानवीरासनेत्यादि, स्थानग्रहणाद् ऊर्ध्वस्थानलक्षणकायोत्सर्गपरिग्रहः तस्य चाभिग्रहविशेषात् स्वशक्त्यपेक्षातः कालनियमश्चन्द्रावतंसकनृपतेरिवावगन्तव्यः, वीरासनं जानुप्रमाणासनसन्निविष्टस्याधस्तात् समाकृष्यते तदासनं निश्चेष्टा च तदवस्थ एवास्ते यदा तदा कायक्लेशाख्यं तपो

भवति, तत्राप्यभिग्रहविशेषादेव स्वसामर्थ्यापेक्षात् कालनियमः, उत्कटुकासनं तु प्रसिद्धमेव, विनाऽऽसनेन भूमौ वाप्राप्तस्फिग्द्वयस्य भवति, एकपार्श्वशायित्वं त्वधोमुख उत्तानमुखस्तिर्यग्व्यवस्थितो वा कालनियमभेदेन यदवतिष्ठते तत्तपः कायक्लेशाख्यं, तथा दण्डायतशायित्वं नाम तपः ऋजुकृतशरीरः प्रसारितजङ्घद्वयश्चलनरहितस्तिष्ठति यदा तदा तद्भवति, आतपनमप्यूर्ध्वबाहोरूर्ध्वस्थितस्य निविष्टस्य निषण्णस्य वा प्राग् प्रज्वलितगभस्तिजालस्य सवितुरभिमुखस्थितस्य भवति, अप्रावरणाभिग्रहः शिशिरसमये प्रावरणाग्रहणं, आदिग्रहणाद्धेमन्तेऽपि रजनीष्वातापनं, सन्तापनमात्मनः शीतार्त्तिसहनमित्यर्थः, तथा लगण्डशायित्वमप्रतिकर्म्मशरीरत्वमस्नानकं केशोल्लुञ्चनमित्येवमेतानि स्थानवीरासनादीनि सम्यक्प्रयुक्तान्यागमचोदनानुगतानि बाह्यं तपो यथाशक्ति विधिनाऽनुष्ठेयं, अन्यथा त्वविधिप्रयोगादात्मानमितरांश्च धर्म्मावश्यकविधीन् पीडयेत्, अविध्युपयुक्तविषवत्, किं पुनरितो बाह्यात्तपसः फलमवाप्यत इत्याह-अस्मात् षड्विधादपि बाह्यात्तपस इत्यादि, सङ्गत्यागं शरीरलाघवमिन्द्रियविजयं संयमरक्षणं कर्म्मनिर्जरा चेत्यनेकं फलमासाद्यते, तत्र निःसङ्गत्वं बाह्याभ्यन्तरोपधिष्वनभिष्वङ्गो-निर्ममत्वं, प्रतिदिनमतिमात्राहारोपयोगात् प्रणीताहारोपयोगाच्च शरीरस्य गौरवं, ततश्च मासकल्पविहारिताया अयोग्यता, तद्वर्जनात्तु शकटाक्षाभ्यञ्जनवदुपयोगाद्वा शरीरलाघवमुपजायते, ततश्चाप्रणीतशरीरस्योन्मादानुद्रेकादिन्द्रियविजयः, भक्तपानार्थमहिण्डमानस्य वर्षाजनितजन्तूपरोधाभावात् संयमसंरक्षणं, निसङ्गादिगुणयोगादनशनादितपोऽनुतिष्ठतः शुभध्यानव्यवस्थितस्य कर्म्मनिर्जरणमवश्यं भावीति ॥९-१९॥

ટીકાર્થ– બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનો તપ છે. તેમાં બાહ્ય અને અભ્યંતર શબ્દનો અર્થ પહેલા (અ.૯ સૂ.૬ ની ટીકામાં) જણાવ્યો છે. તે એક એક તપ છ પ્રકારે છે. તેમાં બાહ્યના છએ ય ભેદોને સૂત્રનું વિવરણ કરતા ભાષ્યકાર કહે છે–

પહેલા (ચોથા સૂત્રમાં) પ્રારંભાયેલ સમ્યક્ શબ્દ (અહીં સુધી) ચાલ્યો આવે છે અને તે વિશેષણ છે. કેમકે, સમ્યગ્ અનશન, સમ્યગ્ અવમૌદર્ય એ પ્રમાણે વૃત્તિપરિસંખ્યાન વગેરે સર્વ શબ્દોમાં સમ્યગ્ શબ્દ જોડવો.

પ્રશ્ન– સમ્યગ્ એવા વિશેષણથી કોની વ્યાવૃત્તિ કરાય છે ?

ઉત્તર– રાજા, શત્રુ અને ચોર આદિથી કરાયેલ આહારનિરોધ વગેરે તથા પંક્તિનિમિત્તે (લોકમાં પોતાનું મહત્ત્વ વધારવા, પ્રશંસા મેળવવા પ્રસિદ્ધિ[1] આદિ નિમિત્તે) કે આજીવિકા આદિના હેતુથી હણાયેલ ભાવરૂપ દોષવાળાને સંયમનું રક્ષણ થતું નથી અને કર્મનિર્જરા થતી નથી. આથી (એવા તપને દૂર કરવા) સમ્યગ્ શબ્દનું ગ્રહણ કર્યું છે.

શાસ્ત્રોક્તમાં શ્રદ્ધાળુ હોવાથી સ્વસામર્થ્યની અપેક્ષાવાળો, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો જાણકાર અને દિવસ-રાતમાં કરવા યોગ્ય ક્રિયાઓનો (ઓછી કરવી, બરોબર ન કરવી વગેરે રીતે) ત્યાગ નહિ કરતો જે અનશનાદિ તપને કરે છે તે કર્મનિર્જરાનો ભાગી થાય છે. એટલા માટે અને બાલતપનો નિષેધ કરવા માટે સમ્યક્ શબ્દ ગ્રહણની અનુવૃત્તિ કરાય છે.

સંયમ સત્તર પ્રકારનું કહ્યું છે. અથવા પાંચ પ્રકારનું ચારિત્ર સંયમ છે. તેના પરિપાલન માટે કરાતો રસત્યાગાદિ તપ સમ્યગ્ થાય છે. કર્મ=જ્ઞાનાવરણીયાદિ, તેની નિર્જરા=આત્મપ્રદેશોથી ખરી જવું. કહ્યું છે કે- જેવી રીતે યત્નપૂર્વક લંઘન કરવાથી પુષ્ટ પણ જવર વગેરે દોષ નાશ પામે છે તેવી રીતે સંવરયુક્ત જીવ એકઠાં કરેલાં બદ્ધ વગેરે પ્રકારના જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો તપથી ક્ષય કરે છે. (પ્રશમરતિ ગા.૧૫૯) તપ પ્રાયઃ સર્વશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. તપ શુભ-અશુભ કર્મના ક્ષય માટે છે. માટે અહીં "કર્મનિર્જરા માટે" એમ કહ્યું છે.

ચ શબ્દ સમુચ્ચય માટે છે.

અનશન તપ

તેમાં અનશન પહેલાં જ છે. આહારની ગવેષણા કરવામાં

૧. આ માટે જુઓ યોગબિંદુ ગાથા ૯૦ વગેરે.

પ્રયત્નવાળો પણ સાધુ કોઈક અતિચારરૂપ કાદવથી જોડાય જ છે. આથી તેનો ત્યાગ કરવા માટે ઉપવાસ-છટ્ઠ-અટ્ઠમ ઇત્યાદિથી વિસ્તારથી ઉપન્યાસ કર્યો છે. અશન એટલે આહાર. તેનો ત્યાગ તે અનશન. અનશન ઇત્વર અને યાવજ્જીવિક એમ બે પ્રકારે છે. નમસ્કાર સહિત (=નવકારશી)થી પ્રારંભી છ માસના ઉપવાસ સુધીનો તપ ઇત્વર છે. યાવજ્જીવિક અનશન પાદપોપગમન, ઇંગિની અને ભક્તપ્રત્યાખ્યાન એમ ત્રણ પ્રકારનું છે.

પાદપોપગમન– તેમાં પાદપોપગમન સવ્યાઘાત અને અવ્યાઘાત એમ બે પ્રકારનું છે. આયુષ્ય (વધારે) હોવા છતાં વ્યાધિ થવાના કારણે અથવા અતિશય ઘણી વેદનાના કારણે જે આયુષ્યનો ઉપક્રમ કરાય તે સવ્યાઘાત પાદપોપગમન છે. પ્રવ્રજ્યા-શિક્ષાપદ આદિ ક્રમથી[1] જેનું શરીર જરાથી જર્જરિત થયું છે તે પાદપોપગમન અનશન કરે તે નિર્વ્યાઘાત છે. ચારે ય આહારનું પ્રત્યાખ્યાન કરનાર સાધુ જીવરહિત સ્થાનમાં વૃક્ષની જેમ એક પડખે શરીરને જરાપણ હલાવ્યા વિના પડી રહે. પ્રશસ્ત ધ્યાનમાં વ્યાપૃત અંતઃકરણવાળો તે પ્રાણ જાય ત્યાં સુધી આવી સ્થિતિમાં રહે. આ પાદપોપગમન નામનું અનશન છે.

ઇંગિની– ઇંગિની એટલે શ્રુતમાં વિહિત ક્રિયાવિશેષ. તેનાથી વિશિષ્ટ મરણ તે ઇંગિનીમરણ. ઇંગિનીમરણ સ્વીકારનાર પણ પ્રવ્રજ્યા સ્વીકાર આદિ ક્રમથી, આયુષ્યની હાનિને જાણીને, સઘળા ઉપકરણોને લઈને સ્થાવર-જંગમ જીવોથી રહિત સ્થાનમાં એકલો રહે. ચારે આહારનો ત્યાગ કરે. છાયામાંથી ઉષ્ણપ્રદેશમાં અને ઉષ્ણપ્રદેશમાંથી છાયામાં જતો તે ચેષ્ટાથી સહિત હોય. પ્રાણોનો ત્યાગ કરે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાનમાં પરાયણ રહે. શરીરપરિકર્મ (સ્વયં) કરી શકે. (બીજાની પાસે ન કરાવી શકે તથા નિયત કરેલા પ્રદેશથી બહાર ન જઇ શકે.) આ ઇંગિનીમરણ છે.

---

૧. બાર વર્ષ સુધી સૂત્રાભ્યાસ, બાર વર્ષ સુધી અર્થાભ્યાસ, બાર વર્ષ સુધી દેશાટન ઇત્યાદિ ક્રમથી.

ભક્તપ્રત્યાખ્યાન– ભક્તપ્રત્યાખ્યાન ગચ્છમાં રહેલાને હોય. ભક્તપ્રત્યાખ્યાન સ્વીકારનાર ક્યારેક ત્રણ પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરે, ક્યારેક ચાર પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરે. અંતે કોમળ સંથારામાં રહીને સઘળાનું પ્રત્યાખ્યાન કરે. શરીરાદિ ઉપકરણના મમત્વનો ત્યાગ કરે. સ્વયં નમસ્કારમંત્રને યાદ કરે અથવા પાસે રહેલા સાધુઓ નમસ્કારમંત્રને સંભળાવે, [1]ઉદ્વર્તન-પરિવર્તનને કરતો તે સમાધિથી કાળ કરે છે=મરણ પામે છે. આ ભક્તપ્રત્યાખ્યાન મરણ છે.

અવમૌદર્ય તપ

અનશન કહ્યું. હવે અવમૌદર્ય કહેવાય છે–

'अवमौदर्यम्' इति, अवम=ન્યૂન ઉદર જેનું છે તે અવમોદર. તેનો ભાવ તે અવમૌદર્ય. અવમૌદર્ય એટલે ન્યૂનોદરપણું. કોળિયાના પ્રમાણનું નિરૂપણ કરવા માટે કહે છે- उत्कृष्टावकृष्टौ इत्यादि મુખવિવરને પ્રયત્નથી વિકૃત કરીને કોળિયો મોટા પ્રમાણવાળો કરીને નંખાય તે ઉત્કૃષ્ટ છે. અત્યંત નાનો કોળિયો અવકૃષ્ટ છે. તે બેને છોડીને સ્વમુખને વિકૃત કર્યા વિના મધ્યમ કોળિયાથી અવમૌદર્ય કરવું.

'तद्यथा' ઇત્યાદિથી ત્રણ પ્રકારનાં અવમૌદર્યને પ્રત્યક્ષ કરે છે. અલ્પાહાર અવમૌદર્ય, ઉપાર્ધ અવમૌદર્ય અને પ્રમાણપ્રાપ્તથી કંઇક ન્યૂન અવમૌદર્ય. તેમાં પુરુષનો આહાર બત્રીસ કોળિયા પ્રમાણ છે, આઠ કોળિયા જેટલો આહાર અલ્પાહાર અવમૌદર્ય છે. બાર કોળિયા જેટલો આહાર ઉપાર્ધ અવમૌદર્ય છે. અર્ધની નજીક તે ઉપાર્ધ. બાર કોળિયા આહાર ઉપાર્ધ છે. કારણ કે ચાર કોળિયા નાખવાથી સંપૂર્ણ અર્ધું થાય છે. પ્રમાણપ્રાપ્ત આહાર બત્રીસ કોળિયા છે. તે એક કોળિયાથી ન્યૂન કંઇક ન્યૂન અવમૌદર્ય થાય છે. इति શબ્દ પ્રકાર અર્થવાળો છે. પ્રમાણપ્રાપ્ત અવમૌદર્ય ચોવીસ કોળિયા છે. ત્રણ પ્રકારના અવમૌદર્યમાં

૧. પાસું બદલી બીજા પડખે સૂવું તે ઉદ્વર્તન, પુનઃ તે જ પડખે સૂવું તે પરિવર્તન.

એક એક કોળિયો ઓછો કરવાથી ઘણાં સ્થાનો થાય છે. તે બધા સ્થાનો અવમૌદર્યવિશેષ છે.

कवलपरिसङ्ख्यानं च इति પુરુષના બત્રીસ અને સ્ત્રીના અઠ્ઠાવીસ કોળિયા આહાર છે. એમાંથી વિભાગ કરવો.

वृत्तिपरिसंख्यानतप

'वृत्तिपरिसङ्ख्यानमनेकविधम्' ઇત્યાદિ જેનાથી (જીવન) ટકી રહે તે વૃત્તિ. વૃત્તિ એટલે ભિક્ષા. તેનું પરિસંખ્યાન એટલે ગણતરી. અથવા વૃત્તિ એટલે આગમોક્ત અભિગ્રહ. અથવા દત્તિઓની કે ભિક્ષાઓની ગણતરી. પટલક(=ટોપલી)થી કે દોહનક(=દોણી) આદિથી પાત્ર વગેરેમાં એક વખતમાં જે નાખવામાં આવે તે દત્તિ છે. હાથથી ઉપાડીને અથવા કડછાથી કે [1]ઉદંકિકાથી જે આપે તે ભિક્ષા છે. આજે એક, બે કે ત્રણ દત્તિ લઈશ એમ દત્તિની ગણતરી તે વૃત્તિપરિસંખ્યાન છે. એ પ્રમાણે ગોચરી જતી વખતે ભિક્ષાઓની પણ ગણના કરે. तद्यथा ઇત્યાદિથી અનેક પ્રકારના અભિગ્રહોને બતાવે છે- "उत्क्षिप्तनिक्षिप्तान्तप्रान्तभिक्षाचर्यादीनाम्" ઇત્યાદિ, પટલ, ઉદંકિકા અને કડછી આદિ ઉપકરણથી દાન યોગ્ય હોવાથી આપનારે ઉપાડેલું હોય તે ઉત્ક્ષિપ્ત છે. તેવું જો મેળવીશ તો લઈશ, બીજું નહિ. આ ઉત્ક્ષિપ્ત ચર્યા=ઉત્ક્ષિપ્ત ભોજન છે. તથા બીજો આનાથી વિપરીત ગ્રહણ કરનાર નિક્ષિપ્તચરક છે. આદિ શબ્દથી બીજા અભિગ્રહો કહેવા. રૂક્ષકોદરા, ભાત અને આરનાલ આદિને ગ્રહણ કરનાર અંતચરક છે. ઠંડા ભાત આદિને ગ્રહણ કરનાર પ્રાંતચરક છે. આ પ્રમાણે ઉત્ક્ષિપ્તચર્યા આદિમાંથી કોઇ એકનો અભિગ્રહ કરીને ભિક્ષા માટે ફરે.

सक्तुकुल्माषौदनादीनां च એવા ઉલ્લેખથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વિભક્ત અભિગ્રહોનું સૂચન કરે છે. દ્રવ્યથી સાથવાને, અડદને કે છાશ-ભાતને લઈશ એવો અભિગ્રહ કરે. આદિ શબ્દથી તક્ર, તેમન,

१. ઘી-તેલ વગેરેને રાખવાનું વાસણ.

આચામ્લ, પર્ણક કે મંડક (ખાખરા)ને લઈશ એવો અભિગ્રહ કરે. ક્ષેત્રથી ઉંબરાને બે જંઘાની અંદર (વચ્ચે) કરીને ભિક્ષા આપે તો લઈશ. કાળથી સર્વભિક્ષાચરો ભિક્ષા લઈને જતા રહ્યા હોય ત્યારે ભિક્ષા લઈશ, ભાવથી હાસ્ય અને રુદન આદિમાં વ્યાપૃત હોય=રુદન આદિ કરતો હોય, બેડી આદિથી બંધાયેલો હોય, આંજેલી આંખોવાળો હોય, તમાલપત્ર જેવું તિલક જેણે કર્યું હોય તેવો દાયક જો આપે તો લઈશ. આ પ્રમાણે કોઈ એક દ્રવ્યાદિનો અભિગ્રહ કરીને શેષનું પ્રત્યાખ્યાન કરવું તે વૃત્તિપરિસંખ્યાન તપ છે.

રસત્યાગ તપ

'रसपरित्यागः' ઇત્યાદિ જે અતિશય સ્વાદ લેવાય છે=ખવાય છે તે રસ. રસોનો પરિહાર કરવો તે રસપરિત્યાગ. તે અનેક પ્રકારનો છે. રસો ઘણા હોવાથી જ तद्यथा ઇત્યાદિથી રસોને પ્રત્યક્ષ કરે છે. "मद्य-मांस-मधु-नवनीतानाम्" ઇત્યાદિ ગોળ, લોટ, દ્રાક્ષ, ખજૂર આદિ દ્રવ્યોની સામગ્રીથી થયેલ અને મદના સામર્થ્યવાળું મદ્ય વિષ-ગર આદિની જેમ જીવને પરાધીન કરે છે. પરાધીન, મદને વશ બનેલો કાર્ય-અકાર્યના વિવેકથી રહિત અને જેના સ્મૃતિ અને સંસ્કાર અત્યંત ભ્રષ્ટ થયા છે એવો તે એવું કંઈ ગર્હિત(=નિંદ્ય) નથી કે જેને તે ન આચરે.

માંસ સર્વશાસ્ત્રોમાં (ત્યાજ્ય તરીકે) પ્રસિદ્ધ છે. તેનો પરિત્યાગ કલ્યાણકારી છે.

મધ માક્ષિક, કૌન્તિક અને ભ્રામર એમ ત્રણ પ્રકારનું છે. તે પણ જીવોના વિનાશથી થયેલું હોવાથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ ત્યાગ કરવા યોગ્ય છે.

માખણ ગાયનું, ભેંસનું, બકરીનું અને ઘેટીનું એમ ચાર પ્રકારે છે. માખણ રસવૃષ્ય(=બળને વધારનારું) હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. આદિ શબ્દના ગ્રહણથી દૂધ-દહીં-ગોળ-ઘી-તેલ એ પાંચ વિગઈઓનો નિષેધ કરાય છે. તેમાં દૂધ વિગઈ ગાયની, ભેંસની, બકરીની, ઘેટીની, ઊંટડીની એમ પાંચ પ્રકારની છે. દહીં વિગઈ પણ ઊંટડી સિવાય ચાર

પ્રકારની છે. શેરડીરસનો વિકાર ફાણિત વગેરે ગોળ વિગઈ છે. ફાણિત(=ઢીલો ગોળ) વગેરે પ્રસિદ્ધ છે. ખાંડ, સાકર, ગોળ વિગઈ[૧] નથી. દહીં વિગઈની જેમ ઘી વિગઈ પણ ચાર પ્રકારે જ છે. તલ, અળશી, સરસવ અને કુસુંબો એ ચારનું તેલ તેલવિગઈ છે. ઘી આદિના અવગાહથી થયેલી પૂરી વગેરે અવગાહ્યક(=અવગાહિમ) વિગઈ છે. આ દશમી વિગઈ પણ આદિ શબ્દના ગ્રહણથી ગ્રહણ કરેલી જ છે. આ પ્રમાણે આ રસવિગઈઓનું પ્રત્યાખ્યાન રસપરિત્યાગ પ્રત્યાખ્યાન છે. આ વિગઈઓ બળ કરનારી હોવાથી અને વીર્યવર્ધક=કામોદ્દીપક તરીકે પ્રસિદ્ધ હોવાથી હંમેશા ન વાપરવી જોઈએ. કારણ કે તે વિગઈઓ ચિત્તવિકારના કારણરૂપ છે. આ પ્રમાણે વિગઈઓ અન્વર્થસંજ્ઞાને પામે છે. (જે ચિત્તવિકારને કરે તે વિકૃતિ=વિગઈ એમ અર્થવાળી સંજ્ઞાને પામે છે.) આથી મુમુક્ષુએ સ્ત્રીના અંગોના નિરીક્ષણની જેમ વિગઈઓનું પચ્ચક્ખાણ કરવું જોઈએ. આ પ્રમાણે રસપરિત્યાગ વિશિષ્ટ તપ છે. વિરસ-રૂક્ષ આહારાદિનો અભિગ્રહ એવા ઉલ્લેખથી સાધુને વિકૃતિ વિના પણ પ્રાણરક્ષણ કરવાનું શક્ય છે. એમ જણાવે છે. જેમાંથી રસ ચાલ્યો ગયો છે તે વિરસ. રસથી રહિત એવા કોદરા, આયંબિલ અને પર્ણક વગેરે રૂક્ષ આહાર છે. આદિ શબ્દથી અંત-પ્રાંત[૨] આહારનું ગ્રહણ કરવું.

विविक्तशय्यासन तप

'विविक्तशय्यासनता नाम' इति शय्या શબ્દના ગ્રહણથી ત્રણ ઉપાશ્રયનું[૩] ગ્રહણ કરવું. આસન શબ્દના ગ્રહણથી પીઠ(=પાટલો) અને વૃષિક(=દર્ભ ઘાસનું આસન) વગેરે સમજવું. વિવિક્ત એટલે નિંદ્યજનના આગમનથી રહિત અને બીલ, પોલાણ આદિથી રહિત. વિવિક્ત એવું શય્યાસન તે વિવિક્તશય્યાસન. તેનો ભાવ તે વિવિક્તશય્યાસનતા.

---

૧. ખાંડ, સાકર વિગઈ તો છે પણ પાકી વિગઈ છે ગોળની જેમ કાચી વિગઈ નથી. તેથી અહીં કાચી વિગઈમાં ગણેલ નથી.

૨. અંત એટલે રસ વિનાનો આહાર. પ્રાંત એટલે ગૃહસ્થોના ભોજન કર્યા પછી વધેલો આહાર.

૩. ચાતુર્માસમાં ત્રણ ઉપાશ્રયો ગ્રહણ કરવાનો વિધિ છે. (જુઓ કલ્પસૂત્ર વ્યાખ્યાન નવમું.)

નામ શબ્દ વાક્યની શોભા માટે છે અથવા નામ વચનવાળો છે, અર્થાત્ તપનું વિવિક્તશય્યાસનતા એવું નામ છે એ જણાવવા માટે છે. એકાન્તે અનાબાધે ઇત્યાદિ આનું જ વિવરણ છે. પર્યાયવાચી શબ્દો કહેવા દ્વારા વ્યાખ્યાન છે. વિવિક્ત, એકાંત, અનાબાધ, અસંસક્ત અને સ્ત્રીપશુપંડકવર્જિત એ પ્રમાણે પર્યાયો=પર્યાયવાચી શબ્દો છે.

અનાબાધ ઇતિ અબાધ એટલે શરીરનો ઉપઘાત. તે જેમાં નથી તે અનાબાધ. અસંસક્ત ઇતિ અસંસક્ત એટલે સૂક્ષ્મ-સ્થૂલ જીવોથી રહિત. 'स्त्रीपशुपण्डकविवर्जिते' ઇતિ સ્ત્રી એટલે મનુષ્યની સ્ત્રીઓ. પશુઓ એટલે ગાય-ભેંસ-બકરી-ઘેટી વગેરે. પંડક એટલે નપુંસક. પરમાર્થથી આ વસતિ ચારિત્રના ઉપઘાતવાળી છે.

તે જ એકાંત આદિ ગુણવાળા ઉપાશ્રયાદિનું નિરૂપણ શૂન્યાગાર ઇત્યાદિથી કરે છે- શૂન્યાગાર એટલે દોષરહિત શૂન્યઘર. દેવકુલ એટલે દુર્ગાદેવી વગેરેનું મંદિર વગેરે. સભા એટલે જ્યાં પહેલાં મનુષ્યો ભેગા થતા હતા, હવે ત્યાં ભેગા થતા નથી તેવી સભા. પર્વતગુહા એટલે પર્વતવિવર, અર્થાત્ પર્વત ઉપર રહેલા નગર આદિમાં હોય તેવા વિશ્રામસ્થાનો. આદિ શબ્દના ગ્રહણથી જીર્ણ ઉદ્યાનાદિમાં રહેલ મંડપ આદિ બીજું પણ ગ્રહણ કરાય છે. યથોક્ત સ્થાનોમાંથી કોઇ સ્થાનમાં રહેવું. શા માટે એમ જો પૂછવામાં આવે તો समाध्यर्थम्=સમાધિ માટે. સમાધિ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય એમ પાંચ પ્રકારે છે. સમાધાન તે સમાધિ, અર્થાત્ સ્વસ્થતા. જ્ઞાનાદિની હાનિ ન થવી અને વિશેષ વૃદ્ધિ થવી તે સમાધિ. આ પ્રમાણે આ સંલીનતા તપવિશેષ છે. ઇંદ્રિયોને અને અંતઃકરણ(=મન) સહિત કષાય સમૂહને કાબૂમાં રાખીને વિવિક્ત એવા શય્યાસનનું સેવન કરનારને સંલીનતા થાય છે. પ્રાપ્ત ઇંદ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષથી રહિત બનવું એ ઇંદ્રિય સંલીનતા છે. ક્રોધનો ઉદય ન થવા દેવો અને ઉદયમાં આવેલા ક્રોધને નિષ્ફળ બનાવવો એ કષાય-સંલીનતા છે. એ પ્રમાણે શેષ કષાયો અંગે પણ જાણવું. અકુશળ મનનો નિરોધ કરવો અને કુશળ ચિત્તની ઉદીરણા કરવી(=કુશળ ચિત્ત

પ્રવર્તાવવું) એ પ્રમાણે વાણી પણ કહેવી. કાયવ્યાપારમાં જેને પ્રયોજન ઉત્પન્ન થયું છે તે યતનાવાળા સાધુની સંલીનતા કહેવાય છે. પ્રયોજન વિના સ્થિર આસન જ શ્રેયસ્કર છે. (આ યોગ સંલીનતા છે. અહીં ચાર પ્રકારની સંલીનતામાં ઇંદ્રિયસંલીનતા, કષાયસંલીનતા અને યોગ-સંલીનતા એમ ત્રણ સંલીનતા કહી. ચોથી) વિવિક્તચર્યાસંલીનતા તો ભાષ્યકારવડે જ કહેવાઈ ગઇ છે.

કાયક્લેશતપ

'कायक्लेशोऽनेकविध' ઇત્યાદિ, કાય એટલે શરીર, તેને ક્લેશ=બાધા તે કાયક્લેશ. કાયા અને આત્મા સંસારાવસ્થામાં દૂધ-પાણીની જેમ અન્યોન્ય એકમેક થયેલા હોવાથી કાયા અને આત્માનો અભેદ છે. આથી કાયાને બાધા થાય ત્યારે કાયા દ્વારા આત્માને પણ ક્લેશની ઉપપત્તિ=પ્રાપ્તિ થાય છે. (આત્માને પણ ક્લેશ થાય એ ઘટી શકે છે.) सम्यग् योगनिग्रहो गुप्तिः એ સૂત્રથી સમ્યક્ શબ્દના ગ્રહણની અનુવૃત્તિ[1] થાય છે અને તે વિશેષણ કાયક્લેશનું છે. આગમાનુસારીઓને સમ્યક્કાયક્લેશની ઉત્પત્તિ નિર્જરા માટે થાય છે અને અનેક પ્રકારવાળો કાયક્લેશ આગમમાં કહેવાયેલ છે. तद्यथा ઇત્યાદિથી કાયક્લેશના અનેક પ્રકારોને બતાવે છે- 'સ્થાન-વીરાસન' ઇત્યાદિ સ્થાનશબ્દના ગ્રહણથી ઊભા રહેવા રૂપ કાયોત્સર્ગનું ગ્રહણ કરવું. સ્વશક્તિ પ્રમાણે અભિગ્રહવિશેષથી ચંદ્રાવતંસક રાજાની જેમ તેના કાળનો નિયમ જાણવો. (ખુરશી ઉપર બેઠેલાની જેમ) જાનુપ્રમાણ આસન ઉપર બેઠેલાની નીચેથી તે આસન ખેંચી લેવામાં આવે અને બેસનાર તે જ અવસ્થામાં રહે તે વીરાસન કાયક્લેશ નામનો તપ છે. તેમાં પણ પોતાની શક્તિ પ્રમાણે અભિગ્રહવિશેષથી કાળનો નિયમ છે. ઉત્કટુક આસન તો પ્રસિદ્ધ જ છે. આસન વિના જેના પગોની બે પેનીઓ ભૂમિને ન અડે તેનું આસન ઉત્કટુક આસન છે. એકપાર્શ્વશાયિત્વ આ પ્રમાણે છે- કાલનિયમભેદથી અધોમુખ, ઊર્ધ્વમુખ કે તિરછું રહે તે કાયક્લેશ નામનો તપ છે. જેણે શરીરને સરળ કરી દીધું છે અને બે જંઘાને

૧. એક સૂત્રમાં આવેલા શબ્દનો પછીના સૂત્રોમાં તે શબ્દના પ્રયોગ વિના તે શબ્દનું અનુસંધાન કરવું તે અનુવૃત્તિ.

(લાંબી) ફેલાવી દીધી છે તે જ્યારે હાલ્યા વિના રહે ત્યારે દંડાયતશાયિત્વ નામનો તપ થાય છે. આતાપના પણ બે બાહુ ઊંચા રાખીને એકાગ્રચિત્તવાળા, ઊભા રહેલા કે બેઠેલા, પ્રજ્વલિત કિરણસમૂહવાળા સૂર્યની તરફ મુખ રાખીને રહેલાને હોય.

अप्रावरणाभिग्रहः ઠંડીના સમયે ઓઢવાના વસ્ત્રનું અગ્રહણ, અર્થાત્ વસ્ત્રો ઓઢવા નહીં. આદિ શબ્દના ગ્રહણથી હેમંત ઋતુમાં પણ રાતે પોતાનું આતાપન-સંતાપન કરવું, અર્થાત્ ઠંડીને સહન કરવી તથા લગંડશાયિત્વ=વાંકા લાકડાની જેમ સુવું, અર્થાત્ જમીનને માત્ર મસ્તક અને પગની એડી અડે તે રીતે સુવું. શરીરનું પ્રતિકર્મ ન કરવું. હાથ-પગ ધોવા, શરીર ઉપરથી મેલ ઉતારવો વગેરે શરીર સંબંધી પ્રતિકર્મનો અભાવ, સ્નાન ન કરવું અને કેશનો લોચ કરવો. આ પ્રમાણે આ સ્થાન-વીરાસન આદિ...

સમ્યગ્ યોજેલા=આગમવચનને અનુસરનારા બાહ્યતપ છે. તપ યથાશક્તિ વિધિથી કરવો જોઈએ. અન્યથા એટલે કે અવિધિથી કરવાથી પોતાને અને ધર્મસંબંધી આવશ્યકવિધિને અવિધિથી ઉપયોગ કરેલા વિષની જેમ બાધા પહોંચાડે.

આ બાહ્યતપથી કયું ફળ પ્રાપ્ત કરાય છે એમ કહે છે—

'अस्मात् षड्विधादपि बाह्यात् तपसः' ઇત્યાદિ આ છએ પ્રકારના બાહ્ય તપથી સંગત્યાગ, શરીરલાઘવ, ઇંદ્રિયજય, સંયમરક્ષણ અને કર્મનિર્જરા એમ અનેક ફળો પ્રાપ્ત કરાય છે. નિઃસંગત્વ એટલે બાહ્ય-અભ્યંતર ઉપધિમાં અભિષ્વંગનો=મમતાનો અભાવ. દરરોજ અતિમાત્રામાં આહારનો ઉપયોગ કરવાથી અને સ્નિગ્ધાહારના ઉપયોગથી શરીર ભારે થાય, તેથી માસકલ્પ પ્રમાણે વિહાર માટે અયોગ્ય=અસમર્થ બને. તેનો (અતિમાત્રામાં આહાર અને પ્રણીતાહાર એ બેનો) ત્યાગ કરવાથી અથવા શકટાક્ષાભ્યંજનની જેમ ઉપયોગ કરવાથી શરીર હલકું રહે. તેથી પ્રણીતાહારથી રહિત શરીરવાળાને કામોન્માદ ન વધવાથી ઇંદ્રિયવિજય

થાય. વર્ષાઋતુમાં ભક્ત-પાન માટે નહિ ફરતા સાધુને વર્ષાથી ઉત્પન્ન કરાયેલા જંતુઓનો વિનાશ ન થવાથી સંયમનું રક્ષણ થાય. અનશન આદિ તપ કરનારને નિઃસંગતા આદિ ગુણોનો યોગ થવાથી શુભધ્યાનમાં રહેલા તેને કર્મનિર્જરા અવશ્ય થાય. (૯-૧૯)

टीकावतरणिका– तपस्तत्र बाह्यमुक्तं, अधुनाऽभ्यन्तरमुच्यते, तच्चातिशयेन कर्म्मनिर्दहनक्षमं ।

टीकावतरणिकार्थ– બાહ્ય-અભ્યંતર એમ બે પ્રકારના તપમાં બાહ્ય તપ કહ્યો. હવે અભ્યંતર તપ કહેવાય છે. તે તપ કર્મોને બાળવામાં અતિશય સમર્થ છે.

અભ્યંતર તપના છ ભેદો–

प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरं ॥९-२०॥

સૂત્રાર્થ– પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન ઉત્તર(=અભ્યંતર) તપ છે. (૯-૨૦)

भाष्यं– सूत्रक्रमप्रामाण्यादुत्तरमित्यभ्यन्तरमाह- प्रायश्चित्तं विनयो वैयावृत्त्यं स्वाध्यायो व्युत्सर्गो ध्यानमित्येतत्षड्विधमभ्यन्तरं तपः ॥९-२०॥

ભાષ્યાર્થ– સૂત્રક્રમના પ્રામાણ્યથી ઉત્તર એટલે અભ્યંતરને કહે છે– પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન, આ પ્રમાણે આ છ પ્રકારનો અભ્યંતર તપ છે. (૯-૨૦)

टीका– अन्तर्व्यापारभूयस्त्वा,-दन्यतीर्थविशेषतः ।
बाह्यद्रव्यानपेक्षत्वा,-दान्तरं तप उच्यते ॥१॥

प्रायश्चित्तादीनां ध्यानान्तानां द्वन्द्वः, मूलोत्तरगुणेषु स्वल्पोऽप्यतीचारश्चित्तं मलिनयतीति तत्प्रकाशनाय तच्छुद्ध्यैव प्रायश्चित्तं विहितं, पापोच्छेद-कारित्वात् प्रायश्चित्तमिति, प्रायो-बाहुल्येन चित्तविशुद्धिहेतुत्वात्, प्रायश्चित्तं, विनीयते-येनाष्टप्रकारं कर्म्मापनीयते स विनयः, श्रुतोपदेशेन

व्यावृत्तो-व्यग्रस्तद्भावो वैयावृत्त्यं, सुष्ठु मर्यादया कालवेलापरिहारेण पौरुष्यपेक्षया वाऽऽध्यायः, विविधस्यान्नपानवस्त्रपात्रादेः संसक्तस्यातिरिक्तस्य वा परित्याग उत्सर्गः, वाक्कायचित्तानामागमविधानेन निरोधो ध्यानमुत्तरमिति पूर्वसूत्रोपन्यस्तबाह्यतपोऽपेक्षया सूत्रानुपूर्वीप्रामाण्यादुत्तरमित्यभ्यन्तरमाह, एतदपि षट्प्रकारमभ्यन्तरं तप इति ॥९-२०॥

टीकार्थ– આંતરિક વ્યાપાર વધારે હોવાથી, અન્ય તીર્થોથી વિશેષ હોવાથી અને બાહ્ય દ્રવ્યની અપેક્ષાથી રહિત હોવાથી આંતર(=અભ્યંતર) તપ કહેવાય છે. પ્રાયશ્ચિત્તથી પ્રારંભી ધ્યાન સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે.

પ્રાયશ્ચિત્ત– મૂલગુણ-ઉત્તરગુણોમાં અતિશય અલ્પ પણ અતિચાર ચિત્તને મલિન કરે છે. તેથી તેનું પ્રકાશન કરીને તેની શુદ્ધિ માટે જ પ્રાયશ્ચિત્તનું વિધાન છે. પાપનો નાશ કરનારું હોવાથી પ્રાયશ્ચિત્ત છે. પ્રાયઃ=ઘણું કરીને ચિત્તવિશુદ્ધિનો હેતુ હોવાથી પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

વિનય– જેનાથી અષ્ટપ્રકારનું કર્મ દૂર કરાય તે વિનય.

વેયાવચ્ચ– શ્રુતના ઉપદેશ પ્રમાણે જે વ્યાવૃત્ત છે=વ્યગ્ર છે તે વ્યાવૃત્ત. વ્યાવૃત્તનો ભાવ તે વૈયાવૃત્ત્ય.

સ્વાધ્યાય–સુષ્ઠુ એટલે મર્યાદાથી. કાળવેળાના ત્યાગરૂપ મર્યાદાથી અથવા પોરિસીની અપેક્ષાએ મર્યાદાથી અધ્યાય=ભણવું તે સ્વાધ્યાય.

વ્યુત્સર્ગ– સંસક્ત(=જીવોના સંસર્ગવાળા) અથવા વધારાના વિવિધ અન્ન-પાન, વસ્ત્ર અને પાત્ર આદિનો ત્યાગ કરવો તે ઉત્સર્ગ.

ધ્યાન–આગમોક્ત વિધિથી વાણી-કાયા-મનનો નિરોધ કરવો તે ધ્યાન.

'उत्तरम्' इति, પૂર્વસૂત્રમાં ઉલ્લેખ કરાયેલા બાહ્યતપની અપેક્ષાએ સૂત્રક્રમના પ્રામાણ્યથી ઉત્તર એટલે અભ્યંતરને કહે છે. આ છએ પ્રકારનું તપ અભ્યંતર છે. (૯-૨૦)

टीकावतरणिका– तदेतदाभ्यन्तरं तपः–

टीकावतरणिकार्थ– તે આ આભ્યંતર તપ–

ધ્યાન સિવાય પ્રત્યેક અભ્યંતર તપના ભેદોની સંખ્યા–

नवचतुर्दशपञ्चद्विभेदं यथाक्रमं प्राग् ध्यानात् ॥९-२१॥

સૂત્રાર્થ– પ્રાયશ્ચિત્તથી વ્યુત્સર્ગ સુધીનું અભ્યંતર તપ અનુક્રમે ૯, ૪, ૧૦, ૫, ૨ ભેદવાળું છે. (૯-૨૧)

भाष्यं– तदाभ्यन्तरं तपः नवचतुर्दशपञ्चद्विभेदं भवति यथाक्रमं प्राग्ध्यानात् ॥९-२१॥

ભાષ્યાર્થ– તે અભ્યંતર તપ ધ્યાનની પહેલાં(=વ્યુત્સર્ગ સુધી) અનુક્રમે ૯, ૪, ૧૦, ૫, ૨ ભેદવાળું છે. (૯-૨૧)

टीका– नव चत्वारश्च दश पञ्च द्वौ च भेदाश्च ते नवचतुर्दशपञ्चद्विभेदाः, एते भेदा यस्येत्येकस्य भेदशब्दस्य लोपः, यथाक्रममिति यथासङ्ख्यं प्राग् ध्यानात् प्रायश्चित्तादारभ्य यावद् व्युत्सर्ग इति ॥९-२१॥

ટીકાર્થ– ૯-૪-૧૦-૫-૨ ભેદો છે જેના તે નવચતુર્દશપઞ્ચદ્વિભેદાઃ (એ પ્રમાણે વ્યુત્પત્તિ) છે. અહીં એક ભેદ શબ્દનો લોપ થયો છે. 'યથાક્રમમ્' इति યથાસંખ્ય 'પ્રાગ્ ધ્યાનાત્' પ્રાયશ્ચિત્તથી પ્રારંભી વ્યુત્સર્ગ સુધી. (૯-૨૧)

भाष्यावतरणिका– इत उत्तरं यद्वक्ष्यामः । तद्यथा–

ભાષ્યાવતરણિકાર્થ– અહીંથી જે ઉત્તર કહીશું તે આ પ્રમાણે છે–

टीकावतरणिका–इतोऽस्मात् सूत्रादुत्तरं यद्वक्ष्यामः प्रायश्चित्तादि तदित्थं भूतमवसेयमिति । तद्यथेत्यनेन सूत्रं सम्बध्नाति, अभ्यन्तरतपोभेदस्य निर्दिष्टविकल्पसङ्ख्यभेदस्य तद्भेदानामाख्याविशेषप्रज्ञप्त्यर्थमिदमुच्यते–

ટીકાવતરણિકાર્થ–इतः આ સૂત્ર પછી यद् वक्ष्यामः પ્રાયશ્ચિત્ત વગેરે જે કહીશું તે આવા પ્રકારનું જાણવું. तद्यथा એવા પ્રયોગથી સૂત્રનો સંબંધ કરે છે. જેના ભેદોની સંખ્યાભેદનો નિર્દેશ કર્યો છે તે અભ્યંતર તપરૂપ ભેદના તે ભેદોના નામ-વિશેષોનું પ્રતિપાદન કરવા માટે આ કહેવાય છે–

પ્રાયશ્ચિત્તના ભેદોનું વર્ણન–

आलोचनप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेदपरिहारोपस्थापनानि ॥९-२२॥

સૂત્રાર્થ– આલોચન, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપન એમ પ્રાયશ્ચિત્તના (નવ) ભેદો છે. (૯-૨૨)

भाष्यं– प्रायश्चित्तं नवभेदम्। तद्यथा- आलोचनं प्रतिक्रमणं आलोचनप्रतिक्रमणे विवेकः, व्युत्सर्गः, तपः छेदः परिहारः उपस्थापनमिति।

आलोचनं प्रकटनं प्रकाशनमाख्यानं प्रादुष्करणमित्यनर्थान्तरम्।

प्रतिक्रमणं मिथ्यादुष्कृतसंप्रयुक्तः प्रत्यवमर्शः, प्रत्याख्यानं कायोत्सर्गकरणं च।

एतदुभयमालोचनप्रतिक्रमणे।

विवेको विवेचनं विशोधनं प्रत्युपेक्षणमित्यनर्थान्तरम्। स एष संसक्तान्नपानोपकरणादिषु भवति।

व्युत्सर्गः प्रतिष्ठापनमित्यनर्थान्तरम्। एषोऽप्यनेषणीयान्नपानोपकरणादिष्वशङ्कनीयविवेकेषु च भवति।

तपो बाह्यमनशनादि प्रकीर्णं चानेकविधं चन्द्रप्रतिमादि।

छेदोऽपवर्तनमपहार इत्यनर्थान्तरम्। स प्रव्रज्यादिवसपक्षमाससंवत्सराणामन्यतमानाम् भवति।

परिहारो मासिकादिः।

उपस्थापनं पुनर्दीक्षणं पुनश्चरणं पुनर्व्रतारोपणमित्यनर्थान्तरम्।

तदेतन्नवविधं प्रायश्चित्तं देशं कालं शक्तिं संहननं संयमविराधनां च कायेन्द्रियजातिगुणोत्कर्षकृतां च प्राप्य विशुद्ध्यर्थं यथार्हं दीयते चाचर्यते च।

चिती संज्ञानविशुद्ध्योर्धातुः। तस्य चित्तमिति भवति निष्ठान्तमौणादिकं च।

एवमेभिरालोचनादिभिः कृच्छ्रैस्तपोविशेषैर्जनिताप्रमादः तं व्यतिक्रमं प्रायश्चेतयति, चेतयंश्च न पुनराचरतीति । अतः प्रायश्चित्तम्, अपराधो वा प्रायस्तेन विशुध्यत इति । अतश्च प्रायश्चित्तमिति ॥૯-૨૨॥

ભાષ્યાર્થ– પ્રાયશ્ચિત્ત નવ પ્રકારનું છે. તે આ પ્રમાણે- આલોચન, પ્રતિક્રમણ, આલોચન-પ્રતિક્રમણ, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપન.

આલોચન, વિવરણ, પ્રકાશન, આખ્યાન અને પ્રાદુષ્કરણ આ પ્રમાણે અનર્થાંતર છે.

પ્રતિક્રમણ, મિથ્યાદુષ્કૃતસંપ્રયુક્તપ્રત્યવમર્શ, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગકરણ (આ પ્રમાણે એક અર્થ છે).

તદુભય એટલે આલોચન અને પ્રતિક્રમણ બંને.

વિવેક, વિવેચન, વિશોધન અને પ્રત્યુપેક્ષણ એ પ્રમાણે અનર્થાંતર છે. આ પ્રાયશ્ચિત્ત સંસક્ત અન્નપાન-ઉપધિ-શય્યાદિમાં હોય.

વ્યુત્સર્ગ અને પ્રતિષ્ઠાપન એ પ્રમાણે અનર્થાંતર છે. આ (કાયોત્સર્ગ) પણ અનેષણીય અન્ન અને ઉપકરણાદિમાં તથા અશંકનીય વિવેકવાળી વસ્તુઓમાં હોય.

અનશનાદિ અને ચંદ્રપ્રતિમા વગેરે અનેક પ્રકારનો પ્રકીર્ણ બાહ્યતપ છે.

છેદ, અપવર્તન અને અપહાર એ પ્રમાણે અનર્થાંતર છે. છેદ પ્રવ્રજ્યા દિવસ, પક્ષ, માસ અને વર્ષ એમાંથી કોઈનો થાય.

પરિહાર પ્રાયશ્ચિત્તનું પરિમાણ એક માસ વગેરે છે.

ઉપસ્થાપન, પુનર્દીક્ષણ, પુનશ્ચરણ અને પુનર્વ્રતારોપણ એ પ્રમાણે અનર્થાંતર છે.

તે આ નવ પ્રકારનું પ્રાયશ્ચિત્ત દેશ, કાળ, શક્તિ, સંહનન અને કાય-ઇંદ્રિય-જાતિ-ગુણોના ઉત્કર્ષથી કરેલી સંયમવિરાધનાને પામીને (=જોઈને) યથાયોગ્ય અપાય છે અને કરાય છે.

ધાતુપાઠમાં 'चितीसंज्ञानविशुद्धयोः' એવો ધાતુ છે. चित् ધાતુનું - નિષ્ઠાંત અને ઔણાદિક 'चित्त' એવું રૂપ થાય છે. આ પ્રમાણે આલોચના વગેરે દુષ્કર તપવિશેષોથી અપ્રમત્ત સાધુ તે અતિચારને પ્રાયઃ વિશુદ્ધ કરે છે અને વિશુદ્ધ કરતો તે ફરી તેવા અપરાધને સેવતો નથી. આથી પ્રાયશ્ચિત્ત છે અથવા પ્રાયઃ એટલે અપરાધ. તેનાથી(=આલોચનાદિથી) અપરાધ શુદ્ધ થાય છે. આથી પ્રાયશ્ચિત્ત કહેવાય છે. (૯-૨૨)

टीका– आलोचनादयः उपस्थापनान्ताः कृतद्वन्द्वाः नपुंसकलिङ्गेन निर्दिष्टाः, प्रायश्चित्तं नवभेदमित्यादि विवरणं, उपसङ्ख्यानिकः सुट्, तद्यथेत्यादिना नवापि भेदान् विवेकेन दर्शयति, तदुभयमित्येतद् व्याचष्टे, आलोचनप्रतिक्रमणे इति, तदित्यनेनालोचनं प्रतिक्रमणं च संगृहीतम् । एष च तृतीयो भेदः, आलोचनादीन् भाष्यकार एव विवृणोति, अनया मर्यादया दोषरहितं कार्याकार्यमव्युत्पन्नबालजल्पितवत्सकलमतीचार-माचष्टे-प्रत्यक्षीकरोतीति दर्शयति, प्रकाशयत्यालोचनार्हाय गुरवे, तत्र कश्चिदतीचारो गमनागमनादिकः प्रमादक्रियाविशुद्ध्यर्थमालोचनामात्रादेव विशुद्ध्यति, तस्यालोचनस्यैकार्थाः पर्यायाः, आलोचनं मर्यादया गुरोर्निवेदनं पिण्डिताख्यानस्य, विकटनं विवरणं द्रव्यादिभेदेन, प्रकाशनं गुरोश्चेतसि सम्यगतीचारसमारोपणं, आख्यानं प्रथममृजुभावेन साधनं, प्रादुष्करणं निन्दागर्हाद्वारेणेत्येवमनर्थान्तरमेकार्थत्वं परमार्थत इति,

प्रतिक्रमणमित्यादि स्वयमेव विवृणोति भाष्यकारः अतीचाराभि-मुख्यपरिहारेण प्रतिपं क्रमणं-अपसरणं प्रतिक्रमणं, एतदाह-मिथ्या-अलीकमुत्सूत्रमुन्मार्गः दुष्टं कृतं दुष्कृतं चरणविराधनमित्यर्थः तेन संप्रयुक्तः, प्रत्यवमर्शः-पश्चात्तापः, समस्तमिदं मया दुष्टं कृतमिति, स्वच्छन्दतो, न सूत्रानुसारेणेति, न पुनरेवं करिष्यामीति, प्रत्याख्यानं प्रतिक्रमणं कायोत्सर्गकरणं चेति कायस्य-शरीरस्योत्सर्गः-उत्सर्जनं भावतः कायोत्सर्गः, यस्मात्तु सुविशुद्धभावस्यापि ममायं कायो बलान्नि-पतितः कायेष्विति न मम भावदोष इति । तदेवंविधं प्रतिक्रमणं प्रायश्चित्तमर्हिंसकस्य विहितम् ।

तदुभयप्रायश्चित्तनिरूपणायाह-एतदुभयमालोचनप्रतिक्रमणे इति आलोचनं व्याख्यातं प्रतिक्रमणं च, एतदेवोभयप्रायश्चित्तं, प्रागालोचनं पश्चाद् गुरुसंदिष्टस्य प्रतिक्रमणं, एतच्चोभयप्रायश्चित्तं सम्भ्रमभयातुरापत्सहसानाभोगानात्मवशगस्य दुष्टचिन्तितभाषणचेष्टावतश्च विहितम् ।

सम्प्रति विवेकप्रायश्चित्तावसरः, विवेको विवेचनमित्यादि विवेकः त्यागपरिणामः विवेचनं भावविशुद्धिः विशोधनं निरवयवता पुनः प्रत्युपेक्षणं प्रस्फोटनमीक्षणमेव प्रयत्नेन, स्वल्पोऽप्यवयवो नास्तीति विशुद्धिरित्येते पर्यायशब्दा अभिन्नमर्थमभिदधति, विवेकप्रायश्चित्तस्य विषयं दर्शयति-स एष विवेकः संसक्तान्नपानोपकरणादिषु भवति, उपयुक्तेन गीतार्थेन गृहीतं प्राक् पश्चादवगतमशुद्धं विवेकार्हं, अन्नपानग्रहणात् पिण्डपरिग्रहः, उपधिरौघिकौपग्रहिकलक्षणः, शय्या प्रतिश्रयः, आदिग्रहणाद् डगलकभस्ममल्लकभेषजादिपरिग्रहः, इत्येवं विवेक एव प्रायश्चित्तमिति ।

सम्प्रति व्युत्सर्गप्रायश्चित्तमुच्यते व्युत्सर्ग इत्यादि विशिष्टोत्सर्गः-प्रणिधानपूर्वको निरोधः कायवाग्व्यापारस्य, पर्यायान्तरेण व्याचष्टे-प्रतिष्ठापनमित्यनर्थान्तरं प्रतिष्ठापनशब्दः परित्यागार्थः । कायोत्सर्ग-प्रायश्चित्तस्य विषयमादर्शयति-एषोऽपीत्यादिना व्याचष्टे, कायोत्सर्गः प्रायश्चित्तं भवति, क्व ?, अनेषणीयादिषु त्यक्तेषु, तत्रानेषणीयं उद्गमाद्यविशुद्धमन्नपानमुपकरणं वा प्रतिष्ठाप्य कायोत्सर्गः कार्यः, आदिग्रहणाद् गमनागमनविहारश्रुतसावद्यस्वप्नदर्शननौसंतारणोच्चार-प्रस्रवणाचरणपरिग्रहः, अशकनीयविवेकेषु चेति घनसंसक्तदधितक्रादिषु न प्राणिनो विवेक्तुं शक्यन्ते इत्यशकनीयविवेकेषु च, सक्तुप्रभृतिष्वपि प्रतिष्ठापितेषु कायोत्सर्ग एव प्रायश्चित्तं भवतीति ।

तपःप्रायश्चित्तविवक्षया आह- तपो बाह्यमनशनादि प्रायश्चित्तमित्यभ्यन्तरं तपः, अनशनादि बाह्यं, बाह्याभ्यन्तरता च केनचिदंशेनेत्यविरोधः, तत्रा-

नशनग्रहणाच्चतुर्थभक्तपरिग्रहः, श्रुतानुसारात् पञ्चमव्यवहारानुसाराच्च, तच्च मध्यमग्रहणाच्चाद्यभेदपरिग्रहोऽपि, तत्राद्याः पञ्चकदशकविंशतिपञ्चविंशतेर्भेदा लघवो गुरुवश्च, मासोऽपि च लघुर्गुरुः, चत्वारश्च मासा लघवो गुरुवश्च, षट् च मासा लघुगुरवः मध्यं च भिन्नमासो लघुगुरुभेदः, सर्वमेव तत्तपः प्रायश्चित्तं ज्ञानदर्शनचारित्रापराधानुरूपमागमेऽतिचारविशुद्ध्यर्थमुक्तं, सम्प्रति तु पञ्चमव्यवहारप्रमाणेन यतयो भूयसा विशुद्धिमाचरन्ति, तच्च निर्विकृत्याद्यष्टमभक्तान्तं, तच्चानेकातिचारविषयं यथा उद्देशकाध्ययनश्रुतस्कन्धाङ्गेषु प्रमादिनः कालविनयातिक्रमादिषु क्रमेण निर्विकृत्याद्याचाम्लान्तमनागाढेषु आगाढेषु पुरस्तादर्द्धादिचतुर्थभक्तान्तमेवमादि, प्रकीर्णकं चानेकविधं चन्द्रप्रतिमादीत्युक्तलक्षणं बाह्ये तपसि प्राक् प्रपञ्चनेति ।

छेदप्रायश्चित्ताभिधित्सयैवाह-छेदोऽपवर्त्तनमपहार इत्यभिन्नार्थाः पर्यायाः, स च छेदः पर्यायस्य महाव्रतारोपणकालादारभ्य गण्यते । एतदेवाह- प्रव्रज्यादिवस-पक्ष-मास-संवत्सराणामन्यतमेषां भवति । प्रव्रज्यादिवसो यत्र महाव्रतारोपणं कृतं तदादिः पर्यायः । तत्र पञ्चकादिच्छेदः पर्यायस्य यथा यस्य तावद् दश वर्षाणि आरोपितमहाव्रतस्यापराधानुरूपः कदाचित् पञ्चकच्छेदः कदाचिद् दशक इत्यादि यावत् षण्मासपरिमाणच्छेदो लघुर्गुरुर्वा एवंविधेन छेदेन छिद्यमानपर्यायः प्रव्रज्यादिवसमप्यपहरतीति, अस्य च विषयस्तपसा गर्वितस्तपसोऽसमर्थस्तपश्चाश्रद्दधानस्तपसा च यो न दम्येत कश्चिदपरिणामकश्चेत्यादि ।

सम्प्रति मूलप्रायश्चित्तमभिधीयते-परिहारो मासिकादिरिति इदं मूलप्रायश्चित्तोपलक्षणं, परिह्रियते तस्मिन् सति वन्दनालापान्नप्रदानादिक्रियया साधुभिरिति परिहारः, स च मासादिकः षण्मासान्तः, तस्य चान्ते क्वचिन्मूलं-पुनर्व्रतारोपणं, तद्विषयः सङ्कल्पात् कृतः प्राणातिपातो दर्प्पाच्चतुर्थासेवनमुत्कृष्टं मृषावादादि वा सेवमानस्येत्येवमादिः ।

अनवस्थाप्यपाराञ्चिकप्रतिपादनार्थमाह-'उपस्थापनं पुनर्दीक्षण'-मित्यादि, अनवस्थाप्यपाराञ्चिकप्रायश्चित्ते लिङ्गक्षेत्रकालतपःसाधर्म्यादेक-स्थीकृत्योक्ते, तत्र यथोक्तं तपो यावन्न कृतं तावन्न व्रतेषु लिङ्गे वा स्थाप्यत इत्यनवस्थाप्यः, तेनैव तपसाऽतिचारस्य पारं समञ्चति-गच्छतीति पाराञ्चिकः, पृषोदरादिपाठाच्च संस्कारः, तयोः पर्यन्ते व्रतेषूपस्थापनं, पुनर्दीक्षणं पुनः प्रव्रज्याप्रतिपत्तिः पुनश्चरणं चारित्रं पुनर्व्रतारोपणमित्यनर्थान्तरं तत्रानवस्थाप्यस्य विषयः साधर्मिकान्य-धार्मिकस्तेयहस्ततादनादिः दुष्टमूढान्योऽन्यकरणादिः पाराञ्चिकमिति,

तदेतत् नवविधं प्रायश्चित्तमित्यादि तदेतदित्यादिनाऽऽलोचनादेः परामर्शः, नवविधमिति स्वकृतसूत्रसन्निवेशमाश्रित्योक्तं, आर्षे तु दशधा विंशतिधा वाऽभिहितं, प्रायश्चित्तं वक्ष्यमाणनिर्वचनं देशो निर्गुणः (सगुणो वा) किल क्षेत्रं कालः स्निग्धो रूक्षः साधारणश्च शक्ति प्रायश्चित्तकारिणो वीर्यं सामर्थ्यं संहननं वज्रर्षभनाराचादि संयमः सप्तदशभेदः समस्तो वा मूलगुणोत्तरगुणकलापस्तस्य विराधना खण्डनमतिचरणं, चशब्दः समुच्चयार्थः, तां विराधनां विशिनष्टि-कायेन्द्रियजातिगुणोत्कर्षकृतामिति, कायाः पृथिव्यादयः षट्सङ्ख्याः, तत्रावनिजलज्वलनपवनप्रत्येकवनस्पतिषु सङ्घट्टनपरितापनावद्रावण-विषयमन्यादृशं प्रायश्चित्तं अन्यादृक् साधारणवनस्पतौ अन्यादृशं च द्वित्रिचतुःपञ्चेन्द्रियकायेषु, इत्थमुपयुज्य यथावद्देयं, एवं कालादयोऽपि पर्यालोचनीयाः, तदनुरूपं च देयमिति, तथा एक-द्वि-त्रि-चतुः-पञ्चेन्द्रियप्राणिप्रत्युपेक्षणेन च विभजनीयं प्रायश्चित्तम् । अथवा एकद्वित्रिचतुःपञ्चेन्द्रियजातिद्वारेण ये गुणा रागद्वेषमोहाः तेषामुत्कर्षापकर्ष-मध्यावस्थाः समीक्ष्य मृगराजगवादिव्यापादकवत् तत्कृतां च विराधनां प्राप्यातिचारविशोधनार्थं यथार्हमपराधानुरूपं दीयते चाचर्यते च प्रायश्चित्तमिति ।

સમ્પ્રતિ પ્રાયશ્ચિત્તમિતિ શબ્દં વ્યુત્પાદયતિ-ચિતી સંજ્ઞાનવિશુદ્ધ્યો-ર્ધાતુરિત્યાદિ, ભીમસેનાત્ પરતોઽન્યૈર્વૈયાકરણૈરર્થદ્વયે પઠિતો ધાતુઃ સંજ્ઞાને વિશુદ્ધૌ ચ, ઇહ વિશુદ્ધ્યર્થસ્ય સહ સંજ્ઞાનેન ગ્રહણં, અથવા-ઽનેકાર્થા ધાતવ ઇતિ સંજ્ઞાને પઠિતો વિશુદ્ધાવપિ વર્ત્તતે, ભાષ્યકૃતા ચોપયુજ્યમાનમેવાર્થમભિસન્ધાય વિશુદ્ધિરપિ પઠિતા, તસ્ય ચિત્તમિતિ રૂપં ભવતિ, નિષ્ઠાન્તમૌણાદિકં ચ, ચેતતીતિ ચિત્તં, વિશુદ્ધ્યતીત્યર્થઃ, તાં ચ વિશુદ્ધિમુપજાયમાનાં ચેતતિ-સંજાનીતે પ્રણિદધાનઃ ઇતિ । અજૃધૃસિભ્યઃ ક્તઃ (ઉણાદિસૂત્રે-૩૭૭), ક્તસ્ય ચ નિષ્ઠાસંજ્ઞા, ઔણાદિકં ચૈતત્ શબ્દરૂપં ચિત્તમિતિ, નાન્યલક્ષણમન્વેષ્યં, ઉણાદયો બહુલમિતિ (પા૦અ૦૩ પા૦૩ સૂ૦૧) ચિતેરપિ ક્તઃ કર્ત્તરિ, કેન પુનઃ પ્રકારેણ વિશુદ્ધિરિત્યાહ-એવમેભિરિત્યાદિ ઉક્તલક્ષણૈરાલોચનાદિભિઃ પારાઞ્ચિકાવસાનૈઃ કૃચ્છ્રૈઃ-દુષ્કરૈસ્તપોવિશેષૈર્જનિતાપ્રમાદઃ કૃતાપ્રમાદો અપ્રમત્ત ઇત્યર્થઃ, તં ચ મૂલોત્તરવિષયં વ્યતિક્રમં-અતિચારમુપયુક્તઃ પ્રાયો બાહુલ્યેન ચેતયતિ, પ્રાયોગ્રહણમત્યન્તસૂક્ષ્માતિચારવ્યુદાસાર્થં, ચેતયંશ્ચ સઞ્જ્ઞાનો ન પુનરાચરતિ આસેવતે તાદૃશમપરાધમિત્યતઃ પ્રાયશ્ચિત્તમુચ્યતે, પ્રાયઃ શબ્દેન વા અપરાધોઽભિધીયતે, તેનાલોચનાદિના સૂત્રવિહિતેન સોઽપરાધો વિશુદ્ધ્યતીતિ, અતશ્ચ અસ્માચ્ચ હેતોઃ પ્રાયશ્ચિત્તં ॥૯-૨૨॥

ટીકાર્થ– સૂત્રમાં આલોચના શબ્દથી પ્રારંભી ઉપસ્થાપન સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને એ શબ્દોનો ઉપસઙ્ખ્યાનિકઃ [૧]સુટ્ એ સૂત્રથી નપુંસકલિંગમાં નિર્દેશ કર્યો છે. ભાષ્યમાં પ્રાયશ્ચિત્તં [૨]નવભેદમ્ ઇત્યાદિ વિવરણ છે.

૧. સુટ્ નો મતલબ નપુંસક એકવચન. આ ક્યાં ક્યાં થાય તે માટેનું આખું ચેપ્ટર પાણિનિવ્યાકરણ અધ્યાય-૬ પાદ-૧ સૂત્ર-૧૩૫ વગેરેમાં છે.

૨. અમુક પ્રકારની ચોક્કસ અવસ્થામાં સંખ્યાવાચી દ્વિગુસમાસથી સુટ્ પ્રત્યય થાય છે. મતલબ કે તે સમાસ નપુંસકલિંગ એકવચનમાં આવે. માટે અહીં નવાનાં ભેદાનાં સમાહારઃ નવભેદમ્ આ રીતે સમાસ થશે.

તદ્યથા ઇત્યાદિથી નવેય ભેદોને અલગ કરીને બતાવે છે. તદુભયં ના અર્થને કહે છે- આલોચન અને પ્રતિક્રમણ. (તદુભયમાં રહેલા) તદ્ પદથી આલોચન અને પ્રતિક્રમણનો સંગ્રહ કર્યો છે. આ ત્રીજો ભેદ છે. આલોચન વગેરેનું ભાષ્યકાર જ વિવરણ કરે છે.

આલોચના– (આલોચન શબ્દમાં આ એટલે) આ મર્યાદાથી જેવી રીતે મંદબુદ્ધિ બાળક કાર્યને કે અકાર્યને નિર્દોષપણે(=કંઇ પણ છુપાવ્યા વિના) કહી દે છે તેમ સાધુ આલોચના કરવા યોગ્ય ગુરુને કહે, ગુરુની પ્રત્યક્ષ કરે, અર્થાત્ ગુરુને બતાવે, પ્રગટ કરે તેમાં ગમનાગમન વગેરે કોઇ અતિચાર પ્રમાદથી થયેલી ક્રિયાની વિશુદ્ધિ માટે આલોચના કરવા માત્રથી વિશુદ્ધ થાય છે.

તે આલોચનાના એક અર્થવાળા પર્યાયો–

આલોચન– આલોચન એટલે મર્યાદાથી ગુરુને નિવેદન કરવું.

વિવરણ–વિવરણ એટલે પિંડરૂપે કરેલા કથનનું દ્રવ્યાદિ ભેદથી વિવરણ કરવું.

પ્રકાશન–પ્રકાશન એટલે ગુરુના ચિત્તમાં અતિચારોનું સમ્યક્ સ્થાપન કરવું.

આખ્યાન–પહેલાં સરળપણે કહેવું તે આખ્યાન.

પ્રાદુષ્કરણ–નિંદા-ગર્હા દ્વારા પ્રાદુષ્કરણ.

આ પ્રમાણે અનર્થાંતર છે=પરમાર્થથી એકાર્થપણું છે.

'પ્રતિક્રમણ' ઇત્યાદિનું ભાષ્યકાર સ્વયમેવ વિવરણ કરે છે–

અતિચારની સન્મુખતાનો ત્યાગ કરીને ઉલટું જવું=પાછા ફરવું તે પ્રતિક્રમણ. એને કહે છે- મિથ્યા એટલે ખોટું, ઉત્સૂત્ર કે ઉન્માર્ગ દુષ્ટ(=ન કરવા જેવું) કર્યું તે દુષ્કૃત, અર્થાત્ ચારિત્રની વિરાધના. તેનાથી સંપ્રયુક્ત. પ્રત્યવમર્શ એટલે પશ્ચાત્તાપ.

મેં આ સઘળું ન કરવા જેવું કર્યું છે, સ્વચ્છન્દપણે કર્યું છે, સૂત્રાનુસાર નથી કર્યું. (સંક્ષેપમાં- ખોટું કરવા બદલ પશ્ચાત્તાપ તે મિથ્યાદુષ્કૃત-સંપ્રયુક્ત-પ્રત્યવમર્શ) ફરી આ પ્રમાણે નહિ કરું એવો ભાવ તે પ્રત્યાખ્યાન પ્રતિક્રમણ છે.

"कायोत्सर्गकरणं च" इति, કાય એટલે શરીર. ઉત્સર્ગ એટલે ત્યાગ. ભાવથી કાયાનો ત્યાગ તે કાયોત્સર્ગ. કારણ કે સુવિશુદ્ધભાવવાળા પણ મારી આ કાયા બળથી(=ઇચ્છા વિના) છ જીવનિકાયોમાં પડી છે. માટે મારો ભાવથી દોષ નથી. હિંસાના ત્યાગીને આવા પ્રકારનું પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

તદુભય પ્રાયશ્ચિત્તના નિરૂપણ માટે કહે છે- "तदुभयमालोचन-प्रतिक्रमणे" इति આલોચન અને પ્રતિક્રમણનું વ્યાખ્યાન કર્યું. આલોચન અને પ્રતિક્રમણ એ જ ઉભયપ્રાયશ્ચિત્ત છે. પહેલાં આલોચન. પછી ગુરુથી આજ્ઞા કરાયેલાનું(=અપાયેલાનું) પ્રતિક્રમણ. આ ઉભય પ્રાયશ્ચિત્ત સંભ્રમ-ભય-અનુરાગ-સહસા-અનાભોગ-પરાધીનતાવાળાને અને દુષ્ટચિંતન-દુષ્ટભાષણ-દુષ્ટક્રિયાવાળા સાધુને હોય. (અર્થાત્ સંભ્રમ આદિના કારણે થતા દોષમાં અને દુષ્ટચિંતન આદિમાં તદુભય પ્રાયશ્ચિત્ત હોય.)

હવે વિવેક પ્રાયશ્ચિત્તનો અવસર છે—

'विवेको विवेचनम्' ઇત્યાદિ વિવેક એટલે ત્યાગનો પરિણામ. વિવેચન એટલે ભાવની વિશુદ્ધિ. વિશોધન એટલે અશુદ્ધિના અંશોથી રહિત કરવું. પ્રત્યુપેક્ષણ એટલે ફરી જોવું, ઝાટકવું(=ઝાટકીને જોવું), પ્રયત્નથી જોવું એ જ પ્રત્યુપેક્ષણ[1] છે. અતિશય અલ્પ પણ અશુદ્ધ અવયવ નથી એમ (જણાય તો) વિશુદ્ધિ છે.

આ પર્યાય શબ્દો અભિન્ન(=એક જ) અર્થને કહે છે.

વિવેકપ્રાયશ્ચિત્તના વિષયને બતાવે છે- તે વિવેક (જીવોથી) સંસક્ત અન્ન-પાન અને ઉપકરણાદિમાં છે, અર્થાત્ સંસક્ત અન્નપાનાદિનો ત્યાગ કરવો એ વિવેક પ્રાયશ્ચિત્ત છે. પહેલાં ઉપયોગપૂર્વક ગીતાર્થે ગ્રહણ કર્યું, પછી ગ્રહણ કરેલું ત્યાગને યોગ્ય છે એમ જાણ્યું. અન્ન-પાનના ગ્રહણથી પિંડનું ગ્રહણ કર્યું છે. ઉપધિથી ઔધિક અને ઔપગ્રહિક બંને પ્રકારની ઉપધિનું ગ્રહણ કરવું. શય્યા એટલે ઉપાશ્રય. આદિ શબ્દના ગ્રહણથી

૧. સાથવા આદિમાં જીવો છે કે નહિ તે માટે નિરીક્ષણ કરે. છતાં ઉપર જીવો ન હોય અને અંદર ભળેલા હોય. તેથી જરા જરા ઝાટકે. એથી જીવો અંદર ભળેલા હોય તો બહાર દેખાય. આમ પ્રયત્નથી નિરીક્ષણ કરવું તે પ્રત્યુપેક્ષણ છે.

ડગલ (પથ્થરનો ટુકડો), રાખ, કોડિયા (અથવા રાખના કોડિયા) અને ઔષધાદિનું ગ્રહણ કરવું. આ પ્રમાણે ત્યાગ કરવો એ પ્રાયશ્ચિત્ત છે.

હવે વ્યુત્સર્ગપ્રાયશ્ચિત્ત કહેવાય છે–

'व्युत्सर्गः' ઇત્યાદિ, વિશિષ્ટ ઉત્સર્ગ તે વ્યુત્સર્ગ. પ્રણિધાનપૂર્વક કાયા અને વચનના વ્યાપારને અટકાવવો તે વ્યુત્સર્ગ. વ્યુત્સર્ગને અન્ય પર્યાયથી કહે છે- प्रतिष्ठापनमित्यनर्थान्तरम्, પ્રતિષ્ઠાપન શબ્દ પરિત્યાગ અર્થવાળો છે.

एषोऽपि ઇત્યાદિથી કાયોત્સર્ગપ્રાયશ્ચિત્તના વિષયને બતાવે છે- કાયોત્સર્ગપ્રાયશ્ચિત્ત ક્યાં થાય છે ? અનેષણીય વગેરે વસ્તુઓનો ત્યાગ કર્યે છતે કાયોત્સર્ગપ્રાયશ્ચિત્ત થાય છે. અનેષણીય=ઉદ્ગમાદિ દોષોથી અવિશુદ્ધ અન્ન-પાન કે ઉપકરણને પરઠવીને(=ત્યાગ કરીને) કાયોત્સર્ગ કરવો જોઈએ. આદિ શબ્દથી ગમનાગમન કરવું, વિહાર કરવો, શ્રુત ભણવું, સાવદ્ય સ્વપ્નનું દર્શન, નાવથી નદી વગેરે ઉતરવું, ઝાડો-પેશાબ કરવાનું ગ્રહણ કરવું.

'अशङ्कनीयविवेकेषु च' इति संसक्त-दधि-तक्र આદિમાંથી પ્રાણીઓને જુદા કરવાનું શક્ય નથી. એથી નિશ્ચિત વિવેકવાળા સક્થુ વગેરેમાં (સક્થુ વગેરેને પરઠવ્યા પછી) કાયોત્સર્ગ એ જ પ્રાયશ્ચિત્ત છે.

તપપ્રાયશ્ચિત્તને કહેવાની ઇચ્છાથી કહે છે–

तपो बाह्यमनशनादि, પ્રાયશ્ચિત્ત અભ્યંતરતપ છે અનશનાદિ બાહ્યતપ છે. બાહ્યતા અને અભ્યંતરતા કોઈક અંશથી(=દૃષ્ટિથી-અપેક્ષાથી) છે. તેથી વિરોધ નથી. અનશનના ગ્રહણથી શ્રુતના અનુસારે અને પાંચમા (જીત) વ્યવહારના[1] અનુસારે ઉપવાસનું ગ્રહણ કર્યું છે. (આ પ્રાયશ્ચિત્ત

૧. આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એમ પાંચ વ્યવહાર છે. આગમ-કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી અને નવપૂર્વીને **આગમવ્યવહાર** હોય. નિશીથ વગેરે શ્રુતના આધારે પ્રાયશ્ચિત્ત અપાય તે **શ્રુતવ્યવહાર** છે. જુદા દેશમાં રહેલા આચાર્ય જુદા દેશમાં રહેલા આચાર્યની પાસે ગૂઢ પદોથી આલોચના કરે તે **આજ્ઞાવ્યવહાર**. ગુરુ કેટલાક પ્રાયશ્ચિત સ્થાનો શાસ્ત્રમાંથી ઉદ્ધરીને શિષ્યને કહે. શિષ્ય તે પદોને ધારી રાખે અને તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે તે **ધારણાવ્યવહાર** છે. પૂર્વના આચાર્યો જે અપરાધમાં ઘણું પ્રાયશ્ચિત્ત આપતા હતા તે જ અપરાધમાં વર્તમાનકાળે સંઘયણ, ધૃતિ અને બળ વગેરેની હાનિના કારણે ઉચિત ન્યૂન પ્રાયશ્ચિત્ત અપાય તે **જીતવ્યવહાર** છે.

મધ્યમ છે.) મધ્યમ પ્રાયશ્ચિત્તના ગ્રહણથી આદ્યભેદોનું પણ ગ્રહણ કર્યું છે. લઘુ અને ગુરુ એવા પંચક, દશક, વિંશતિ અને પંચવિંશતિ આ આદ્યભેદો છે. માસ પણ લઘુ અને ગુરુ છે. ચતુર્લઘુમાસ, ચતુર્ગુરુમાસ, ષડ્લઘુમાસ અને ષડ્ગુરુમાસ આ પ્રાયશ્ચિત્તના ભેદો છે. (આનો અર્થ સમજવા માટે પરિણત સાધુઓ જ યોગ્ય છે.)

તે સઘળું જ તપપ્રાયશ્ચિત્ત જ્ઞાન-દર્શન-ચારિત્રના અપરાધમાં અપરાધને અનુરૂપ વિશુદ્ધિ કરવા માટે આગમમાં પણ કહ્યું છે. હમણાં તો સાધુઓ મોટાભાગે પાંચમા (જીત)વ્યવહાર પ્રમાણે વિશુદ્ધિને કરે છે. તે નિવિથી માંડીને અઠ્ઠમ સુધીનો તપ છે. અનેક અતિચારોમાં આ તપપ્રાયશ્ચિત્ત તરીકે અપાય છે. જેમકે- ઉદ્દેશ-અધ્યયન-શ્રુતસ્કંધ, અંગમાં પ્રમાદીને કાળ-વિનય (આદિ)ના અતિક્રમ આદિમાં ક્રમશઃ નિવિથી પ્રારંભી આયંબિલ સુધી પ્રાયશ્ચિત્ત હોય. આ અનાગાઢમાં છે. આગાઢમાં કાલાતિક્રમ આદિમાં આગળ પુરિમઢ્ઢથી આરંભી ઉપવાસ સુધી પ્રાયશ્ચિત્ત હોય. ચંદ્રપ્રતિમા વગેરે પ્રકીર્ણક તપ અનેક પ્રકારનું છે. પ્રતિમાદિ પ્રકીર્ણક તપનું સ્વરૂપ પૂર્વે બાહ્યતપના વર્ણનમાં વિસ્તારથી કહ્યું છે.

છેદપ્રાયશ્ચિત્તને કહેવાની ઇચ્છાથી કહે છે—

છેદ મહાવ્રતારોપણના કાળથી ગણાય છે. આને જ કહે છે- પ્રવ્રજ્યા દિવસ, પક્ષ, માસ અને વર્ષ એમાંથી કોઈનો પણ છેદ થાય. જે દિવસે મહાવ્રતારોપણ કર્યું ત્યારથી પર્યાય ગણાય. જેને મહાવ્રતારોપણ કરવામાં આવ્યું છે તેને અપરાધ પ્રમાણે ક્યારેક પંચક[1] છેદ, ક્યારેક દશક છેદ યાવત્ લઘુ કે ગુરુમાસ પરિમાણ છેદપ્રાયશ્ચિત્ત આવે. આ રીતે છેદપ્રાયશ્ચિત્તથી છેદાતો પર્યાય પ્રવ્રજ્યા દિવસને પણ કાપે છે. તપથી ગર્વિત હોય(=ભલેને ગમે તેટલો તપ કરાવે, એથી મને શું કષ્ટ છે એમ તપથી ગર્વિત હોય) તપ કરવા માટે અસમર્થ હોય, તપની શ્રદ્ધા ન કરતો હોય, તપથી પણ જેનું દમન ન કરી શકાય એવો(=વારંવાર

૧. પંચકચ્છેદ એટલે પાંચ દિવસનો દીક્ષા પર્યાય કપાય એ પ્રમાણે દશકચ્છેદ આદિ અંગે પણ જાણવું.

તપ પ્રાયશ્ચિત્ત આપવા છતાં તેને ગણકાર્યા વિના વગર કારણે અપવાદમાર્ગને સેવવાની રુચિવાળો) કોઈ અપરિણત (છ માસ સુધીનું પ્રાયશ્ચિત્ત આપવા છતાં તેનાથી હું શુદ્ધ થતો નથી. કારણ કે દોષ વધારે છે એમ માનનાર) આ છેદપ્રાયશ્ચિત્તનો વિષય છે, અર્થાત્ આવાને છેદપ્રાયશ્ચિત્ત અપાય.

હવે મૂલપ્રાયશ્ચિત્ત કહેવાય છે.

"परिहारो मासिकादिः" इति આ પરિહારપ્રાયશ્ચિત્ત મૂલપ્રાયશ્ચિત્તનું ઉપલક્ષણ છે.

પરિહારપ્રાયશ્ચિત્ત આપવામાં આવે ત્યારે વંદન-આલાપ-અન્નપાન-પ્રદાન આદિથી સાધુઓ વડે પરિહાર(=ત્યાગ) કરાય તે પરિહાર-પ્રાયશ્ચિત્ત છે. (ગુરુએ આપેલું પ્રાયશ્ચિત્ત જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી દોષિતની સાથે જઘન્યથી એક માસ અને ઉત્કૃષ્ટથી છ માસ પર્યંત અન્ન-પાણીનું આદાન-પ્રદાન ન કરે, વંદન ન કરે, તેની સાથે બોલે નહિ, આ રીતે પરિહાર(=ત્યાગ) કરવો તે પરિહારપ્રાયશ્ચિત્ત છે.) તે પરિહાર એક માસથી આરંભી છ માસ સુધી હોય. તેના અંતે ક્યાંક(=કોઈકને) મૂળ=પુનર્વ્રતારોપણ પ્રાયશ્ચિત્ત અપાય. સંકલ્પથી(=ઈરાદાપૂર્વક) પંચેંદ્રિય જીવનો વધ કરે, ગર્વથી મૈથુન સેવે, ઉત્કૃષ્ટ મૃષાવાદ આદિનું સેવન કરે ઇત્યાદિ મૂળપ્રાયશ્ચિત્તનો વિષય છે, અર્થાત્ તેવા સાધુને મૂળ-પ્રાયશ્ચિત્ત અપાય.

અનવસ્થાપ્ય અને પારાંચિકનું પ્રતિપાદન કરવા માટે કહે છે—

'उपस्थापनं पुनर्दीक्षणम्' ઇત્યાદિ અનવસ્થાપ્ય અને પારાંચિક એ બે પ્રાયશ્ચિત્ત લિંગ[1]-ક્ષેત્ર-કાળ-તપમાં સમાનતા હોવાથી ભેગા કરીને કહ્યા છે. જે તપ કહ્યો હોય તે તપ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી વ્રતોમાં કે લિંગમાં(=સાધુવેષમાં) ન સ્થપાય તે અનવસ્થાપ્ય. તે જ તપથી અતિચારના પારને પામે તે પારાંચિક. પૃષોદરાદિમાં પાઠ હોવાથી

૧. આ માટે જુઓ યતિજીતકલ્પ ગાથા ૨૮૪ વગેરે.

પારાંચિક એવા શબ્દની સિદ્ધિ થઈ છે. એ બે પ્રાયશ્ચિત્તના અંતે વ્રતોમાં ઉપસ્થાપન કરાય છે. પુનર્દીક્ષણ એટલે ફરી દીક્ષાનો સ્વીકાર. પુનશ્ચરણ એટલે ફરી ચારિત્રનો સ્વીકાર. પુનર્વ્રતારોપણ એટલે ફરી વ્રતોનું આરોપણ કરવું. આ પ્રમાણે ઉપસ્થાપન વગેરે બધા શબ્દોનો એક અર્થ છે. સાધર્મિકોની ચોરી, હાથથી માર મારવો વગેરે અપરાધથી અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવે. દુષ્ટ, મૂઢ અને અન્યોન્યકરણ આદિને પારાંચિક પ્રાયશ્ચિત્ત આવે. (દુષ્ટ એટલે તીવ્ર કષાયવાળો અને વિષયોની તીવ્ર આસક્તિવાળો. મૂઢ એટલે સ્ત્યાનર્ધિ નિદ્રાના ઉદયવાળો. અન્યોન્યકરણ એટલે પુરુષ પુરુષની સાથે પરસ્પર મૈથુન સેવે.)

'तदेतद् नवविधं प्रायश्चित्तम्' इत्यादि 'ते आ' ઇત્યાદિથી આલોચના વગેરેનો પરામર્શ કર્યો છે. 'નવ પ્રકારનું' એમ પોતે કરેલી સૂત્ર રચનાના આધારે કહ્યું છે. પૂર્વમહર્ષિ રચિત ગ્રંથોમાં તો દશ પ્રકારે કે વીસ પ્રકારે પ્રાયશ્ચિત્ત કહ્યું છે. પ્રાયશ્ચિત્ત શબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ હવે કહેવાશે. **દેશ**-ગુણ રહિત (કે ગુણ સહિત) દેશ=ક્ષેત્ર. **કાળ**-સ્નિગ્ધ, રૂક્ષ અને સાધારણ કાળ. **શક્તિ**-પ્રાયશ્ચિત્ત કરાવવામાં વીર્ય (સામર્થ્ય). **સંહનન**-વજ્રઋષભનારાચ વગેરે. **સંયમ**-સત્તર પ્રકારનું અથવા મૂલોત્તર ગુણોના સમૂહરૂપ સંપૂર્ણ સંયમ. **વિરાધના** એટલે ખંડન, અતિચાર. च શબ્દ સમુચ્ચય અર્થમાં છે.

સંયમવિરાધનાને વિશેષ કરે છે=કેવી સંયમવિરાધના તે કહે છે- 'कायेन्द्रियजातिगुणोत्कर्षकृताम्' इति પૃથ્વીકાય આદિ છ કાય છે. પૃથ્વી-પાણી-તેઉ-વાયુ-પ્રત્યેક વનસ્પતિમાં સંઘટ્ટન-પરિતાપન-અપદ્રવણ સંબંધી પ્રાયશ્ચિત્ત અલગ, સાધારણ વનસ્પતિમાં અલગ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિયમાં અલગ. આ પ્રમાણે ઉપયોગ રાખીને જે પ્રમાણે પ્રાયશ્ચિત્ત હોય તે પ્રમાણે આપવું. આ પ્રમાણે કાળ આદિનો પણ વિચાર કરવો જોઇએ. કાળ આદિને અનુરૂપ પ્રાયશ્ચિત્ત આપવું જોઇએ તથા એકેંદ્રિય-બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય-પંચેંદ્રિય પ્રાણીઓને જોવાથી,

અર્થાત્ એકેંદ્રિયની વિરાધના થઇ છે, બેઇંદ્રિયની વિરાધના થઇ છે ઇત્યાદિ જોઇને પ્રાયશ્ચિત્તનો વિભાગ કરવો. અથવા એકેંદ્રિય-બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય-પંચેંદ્રિય જાતિ દ્વારા જે રાગ-દ્વેષ-મોહરૂપ ગુણો તે ગુણોની ઉત્કૃષ્ટ-અપકૃષ્ટ-મધ્ય અવસ્થાને સિંહ અને ગાય આદિનો વધ કરનારની જેમ જોઇને અને તેના વડે કરાયેલી વિરાધનાને પામીને (=જોઇને) અતિચારની વિશુદ્ધિ માટે પાપને અનુરૂપ પ્રાયશ્ચિત્ત અપાય છે અને કરાય છે.

હવે 'પ્રાયશ્ચિત્ત' એવા શબ્દની વ્યુત્પત્તિ કરે છે–

'चितीसंज्ञानविशुद्धयोर्धातुः' ઇત્યાદિ ભીમસેન પછીના વ્યાકરણ-શાસ્ત્રીઓએ સંજ્ઞાન અને વિશુદ્ધિ એમ બે અર્થમાં ચિત્ ધાતુ કહ્યો છે. અહીં સંજ્ઞાન અર્થની સાથે વિશુદ્ધિ અર્થનું ગ્રહણ કર્યું છે. અથવા ધાતુઓ અનેક અર્થવાળા હોય છે એ ન્યાયથી સંજ્ઞાન અર્થમાં કહેલો ચિત્ ધાતુ વિશુદ્ધિ અર્થમાં પણ છે. ભાષ્યકારે ઉપયોગમાં આવતા જ અર્થને લક્ષ્યમાં રાખીને વિશુદ્ધિ પણ કહી છે=વિશુદ્ધિ અર્થ પણ કર્યો છે. ચિત્ ધાતુનું ચિત્ત એવું રૂપ થાય છે. એ રૂપ નિષ્ઠાન્ત અને ઔણાદિક છે. चेतति इति चित्तम् અર્થાત્ વિશુદ્ધ થાય છે. એકાગ્ર બનતો તે થઇ રહેલી વિશુદ્ધિને સમ્યક્ જાણે છે. 'अजृघृक्षिभ्यः क्तः' (પાણિની વ્યાકરણ ઉણાદિ સૂત્રોમાં ૩૭૭) એ સૂત્રથી क्त પ્રત્યય થયો. क्त પ્રત્યયની નિષ્ઠા સંજ્ઞા છે. चित्तम् એવું આ શબ્દરૂપ ઔણાદિક છે. ચિત્ત શબ્દની વ્યુત્પત્તિ માટે બીજું સૂત્ર ન શોધવું. उणादयो बहुलम् (પાણિ. અ.૩ પા.૩ સૂ.૧) એ સૂત્રથી ચિત્[1] ધાતુથી પણ કર્તા અર્થમાં क्त પ્રત્યય થયો છે.

કઇ રીતે વિશુદ્ધિ થાય એમ કહે છે- "एवमेभिः" ઇત્યાદિ જેમનું લક્ષણ પૂર્વે કહ્યું છે તે આલોચનાથી પ્રારંભી પારાંચિક સુધીના દુષ્કર

૧. સામાન્યથી क्त પ્રત્યય કર્મ અર્થમાં આવે છે. અપવાદથી કેટલાક ધાતુઓથી કર્તા અર્થમાં क्त પ્રત્યય આવે છે. કર્તા અર્થમાં क्त પ્રત્યય આવે એ અંગેના જેટલાં સૂત્રો છે તેમાં ચિત્ ધાતુ નથી. પણ ઉણાદિથી ચિત્ ધાતુને કર્તા અર્થમાં क्त પ્રત્યય થાય છે, માટે અહીં કહ્યું છે કે ચિત્ ધાતુથી પણ કર્તા અર્થમાં क्त પ્રત્યય થયો છે.

તપવિશેષોથી અપ્રમત્ત અને ઉપયુક્ત બનેલો સાધુ મૂલોત્તરગુણ સંબંધી અતિચારને પ્રાયઃ=મોટા ભાગે શુદ્ધ કરે છે.

પ્રશ્ન– અહીં 'પ્રાયઃ' એમ શા માટે કહ્યું ?

ઉત્તર– અત્યંત સૂક્ષ્મ અતિચારો રદ્દ(=બાદ) કરવા માટે પ્રાયઃ એમ કહ્યું છે. સમ્યગ્ જાણતો તે ફરી તેવા અપરાધને સેવતો નથી. આથી પ્રાયશ્ચિત્ત કહેવાય છે અથવા પ્રાયઃ શબ્દથી અપરાધ કહેવાય છે, અર્થાત્ પ્રાયઃ શબ્દનો અર્થ અપરાધ છે. સૂત્રવિહિત તે આલોચનાદિથી તે અપરાધ વિશુદ્ધ થાય છે. આ કારણથી પ્રાયશ્ચિત્ત કહેવાય છે. (૯-૨૨)

ટીકાવતરણિકા– અધુના વિનયોઽભિધીયતે, તત્પ્રતિપાદનાયાહ–

ટીકાવતરણિકાર્થ– હવે વિનય કહેવાય છે. વિનયના પ્રતિપાદન માટે સૂત્રકાર કહે છે–

વિનયના ભેદો–

ज्ञानदर्शनचारित्रोपचाराः ॥૯-૨૩॥

સૂત્રાર્થ– જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય એમ વિનયના ચાર ભેદો છે. (૯-૨૩)

ભાષ્યં– विनयश्चतुर्भेदः । तद्यथा- ज्ञानविनयः दर्शनविनयः चारित्रविनयः उपचारविनयः । तत्र ज्ञानविनयः पञ्चविधः मतिज्ञानादिः । दर्शनविनय एकविध एव सम्यग्दर्शनविनयः । चारित्रविनयः पञ्चविधः सामायिकविनयादिः । औपचारिकविनयोऽनेकविधः सम्यग्दर्शनज्ञानचारित्रादिगुणाधिकेषु अभ्युत्थानासनप्रदानवन्दनानुगमादिः । विनीयते तेन तस्मिन्वा विनयः ॥૯-૨૩॥

ભાષ્યાર્થ– વિનય ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે- જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય.

તેમાં જ્ઞાનવિનય મતિજ્ઞાન આદિ પાંચ પ્રકારનો છે.

દર્શનવિનય તો સમ્યગ્દર્શનવિનય એ એક જ પ્રકારનો છે.

ચારિત્રવિનય સામાયિક વિનય આદિ પાંચ પ્રકારનો છે.

ઔપચારિક વિનય અનેક પ્રકારનો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે ગુણોથી અધિક મુનિઓનો અભ્યુત્થાન, આસન પ્રદાન, વંદન, અનુગમન વગેરે (ઔપચારિક) વિનય છે. તેનાથી (કર્મ) દૂર કરાય છે એથી વિનય છે અથવા તે હોય ત્યારે (કર્મ) દૂર કરાય છે તે વિનય. (૯-૨૩)

टीका– ज्ञानादयः कृतद्वन्द्वाः प्रथमाबहुवचनेन निर्दिष्टाः, एतद्विवरणायाह-विनयश्चतुर्भेद इति, विनयनिर्वचनमुपरि व्याख्यास्यते, तांश्च चतुर्भेदान् नामग्राहमाचष्टे-तद्यथाशब्दस्तदुपन्यासार्थः, ज्ञानविनय इत्यादि तत्र-तेषु चतुर्षु भेदेषु ज्ञानविनयस्तावत् पञ्चविधः मतिज्ञानादिः, आदिग्रहणाच्छ्रुतावधिमनःपर्यायकेवलज्ञानपरिग्रहः, अस्मिन् सति ज्ञानादिपञ्चके भक्तिर्बहुमानो ज्ञानस्वरूपश्रद्धानं च ज्ञानविनयः, श्रुते च विशेषः "काले विणए बहुमाणे उवहाणे" इत्यादि, दर्शनविनयस्त्वेकविध एकप्रकार एव, तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमित्येकलक्षणत्वादेकविध एव सम्यग्दर्शनविनयः, तथा अर्हतामर्हत्प्रणीतस्य च धर्म्मस्याचार्योपाध्याय-स्थविरकुलगणसङ्घसाधुसम्भोगानां चानासातना, प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यानि च सम्यग्दर्शनविनय इति, चारित्रविनयः पञ्चविधः सामायिकादिः, सामायिकादयः प्रागुक्तलक्षणाः सामायिकादिस्वरूपश्रद्धानं श्रद्धानपूर्वकं चानुष्ठानं विधिना च प्ररूपणमित्येष चारित्रविनयः, औपचारिकविनयोऽनेकविधः उपचरणमुपचारः, श्रद्धापूर्वकं क्रिया-विशेषलक्षणो व्यवहारः स प्रयोजनमस्येत्यौपचारिकः, स चानेकप्रकारः, तस्य विषयनिर्देशार्थमाह-सम्यग्दर्शनेत्यादि, सम्यक्त्वज्ञानचरणानि गुणास्तैरभ्यधिका ये मुनयः आदिग्रहणाद्दशविधसामाचारीसम्पत्परिग्रहः तेष्वभ्युत्थानासनप्रदानवन्दनानुगमनादिः अभिमुखमागच्छति गुणाधिके उत्थानम्-आसनादभ्युत्थानं अदृष्टपूर्वे च साधुवेषभाजि कार्यमभ्युत्थानं तदनन्तरमासनप्रदानं ततो वन्दनप्रतिपत्तिः गच्छतः कतिचित् पदान्यनुगमनं-व्रजनं, आदिग्रहणात् मुकुलितकरकमलद्वयस्य ललाटदेशे न्यासो-

ऽञ्जलिप्रग्रहः वस्त्रादिपूजा सत्कारः सद्भूतगुणोत्कीर्त्तनं सन्मानं, विनयशब्दनिर्भेदप्रदर्शनायाह-विनीयते क्षिप्यतेऽनेनाष्टप्रकारं कर्म्मेति विनयः, पुंनाम्नि घः करणसाधनः, विनीयते वाऽस्मिन् सति ज्ञानावरणादिरजोराशिरिति विनयः, अधिकरणसाधनो वा ॥૯-૨૩॥

ટીકાર્થ– જ્ઞાનાદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને પ્રથમા બહુવચનથી નિર્દેશ કર્યો છે. એના વિવરણ માટે કહે છે- 'विनयश्चतुर्भेद' इति વિનય શબ્દની વ્યુત્પત્તિનું વ્યાખ્યાન આગળ કહેવાશે. તે ચાર ભેદોને નામ લઈને કહે છે. तद्यथा શબ્દ નામોના ઉલ્લેખ માટે છે. 'ज्ञानविनयः' ઇત્યાદિ ચાર ભેદોમાં જ્ઞાનવિનય મતિજ્ઞાન આદિ પાંચ પ્રકારનો છે. આદિ શબ્દના ગ્રહણથી શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવલજ્ઞાનનું ગ્રહણ કરવું. જ્ઞાનવિનય હોય ત્યારે પાંચ જ્ઞાન ઉપર ભક્તિ-બહુમાન અને જ્ઞાન સ્વરૂપની શ્રદ્ધા હોય. શ્રુતજ્ઞાનમાં काले विणए બહુમાણે उवहाणे ઇત્યાદિ વિશેષ વિનય છે.

સમ્યગ્દર્શનવિનય તો એક જ પ્રકારનો છે. તત્ત્વભૂત જીવાદિ પદાર્થોની શ્રદ્ધા સમ્યગ્દર્શન છે. એમ સમ્યગ્દર્શનનું લક્ષણ એક હોવાથી સમ્યગ્દર્શનવિનય એક પ્રકારનો જ છે તથા અરિહંતોની, અરિહંતપ્રણીત ધર્મની, આચાર્ય-ઉપાધ્યાય-સ્થવિર-કુલ-ગણ-સંઘ-સાધુ-સમનોજ્ઞોની[1] આશાતના ન કરવી અને પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય સમ્યગ્દર્શનવિનય છે.

સામાયિક આદિનું સ્વરૂપ પૂર્વે (અ.૯ સૂ.૧૮ માં) કહ્યું છે. સામાયિક આદિના સ્વરૂપની શ્રદ્ધા કરવી, શ્રદ્ધાપૂર્વક આચરણ કરવું, વિધિથી ચારિત્રની પ્રરૂપણા કરવી આ પ્રમાણે આ ચારિત્રવિનય છે.

ઔપચારિક વિનય અનેક પ્રકારનો છે. વ્યવહાર કરવો તે ઉપચાર. શ્રદ્ધાપૂર્વક ક્રિયાવિશેષ વ્યવહાર છે. ઉપચાર જેનું પ્રયોજન છે તે ઔપચારિક. (तद्धितनो इकण् प्रत्यय थयो छे) તે અનેક પ્રકારનો છે.

૧. સંભોગ અને સમનોજ્ઞ એ બંને શબ્દોનો એક જ અર્થ છે.

ઉપચારવિનયના વિષયનો નિર્દેશ કરવા માટે કહે છે- 'સમ્યગ્દર્શન' ઇત્યાદિ, સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્ર ગુણો છે. આદિ શબ્દના ગ્રહણથી દશ પ્રકારની સમાચારીરૂપ સંપત્તિનું ગ્રહણ કરવું. તેનાથી અધિક જે મુનિઓ છે તેમનો અભ્યુત્થાન, આસનપ્રદાન, અનુગમન વગેરે વિનય છે. ગુણાધિક સામેથી આવતા હોય ત્યારે આસનથી ઊભા થવું. પૂર્વે ન જોયા હોય તેવા સાધુવેષને ધારણ કરનારનું અભ્યુત્થાન કરવું જોઈએ. પછી આસન આપવું. પછી વંદનરૂપ ગૌરવ કરવું. જતા હોય ત્યારે કેટલાક ડગલા પાછળ જવું. આદિ શબ્દના ગ્રહણથી ભેગા કરેલા બે હસ્તકમળોને લલાટના ભાગમાં સ્થાપન કરવા રૂપ અંજલિ કરવી. વસ્ત્રાદિથી પૂજારૂપ સત્કાર કરવો, સદ્ભૂત ગુણોનું કીર્તન કરવા રૂપ સન્માન કરવું.

વિનયશબ્દની વ્યુત્પત્તિને બતાવવા માટે કહે છે- જેનાથી આઠ પ્રકારનું કર્મ ફેંકાય=દૂર કરાય તે વિનય. पुंनाम्नि घः (સિદ્ધહેમ અ.૫ પા.૩ સૂ.૧૩૦) એ સૂત્રથી કરણસાધનમાં घः પ્રત્યય છે અથવા જેની વિદ્યમાનતામાં જ્ઞાનાવરણાદિ રૂપ રજસમૂહ દૂર કરાય છે તે વિનય. અધિકરણ સાધનમાં घः પ્રત્યય છે. (૯-૨૩)

ટીકાવતરણિકા– સમ્પ્રતિ વૈયાવૃત્ત્યં ઉચ્યતે–

ટીકાવતરણિકાર્થ– હવે વૈયાવૃત્ત્ય કહેવાય છે–

વેયાવચ્ચના ભેદો–

आचार्योपाध्यायतपस्विशैक्षकग्लानगणकुलसङ्घसाधु-समनोज्ञानाम् ॥૯-૨૪॥

સૂત્રાર્થ– આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ અને સમનોજ્ઞની સેવા એ વૈયાવૃત્ત્ય(=વેયાવચ્ચ) છે. (૯-૨૪)

भाष्यं– वैयावृत्त्यं दशविधं । तद्यथा- आचार्यवैयावृत्त्यं, उपाध्याय-वैयावृत्त्यं, तपस्विवैयावृत्त्यं, शैक्षकवैयावृत्त्यं, ग्लानवैयावृत्त्यं, गणवैया-वृत्त्यं, कुलवैयावृत्त्यं, सङ्घवैयावृत्त्यं, साधुवैयावृत्त्यं, समनोज्ञवैया-वृत्त्यमिति । व्यावृत्तभावो वैयावृत्त्यं व्यावृतकर्म च । तत्राचार्यः पूर्वोक्तः

पञ्चविधः । आचारगोचरविनयं स्वाध्यायं वाऽऽचार्यादनु तस्मादुपाधीयत इत्युपाध्यायः । सङ्ग्रहोपग्रहानुग्रहार्थं चोपाधीयते सङ्ग्रहादीन् वाऽस्योपाध्येति इत्युपाध्यायः । द्विसङ्ग्रहो निर्ग्रन्थ आचार्योपाध्यायसङ्ग्रहः त्रिसङ्ग्रहा निर्ग्रन्थी आचार्योपाध्यायप्रवर्तिनीसङ्ग्रहा । प्रवर्तिनी दिगाचार्येण व्याख्याता । हिताय प्रवर्तते प्रवर्तयति चेति प्रवर्तिनी । विकृष्टोग्रतपोयुक्तस्तपस्वी । अचिरप्रव्रजितः शिक्षयितव्यः शिक्षः, शिक्षामर्हतीति शैक्षो वा । ग्लानः प्रतीतः । गणः स्थविरसन्ततिसंस्थितिः । कुलमाचार्यसन्ततिसंस्थितिः । सङ्घश्चतुर्विधः श्रमणादिः । साधवः संयताः । सम्भोगयुक्ताः समनोज्ञाः । एषामन्नपानवस्त्रपात्रप्रतिश्रयपीठफलकसंस्तारादिभिर्धर्मसाधनैरुपग्रहः शुश्रूषा भेषजक्रिया कान्तारविषमदुर्गोपसर्गेष्वभ्युपपत्तिरित्येतदादि वैयावृत्त्यम् ॥९-२४॥

ભાષ્યાર્થ– વૈયાવૃત્ત્ય દશ પ્રકારનું છે. તે આ પ્રમાણે- આચાર્યવૈયાવૃત્ત્ય, ઉપાધ્યાયવૈયાવૃત્ત્ય, તપસ્વિવૈયાવૃત્ત્ય, શૈક્ષકવૈયાવૃત્ત્ય, ગ્લાનવૈયાવૃત્ત્ય, ગણવૈયાવૃત્ત્ય, કુલવૈયાવૃત્ત્ય, સંઘવૈયાવૃત્ત્ય, સાધુવૈયાવૃત્ત્ય અને સમનોજ્ઞવૈયાવૃત્ત્ય. વ્યાવૃત્તનો ભાવ કે વ્યાવૃત્તનું કર્મ તે વૈયાવૃત્ત્ય.

તેમાં આચાર્ય પૂર્વોક્ત (અ.૯ સૂ.૬) પાંચ પ્રકારે છે. આચાર સંબંધી વિનય કે સ્વાધ્યાય તે આચાર્ય. આચાર્ય પછી જેની પાસેથી ભણાય તે ઉપાધ્યાય છે. સંગ્રહ-ઉપગ્રહ-અનુગ્રહ માટે જે સેવાય તે ઉપાધ્યાય. એના સંગ્રહ વગેરેનું સ્મરણ કરે છે એથી ઉપાધ્યાય છે. આચાર્ય અને ઉપાધ્યાયનો સંગ્રહ એમ નિર્ગ્રંથ બે સંગ્રહવાળો હોય. આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિનીનો સંગ્રહ એમ નિર્ગ્રન્થી ત્રણ સંગ્રહવાળી હોય.

પ્રવર્તિની દિગાચાર્ય વડે વ્યાખ્યાન કરાયેલી છે. હિત માટે પ્રવર્તે અને પ્રવર્તાવે તે પ્રવર્તિની.

વિકૃષ્ટ-ઉગ્ર તપથી યુક્ત હોય તે તપસ્વી. અલ્પકાળ પહેલા પ્રવ્રજિત થયો હોય અને (એથી) શિક્ષણ આપવાને યોગ્ય હોય તે શિક્ષ. અથવા

જે શિક્ષાને યોગ્ય છે તે શૈક્ષ. ગ્લાન પ્રસિદ્ધ છે. ગણ એટલે સ્થવિરોની સંતતિની સંસ્થિતિ. કુલ એટલે એકાચાર્યની સંતતિની સંસ્થિતિ. શ્રમણાદિ ચાર પ્રકારનો સંઘ છે. સાધુઓ એટલે સંયતો. સંભોગથી યુક્ત હોય તે સમનોજ્ઞ.

એમને અન્ન-પાન-વસ્ત્ર-પાત્ર-ઉપાશ્રય-પીઠ-પાટિયું-સંથારો વગેરે ધર્મસાધનોથી ઉપગ્રહ, શુશ્રૂષા અને ભેષજક્રિયા તથા કાંતાર-વિષમ-દુર્ગ-ઉપસર્ગોમાં અભ્યુપપત્તિ વગેરે વૈયાવૃત્ત્ય છે. (૯-૨૪)

ટીકા– आचार्यादीनां समनोज्ञान्तानां कृतद्वन्द्वानां षष्ठीबहुवचनेन निर्देशः, वैयावृत्त्यं दशविधमित्यादि, आचार्यादिभेदाद्दशधा, तान् प्रकारान् नामग्राहमाख्याति-आचार्यवैयावृत्त्यमित्यादिना, वैयावृत्त्यशब्द-व्युत्पादनायाह-व्यावृत्तभावो वैयावृत्त्यं व्यावृत्तकर्म्म चेति, व्यावृत्तो-व्यापारप्रवृत्तः प्रवचनचोदितक्रियाविशेषानुष्ठानपरः तस्य यो भावः तथाभवनं तथापरिणामस्तद् वैयावृत्त्यं व्यावृत्तकर्म्म चेति तत्तथाभूतस्य यत् कर्म-क्रिया तद्वैयावृत्त्यं, पूर्वत्र क्रियाक्रियावतोः प्राधान्यमुत्तरत्र क्रियाया इति। तच्च वैयावृत्त्यं यथासम्भवं क्षेत्रवसतिप्रत्यवेक्षणभक्तपान-वस्त्रपात्रभेषजशरीरशूश्रूषणतदागमनविद्यामन्त्रप्रयोगसाध्यादिः, आचार्या-द्युद्देशेनाचार्यादीनां यत् कर्त्तव्यं तत्र व्यग्रता व्यावृत्तता, आचार्यः पूर्वोक्तः पञ्चविध इत्यादि, आचरति आचारयति चेत्याचार्यः-'कृल्ल्युटो बहुल' मिति वचनात्, सूत्रे पूर्वोक्तः क्षमामार्दवार्जवादिसूत्रं, पञ्चप्रकारः

'प्रव्राजको दिगाचार्यः, श्रुतोद्देशी तथैव च ।
समुद्देष्टा श्रुतस्यान्यस्तथाऽऽम्नायस्य वाचकः ॥१॥ इति,

आचारो ज्ञानादिभेदः पञ्चधा तस्य गोचरो-विषयो यथास्वं तद्विषयो विनयस्तमाचारगोचरविनयं, स्वाध्यायं च पञ्चप्रकारं वक्ष्यमाणं आचार्यालब्धानुज्ञाः साधवोऽनु-पश्चात्तस्मादुपाधीयत इत्युपाध्यायः, अपादानसाधनो घञ्, सङ्ग्रहोपग्रहानुग्रहार्थं चेति वस्त्रपात्रप्रदानात्

सङ्ग्रहः अन्नपानभेषजप्रदानादुपग्रहः सूत्रप्रदानादनुग्रहः एतदर्थं चोपधीयते सेव्यत इत्युपाध्यायः, पृषोदरादित्वात् । 'सङ्ग्रहादीन् वाऽस्योपाध्येति' इति, सङ्ग्रहोपग्रहानुग्रहान्वाऽस्य सम्बन्धिनः, तत्समीपभवांस्तत्कृतानुपाध्येति स्मरतीत्युपाध्यायः । द्विसङ्ग्रहो निर्ग्रन्थ इति सङ्गृह्यतेऽनेनेति सङ्ग्रहः द्वाभ्यां सङ्गृह्यते-बद्ध्यते, द्वाभ्यां सङ्गृहीत इत्यर्थः, एतदेव विवृणोति-आचार्योपाध्यायसङ्ग्रह इति, त्रिसङ्ग्रहा निर्ग्रन्थी आचार्यादित्रयसङ्गृहीतेत्यर्थः, का पुनरिदं प्रवर्तिनी ?, प्रवर्तिनी दिगाचार्येण व्याख्याता तत्सदृशी द्रष्टव्या, श्रुतसकलनिशीथाध्ययना समुचितकल्पव्यवहारसूत्रग्राहिणी संविग्ना प्राप्तदिगनुज्ञा, सा चात्महिताय प्रवर्त्तते निःश्रेयसायैव घटते, अन्याश्च प्रवर्त्तयति, साध्वीः स्मारणधारणवारणादिप्रयोगेन प्रवर्त्तयतीति प्रवर्त्तिनी, विकृष्टं दशमादि किञ्चिन्न्यूनषण्मासान्तमुग्रं भावविशुद्धमनिश्रितमल्पसत्त्वस्य वा भयानकमुग्रं तपस्तद्युक्तस्तपस्वीति । अचिरप्रव्रजित इत्यादि, आद्यपश्चिमतीर्थयोर्मध्यमतीर्थेषु च कतिचिदहानि प्रतिपन्नस्य सामायिकस्य गतानि यस्य सोऽचिरप्रव्रजितः, ग्रहणासेवनशिक्षामुभयीं शिक्षयितव्यः शैक्षः, शिक्षामर्हति वा शैक्षकः, शिक्षाशीलो वा शैक्षः, छत्रादित्वाण्णप्रत्ययः, ग्लानो मन्दोऽपटुर्व्याध्यभिभूतः प्रतीतः, सुज्ञान एवेत्यर्थः, कुलानि स्थानीयादीनि कुलसमुदायो गणः स्थविरसन्ततिसंस्थितिः स्थविरग्रहणेन श्रुतस्थविरपरिग्रहः, न वयसा पर्यायेण वा, तेषां सन्ततिः-परम्परा तस्याः संस्थानं-वर्त्तनं अद्यापि भवनं संस्थितिः कुलमाचार्यसन्ततिसंस्थितिः, एकाचार्यप्रणेयः साधुसमूहो गच्छः, बहूनां गच्छानामेकजातीयानां समूहं कुलं, तत्र ये आचार्यगुणोपेतास्तत्सन्ततिसंस्थितिः कुलं, तेषां प्राधान्यात्, सङ्घश्चतुर्विधः साधुसाध्वीश्रावकश्राविकाः, तत्र येषु व्यवस्थिता ज्ञानदर्शनचरणगुणास्ते परमार्थतः संघः श्रमणादिरिति, पुरुषोत्तरधर्म्म इति ज्ञापनार्थमुक्तं साधवः संयता इति, ज्ञानादिलक्षणाभिः पौरुषेयीभिः शक्तिभिः मोक्षं

साधयन्तीति साधवः संयता इति मूलोत्तरगुणसम्पन्नाः, द्वादशविध-सम्भोगभाजः समनोज्ञा ज्ञानदर्शनचारित्राणि मनोज्ञानि, सह मनोज्ञैः समनोज्ञाः, तानि तानि वा सम्भोगकारणानि संविग्नेष्वपि विद्यन्ते, एषामित्यादि आचार्यादयः समनोज्ञान्ताः सम्बध्यन्ते एषामित्यनेन, अन्नपानादयः प्रसिद्धास्तैरुपग्रहः उपकारः शुश्रूषा विश्रामणादिका भेषजक्रिया मान्द्ये सति तदनुरूपं भेषजसम्प्रदानं कान्तारं अरण्यं श्वापद-बहुलत्वाद्विषमं दुर्गं गतकण्टकादिप्रचितं उपसर्गो ज्वरातीसारका-सश्वासमरकादिः अभ्युपपत्तिरभ्युद्धरणं परिपालनं परिरक्षणमन्नपानादिना यत्तद् वैयावृत्त्यमिति ॥९-२४॥

ટીકાર્થ– આચાર્યથી આરંભી સમનોજ્ઞ સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને છઠ્ઠી બહુવચનથી નિર્દેશ કર્યો છે. "वैयावृत्त्यं दशविधम्" ઇત્યાદિ આચાર્ય આદિના ભેદથી વૈયાવૃત્ય દશ પ્રકારનું છે. તે પ્રકારોને आचार्यवैयावृत्त्यम् ઇત્યાદિથી નામ લઈને કહે છે–

વૈયાવૃત્ય શબ્દની વ્યુત્પત્તિ કરવા માટે કહે છે- "व्यावृत्तभावो वैयावृत्त्यं व्यावृत्तकर्म च" इति व्यावृत्त એટલે (કોઈને કોઇ) વ્યાપારમાં પ્રવૃત્ત થયેલો=શાસ્ત્રોક્તક્રિયાવિશેષરૂપ અનુષ્ઠાનમાં તત્પર. તેનો જે ભાવ=તેવો પરિણામ તે વૈયાવૃત્ય. 'व्यावृत्तकर्म च' इति તેવા (પરિણામવાળા) થયેલાનું જે કર્મ=ક્રિયા તે વૈયાવૃત્ય. પૂર્વની વ્યુત્પત્તિમાં ક્રિયાવાનની પ્રધાનતા છે, પછીની વ્યુત્પત્તિમાં ક્રિયાની પ્રધાનતા છે.

તે વૈયાવૃત્ય યથાસંભવ ક્ષેત્ર અને વસતિનું નિરીક્ષણ કરવું, ભક્ત-પાન-વસ્ત્ર-પાત્ર-ઔષધો લાવવાં, શરીર સેવા કરવી, તેમના આદેશથી (કોઇ કાર્ય માટે) જવું, વિદ્યા-મંત્રના પ્રયોગથી સાધી શકાય તેવું કાર્ય વિદ્યા-મંત્રથી સિદ્ધ કરવું વગેરે.

આચાર્ય આદિના લક્ષ્યથી(=મારે આમની સેવા કરવી છે એવા લક્ષ્યથી) આચાર્ય આદિ માટે જે કરવા યોગ્ય હોય તેમાં વ્યગ્રતા=વ્યાવૃત્તતા તે આચાર્યાદિ વૈયાવૃત્ય છે.

'आचार्यः पूर्वोक्तः पञ्चविधः' इत्यादि જે આચરે છે (પાળે છે) કે આચરાવે છે(=પળાવે છે) તે આચાર્ય. कृल्ल्युटो बहुलम्[1] (પાણિ. અ.૩ પા.૩ સૂ.૧૧૩) એ સૂત્રથી આચાર્ય શબ્દ બન્યો છે. પૂર્વે (અ.૯ સૂ.૬ માં) પાંચ પ્રકારના આચાર્ય કહ્યા છે. પ્રવ્રાજક, દિગાચાર્ય, શ્રુતોદ્દેષ્ટા, શ્રુતસમુદ્દેષ્ટા અને આમ્નાયાર્થવાચક એમ પાંચ આચાર્યો કહ્યા છે. (આનો અર્થ અ.૯ સૂ.૬ માં બ્રહ્મચર્યધર્મના વર્ણનના અનુવાદમાં જણાવ્યો છે.)

જ્ઞાનાચાર આદિ પાંચ પ્રકારના આચારનો યથાયોગ્ય વિનય, પાંચ પ્રકારનો સ્વાધ્યાય હવે (૯-૨૫)માં કહેવાશે.

આચાર્ય પાસેથી જેમને અનુજ્ઞા મળી છે તે સાધુઓ પછી તેમની પાસે ભણે છે=તેમની પાસેથી જ્ઞાન મેળવે છે તેથી ઉપાધ્યાય છે. અપાદાન-કારકમાં (પંચમી વિભક્તિમાં) घञ् પ્રત્યય થયો છે.

'सङ्ग्रहोपग्रहानुग्रहार्थं च' इति વસ્ત્ર-પાત્રને આપવાથી સંગ્રહ, અન્ન-પાન-ઔષધ આપવાથી ઉપગ્રહ, સૂત્ર આપવાથી અનુગ્રહ. સંગ્રહાદિ માટે જે સેવાય તે ઉપાધ્યાય. પૃષોદરાદિથી ઉપાધ્યાય શબ્દની સિદ્ધિ થાય છે.

"सङ्ग्रहादीन् वाऽस्य उपाध्येति" इति સંગ્રહ-ઉપગ્રહ-અનુગ્રહ એના સંબંધવાળા છે, તેની પાસેથી પ્રાપ્તિ થાય તેવા છે, તેનાથી કરાયેલા છે એમ એના સંગ્રહ-ઉપગ્રહ-અનુગ્રહોને યાદ કરે છે તેથી ઉપાધ્યાય છે.

'द्विसङ्ग्रहो निर्ग्रन्थः' इति એનાથી સંગ્રહ કરાય છે એથી સંગ્રહ છે બેથી ગ્રહણ કરાય છે=બંધાય છે તેથી દ્વિસંગ્રહ છે, અર્થાત્ બે વડે સંગ્રહ કરાયેલો છે. આનું જ વિવરણ કરે છે– 'आचार्योपाध्यायसङ्ग्रहः' इति નિર્ગ્રન્થ આચાર્ય અને ઉપાધ્યાયથી સંગ્રહાયેલો છે. નિર્ગ્રન્થી આચાર્યાદિ (આચાર્ય-ઉપાધ્યાય-પ્રવર્તિની એ) ત્રણથી સંગ્રહ કરાયેલી હોય છે.

આ પ્રવર્તિની કોણ છે ?

પ્રવર્તિની દિગાચાર્ય વડે વ્યાખ્યાન કરાયેલી છે, એટલે કે દિગાચાર્ય સમાન જાણવી. પ્રવર્તિનીએ સંપૂર્ણ નિશીથ અધ્યયન સાંભળ્યું હોય,

૧. સિદ્ધહેમ વ્યાકરણ પ્રમાણે बहुलम् (૫-૧-૨) સૂત્રથી આચાર્ય શબ્દ બન્યો છે.

સમુચિત કલ્પ-વ્યવહારસૂત્રને ગ્રહણ કરનારી, સંવિગ્ના અને દિશાનુજ્ઞાને પામેલી હોય. તે આત્મહિત માટે જ પ્રવર્તે છે અને અન્ય સાધ્વીઓ જ્યારે કર્તવ્ય ભૂલી જાય ત્યારે તેઓને યાદ દેવડાવવું, પડતીનું રક્ષણ કરવું અને અકર્તવ્યથી રોકવી વગેરે યોજવાથી આત્મહિતમાં પ્રવર્તાવે છે. પ્રવર્તાવે તે પ્રવર્તિની.

'विकृष्ट' ઇત્યાદિ ચાર ઉપવાસથી પ્રારંભી કંઈક ન્યૂન છ માસ સુધીનો તપ વિકૃષ્ટ છે. ઉગ્ર એટલે ભાવથી વિશુદ્ધ અને (એથી જ) અનિશ્રિત (=આ લોક પરલોકના સુખોની આકાંક્ષાથી રહિત), તેવા તપથી યુક્ત હોય તે તપસ્વી છે.

'अचिरप्रव्रजितः' ઇત્યાદિ પહેલા છેલ્લા તીર્થમાં અને મધ્યમ તીર્થોમાં જેના સ્વીકારેલા સામાયિકના કેટલાક દિવસો પસાર થયા છે તે અચિર પ્રવ્રજિત છે=અલ્પકાળ પહેલાં પ્રવ્રજિત થયેલો છે. ગ્રહણ અને આસેવન એ બે શિક્ષા આપવાને યોગ્ય હોય તે શૈક્ષ. શિક્ષા શબ્દ છત્રાદિ શબ્દોમાં હોવાથી ણ(અ) પ્રત્યયવાળો છે. ગ્લાન એટલે મંદ, અકુશળ કે વ્યાધિથી પરાભવ પામેલ. ગ્લાન પ્રસિદ્ધ છે, અર્થાત્ ગ્લાન શબ્દનો અર્થ સુખપૂર્વક જાણી શકાય તેવો છે.

[1]સ્થાનીય વગેરે કુળો છે. કુળનો સમુદાય તે ગણ. (મોટી ટીકામાં कुलं समुदायः એવો પાઠ છે.)

गणः स्थविरसन्ततिसंस्थितिः સ્થવિરના ગ્રહણથી શ્રુતસ્થવિરનું ગ્રહણ કરવું. વયથી અને પર્યાયથી સ્થવિરનું ગ્રહણ ન કરવું. સ્થવિરોની પરંપરાનું હજી પણ વર્તવું-હોવું તે સ્થવિરસંતતિસંસ્થિતિ.

कुलमाचार्यसन्ततिसंस्थितिः, એક આચાર્યથી દોરવા યોગ્ય, અર્થાત્ એક આચાર્યને આધીન રહેલ સાધુસમૂહ ગચ્છ છે. એક જાતિના ઘણા

૧. અહીં અશુદ્ધિ જણાય છે. મોટી ટીકામાં પણ તેવો જ પાઠ છે. ધર્મસંગ્રહ ભાગ બીજામાં આ પ્રમાણે જણાવ્યું છે. **કુલ**=એક જ જાતિ(=સામાચારી)વાળા ઘણા ગચ્છોનો સમૂહ. જેમકે ચાંદ્રકુળ વગેરે. **ગણ**=એક આચાર્યની નિશ્રામાં વર્તતો સાધુ સમૂહ, અર્થાત્ અનેક કુળોનો સમુદાય. જેમકે કૌટિકગણ ઇત્યાદિ ગણ કહેવાય છે. પ્રવચન સારોદ્ધારમાં પણ આ જ વ્યાખ્યા છે.

ગચ્છોનો સમૂહ કુળ છે. તેમાં જેઓ આચાર્યના ગુણોથી યુક્ત છે તેમની પરંપરાનું હોવું(=વિદ્યમાનતા) તે કુળ છે. કારણ કે તેમની પ્રધાનતા છે.

સંઘ=સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચાર પ્રકારનો સંઘ. સંઘમાં જેઓમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો છે તે સાધુ વગેરે પરમાર્થથી સંઘ છે. સાધુઓ એટલે સંયતો.

પ્રશ્ન– સંયતીઓ પણ સાધુપદમાં જ ગણાય તો પછી સાધુઓ એટલે સંયતો અને સંયતીઓ એમ ન જણાવતા માત્ર સંયતો જ કેમ જણાવ્યા ?

ઉત્તર– ધર્મમાં પુરુષની પ્રધાનતા[૧] છે એમ જણાવવા માટે સાધુઓ એટલે સંયતો એમ જણાવ્યું છે. જ્ઞાનાદિરૂપ આત્મશક્તિઓથી મોક્ષને સાધે તે સાધુઓ. સંયત એટલે મૂલોત્તરગુણોથી યુક્ત. બાર પ્રકારના સંભોગને ધારણ કરનારા સાધુઓ સમનોજ્ઞ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર મનોજ્ઞ(=મનોહર) છે. મનોજ્ઞોથી સહિત તે સમનોજ્ઞ. અથવા તે સંભોગકારણો સંવિગ્નોમાં પણ છે.

'एषाम्' ઇત્યાદિ, एषाम् એ પદથી આચાર્યથી પ્રારંભી સમનોજ્ઞ સુધીના શબ્દોનો સંબંધ છે. અન્ન-પાન વગેરે પ્રસિદ્ધ છે. ઉપગ્રહ એટલે ઉપકાર. શુશ્રૂષા એટલે વિશ્રામણા(=અંગમર્દન) વગેરે. ભેષજ ક્રિયા એટલે બિમારીમાં બિમારીને અનુરૂપ ઔષધ આપવું. કાંતાર એટલે જંગલ. જંગલી પશુઓ ઘણા હોવાથી વિષમ. દુર્ગ એટલે ખાડા-કાંટાદિથી[૨] યુક્ત. ઉપસર્ગ એટલે તાવ, ઝાડા, ખાંસી, શ્વાસ અને મરકી વગેરે. અભ્યુપપત્તિ એટલે ઉદ્ધાર કરવો, પરિપાલન કરવું, અન્ન-પાન આદિથી રક્ષણ કરવું તે વૈયાવૃત્ત્ય છે. (૯-૨૪)

ટીકાવતરણિકા– સમ્પ્રતિ સ્વાધ્યાયોઽભિધીયતે–

---

૧. धम्मो पुरिसप्पभवो पुरिसवरदेसिओ पुरिसजिट्ठो । लोए वि पहू पुरिसो किं पुण लोगुत्तमे धम्मे ॥ (શ્રી ધર્મદાસગણિકૃત ઉપદેશમાલા ગા.૧૬)

૨. શબ્દાર્થ આ પ્રમાણે છે- પ્રચિત=એકઠાં થયેલાં. ખાડા-કાંટા વગેરે જેમાં એકઠાં થયા છે તે गर्ताकण्टकादिप्रचितम् ।

ટીકાવતરણિકાર્થ– હવે સ્વાધ્યાય કહેવાય છે–

સ્વાધ્યાયના ભેદો–

वाचनाप्रच्छनाऽनुप्रेक्षाऽऽम्नायधर्मोपदेशाः ॥૯-૨૫॥

સૂત્રાર્થ– વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એ (પાંચ પ્રકારનો) સ્વાધ્યાય છે. (૯-૨૫)

भाष्यं– स्वाध्यायः पञ्चविधः । तद्यथा- वाचना प्रच्छनं अनुप्रेक्षा आम्नायः धर्मोपदेश इति । तत्र वाचनं शिष्याध्यापनम् । प्रच्छनं ग्रन्थार्थयोः । अनुप्रेक्षा ग्रन्थार्थयोरेव मनसाऽभ्यासः । आम्नायो घोषविशुद्धं परिवर्तनं गुणनं रूपादानमित्यर्थः । अर्थोपदेशो व्याख्यानमनुयोगवर्णनं धर्मोपदेश इत्यनर्थान्तरम् ॥૯-૨૫॥

ભાષ્યાર્થ– સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે- વાચના, પ્રચ્છન, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ. તેમાં વાચના એટલે શિષ્યોને ભણાવવું. પ્રચ્છન એટલે સૂત્ર અને અર્થ સંબંધી પૂછવું. અનુપ્રેક્ષા એટલે સૂત્ર-અર્થનો જ મનથી અભ્યાસ(=આવૃત્તિ) કરવો. આમ્નાય એટલે ઉચ્ચારથી વિશુદ્ધ પરિવર્તન કરવું=ગુણવું, અર્થાત્ રૂપાદાન. અર્થોપદેશ, વ્યાખ્યાન, અનુયોગવર્ણન અને ધર્મોપદેશ એ પ્રમાણે અનર્થાંતર છે. (૯-૨૫)

टीका– स्वाध्यायः पञ्चविध इत्यादि तद्यथेत्यनेन भेदपञ्चकोपन्यासं सूचयति, तत्र वाचनेत्यादि, शिष्याणामध्यापनं वाचना-कालिक-स्योत्कालिकस्य वा आलापकप्रदानं, ग्रन्थः सूत्रमर्थं सूत्राभिधेयं तद्विषयं प्रच्छनं सन्देहे सति, ग्रन्थार्थयोर्मनसाऽभ्यासोऽनुप्रेक्षा, न तु बहिर्वर्णो-च्चारणमनुश्रयणीयं, आम्नायोऽपि परिवर्त्तनं उदात्तादिपरिशुद्धमनु-श्रयणीयमभ्यासविशेषः गुणनं सङ्ख्यानं पदाक्षरद्वारेण रूपादानमेकं रूपं एका परिपाटी द्वे रूपे त्रीणि रूपाणि इत्यादि, धर्मोपदेशस्तु सूत्रार्थकथनं व्याख्यानमनुयोगवर्णनमनुयोगद्वारप्रक्रमेण श्रुतचरणधर्मोपदेश इत्यनर्थान्तरमिति ॥૯-૨૫॥

ટીકાર્થ– 'स्वाध्यायः पञ्चविधः' इत्यादि, तद्यथा એ પદથી પાંચ ભેદોના કથનના પ્રારંભને સૂચવે છે.

વાચના– શિષ્યોને ભણાવવું એટલે કે કાલિક-ઉત્કાલિક સૂત્રના આલાવા આપવા.

પ્રચ્છન– ગ્રંથ એટલે સૂત્ર. અર્થ એટલે સૂત્રથી જે કહેવા યોગ્ય હોય તે. સૂત્ર અને અર્થની શંકા થયે છતે પૂછવું.

અનુપ્રેક્ષા– સૂત્રનો કે અર્થનો બહાર વર્ણોચ્ચાર કર્યા વિના મનથી અભ્યાસ(=આવૃત્તિ) કરવો તે અનુપ્રેક્ષા.

આમ્નાય– આમ્નાય એટલે ઉદાત્ત આદિથી પરિશુદ્ધ અનુશ્રયણીય પરિવર્તન, અર્થાત્ અભ્યાસવિશેષ. ગુણન એટલે પદ અને અક્ષર દ્વારા ગણવું. રૂપાદાન=એક રૂપ એટલે એક પરિપાટી=અનુક્રમ. બે રૂપ, ત્રણ રૂપ ઇત્યાદિ [અહીં ભાવાર્થ એ જણાય છે કે કોઇપણ સૂત્ર આદિને જેટલીવાર બોલીએ તેટલા રૂપ થાય. વ્યવહારમાં જોવાય છે કે કોઇને એકવાર બોલવાથી(=એક રૂપથી) યાદ રહી જાય. કોઇને દશવાર(=દશ રૂપથી) યાદ રહે. કોઇને પંદરવાર બોલવાથી(=પંદર રૂપથી) યાદ રહે.]

ધર્મોપદેશ– ધર્મોપદેશ એટલે સૂત્રાર્થનું કથન, વ્યાખ્યાન, અનુયોગદ્વારમાં જણાવેલા ક્રમથી અનુયોગનું વર્ણન કરવું, શ્રુતરૂપ અને ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ આપવો. આ પ્રમાણે ધર્મોપદેશ વગેરે શબ્દોનો એક જ અર્થ છે. (૯-૨૫)

ટીકાવતરણિકા– અધુના વ્યુત્સર્ગો વ્યાખ્યાયતે–

ટીકાવતરણિકાર્થ– હવે વ્યુત્સર્ગનું વ્યાખ્યાન કરાય છે–

વ્યુત્સર્ગના ભેદો–

બાહ્યાભ્યન્તરોપધ્યોઃ ॥૯-૨૬॥

સૂત્રાર્થ– બાહ્ય અને અભ્યંતર ઉપધિનો ત્યાગ એ વ્યુત્સર્ગ છે. (૯-૨૬)

ભાષ્યં– વ્યુત્સર્ગો દ્વિવિધઃ બાહ્ય આભ્યન્તરશ્ચ । તત્ર બાહ્યો દ્વાદશ-રૂપકસ્યોપધેઃ । આભ્યન્તરઃ શરીરસ્ય કષાયાણાં ચેતિ ॥૯-૨૬॥

ભાષ્યાર્થ– બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનો વ્યુત્સર્ગ છે. તેમાં બાર પ્રકારની ઉપધિનો વ્યુત્સર્ગ બાહ્ય છે. શરીર અને કષાયોનો વ્યુત્સર્ગ અભ્યંતર છે. (૯-૨૬)

ટીકા– व्युत्सर्गो द्विविध इत्यादि, विविधस्योत्सर्गो व्युत्सर्गः, संसक्तासंसक्तपानादेर्विधिना प्रवचनविहितेनोत्सर्गो व्युत्सर्गः, स द्विप्रकारः बाह्याभ्यन्तरभेदात्, तत्र बाह्यो बाह्यस्य तावद् द्वादशरूपकस्योपधेः पात्रतद्बन्धपात्रस्थापनादीनि द्वादश रूपाण्यस्येति द्वादशरूपकः उपग्राहकत्वादुपधिः आभ्यन्तरः शरीरस्य कषायाणां चेति शरीरस्य पर्यन्तकाले विज्ञायाकिञ्चित्करत्वं शरीरकं परित्यजति-उज्झति, यथोक्तं- "जंपि मे इमं सरीरं इट्ठं कंत"मित्यादि, क्रोधादयः कषायाः संसार-परिभ्रमणहेतवस्तेषां व्युत्सर्गः-परित्यागो मनोवाक्कायैः कृतकारितानु-मतिभिश्चेति ॥९-२६॥

ટીકાર્થ– 'व्युत्सर्गो द्विविधः' ઇત્યાદિ વિવિધનો ઉત્સર્ગ તે વ્યુત્સર્ગ. સંસક્ત કે અસંસક્ત પાણી આદિનો શાસ્ત્રોક્ત વિધિથી ત્યાગ તે વ્યુત્સર્ગ. વ્યુત્સર્ગ બાહ્ય અને અભ્યંતર એવા ભેદથી બે પ્રકારનો છે. તેમાં પાત્ર, પાત્રબંધ(=પાત્ર જેમાં રખાય છે અને બંધાય છે તે ઝોળી) અને પાત્રસ્થાપન(=ગુચ્છા) વગેરે બાર પ્રકારની બાહ્ય ઉપધિનો ત્યાગ તે બાહ્ય વ્યુત્સર્ગ છે. ઉપગ્રહ(=ઉપકાર) કરવાના કારણે ઉપધિ કહેવાય છે. અંતકાળે શરીર કંઈ કરી શકે તેવું નથી એમ જાણીને શરીરને तजे=છોડે. કહ્યું છે કે– "જે આ ઈષ્ટ, કાંત, પ્રિય અને મનોજ્ઞ મારું શરીર છે તેને પણ હું મારા છેલ્લા શ્વાસોશ્વાસે ત્યાગ કરી દઈશ. (ભગ.સૂ. શ.૨ ઉ.૧ સ્કંદક અણગારના વર્ણનમાં)

સંસાર પરિભ્રમણનું કારણ ક્રોધાદિ કષાયોનો મન-વચન-કાયાથી અને કૃત-કારિત-અનુમતિથી પરિત્યાગ એ અભ્યંતર વ્યુત્સર્ગ છે. (૯-૨૬)

ટીકાવતરણિકા– सम्यक्त्वादित्रयं मोक्षसाधनं, तत्रापि ध्यानं गरीयः, तन्निरूपणायाह–

ટીકાવતરણિકાર્થ– સમ્યક્ત્વ વગેરે ત્રણ મોક્ષસાધન છે. તેમાં પણ ધ્યાન શ્રેષ્ઠ છે. ધ્યાનનું નિરૂપણ કરવા માટે કહે છે–

ધ્યાનનું લક્ષણ–

उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ॥९-२७॥

સૂત્રાર્થ– ઉત્તમસંઘયણવાળા જીવની એક આલંબનમાં ચલચિત્તની સ્થિરતા તે ધ્યાન. (૯-૨૭)

भाष्यं– उत्तमसंहननं वज्रर्षभमर्धवज्रनाराचं च । तद्युक्तस्यैकाग्र-चिन्तानिरोधश्च ध्यानम् ॥९-२७॥

ભાષ્યાર્થ– વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ અને અર્ધનારાચ ઉત્તમ સંઘયણ છે. તેનાથી યુક્તનો એકાગ્રચિંતાનિરોધ ધ્યાન છે. (૯-૨૭)

टीका– उत्तमं प्रकृष्टं संहननमस्थ्नां बन्धविशेषः उत्तमं संहननमस्येत्यु-त्तमसंहननः, तदुत्तमसंहननं चतुर्विधं इत्यादिना दर्शयति चातुर्विध्यं, वज्रर्षभनाराचं ऋषभनाराचं नाराचमर्द्धनाराचं चेत्यनेन चत्वारो भेदाः प्रतिपाद्या, वृत्त्यर्थको नाराचशब्दः प्रत्येकं सम्बध्यते एते उत्तमसंहनन-वाच्याः, उत्तमसंहननग्रहणं निरोधे कार्ये प्रतिविशिष्टसामर्थ्यप्रतिपादनार्थं, तस्योत्तमसंहननस्य एकाग्रचिन्तानिरोधो ध्यानं अग्रं-आलम्बनं एकं च तदग्रं चेत्येकाग्रमेकमालम्बनमित्यर्थः, एकस्मिन्नालम्बने चिन्तानिरोधः चलं चित्तमेव चिन्ता तन्निरोधस्तस्यैकत्रावस्थापनं अन्यत्राप्रचारो निरोधः, अतो निश्चलं स्थिरमध्यवसानमेकालम्बने छद्मस्थविषयं ध्यानं, केवलिनां पुनर्वाक्काययोगनिरोध एव ध्यानं, अभावान्मनसः, न ह्यवाप्तकेवलस्य मनोव्यापारः समस्ति, सकलकरणग्रामनिरपेक्षत्वादिति, तद्युक्तस्येति तेन विशिष्टेन संहननत्रयेणाद्येन चतुर्विधेन वा युक्तस्य सम्पन्नस्य एकाग्रचिन्तानिरोधश्च चशब्दाद्वाक्कायनिरोधश्च ध्यानं, अत्र च ध्याता संसार्यात्मा, ध्यानस्वरूपमेकाग्रचिन्तानिरोधो, संहननानि ध्याननिमित्तं, ध्याति-र्ध्यानमिति भावसाधनः, उत्तमसंहननपदार्थगम्यो । ध्याताऽभिहितो, ध्यानस्वरूपं भावसाधनता च विज्ञेया ॥९-२७॥

ટીકાર્થ– ઉત્તમ એટલે શ્રેષ્ઠ. સંહનન એટલે હાડકાઓનો બંધવિશેષ. જેનું ઉત્તમ સંહનન છે તે ઉત્તમસંહનન. तदुत्तमसंहननं चतुर्विधम् ઇત્યાદિથી સંહનનના ચાર પ્રકારોને બતાવે છે- વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ અને અર્ધનારાચ. ભાષ્યના આ કથનથી પ્રતિપાદ્ય એવા ચારભેદો ઉત્તમસંહનનથી વાચ્ય છે, અર્થાત્ આ ચારભેદો ઉત્તમસંહનન છે.

ઉત્તમસંહનનનું ગ્રહણ નિરોધ કરવામાં વિશિષ્ટ સામર્થ્યનું પ્રતિપાદન કરવા માટે છે, અર્થાત્ ધ્યાન કરવા માટે વિશેષ સામર્થ્ય જોઇએ. વિશેષ સામર્થ્ય માટે ઉત્તમ સંહનન જોઇએ.

एकाग्रचिन्तानिरोधो ध्यानम्, અગ્ર એટલે આલંબન. એક એવું આલંબન તે એકાગ્ર. ચલચિત્ત એ જ ચિંતા, અર્થાત્ ચિંતા એટલે ચલચિત્ત. તેનો નિરોધ એટલે એક સ્થળે સ્થાપવું. બીજા સ્થળે પ્રચારનો અભાવ તે નિરોધ. (આનો સળંગ અર્થ એ થયો કે ચલ એવા ચિત્તને કોઇ એક આલંબનમાં સ્થિર કરવો તે ધ્યાન.) આથી એક આલંબનમાં નિશ્ચલ=સ્થિર મન એ છદ્મસ્થ જીવોનું ધ્યાન[1] છે. કેવળીઓનું વચન-કાયાનો નિરોધ એ જ ધ્યાન છે. કેમકે કેવળીઓને ભાવમન ન હોય. જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેને મનનો વ્યાપાર(=માનસિક વિચાર વગેરે) ન હોય. કેમકે સઘળી ઇંદ્રિયોના સમૂહથી નિરપેક્ષ હોય છે.

'तद्युक्तस्य' इति તેનાથી=વિશિષ્ટ આદ્ય ત્રણ સંહનનથી કે ચાર પ્રકારના સંહનનથી યુક્તને. एकाग्रचिन्तानिरोधश्च, च શબ્દથી વચન-કાયાનો નિરોધ જાણવો. અહીં ધ્યાતા સંસારી જીવ છે. ચલ એવા ચિત્તને કોઇ એક આલંબનમાં સ્થિર કરવો એ ધ્યાનનું સ્વરૂપ છે. સંઘયણ ધ્યાનનું નિમિત્ત છે. 'ધ્યાતિર્ધ્યાનમ્' એ પ્રમાણે ધ્યાન શબ્દ ભાવમાં (અન પ્રત્યયથી) સિદ્ધ થાય છે. ઉત્તમસંહનન પદના અર્થથી જાણવા યોગ્ય

૧. जं थिरमज्झवसाणं तं झाणं जं चलं तयं चित्तम्। तं हुज्ज भावणा वा अणुपेहा वा अहव चिंता॥ (ધ્યાન શ.ગા.૨) જે સ્થિર મન છે તે ધ્યાન છે. જે ચંચળ (મન) છે તે ચિત્ત છે. એ ચિત્ત ભાવનારૂપ હોય, અનુપ્રેક્ષારૂપ હોય, યા ચિંતન સ્વરૂપ હોય. (૨)

ધ્યાતા કહ્યો. ધ્યાનસ્વરૂપ કહ્યું. (ધ્યાતિર્ધ્યાનમ્ એ પ્રમાણે) ભાવસાધનતા જાણવી. (૯-૨૭)

ટીકાવતરણિકા– સમ્પ્રતિ ધ્યાનકાલપ્રમાણનિરૂપણાયાહ–

ટીકાવતરણિકાર્થ– હવે ધ્યાનકાળના પ્રમાણનું નિરૂપણ કરવા માટે કહે છે–

ધ્યાનના કાળનું પ્રમાણ–

आमुहूर्त्तात् ॥૯-૨૮॥

સૂત્રાર્થ– લગાતાર ધ્યાન વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી જ રહે છે. (૯-૨૮)

ભાષ્યં– तद्ध्यानमामुहूर्ताद्भवति, परतो न भवति दुर्ध्यानत्वात् ॥૯-૨૮॥

ભાષ્યાર્થ– તે ધ્યાન મુહૂર્ત સુધી થાય છે. મુહૂર્ત પછી દુર્ધ્યાન થતું હોવાથી ધ્યાન ન હોય. (૯-૨૮)

ટીકા– घटिकाद्वयं मुहूर्त्तः, अभिविधावाङ्, अन्तर्मुहूर्त्तपरिमाणं, न परतो मुहूर्त्तादित्यर्थः, तद्ध्यानमित्यादि, तदेतत् सामान्यलक्षणोक्तं ध्यानं चतुर्विधमप्यामुहूर्ताद् भवति, परतो न भवत्यशक्तेरेव, किं पुनः कारणं परतो न ध्यानमस्तीति ?, आह-दुर्ध्यानत्वादिति, दुःशब्दो वैकृते वर्त्तते, विकृतो वर्णो दुर्वर्ण इति यथा, एवं विकृतं ध्यानं-विकारान्तरमापन्नं दुर्ध्यानमिति, अनीप्सायां वा दुःशब्दः, अनीप्सितो अस्या भग इति दुर्भगा कन्या, एवमनीप्सितं ध्यानं दुर्ध्यानमिति, तद्भावो दुर्ध्यानत्वं तस्मात् दुर्ध्यानत्वात्, परतो न ध्यानमस्ति ॥૯-૨૮॥

ટીકાર્થ– બે ઘડીનું એક મુહૂર્ત છે. આङ् અભિવિધિ અર્થમાં છે. ધ્યાનનું પરિમાણ અંતર્મુહૂર્ત છે, અર્થાત્ મુહૂર્તથી પછી ધ્યાન ન હોય.

'तद् ध्यानम्' इत्यादि, तद् એટલે આ સામાન્ય લક્ષણથી કહેલું ચારે પ્રકારનું ધ્યાન મુહૂર્ત સુધી હોય. ત્યાર પછી શક્તિ જ ન હોવાથી ન હોય. ત્યાર પછી ધ્યાન ન હોય તેનું શું કારણ છે તે કહે છે- 'दुर्ध्यानत्वाद्' इति

દુર્ધ્યાન હોવાથી. દુર્ શબ્દ વિકૃત અર્થમાં છે. જેમકે વિકૃત વર્ણ દુર્વર્ણ. એ પ્રમાણે વિકૃત=અન્યવિકારને પામેલું ધ્યાન તે દુર્ધ્યાન. અથવા દુર્ શબ્દ અનીપ્સિત(=અનિષ્ટ) અર્થમાં છે. જેમકે અનીપ્સિત છે આનો ભગ[1] એથી કન્યા દુર્ભગા છે. એ પ્રમાણે અનીપ્સિત ધ્યાન તે દુર્ધ્યાન. દુર્ધ્યાનનો ભાવ તે દુર્ધ્યાનત્વ. ત્યાર પછી દુર્ધ્યાનપણું હોવાથી ધ્યાન નથી. (૯-૨૮)

ટીકાવતરણિકા– સામાન્યેન ધ્યાનલક્ષણમભિધાય સમ્પ્રતિ ભેદ-કથનાયાહ–

ટીકાવતરણિકાર્થ– સામાન્યથી ધ્યાનનું લક્ષણ કહીને હવે ભેદોને જણાવવા માટે કહે છે–

ધ્યાનના ભેદો–

आर्त्तरौद्रधर्म्यशुक्लानि ॥૯-૨૯॥

સૂત્રાર્થ– ધ્યાનના આર્ત, રૌદ્ર, ધર્મ્ય અને શુક્લ એ ચાર ભેદો છે. (૯-૨૯)

ભાષ્યં– तच्चतुर्विधं भवति । तद्यथा- आर्तं रौद्रं धर्म्यं शुक्लमिति ॥૯-૨૯॥

ભાષ્યાર્થ– ધ્યાન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે- આર્ત, રૌદ્ર, ધર્મ્ય અને શુક્લ. (૯-૨૯)

ટીકા– कृतद्वन्द्वान्यार्त्तादीनि नपुंसकबहुवचनेन निर्दिष्टानि, तच्चतुर्विधं भवतीति, ध्यानं सामान्येन लक्षितं चतुर्विधं भवति, चतस्रो विधा यस्य तच्चतुर्विधं, विधानप्रदर्शनायाह-तद्यथेति आर्तं रौद्रं धर्म्यं शुक्लमिति, तत्रार्त्तस्य शब्दनिर्भेदाभिधानं ऋतशब्दो दुःखपर्यायवाच्यस्ति तत्र भवं आर्त्तं दुःखभवं दुःखानुबन्धि चेति, तथा रोदयति अपरानिति रुद्रः-दुःखस्य हेतुस्तेन कृतं तत्कर्म्म वा रौद्रं, प्राणिवधबन्धपरिणत आत्मैव रुद्र इत्यर्थः, धर्म्मः क्षमादिदशलक्षणः तस्मादनपेतं धर्म्यं, शुक्लं शुचि

१. ભગ શબ્દના યોનિ, કાંતિ વગેરે અર્થો થાય છે.

निर्मलं सकलकर्म्मक्षयहेतुत्वादिति, शुक् वा दुःखमष्टप्रकारं कर्म्म तां शुचं क्लमयति-ग्लपयति निरस्यतीति शुक्लमित्येतावदेव ध्यानं चतुर्विधमिति ॥९-२९॥

ટીકાર્થ– આર્ત આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને નપુંસક બહુવચનથી નિર્દેશ કર્યો છે. 'तच्चतुर्विधं भवति' इति સામાન્યથી જાણેલું[1] ધ્યાન ચાર પ્રકારનું છે. પ્રકારોને બતાવવા માટે કહે છે- 'तद्यथा' इति તે આ પ્રમાણે- આર્ત, રૌદ્ર, ધર્મ્ય અને શુક્લ. તેમાં આર્ત શબ્દની વ્યુત્પત્તિનું કથન-ऋत શબ્દ દુઃખનો પર્યાયવાચી છે. તેમાં થનારું આર્ત છે. આર્ત દુઃખમાં થનારું છે અને દુઃખાનુબંધી છે. તથા બીજાઓને રોવડાવે તે રુદ્ર. રુદ્ર દુઃખનો હેતુ છે. રુદ્રથી કરાયેલું કે રુદ્રનું કર્મ તે રૌદ્ર. પ્રાણિવધના અને પ્રાણિબંધના પરિણામવાળો આત્મા જ રુદ્ર છે. ધર્મ ક્ષમાદિ દશ પ્રકારનો છે. તેનાથી યુક્ત તે ધર્મ્ય. શુક્લ એટલે શુચિ=નિર્મળ. શુક્લ ધ્યાન સઘળા કર્મોના ક્ષયનો હેતુ હોવાથી શુચિ=નિર્મલ છે અથવા શુચ્ એટલે આઠ પ્રકારનું કર્મ, તેને જે થકવે, બિમાર કરે, દૂર કરે તે શુક્લ. ચાર પ્રકારનું ધ્યાન આટલું જ છે. (૯-૨૯)

भाष्यावतरणिका– तेषाम्–

ભાષ્યાવતરણિકાર્થ– તેઓમાં–

टीकावतरणिका– तेषामित्यनेन सूत्रं सम्बध्नाति–

ટીકાવતરણિકાર્થ– તે (ચાર) ધ્યાનોમાં એમ કહેવા દ્વારા સૂત્રનો સંબંધ જોડે છે–

ધ્યાનના ફળનો નિર્દેશ–

परे मोक्षहेतू ॥९-३०॥

સૂત્રાર્થ– અંતિમ બે ધ્યાન મોક્ષના હેતુ છે. (૯-૩૦)

भाष्यं– तेषां चतुर्णां ध्यानानां परे धर्मशुक्ले मोक्षहेतू भवतः । पूर्वे त्वार्तरौद्रे संसारहेतू इति ॥९-३०॥

१. અથવા સામાન્ય લક્ષણ કરાયેલું.

ભાષ્યાર્થ– ચાર ધ્યાનોમાં પછીના ધર્મ અને શુક્લ એ બે ધ્યાન મોક્ષના હેતુ છે. પૂર્વના બે આર્ત અને રૌદ્ર સંસારના હેતુ છે. (૯-૩૦)

टीका– तेषां चतुर्णामित्यादि, यानि प्रस्तुतानि ध्यानानि तेषामार्त्तरौद्रधर्म्यशुक्लानां चतुर्णां ध्यानानां सूत्रसन्निवेशमाश्रित्य परे धर्मशुक्ले मोक्षहेतू मुक्तेः कारणतां प्रतिपद्येते, तत्रापि साक्षान्मुक्तेः कारणीभवतः पाश्चात्यौ शुक्लध्यानभेदौ सूक्ष्मक्रियमप्रतिपाति व्युपरतक्रियं चानिवर्त्ति, धर्म्मध्यानं पुनराद्याभ्यां सह शुक्लभेदाभ्यां, पारम्पर्येण मोक्षस्य कारणं भवति, न साक्षादिति, ततश्चैतद् धर्म्मध्यानादि देवगतेर्मुक्तेश्च कारणं, न मुक्तेरेव, अर्थादिदमवगम्यमानमाह-पूर्वे त्वार्त्तरौद्रे संसारहेतू इत्यार्त्तरौद्रयोः संसारहेतुता, संसारश्च नरकादि-भेदश्चतुर्गतिक इति, परमार्थतस्तु रागद्वेषमोहाः संसारहेतवस्तदनुगतं चार्त्तं, अथ रौद्रमपि प्रकृष्टतमरागद्वेषमोहभाजोऽतः संसारपरिभ्रमणहेतुता तयोरिति ॥૯-૩૦॥

टीकार्थ– 'तेषां चतुर्णाम्' इत्यादि, आर्त-रौद्र-धर्म-शुक्ल એ ચાર ધ્યાનોમાં સૂત્રની રચનાને આશ્રયીને(=સૂત્ર રચનામાં જણાવેલા ક્રમને આશ્રયીને) પછીના બે ધર્મ અને શુક્લ ધ્યાન મોક્ષના હેતુ છે. તેમાં પણ શુક્લ ધ્યાનના પછીના(=અંતિમ બે) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી અને વ્યુપરતક્રિયા અનિવર્તી એ બે સાક્ષાત્ મુક્તિનું કારણ બને છે. ધર્મધ્યાન શુક્લધ્યાનના આદ્ય બે ભેદોની સાથે પરંપરાએ મોક્ષનું કારણ બને છે, સાક્ષાત્ નહિ. તેથી આ ધર્મધ્યાન વગેરે દેવગતિનું અને મુક્તિનું કારણ છે, કેવળ મુક્તિનું જ કારણ નથી. (તેથી) અર્થથી જણાતું આ કહે છે- પૂર્વે ત્વાર્તરૌદ્રે સંસારહેતૂ=પૂર્વના આર્ત અને રૌદ્ર એ બે ધ્યાન સંસારનું કારણ છે. સંસાર નરકાદિ ભેદવાળો ચારગતિ સ્વરૂપ છે. પરમાર્થથી તો રાગ-દ્વેષ-મોહ સંસારના હેતુઓ છે. તેને(=રાગ-દ્વેષ-મોહને) અનુસરનારું આર્તધ્યાન સંસારનું કારણ છે. રૌદ્રધ્યાન પણ

તેનાથી(=આર્તધ્યાનવાળાથી) અધિક રાગ-દ્વેષ-મોહવાળાને હોય છે. આથી તે બે સંસાર પરિભ્રમણનું કારણ છે. (૯-૩૦)

भाष्यावतरणिका– अत्राह- किमेषां लक्षणमिति । अत्रोच्यते–

ભાષ્યાવતરણિકાર્થ– અહીં કહે છે(=પ્રશ્ન કરે છે)- એમનું લક્ષણ શું છે ? અહીં (ઉત્તર) કહેવાય છે–

टीकावतरणिका– सम्प्रति ध्येयप्रकाराः विषयविकल्पनिमित्त-भेदेनोच्यन्ते-अत्राहेत्यादि सम्बन्धः ।

टीकावतरणिकार्थ– હવે વિષય, ચિંતન અને નિમિત્તના ભેદથી ધ્યેયના પ્રકારો કહેવાય છે.

'अत्राह' ઇત્યાદિ સંબંધ છે=પૂર્વના સૂત્રની સાથે સંબંધ જોડનારો ગ્રંથ છે.

આર્તધ્યાનના પ્રથમ ભેદનું વર્ણન–

आर्त्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥९-३१॥

सूत्रार्थ– અણગમતા વિષયોનો સંયોગ થતાં તેના વિયોગ માટે થતો સ્મૃતિસમન્વાહાર(=એકાગ્રચિત્તે વિચાર) તે આર્તધ્યાન છે. (૯-૩૧)

भाष्यं– अमनोज्ञानां विषयाणां सम्प्रयोगे तेषां विप्रयोगार्थं यः स्मृतिसमन्वाहारो भवति तदार्तध्यानमित्याचक्षते ॥९-३१॥

ભાષ્યાર્થ– અણગમતા વિષયોનો સંબંધ થયે છતે તેમનો વિયોગ થાય એ માટે જે સ્મૃતિસમન્વાહાર થાય તે આર્તધ્યાન છે એમ (ધ્યાનના જ્ઞાતાઓ) કહે છે. (૯-૩૧)

टीका– आर्तममनोज्ञानामित्यादि, आर्त्तशब्दः पूर्ववद् व्याख्येयः, अमनोज्ञाः अनिष्टाः शब्दादयस्तेषां सम्प्रयोगे सम्बन्धे इन्द्रियेण सह सम्पर्के सति चतुर्णां शब्दस्पर्शरसगन्धानामेकस्य च योग्यदेशावस्थितस्य द्रव्यादेः स्वविषयिणा ग्राह्यग्राहकलक्षणे सम्प्रयोगे सति तद्विप्रयोगायेति तदित्यमनोज्ञविषयाभिसम्बन्धः तेषाममनोज्ञानां शब्दादीनां विप्रयोगो-

ऽपगमस्त्यागस्तदर्थं विप्रयोगाय अनिष्टशब्दादिविषयपरिहाराय स्मृति-समन्वाहारस्तदार्त्तं, स्मृतिसमन्वाहारो नाम कथमहमस्मादमनोज्ञात् विषयसम्प्रयोगात् विप्रमुच्येयेति, स्मर्यतेऽनेनेति स्मृतिः अभिधीयते, स्मृतिहेतुत्वाद्वा स्मृतिः अविच्युतिरूपं मनस्तस्याः स्मृतेः प्रणिधानरूपायाः समन्वाहारः-अमनोज्ञविप्रयोगोपाये व्यवस्थापनं मनसो निश्चलत्व-मार्तध्यानं, केनोपायेन विप्रयोगः स्यादित्येकतानं मनोनिवेशनमार्त्त-ध्यानमित्यर्थः ॥९-३१॥

ટીકાર્થ– "आर्तममनोज्ञानाम्" ઇત્યાદિ આર્ત શબ્દની વ્યાખ્યા પૂર્વની જેમ કરવી. અમનોજ્ઞ એટલે અનિષ્ટ શબ્દો વગેરેનો ઇંદ્રિયની સાથે સંબંધ થયે છતે તેમનો વિયોગ થાય એ માટે સ્મૃતિસમન્વાહાર થાય તે આર્તધ્યાન છે. અનિષ્ટ શબ્દાદિનો સંબંધ આ પ્રમાણે છે- શબ્દ-રસ-ગંધ-સ્પર્શ એ ચારનો ઇંદ્રિયોની સાથે સંબંધ થવો અને એકનો (રૂપનો) યોગ્ય દેશમાં રહેલા દ્રવ્યાદિનો સ્વવિષયીની સાથે ગ્રાહ્ય-ગ્રાહકરૂપ સંબંધ થવો તે સંબંધ છે.

સ્મૃતિસમન્વાહાર[1]– આ અણગમતા વિષયના સંબંધથી હું કેવી રીતે મુક્ત થાઉં એવી વિચારણા સ્મૃતિસમન્વાહાર છે. જેનાથી સ્મરણ કરાય

૧. મતિજ્ઞાનના અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એમ મુખ્ય ચાર ભેદો છે. **અવગ્રહ–** ઇંદ્રિય સાથે વિષયનો સંબંધ થતાં 'કંઇક છે' એવો અવ્યક્ત બોધ થાય છે. આ અવ્યક્ત બોધને અવગ્રહ કહેવામાં આવે છે. **ઇહા–** 'કંઇક છે' એવો બોધ થયા બાદ 'તે શું છે' એવી જિજ્ઞાસા થાય છે. 'તે શું છે ?' એવી જિજ્ઞાસાને સંતોષવા, અર્થાત્ 'તે વસ્તુ શું છે ?' એનો નિર્ણય કરવા માટે થતી વિચારણા તે ઇહા. **અપાય–** વિચારણા થયા બાદ 'આ અમુક વસ્તુ છે એવો જે નિર્ણય' તે અપાય. **ધારણા–** નિર્ણય થયા બાદ તેનો ઉપયોગ ટકી રહે તે ધારણા. અવગ્રહાદિ ક્રમશઃ પ્રવર્તે છે.

રસ્તામાં ચાલતા કોઇ વસ્તુનો સ્પર્શ થતાં જ 'અહીં કંઇક છે' એમ થાય છે. ત્યાર પછી 'આ દોરડું છે કે સાપ છે' એમ શંકા થવાથી તેનો નિર્ણય કરવાનો પ્રયત્ન થાય છે. પ્રયત્નથી 'આ દોરડું હોવું જોઇએ' એમ અનિર્ણયાત્મક=સંભાવનાત્મક જ્ઞાન થાય છે. બાદ 'આ દોરડું જ છે, સર્પ નથી' એમ નિર્ણયાત્મક જ્ઞાન થાય છે. અહીં પ્રથમ 'કંઇક છે' એવું જે અવ્યક્ત જ્ઞાન થયું તે અવગ્રહ. 'આ દોરડું હોવું જોઇએ' એવું જે સંભાવના રૂપ જ્ઞાન તે ઇહા અને 'આ દોરડું જ છે' એવું નિર્ણયાત્મક જ્ઞાન તે અપાય. આમ અવગ્રહાદિ ક્રમશઃ પ્રવર્તતા હોવા છતાં ઉત્પલશતપત્રભેદની જેમ અતિશીઘ્રતાથી પ્રવર્તતા હોવાથી આપણને તેનો ખ્યાલ નથી આવતો. એથી જાણે સીધો અપાય જ થાય છે એમ લાગે છે.

તે સ્મૃતિ અથવા સ્મૃતિનું કારણ હોવાથી અવિચ્યુતિરૂપ મન સ્મૃતિ છે. પ્રણિધાનરૂપ સ્મૃતિનો સમન્વાહાર તે સ્મૃતિસમન્વાહાર. અણગમતા વિષયના વિયોગ માટે મનની સ્થિરતા તે આર્તધ્યાન છે, અર્થાત્ આ અણગમતા વિષયનો કયા ઉપાયથી વિયોગ થાય એ પ્રમાણે સ્થિર-ચિત્તથી વિચારણા તે આર્તધ્યાન છે. (૯-૩૧)

भाष्यावतरणिका– किञ्चान्यत्–

ભાષ્યાવતરણિકાર્થ– વળી બીજું–

टीकावतरणिका– किञ्चान्यदिति सम्बन्ध्नाति, प्रकारान्तरमन्यदप्यार्त्तस्यास्तीत्याह–

टीकावतरणिकार्थ– "વળી બીજું" એવા કથનથી હવે પછીના સૂત્રની સાથે સંબંધને જોડે છે. આર્તધ્યાનનો બીજો પણ પ્રકાર છે એમ કહે છે–

આર્તધ્યાનના બીજા ભેદનું વર્ણન–

वेदनायाश्च ॥९-३२॥

સૂત્રાર્થ– વેદનાનો સંયોગ થતા તેના વિયોગ માટે થતો સ્મૃતિ-સમન્વાહાર એ આર્તધ્યાન છે. (૯-૩૨)

भाष्यं– वेदनायाश्चामनोज्ञायाः सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहार आर्तमिति ॥९-३२॥

ભાષ્યાર્થ– અણગમતી વેદનાનો સંયોગ થતાં તેના વિયોગનો સ્મૃતિસમન્વાહાર એ આર્તધ્યાન છે. (૯-૩૨)

અપાય બાદ ધારણા થાય છે. ધારણાના અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ એમ ત્રણ ભેદો છે. **અવિચ્યુતિ**=નિર્ણય થયા બાદ તે વસ્તુનો ઉપયોગ ટકી રહે તે અવિચ્યુતિધારણા. **વાસના**=અવિચ્યુતિ ધારણાથી આત્મામાં તે વિષયના સંસ્કાર પડે છે. આ સંસ્કાર એ જ વાસનાધારણા. **સ્મૃતિ**=આત્મામાં પડેલા જ્ઞાનના સંસ્કારો નિમિત્ત મળતાં જાગૃત બને છે. એથી આપણે પૂર્વાનુભૂત વસ્તુને કે પ્રસંગને યાદ કરી શકીએ છીએ. પૂર્વાનુભૂત વસ્તુનું કે પ્રસંગનું સ્મરણ તે સ્મૃતિધારણા. સ્મૃતિમાં કારણ વાસના(સંસ્કાર)ધારણા છે. જેના સંસ્કાર આત્મામાં ન પડ્યા હોય તેનું કદી સ્મરણ થતું નથી. વાસના (સંસ્કાર) ઉપયોગાત્મક અવિચ્યુતિધારણાથી ઉત્પન્ન થાય છે.

टीका– वेदनं वेदना अनुभवः, अमनोज्ञ इति अनन्तरमनुवर्त्तते तदपि सम्बन्धन् भाष्यकृदाह-वेदनायाश्चामनोज्ञाया इत्यादि, सुखा दुःखा चोभयी वेदना, तत्रामनोज्ञायाः सम्प्रयोगे वेदनायाः प्रकुपितपवन-पित्तश्लेष्मसन्निपातनिमित्तैरुपजातायाः शूलशिरःकम्पज्वराक्षिश्रवण-वेदनादिकायास्तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारो ध्यानमार्तं, एष द्वितीयो विकल्पः ॥९-३२॥

टीकार्थ– વેદન, વેદના, અનુભવ એ પ્રમાણે એક જ અર્થ છે. અણગમતો (વિષય) એ પ્રમાણે અનંતરસૂત્રથી ચાલ્યું આવે છે. તેના પણ સંબંધને જોડતા ભાષ્યકાર કહે છે–

"वेदनायाश्च अमनोज्ञायाः" इत्यादि વેદના સુખરૂપ અને દુઃખરૂપ એમ બે પ્રકારની છે. તેમાં પ્રકોપ પામેલા વાયુ-પિત્ત-કફ અને સન્નિપાતરૂપ નિમિત્તોથી થયેલી શૂળ, શિરઃકંપ, જ્વર, ચક્ષુવેદના અને કર્ણવેદના આદિ વેદનાના વિયોગ માટે થતો સ્મૃતિસમન્વાહાર આર્તધ્યાન છે. આ આર્તધ્યાનનો બીજો પ્રકાર છે. (૯-૩૨)

भाष्यावतरणिका– किञ्चान्यत्–

ભાષ્યાવતરણિકાર્થ– વળી બીજું–

टीकावतरणिका– किञ्चान्यदिति आर्त्तप्रकारान्तरं दर्शयति–

टीकावतरणिकार्थ– વળી બીજું એ કથન દ્વારા આર્તધ્યાનના અન્ય(=ત્રીજા) પ્રકારને બતાવે છે–

આર્તધ્યાનના ત્રીજા ભેદનું વર્ણન–

विपरीतं मनोज्ञानाम् ॥९-३३॥

सूत्रार्थ– મનગમતા વિષયોનો સંબંધ થયે છતે તેમનો વિયોગ ન થાય એ માટે જે સ્મૃતિસમન્વાહાર થાય તે આર્તધ્યાન છે. (૯-૩૩)

भाष्यं– मनोज्ञानां विषयाणां मनोज्ञायाश्च वेदनाया विप्रयोगे तत्सम्प्रयोगाय स्मृतिसमन्वाहार आर्तम् ॥९-३३॥

ભાષ્યાર્થ– મનગમતા વિષયોનો અને મનગમતી વેદનાનો વિયોગ થયે છતે તેમનો સંયોગ થાય એ માટે થતો સ્મૃતિસમન્વાહાર આર્તધ્યાન છે. (૯-૩૩)

ટીકા– मनोज्ञा-अभीष्टाः प्रीतिहेतवस्तेषां विपरीतं संयोजनं कार्यं, मनोज्ञानामित्यादि, मनोज्ञानां विषयाणां वेदनायाश्च मनोज्ञायाः, विपरीत-प्रधानार्थाभिसम्बन्धो विपरीतशब्देन क्रियत इत्याह-विप्रयोगे तत्सम्प्रयोगाय स्मृतिसमन्वाहारः तत्सम्प्रयोगार्थं तत्सम्प्रयोजनः स्मृतेः समन्वाहारः, कथं नाम भूयोऽपि तैः सह मनोज्ञविषयैः सम्प्रयोगः स्यात् ममेत्येवं प्रणिधत्ते दृढं मनस्तदप्यार्त्तमिति ॥९-३३॥

ટીકાર્થ– મનોજ્ઞ એટલે પ્રીતિનું કારણ એવા અભીષ્ટ(=પ્રિય) વિષયોનું વિપરીત સંયોજન કરવું. 'मनोज्ञानाम्' ઇત્યાદિ વિપરીત શબ્દથી મનગમતા વિષયોનો અને મનગમતી વેદનાનો વિપરીતતાની પ્રધાનતા રહે તે પ્રમાણે અર્થ કરાય છે એમ કહે છે- विप्रयोगे तत्सम्प्रयोगाय स्मृति-समन्वाहारः=મનગમતા વિષયોનો અને મનગમતી વેદનાનો વિયોગ થયે છતે મારો તેમની સાથે ફરી પણ સંયોગ થાય એ પ્રમાણે મન દૃઢ પ્રણિધાન કરે તે સ્મૃતિસમન્વાહાર છે. (૯-૩૩)

भाष्यावतरणिका– किञ्चान्यत्–

ભાષ્યાવતરણિકાર્થ– વળી બીજું–

टीकावतरणिका– किञ्चान्यदिति तुरीयमार्त्तप्रकारं दर्शयति–

ટીકાવતરણિકાર્થ– વળી બીજું- એવા કથનથી આર્તધ્યાનના ચોથા પ્રકારને બતાવે છે.

આર્તધ્યાનના ચોથા ભેદનું વર્ણન–

निदानं च ॥९-३४॥

સૂત્રાર્થ– નિદાન આર્તધ્યાન છે. (૯-૩૪)

भाष्यं– कामोपहतचित्तानां पुनर्भवविषयसुखगृद्धानां निदानमार्तध्यानं भवति ॥९-३४॥

ભાષ્યાર્થ– કામથી દૂષિત ચિત્તવાળા આગામી ભવના વિષયસુખોમાં આસક્ત જીવોનું નિદાન આર્તધ્યાન છે. (૯-૩૪)

ટીકા– निपूर्वाद्दातेर्लवनार्थस्य ल्युटि रूपं, निदायते-लूयते येनात्महितमैकान्तिकात्यन्तिकानाबाधसुखलक्षणं तन्निदानमिति, चशब्दः समुच्चये, एष चार्त्तप्रकार इत्यर्थः, कामोपहतचित्तानामित्यादि कामः-इच्छाविशेषः शब्दाद्युपभोगविषयः अथवा मदनः कामः चिरमुग्रतपो निष्ठाय कर्म्मक्षपणक्षममदीर्घदर्शितया स्वल्पस्य विनश्वरस्यावितृप्तिकारिणः सुरमनुजसुखैश्वर्यसौभाग्यादेः कृते तत्रैव कृतदृढप्रणिधाना बह्वविनश्वरं सतततृप्तिकारि मुक्तिसुखमनुपममवमन्य प्रवर्त्तमानाः कामोपहतचेतसः पुनर्भवविषयसुखगृद्धा विदधति यन्निदानं तदार्त्तध्यानं निदानरूपं, एष एवार्थो विभक्त्यन्तरेण प्रतिपादितः, कामोपहतचित्तानां पुनर्भवविषयसुखगृद्धानां निदानमार्तध्यानं भवतीति । तथैतस्यार्त्तध्यातुः चतुः-प्रकारस्यापि शोकादीनि लक्षणानि भवन्ति यैरार्त्तध्यायी लक्ष्यते, करतलपर्यस्तप्रम्लानवदनः शोचति क्रन्दति विलपति हा हा अहो धिक् कष्टं तथा कलहमात्सर्यासूयारतिस्त्रीभोजनकथासुहृत्स्वजनानुरागश्च तस्य लक्षणानि भवन्ति परिस्फुटानीति ॥९-३४॥

ટીકાર્થ– નિ ઉપસર્ગપૂર્વક કાપવું અર્થવાળા લૂ ધાતુને ल्युट्(=अन) પ્રત્યય લાગતા 'નિદાન' એવો શબ્દ બન્યો છે. જેનાથી એકાંતિક (=દુઃખરહિત) આત્યંતિક(=શાશ્વત) અને અનાબાધ(=માનસિક પીડાથી રહિત) સુખરૂપ આત્મહિત કપાય(=નાશ પામાડાય)તે નિદાન. ચ શબ્દ સમુચ્ચય અર્થમાં છે. આ આર્તધ્યાનનો (ચોથો) પ્રકાર છે.

'कामोपहतचित्तानाम्' ઇત્યાદિ કામ એટલે શબ્દ વગેરે વિષયોના ઉપભોગની ઇચ્છા અથવા કામ એટલે મદન(=કામદેવ). કર્મક્ષય કરવામાં સમર્થ એવા ઉગ્રતપને પૂર્ણ કરીને ટૂંકી દૃષ્ટિવાળો હોવાના કારણે અત્યંત અલ્પ, વિનાશી અને તૃપ્તિ નહિ કરનારા દેવ-મનુષ્યના સુખ, ઐશ્વર્ય અને સૌભાગ્ય આદિ માટે તેમાં જ દૃઢ પ્રણિધાન જેમણે કર્યું છે તેવા તથા ઘણાં,

અવિનાશી, સતત તૃપ્તિ કરનારા અને અનુપમ એવા મુક્તિસુખને અવગણીને પ્રવર્તતા કામથી દૂષિત ચિત્તવાળા આગામી ભવના વિષયસુખોમાં આસક્ત જીવો જે નિદાન કરે છે તે નિદાનરૂપ આર્તધ્યાન છે. આ જ અર્થ ભાષ્યકારે कामोपहतचित्तानां पुनर्भवविषयसुखगृद्धानां निदानमार्तध्यानं भवति એ પ્રમાણે અન્ય વિભક્તિથી જણાવ્યો છે.

તથા આ ચારે ય પ્રકારના ધ્યાનના શોક વગેરે લક્ષણો છે, જે લક્ષણોથી આ આર્તધ્યાન કરે છે એમ જણાય છે. હાથના તળિયા ઉપર કરમાયેલું મુખ રાખીને શોક કરે છે, આક્રન્દન કરે છે, વિલાપ કરે છે. હા ! અહો ! કષ્ટને ધિક્કાર છે. તથા કલહ, માત્સર્ય, અસૂયા, અરતિ, સ્ત્રીકથા, ભોજનકથા, મિત્રાનુરાગ અને સ્વજનાનુરાગ આર્તધ્યાનના સ્પષ્ટ લક્ષણો છે. (૯-૩૪)

टीकावतरणिका– इदमार्त्तध्यानं सभेदकमभिधायाधुनाऽस्यैव ध्यातारः स्वामिनो निरूप्यन्त इति तदर्थमाह–

ટીકાવતરણિકાર્થ– આર્તધ્યાનને ભેદ સહિત કહીને હવે એના જ ધ્યાતા સ્વામીઓનું નિરૂપણ કરવામાં આવે છે. આથી આર્તધ્યાનના સ્વામીઓનું નિરૂપણ કરવા માટે કહે છે–

આર્તધ્યાનના સ્વામી–

तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ॥९-३५॥

સૂત્રાર્થ– આર્તધ્યાન અવિરત, દેશવિરત અને પ્રમત્તસંયમીઓને હોય છે. (૯-૩૫)

भाष्यं– तदेतदार्तध्यानमविरतदेशविरतप्रमत्तसंयतानामेव भवति ॥९-३५॥

ભાષ્યાર્થ– તે આ આર્તધ્યાન અવિરત, દેશવિરત અને પ્રમત્તસંયતોને જ હોય છે. (૯-૩૫)

टीका– तदित्यार्त्तमभिसम्बध्यते, तदार्त्तध्यानमविरतसम्यग्दृष्ट्यादीनां त्रयाणां स्वामिनां सम्भवति, अस्य त्रयः स्वामिनश्चतुर्थपञ्चमषष्ठगुण-स्थानवर्त्तिनः क्रमेणाविरतदेशविरतप्रमत्तसंयताः, अविरतश्चासौ सम्यग्दृष्टि-

श्रेति अविरतसम्यग्दृष्टिः, नाणुव्रतधारी, औपशमिकक्षायिकक्षायोपशमिकभेदात्त्रिविधं सम्यग्दर्शनं, तद्योगात् सम्यग्दृष्टिः, देशविरतः संयतासंयतः, हिंसादिभ्यो देशतो विरतत्वात् संयतः, अन्यतः सावद्ययोगादनिवृत्तिरिति स एवासंयतः, सोऽविरतसम्यग्दृष्टिस्थानादसङ्ख्येयानि विशोधिस्थानानि गत्वा अप्रत्याख्यानावरणकषायेषु क्षयोपशमं नीतेषु प्रत्याख्यानावरणकषायोदयात् सर्वप्रत्याख्यानाभावाद्देशविरतः सञ्जायते, इदानीं प्रमत्तसंयतः, तस्मादसङ्ख्येयानि विशोधिस्थानानि आरोहतः तृतीयकषायेषु प्रकर्षाप्रकर्षात् क्षयोपशमं गतेषु सर्वसावद्ययोगप्रत्याख्यानं विरतिर्भवति, उक्तं च-

"देशविरतेरपि ततः स्थानाद्विशोधिमुत्तमां प्राप्य ।
स्थानान्तराणि पूर्वविधिनैव स यात्यनेकानि ॥१॥
क्षपयत्युपशमयति वा प्रत्याख्यानावृतः कषायांस्तान् ।
स ततो येन भवेत्तस्य विरमणे सर्वतोऽपि मतिः ॥२॥
छेदोपस्थाप्यं वाऽऽवृत्तं सामायिकं चरित्रं वा ।
स ततो लभते प्रत्याख्यानावरणक्षयोपशमात् ॥३॥"

तस्येदानीं महाव्रतगुप्तिसमितियुक्तस्य कषायनिग्रहादिन्द्रियदमाच्च निरुद्धाश्रवस्य निर्वेदादिवैराग्यभावनाभिः स्थिरीकृतसंवेगस्य यथोक्तद्वादशप्रकारतपोयोगात् सञ्चितानि कर्माणि निर्जरयतः सूत्रानुसाराद्यतमानस्यापि मोहनीयकर्म्मानुभावात् सङ्क्लेशाद्वा विशोध्या वा आन्तर्मुहूर्त्तात् परावर्त्तते, ततः सञ्ज्वलनकषायोदयादिन्द्रियविकथाप्रमादाद्योगदुष्प्रणिधानात्कुशलेष्वनादराच्च प्रमत्तसंयतो भवति, तस्मात् सङ्क्लेशाद्धायां वर्त्तमानः प्रमत्तसंयतः, एते च त्रयोऽपि आर्तध्यायिनो भवन्ति । आर्त्तध्यानस्वामिन इत्यर्थः, एतदार्त्तध्यानमविरतादीनामेव भवति, नाप्रमत्तसंयतानामित्यर्थः, तदेतदार्त्तं नातिसङ्क्लिष्टं कापोतनीलकृष्णलेश्यानुयायि द्रष्टव्यमिति ॥९-३५॥

ટીકાર્થ– तद् એ પદથી આર્તધ્યાનનો સંબંધ કરાય છે, અર્થાત્ तद् એટલે આર્તધ્યાન. તે આર્તધ્યાન અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ ત્રણને સંભવે છે. ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને રહેલા આના સ્વામીઓ ક્રમશઃ અવિરત, દેશવિરત અને પ્રમત્તસંયતો છે. અવિરત એવો સમ્યગ્દૃષ્ટિ તે **અવિરતસમ્યગ્દૃષ્ટિ.** ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિકના ભેદથી સમ્યગ્દર્શન ત્રણ પ્રકારનું છે. તેનો યોગ થવાથી જીવ સમ્યગ્દૃષ્ટિ બને છે. દેશવિરત એટલે સંયતાસંયત. હિંસાદિથી દેશથી વિરત થયો હોવાથી સંયત છે અને અન્ય સાવદ્યયોગથી નિવૃત્તિ ન હોવાથી તે જ અસંયત છે. તે અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી અસંખ્ય વિશુદ્ધિસ્થાનો જઈને અપ્રત્યાખ્યાનાવરણકષાયોનો ક્ષયોપશમ થયે છતે અને પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયથી સર્વપ્રત્યાખ્યાનનો અભાવ હોવાથી દેશવિરત થાય છે. **હવે પ્રમત્તસંયત**-તેનાથી(=દેશવિરતિગુણસ્થાનથી) અસંખ્ય વિશુદ્ધિ-સ્થાનોમાં ચઢનારના ત્રીજા કષાયોના પ્રકર્ષનો અપકર્ષ થવાથી ત્રીજા કષાયો ક્ષયોપશમને પામ્યે છતે સર્વસાવદ્યયોગપ્રત્યાખ્યાનરૂપ વિરતિ થાય છે. કહ્યું છે કે- દેશવિરતિગુણસ્થાનથી પણ ઉત્તમ વિશુદ્ધિને પામીને તે પૂર્વવિધિથી જ અનેક અન્યસ્થાનો સુધી જાય છે. (૧) પ્રત્યાખ્યાનાવરણ કષાયથી આવરાયેલો તે તે કષાયોનો ક્ષયોપશમ કરે છે. જેથી તેને ત્યારબાદ સર્વથી વિરતિમાં મતિ થાય છે. (૨) તેથી તે પ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી આવરણવાળું(=ક્ષાયોપશમિક) છેદોપસ્થાપ્ય કે સામાયિકચારિત્રને પામે છે. (૩)

હવે મહાવ્રત-ગુપ્તિ-સમિતિઓથી યુક્ત, કષાયનિગ્રહ-ઇંદ્રિયદમનથી નિરુદ્ધઆસ્રવવાળા, નિર્વેદાદિ વૈરાગ્યભાવનાઓથી સ્થિર કરાયેલા સંવેગવાળા, યથોક્ત બાર પ્રકારના તપના યોગથી પૂર્વે સંચિત કરેલા કર્મોની નિર્જરા કરતા અને સૂત્રાનુસાર યતના કરતા એવા પણ તેનું ગુણસ્થાન મોહનીયકર્મના પ્રભાવથી સંક્લેશથી કે વિશુદ્ધિથી અંતર્મુહૂર્ત પછી પરાવર્તન પામે છે. તેથી સંજ્વલનકષાયના ઉદયથી, ઇંદ્રિય-વિકથા (આદિ) પ્રમાદથી, યોગદુષ્પ્રણિધાનથી અને કુશલોમાં(=કુશળ

યોગોમાં) અનાદરથી પ્રમત્તસંયત થાય છે. તેથી સંક્લેશકાળમાં વર્તતો જીવ પ્રમત્તસંયત છે. આ ત્રણેય પણ આર્તધ્યાનવાળા થાય છે, અર્થાત્ આ ત્રણેય આર્તધ્યાનના સ્વામી છે. આ આર્તધ્યાન અવિરત આદિને જ હોય છે, અપ્રમત્તસંયતાદિને ન હોય. આ આર્તધ્યાન અતિશય સંક્લિષ્ટ નથી અને કાપોત-નીલ-કૃષ્ણ લેશ્યાને અનુસરનારું જાણવું. (૯-૩૫)

टीकावतरणिका– सम्प्रति रौद्रध्यानं सस्वामिकमभिधित्सुराह–

ટીકાવતરણિકાર્થ– હવે સ્વામી સહિત રૌદ્રધ્યાનનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–

રૌદ્રધ્યાનના ભેદો અને સ્વામી–

हिंसाऽनृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ॥९-३६॥

સૂત્રાર્થ– હિંસા, અસત્ય, ચોરી અને વિષયસંરક્ષણ માટે થતો સ્મૃતિ-સમન્વાહાર રૌદ્રધ્યાન છે. આ ધ્યાન અવિરત અને દેશવિરત જીવોને હોય છે. (૯-૩૬)

भाष्यं– हिंसार्थमनृतवचनार्थं स्तेयार्थं विषयसंरक्षणार्थं च स्मृतिसमन्वाहारो रौद्रध्यानं तदविरतदेशविरतयोरेव भवति ॥९-३६॥

ભાષ્યાર્થ– હિંસા માટે, અસત્ય વચન માટે, ચોરી માટે અને વિષયોના સંરક્ષણ માટે થતો સ્મૃતિસમન્વાહાર(=એકાગ્રચિત્તે વિચાર) રૌદ્રધ્યાન છે. તે ધ્યાન અવિરત અને દેશવિરત જીવોને હોય છે. (૯-૩૬)

टीका– हिंसाऽनृतं स्तेयं विषयसंरक्षणं चेति द्वन्द्वः, ततो द्वन्द्व-समासाभिनिवृत्तात्[1] प्रातिपदिकात्तादर्थ्ये चतुर्थीबहुवचनं, हिंसार्थं हिंसाप्रयोजनं भवति रौद्रं ध्यानं, एवमनृताय स्तेयाय विषयसंरक्षणाय चेति वाच्यं, रौद्रमित्युक्तनिर्वचनं, अविरतश्च देशविरतश्च कृतद्वन्द्वौ स्वामिनौ रौद्रध्यानस्य निर्दिष्टौ षष्ठीद्विवचनेन । एतदेव भाष्यकारो

१. सिद्धसेनीयायां किञ्चिदूनं सार्धं पृष्ठं व्यत्ययेन मुद्रितं, ततो रौद्रध्यानीयः पाठो धर्मध्याने, तत् विमृश्य वाच्यं सुधीभिः

विवृणोति-हिंसार्थ'मित्यादिना, स्पष्टम्, एतदर्थं दर्शयति-प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा, तच्च सत्त्वव्यापादनोद्बन्धनपरितापनकरचरण-श्रवणनासिकाऽधरवृषणशिश्नादिच्छेदनस्वभावं हिंसानन्दं, तत्र स्मृति-समन्वाहारो रौद्रध्यानं, ये च व्यापादनोपायाः परस्य च दुःखोत्पादनो-पायास्तेषु च स्मृतिसमन्वाहारो हिंसानन्दमिति प्रथमो विकल्पः ।

प्रबलरागद्वेषमोहस्यानृतानन्दं द्वितीयमनृतप्रयोजनं कन्याक्षिति-निक्षेपव्यपलापपिशुनासत्यासद्भूतभूतघातातिसन्धानप्रवणमसदभिधानमनृतं, तत्परोपघातार्थमनुपरततीव्ररौद्राशयस्य स्मृतेः समन्वाहारस्तत्रैव दृढं प्रणिधानमनृतानन्दमिति ।

स्तेयार्थं-स्तेयप्रयोजनमधुनोच्यते, तीव्रसङ्क्लेशाध्यवसायस्य ध्यातुः प्रबलीभूतलोभप्रचाराहितसंस्कारस्यापास्तपरलोकापेक्षस्य परस्वादि-त्सोरकुशलस्मृतिसमन्वाहारः परद्रव्यग्रहणोपाय एव चेतसो निरोधः प्रणिधानमित्यर्थः ।

विषयसंरक्षणार्थं चेति चतुर्थो विकल्पः, तत्साधनान्यचेतनचेतन-मिश्रवस्तूनि विषयशब्दवाच्यानि, विषीदन्ति वा प्राणिनो येषु परिभुञ्जानास्ते (? परिभुञ्जानेषु ते) विषयाः, यथोक्तं

"यद्यपि निषेव्यमाना मनसः परितुष्टिकारका विषयाः ।
किम्पाकफलादनवद्भवन्ति पश्चादतिदुरन्ताः ॥१॥"

विषयाणां च संरक्षणमेवमुक्तं-"परिग्रहेष्वप्राप्तनष्टेषु काङ्क्षाशोकौ, प्राप्तेषु रक्षणमुपभोगे चातृप्तिः' इत्थं च विषयसंरक्षाहितक्रौर्यस्य तत्रैव स्मृतिसमन्वाहारमाचरतो विषयसंरक्षानन्दं रौद्रं भवति ध्यानं, तच्चैतदविरतदेशविरतस्वामिकं, तौ च पूर्वोक्तलक्षणौ, तयोरेव च, भवत्येतत् न प्रमत्तसंयतादीनामिति, रौद्रध्यायिनस्तीव्रसङ्क्लिष्टाः कापोतनीलकृष्णलेश्यास्तिस्रस्तदनुगमाच्च नरकगतिमूलमेतत्, लिङ्गा-

न्यस्य हिंसानन्दादीनां चतुर्णां प्रकाराणामन्यतमभेदेनानवरतमविश्रान्त्या प्रवर्त्तमानस्य बहुकृत्वोऽभिनिविष्टान्तःकरणस्य बहुदोषता अज्ञानदोषता तेष्वेव हिंसादिष्वधर्म्मकार्येष्वभ्युदयस्य संज्ञाऽस्ति [[1]अभ्युदयः मरणावस्थायामपि हिंसनं हिंसा निन्दादिकृतः स्वल्पोऽपि पश्चात्तापो यस्य नास्ति] तस्यामरणान्तदोषतेति ॥९-३६॥

टीकार्थ– હિંસા, અનૃત, સ્તેય અને વિષયસંરક્ષણ એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ છે. પછી દ્વન્દ્વ સમાસથી બનેલા શબ્દથી તાદાર્થ્યમાં ચતુર્થી બહુવચન છે. હિંસા માટે=હિંસાના પ્રયોજનવાળું રૌદ્રધ્યાન છે. એ પ્રમાણે અસત્ય માટે, ચોરી માટે અને વિષયસંરક્ષણ માટે કહેવું. રૌદ્ર શબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ પૂર્વે (૨૯મા સૂત્રની ટીકામાં) કહ્યો છે. અવિરત અને દેશવિરત એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ કરીને છઠ્ઠી વિભક્તિ દ્વિવચનમાં રૌદ્રધ્યાનના સ્વામીઓનો નિર્દેશ કર્યો છે. ભાષ્યકાર 'हिंसार्थम्' ઇત્યાદિથી આનુ જ વિવરણ કરે છે.

ભાષ્ય સ્પષ્ટ છે. એના અર્થને બતાવે છે- પ્રમાદના યોગથી પ્રાણનો વિયોગ એ હિંસા છે (અ.૭ સૂ.૮). પ્રાણવિયોગ જીવનાશ, ફાંસો, પરિતાપન, હાથ-પગ-કાન-નાક-હોઠ-અંડકોશ-પુરુષલિંગ આદિના છેદન સ્વરૂપ છે, અર્થાત્ ફાંસો આદિથી જીવવિયોગ થાય છે. પ્રાણવિયોગ જીવનાશસ્વરૂપ અને હિંસામાં આનંદરૂપ છે. પ્રાણવિયોગ કરવા માટે થતો એકાગ્રચિત્તે વિચાર રૌદ્રધ્યાન છે તથા બીજાનો નાશ કરવાના અને બીજાને દુઃખ ઉત્પન્ન કરવાના એકાગ્રચિત્તે થતા વિચારો એ રૌદ્રધ્યાનનો **હિંસાનંદસ્વરૂપ** પ્રથમ ભેદ છે.

પ્રબળ રાગ-દ્વેષ-મોહવાળાને અસત્યનું પ્રયોજન આ છે- કન્યા અસત્ય, (ગો અસત્ય), ભૂમિ અસત્ય, ન્યાસાપહાર, ચાડી કરનારનું અસત્ય, (असद्भूत-असद्भूतोद्भावन=) નહીં બનેલી વસ્તુસ્થિતિને ઉત્પન્ન કરવી, (भूतघात=) બનેલી વસ્તુસ્થિતિનો ઘાત=અપલાપ કરવો, બીજાને

१. अयं पाठो हस्तलिखितप्रतौ वर्तते ।

છેતરવામાં તત્પર બનવું એ(=ઇત્યાદિ) અસત્યનું પ્રયોજન છે, પ્રમાદથી અસત્(=અયથાર્થ) બોલવું તે અસત્ય છે. અસત્ય[૧] બોલવા માટે તીવ્ર રૌદ્ર આશય જેનો અટક્યો નથી તે જીવનો એકાગ્રચિત્તે થતો વિચાર=અસત્ય બોલવામાં જ રૂઢ પ્રણિધાન તે રૌદ્રધ્યાનનો **અનૃતાનંદરૂપ** બીજો ભેદ છે.

હવે ચોરીનું પ્રયોજન કહેવાય છે- પ્રબળ બનેલા લોભપ્રચારના સંસ્કારવાળા, પરલોકની અપેક્ષાથી રહિત, પરના ધનાદિને લેવાની ઇચ્છાવાળા એવા ધ્યાન કરનારનું પરદ્રવ્યને ગ્રહણ કરવાના ઉપાયમાં જ ચિત્તનું પ્રણિધાન તે રૌદ્રધ્યાનનો **સ્તેયાનંદરૂપ** ત્રીજો ભેદ છે.

વિષયોના સંરક્ષણ માટે થતો એકાગ્રચિત્તે વિચાર તે રૌદ્રધ્યાનનો **(વિષયાનંદરૂપ)** ચોથો ભેદ છે. વિષય શબ્દથી વિષયોનું સાધન એવી અચેતન, ચેતન અને મિશ્રવસ્તુઓ વાચ્ય છે, અર્થાત્ વિષયશબ્દથી વિષયોનું સાધન હોય એવી વસ્તુઓ સમજવી અથવા જે પરિભોગ કરાયે છતે પ્રાણીઓ દુઃખી થાય તે વિષયો. કહ્યું છે કે- "જો કે સેવન કરાતા વિષયો મનને આનંદ કરે છે તો પણ પછી કિંપાક ફળના ભક્ષણની જેમ દુષ્ટ પરિણામવાળા છે." (પ્રશમરતિ ગા.૧૦૭)

વિષયોનું સંરક્ષણ આ પ્રમાણે કહ્યું છે- પરિગ્રહો પ્રાપ્ત ન થયા હોય ત્યારે તેમની આકાંક્ષા કરવી, પરિગ્રહો નાશ પામે ત્યારે શોક કરવો, પરિગ્રહો પ્રાપ્ત થયે છતે તેમનું રક્ષણ કરવું અને પરિગ્રહોના ઉપભોગમાં તૃપ્તિ ન થવી.

આ પ્રમાણે વિષય સંરક્ષણમાં જ જેણે ક્રૂરતા કરી છે અને જે તેને જ એકાગ્રચિત્તે વિચાર કરે છે તેને વિષયસંરક્ષણાનંદરૂપ રૌદ્રધ્યાન હોય છે. એના સ્વામી અવિરત અને દેશવિરત જીવો હોય છે. અવિરત અને દેશવિરતનું લક્ષણ પૂર્વે (આ જ સૂત્રની ટીકામાં) કહ્યું છે. રૌદ્રધ્યાન અવિરત અને દેશવિરત એ બેને જ હોય, પ્રમત્તસંયત્તાદિને ન હોય. રૌદ્રધ્યાનવાળા તીવ્રસંક્લેશવાળા હોય. રૌદ્રધ્યાન કાપોત-નીલ-કૃષ્ણ લેશ્યાને અનુસરનારું

---

૧. 'तत्परोपघातार्थं' પાઠના સ્થાને 'अनृतार्थं' એવો પાઠ હોવો જોઈએ. 'अनृतार्थं' એવા પાઠ પ્રમાણે અનુવાદ કર્યો છે.

હોવાથી નરકગતિનું મૂળ છે. लिङ्गान्यस्य-લિંગથી રહિતને અર્થાત્ ગૃહસ્થને. હિંસાનંદ (અનૃતાનંદ, સ્તેયાનંદ, વિષયાનંદ) આદિ ચાર પ્રકારના ભેદોમાંથી કોઇ પણ ભેદે વારંવાર સતત અતિ આગ્રહપૂર્વક હિંસાદિ અધર્મ કાર્યમાં પ્રવર્તનારને અતિશય દોષતા છે. (અભ્યુદય= મરણાવસ્થા આવે તો પણ કરેલી હિંસામાં નિંદા આદિથી કરાયેલો અલ્પ પણ પશ્ચાત્તાપ હોતો નથી) તે જ તેની આમરણદોષતા છે. (૯-૩૬)

ટીકાવતરણિકા– आर्त्तरौद्रे व्याख्याते, सम्प्रति धर्म्यध्यानावसरः, तच्च सभेदं सस्वामिकमाख्यायते–

ટીકાવતરણિકાર્થ–આર્ત્ત-રૌદ્રધ્યાનનું વ્યાખ્યાન કર્યું. હવે ધર્મધ્યાનનો અવસર છે. આથી હવે ભેદ સહિત અને સ્વામી સહિત ધર્મધ્યાનનું વ્યાખ્યાન કરવામાં આવે છે–

ધર્મધ્યાનના ભેદો અને સ્વામી–

आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्म्यमप्रमत्तसंयतस्य ॥૯-૩૭॥

સૂત્રાર્થ– આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાન એ ચારના વિચય માટે થતો એકાગ્રચિત્તે વિચાર તે ચાર પ્રકારનું ધર્મધ્યાન છે. આ ધ્યાન અપ્રમત્તસંયતને હોય. (૯-૩૭)

भाष्यं– आज्ञाविचयाय अपायविचयाय विपाकविचयाय संस्थानविचयाय च स्मृतिसमन्वाहारो धर्मध्यानम्। तदप्रमत्तसंयतस्य भवति ॥૯-૩૭॥

ભાષ્યાર્થ– આજ્ઞાવિચય માટે, અપાયવિચય માટે, વિપાકવિચય માટે અને સંસ્થાનવિચય માટે થતો એકાગ્રચિત્તે વિચાર એ ધર્મધ્યાન છે. તે ધ્યાન અપ્રમત્તસંયતને હોય. (૯-૩૭)

ટીકા– आज्ञादीनां कृतद्वन्द्वानां विचयशब्देन सह षष्ठीसमासः, आज्ञादीनां विचयः-पर्यालोचनं, विचयशब्दः प्रत्येकमभिसम्बध्यते, आज्ञापायविपाकसंस्थानविचयशब्दात्तादर्थ्ये चतुर्थी, धर्म्यशब्दो व्याख्यातः, अप्रमत्तसंयतस्येति स्वामिनिर्देशः, तत्राज्ञा-सर्वज्ञप्रणीत

आगमः तामाज्ञामित्थं विचिनुयात्-पर्यालोचयेत्, पूर्वापरविशुद्धां निपुणामशेषजीवनिकायहितामनवद्यां महार्थां महानुभावां निपुणजनविज्ञेयां द्रव्यपर्यायप्रपञ्चवतीमनाद्यनिधनां "इच्चेइयं दुवालसंगं गणिपिडगं न कयाइ नासी"त्यादि वचनात्, तथा संशयेऽप्येवं विचिन्वतोऽवितथ-वादिनः-क्षीणरागद्वेषमोहाः सर्वज्ञा नान्यथा भाषन्ते इत्याज्ञायाः स्मृतिसमन्वाहारः प्रथमं धर्मध्यानमाज्ञाविचयाख्यं,

द्वितीयं अपायविचयं धर्म्यध्यानमुच्यते, अपाया-विपदः शारीरमान-सानि दुःखानीति पर्यायाः तेषां विचयः-अन्वेषणं, इहामुत्र च रागद्वेषा-कुलितचेतोवृत्तयः सत्त्वा मूलोत्तरप्रकृतिविभागार्पितजन्मजरामरणार्णव-भ्रमणपरिखेदितान्तरात्मानः नरकादिगतिषु दीर्घरात्रमपायैर्युज्यन्ते, केचिदिहापि कृतवैरानुबन्धाः परस्परमाक्रोशवधबन्धाद्यपायभाजो दृश्यन्ते, ते क्लिश्यन्त इत्यतः प्रत्यपायप्रायेऽस्मिन् संसारे अत्यन्तोद्वेगाय स्मृति-समन्वाहारतोऽपायविचयं धर्म्मध्यानमाविर्भवति,

तृतीयं धर्मध्यानं विपाकविचयाख्यमुच्यते, विविधो विशिष्टो वा पाको विपाकः-अनुभावः, अनुभावो रसानुभावः कर्म्मणां नरकतिर्यङ्मनुष्या-मरभवेषु तस्य विचयः-अनुचिन्तनं मार्गणं तदर्पितस्तत्रैव स्मृतिं समाहृत्य वर्त्तमानो विपाकविचयध्यायी भवति, ज्ञानावरणादिकमष्टप्रकारं कर्म्म प्रकृतिस्थित्यनुभावप्रदेशभेदमिष्टानिष्टविपाकपरिणामं जघन्य-मध्यमोत्कृष्टस्थितिकं विविधविपाकं, तद्यथा-ज्ञानावरणाद् दुर्मेधस्त्वं दर्शनावरणाच्चक्षुरादिवैकल्यं निद्राद्युद्भवश्च असद्वेद्याद् दुःखं सद्वेद्यात् सुखानुभवः, मोहनीयाद्विपरीतग्राहिता चारित्रविनिवृत्तिश्च, आयुषोऽनेक-भवप्रादुर्भावो, नाम्नोऽशुभप्रशस्तदेहादिनिर्वृत्तिर्गोत्रादुच्चनीचकुलोत्पत्तिः, अन्तरायादलाभ इति, इत्थं निरुद्धचेतसः विपाकानुसरण एव स्मृति-समन्वाहारतो धर्म्यं भवति ध्यानमिति । संस्थानविचयं नाम चतुर्थं धर्म्मध्यानमुच्यते, संस्थानं-आकारविशेषो लोकस्य द्रव्याणां च,

लोकस्य तावत्, तत्राधोमुखमल्लकसंस्थानं वर्णयन्त्यधोलोकम्। स्थालमिव तिर्यग्लोकमूर्ध्वमथ मल्लकसमुद्गम् ॥१॥ तत्रापि तिर्यग्लोको ज्योतिर्व्यन्तराकुलः, असङ्ख्येयद्वीपसमुद्रा वलयाकृतयो, धर्माधर्माकाश-पुद्गलजीवास्तिकायात्मकाः अनादिनिधनाः संनिवेशभाजो व्योमप्रतिष्ठाः क्षितिवलयद्वीपसागरनरकविमानभवनादिसंस्थानानि च, तथाऽऽत्म-नामुपयोगलक्षणमनादिनिधनमर्थान्तरभूतं शरीरादिरूपं कर्त्तारमुपभोक्तारं च स्वकृतकर्म्मणः शरीराकारं, मुक्तौ त्रिभागहीनाकारमूर्ध्वलोको द्वादशविकल्पः असकलसकलनिशाकरमण्डलाकृतयो नव ग्रैवेयकानि पञ्च महाविमानानि मुक्ताधिवासश्च, अधोलोकोऽपि भवनवासिदेव-नारकाधिवसतिः, धर्माधर्मावपि लोकाकारौ गतिस्थितिहेतू, आकाशमव-गाहलक्षणं, पुद्गलद्रव्यं शरीरादिकार्यमित्थं संस्थानस्वाभाव्यान्वेषणार्थं स्मृतिसमन्वाहारो धर्म्मध्यानमुच्यते, पदार्थस्वरूपपरिज्ञाने तत्त्वावबोधः, तत्त्वावबोधाच्च क्रिया, अनुष्ठानान्मोक्षप्राप्तिरिति, तदेतदप्रमत्तसंयतस्य भवति धर्मध्यानं, प्रमत्तसंयतस्थानादिशुद्ध्यमानाध्यवसायोऽप्रमत्तसंयत-स्थानमाप्नोति, यथोक्तम्-

निर्ज्ञाता एव तथाविशोधयोऽसङ्ख्यलोकमात्रास्ताः ।
तरतमयोगायुक्तास्ता अधितिष्ठत्यप्रमत्तः स्यात् ॥१॥

अतो विशुद्धाद्धायां वर्त्तमानोऽप्रमत्तसंयतस्तस्य च भगवतो धर्म्म-ध्यानादितपोयोगेन कर्म्माणि क्षपयतो विशोधिस्थानान्तराण्यारोहत ऋद्धिविशेषाः प्रादुर्भवन्ति अणिमादयः, उक्तं हि-

"अवगाहते च स श्रुतजलधिं प्राप्नोति चावधिज्ञानम् ।
मानसपर्यायं वा ज्ञानं कोष्ठादिबुद्धीर्वा ॥१॥

चारणवैक्रियसर्वौषधताद्या वाऽपि लब्धयस्तस्य ।
प्रादुर्भवन्ति गुणतो बलानि वा मानसादीनि ॥२॥"

अत्र च श्रेणिप्राप्त्यभिमुखः प्रथमकषायान् दृष्टिमोहत्रयं चाविरत-सम्यग्दृष्टिदेशविरतप्रमत्ताप्रमत्तसंयतानामन्यतम उपशमश्रेण्याभिमुख्या-दुपशमयति, क्षपकक्षेण्याभिमुख्यात् क्षपयति, यथोक्तं-

"क्षपयति तेन ध्यानेन ततोऽनन्तानुबन्धिनश्चतुरः ।
मिथ्यात्वं सम्मिश्रं सम्यक्त्वं च क्रमेण ततः ॥१॥
क्षीयन्ते हि कषायाः प्रथमास्त्रिविधोऽपि दृष्टिमोहश्च" [1]इत्यादि ॥९-३७॥

टीकार्थ– આજ્ઞા વગેરે (ચાર) શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને વિચય શબ્દની સાથે ષષ્ઠી તત્પુરુષ સમાસ છે. આજ્ઞા આદિનો વિચય. વિચય એટલે પર્યાલોચન. વિચય શબ્દનો આજ્ઞા વગેરે પ્રત્યેક શબ્દની સાથે સંબંધ છે. आज्ञाऽपाय-विपाक-संस्थानविचय શબ્દથી તાદાર્થ્યમાં ચોથી વિભક્તિ છે. ધર્મ્ય શબ્દની વ્યાખ્યા પૂર્વે (૨૯મા સૂત્રની ટીકામાં) કરી છે. "अप्रमत्तसंयतस्य" એ પ્રમાણે સ્વામીનો નિર્દેશ કર્યો છે.

(૧)**आज्ञाविचय–** આજ્ઞા એટલે સર્વજ્ઞ પ્રણીત આગમ. સર્વજ્ઞ પ્રણીત આજ્ઞાને આ પ્રમાણે વિચારે. સર્વજ્ઞ પ્રણીત આજ્ઞા પૂર્વાપર વિશુદ્ધ છે(=પૂર્વની આજ્ઞાનો પછીની આજ્ઞાની સાથે વિરોધ ન આવે તેવી છે), નિપુણ છે, સઘળા જીવસમૂહનું હિત કરનારી છે, નિર્દોષ છે, મહાન અર્થવાળી છે, મહાપ્રભાવશાળી છે, નિપુણલોકોથી જાણી શકાય તેવી છે, દ્રવ્ય-પર્યાયના વિસ્તારવાળી(=દ્રવ્ય-પર્યાયના વિસ્તૃત વર્ણનવાળી) છે તથા અનાદિ અનંત છે. કારણ કે "બાર અંગવાળું આ ગણિપિટક ક્યારેય ન હતું એવું નથી." ઇત્યાદિ વચન છે.

તથા પર્યાલોચન કરવામાં પણ આ પ્રમાણે પર્યાલોચન કરે- જેમના રાગ-દ્વેષ-મોહ ક્ષીણ થઈ ગયા છે તેવા સર્વજ્ઞો અન્યથા(=અસત્ય) ન કહે. આ પ્રમાણે આજ્ઞાનો એકાગ્રચિત્તે વિચાર તે પહેલું ધર્મધ્યાન કહેવાય છે.

---

૧. देशयतायतेन सम्यग्दृगप्रमत्तप्रमत्तेषु ॥२॥
पार्ष्णिग्राहारींस्तान्, निहत्य विगतस्पृहो विदीर्णभयः ।
प्रीतिसुखमपक्षोभः, प्राप्नोति समाधिमत्स्थानम् ॥३॥ इति

(૨)**અપાયવિચય–** અપાયો, વિપત્તિઓ, શારીરિક-માનસિક દુઃખો એ પર્યાયવાચી શબ્દો છે. તેમનું પર્યાલોચન કરવું તે અપાયવિચય. રાગ-દ્વેષથી વ્યગ્રચિત્તવૃત્તિવાળા જીવો મૂલપ્રકૃતિ-ઉત્તરપ્રકૃતિઓના વિભાગથી અર્પણ કરાયેલા જે જન્મ-જરા-મરણો, એ જન્મ-જરા-મરણો રૂપ જે સમુદ્ર એ સમુદ્રમાં પરિભ્રમણથી જેમનો અંતરાત્મા ખિન્ન કરાયો છે તેવા જીવો નરકાદિ ગતિઓમાં ઘણા કાળ સુધી અપાયોથી યુક્ત થાય છે. કેટલાક જીવો આ ભવમાં પણ પરસ્પર વૈરનો અનુબંધ કરીને આક્રોશ, વધ અને બંધ વગેરે અપાયોને પામનારા દેખાય છે. આ રીતે આ ભવમાં પણ ક્લેશને પામે છે. આ પ્રમાણે હોવાથી અનર્થવાળા આ સંસારમાં(=સંસાર પ્રત્યે) અત્યંત ઉદ્વેગ થાય એ માટે એકાગ્રચિત્તે વિચાર કરવાથી અપાયવિચયરૂપ ધર્મધ્યાન પ્રગટે છે.

(૩)**વિપાકવિચય–** ત્રીજું ધર્મધ્યાન વિપાકવિચય નામનું છે. વિવિધ પ્રકારનો અથવા વિશિષ્ટ પાક તે વિપાક. વિપાક એટલે નરક, તિર્યંચ-મનુષ્ય-દેવભવોમાં કર્મોના રસનો અનુભવ. તેનું ચિંતન તે વિપાક-વિચય. વિપાકમાં જ ચિત્તને એકાગ્ર કરીને વર્તતો(=વિપાકમાં જ ચિત્તને એકાગ્ર કરનારો) જીવ વિપાકવિચયધ્યાનવાળો બને છે.

કર્મ જ્ઞાનાવરણ વગેરે આઠ પ્રકારનું છે, (પ્રત્યેક કર્મ) પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ એમ ચાર ભેદવાળું છે. ઈષ્ટ-અનિષ્ટ વિપાકરૂપ પરિણામવાળું છે. જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ સ્થિતિવાળું છે. વિવિધ વિપાકવાળું છે. તે આ પ્રમાણે-જ્ઞાનાવરણથી(=જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી) બુદ્ધિ મંદ થાય. દર્શનાવરણથી ચક્ષુ આદિની ખામી થાય અને નિદ્રા વગેરે આવે. અસાતાવેદનીયથી દુઃખનો અને સાતાવેદનીયથી સુખનો અનુભવ થાય. મોહનીયથી પદાર્થ વિપરીત રીતે ગ્રહણ થાય છે અને ચારિત્રમાં પ્રવૃત્તિ થતી નથી. આયુષ્યથી અનેક ભવોનો પ્રાદુર્ભાવ થાય છે. નામકર્મથી અશુભ-શુભ શરીર વગેરેનું નિર્માણ થાય. ગોત્રથી ઉચ્ચ-નીચ કુળની ઉત્પત્તિ થાય. અંતરાયથી લાભ ન થાય. આ પ્રમાણે એકાગ્રચિત્તવાળાને વિપાકને અનુસરવામાં જ એકાગ્રચિત્તથી ધર્મધ્યાન થાય.

(૪)**સંસ્થાનવિચય–** સંસ્થાનવિચય નામનું ચોથું ધ્યાન કહેવાય છે. સંસ્થાન એટલે લોકનો અને દ્રવ્યોનો આકારવિશેષ.

"તેમાં અધોલોકને અધોમુખ રહેલા કોડિયાના આકાર જેવો કહે છે. તિર્યગ્ લોક થાળીના આકાર જેવો અને ઊર્ધ્વલોકને ઊર્ધ્વમુખ(=સીધા) મુકેલા શકોરાની ઉપર અધોમુખ (ઊંધું) શકોરું મુકવામાં જેવો આકાર થાય તેવા આકારે છે એમ જ્ઞાનીઓ કહે છે." (પ્રશમરતિ ગા.૨૧૧)

તિર્યગ્લોકમાં રહેલાં દ્રવ્યો

તેમાં પણ તિર્યગ્લોક જ્યોતિષ અને વ્યંતરોથી ભરપૂર છે. તેમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો વલયાકારે રહેલા છે. ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને આત્મા એ પાંચ દ્રવ્યો અસ્તિકાય સ્વરૂપ છે અને અનાદિ અનંત છે. આકાશમાં(આકાશના આધારે)[૧] રહેલા છે તથા પૃથ્વીવલયો, દ્વીપો, સમુદ્રો, નરકો, વિમાનો અને ભવનો વગેરે દ્રવ્યો રહેલાં છે.

ઉપયોગલક્ષણવાળો આત્મા અનાદિ અનંત શરીરથી ભિન્ન, શરીરાદિ સ્વરૂપવાળો, કર્તા, ઉપભોગ કર્તા, સ્વકૃતકર્મથી શરીરના આકારવાળો, મુક્તિમાં ત્રીજા ભાગથી ન્યૂન આકારવાળો(=અવગાહનાવાળો) છે એમ જ્ઞાનીઓ કહે છે.

ઊર્ધ્વલોકમાં બાર વૈમાનિક દેવલોક, સંપૂર્ણ અર્ધચંદ્ર મંડલાકારવાળા નવ ગ્રૈવેયકો, પાંચ (અનુત્તર) મહાવિમાનો અને (લોકાંતે) મુક્ત જીવોનો વાસ છે. અધોલોકમાં ભવનપતિ અને નારકોનો વાસ છે. ગતિનો હેતુ ધર્માસ્તિકાય અને સ્થિતિનો હેતુ અધર્માસ્તિકાય લોકના આકારે રહેલા છે. (જીવાદિ દ્રવ્યોને) અવગાહ આપવો એ આકાશનું લક્ષણ છે.(આકાશના જેટલા વિભાગમાં જીવાદિ દ્રવ્યો છે તેટલા આકાશને લોકાકાશ કહેવામાં આવે છે.) શરીરાદિ કાર્ય પુદ્ગલદ્રવ્ય છે, અર્થાત્ શરીર વગેરે પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે.

---

૧. સંનિવેશ એટલે સ્થિતિ કરવી, રહેવું. અનાદિથી રહેલા છે અને અનાદિકાળ સુધી રહેશે.

સંસ્થાનના સ્વરૂપને જાણવા માટે એકાગ્રચિત્તે થતો વિચાર ધર્મધ્યાન કહેવાય છે. પદાર્થોના સ્વરૂપનું પરિજ્ઞાન થતા તત્ત્વોનો અવબોધ થાય છે. તત્ત્વાવબોધથી અનુષ્ઠાન[૧](=ક્રિયા) થાય છે. અનુષ્ઠાનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ ધર્મધ્યાન અપ્રમત્તસંયતને હોય છે. વિશુદ્ધ થતા અધ્યવસાયવાળો જીવ પ્રમત્તસંયતસ્થાનથી અપ્રમત્તસંયતસ્થાનને પામે છે. કહ્યું છે કે– અવિદિતિ જ, તરતમતાથી યુક્ત અને અસંખ્યપ્રમાણ તે વિશુદ્ધિમાં રહેતો સાધુ અપ્રમત્ત થાય છે. (૧)

આથી અપ્રમત્તસંયત વિશુદ્ધિના કાળમાં વર્તતો હોય છે. ધર્મધ્યાન વગેરે તપોયોગથી કર્મોનો ક્ષય કરતા અને અન્ય વિશુદ્ધિસ્થાનો ઉપર આરોહણ કરતા તે ભગવાનને અણિમા વગેરે વિશેષ પ્રકારની ઋદ્ધિઓ પ્રગટે છે. કહ્યું છે કે–

જે શ્રુતસમુદ્રનું અવગાહન કરે છે તે અવધિજ્ઞાનને કે મનઃપર્યવજ્ઞાનને તથા કોષ્ઠબુદ્ધિ વગેરે બુદ્ધિઓને પામે છે. (૧) તે ભગવાનને ચારણલબ્ધિ, વૈક્રિયલબ્ધિ, સર્વૌષધિ વગેરે લબ્ધિઓ પ્રગટે છે અથવા ગુણને આશ્રયીને મનોબળ વગેરે પ્રગટે છે. (૨)

અહીં શ્રેણિપ્રાપ્તિની અભિમુખ થયેલ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત, પ્રમત્ત-સંયત અને અપ્રમત્તસંયતમાંથી કોઇ એક જીવ પ્રથમના=અનંતાનુબંધી) કષાયોને અને ત્રણ દર્શનમોહને ઉપશમશ્રેણીમાં ઉપશમાવે છે અને ક્ષપકશ્રેણીમાં ખપાવે છે. કહ્યું છે કે- ત્યારબાદ તે ધ્યાનથી ક્રમશઃ અનંતાનુબંધી ચાર કષાયો, મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયને ખપાવે છે. (૧) (બીજા સ્થળે પણ કહ્યું છે કે-) "પહેલા ચાર કષાયોનો અને ત્રણ પ્રકારના દર્શનમોહનો ક્ષય કરાય છે." ઇત્યાદિ.[૨] (૯-૩૭)

---

૧. આત્મબોધ વિણ જે ક્રિયા તે તો બાળકચાલ। તત્ત્વાર્થથી ધારીઓ નમો નમો ક્રિયા સુવિશાળ ॥
(વીસ સ્થાનકના દુહાઓમાં ક્રિયા સ્થાનનો દુહો.)

૨. અહીં સંપૂર્ણપાઠ સિદ્ધસેન ગણિકૃત ટીકામાં આ પ્રમાણે છે–
देशयतायतसम्यग्-दृगप्रमत्तप्रमतेषु ॥२॥
पार्ष्णिग्राहार्स्तान्, निहत्य विगतस्पृहो विदीर्णभयः ।
प्रीतिसुखमपक्षोभः, प्राप्नोति समाधिमत्स्थानम् ॥३॥

ભાષ્યાવતરણિકા– કિઞ્ચાન્યત્–

ભાષ્યાવતરણિકાર્થ– વળી બીજું–

ટીકાવતરણિકા– કિઞ્ચાન્યદિત્યનેન સ્વામ્યન્તરં સમ્બધ્નાતિ–

ટીકાવતરણિકાર્થ– "વળી બીજું" એવા કથનથી (ધર્મધ્યાનના) અન્ય સ્વામીના સંબંધને કહે છે–

ધર્મધ્યાનના સ્વામીનો નિર્દેશ–

उपशान्तक्षीणकषाययोश्च ॥९-३८॥

સૂત્રાર્થ– ઉપશાંતકષાય અને ક્ષીણકષાયમુનિને પણ ધર્મધ્યાન હોય છે. (૯-૩૮)

भाष्यं– उपशान्तकषायस्य क्षीणकषायस्य च धर्मं ध्यानं भवति ॥९-३८॥

ભાષ્યાર્થ– ઉપશાંતકષાય અને ક્ષીણકષાય મુનિને (પણ) ધર્મધ્યાન હોય છે. (૯-૩૮)

ટીકા– चशब्दः समुच्चये, कषायशब्दः प्रत्येकमभिसम्बध्यते, उपशान्ताः कषाया यस्यासावुपशान्तकषायः, एकादशगुणस्थानवर्त्ती, क्षीणः कषायो यस्य स क्षीणकषायः, भस्मच्छन्नाग्निवदुपशान्ताः, निरवशेषतः परिशाटिताः क्षीणाः विध्यातहुताशनवद्, अनयोश्च उपशान्तक्षीणकषाययोरप्रमत्तसंयतस्य च धर्म्मध्यानं भवति, तत्रोपशान्तक्षीणकषायस्वरूपविज्ञानाय अधस्तनं गुणस्थानत्रयमवश्यंतया प्ररूपणीयं, अन्यथा तदपरिज्ञानमेव स्यादिति, अप्रमत्तस्थानादसङ्ख्येयानि विशोधिस्थानानि आरुह्यापूर्वकरणं प्रविशति, समये समये स्थितिघातरसघातस्थितिबन्धगुणश्रेणीगुणसङ्क्रमकरणमपूर्वमपूर्वं निर्गच्छतीत्यपूर्वकरणं, अप्राप्तपूर्वकत्वाद्वा संसारे तदपूर्वकरणं, न तत्र कस्याश्चिदपि कर्म्मप्रकृतेरुपशमनं क्षयो वा, उपशमनाभिमुखात्तत्पुरस्कारादुपशमकः क्षपणार्हत्वाच्च क्षपक इति, उक्तं च–

"स ततः क्षपकश्रेणीं प्रतिपद्य चरित्रघातिनीः शेषाः ।
क्षपयन् मोहप्रकृतीः प्रतिष्ठते शुद्धलेश्याकः ॥१॥

प्रविशत्यपूर्वकरणं प्रस्थित एवं ततः परं स्थानम् ।
तदपूर्वकरणमिष्टं कदाचिदप्राप्तपूर्वत्वात् ॥२॥

ततोऽप्युत्तरोत्तरविशोधिस्थानप्राप्त्या अनिवृत्तिस्थानं भवति । परस्परं नातिवर्तन्ते इत्यनिवृत्तयः, परस्परतुल्यवृत्तय इत्यर्थः, सम्परायाः-कषाया-स्तदुदयो बादरो येषां ते बादरसम्परायाः, अनिवृत्तयश्च ते बादरसम्पराया-श्चेत्यर्थः, ते उपशमकाः क्षपकाश्च, तेषां धर्मध्यानं भवति ॥९-३८॥

ટીકાર્થ– च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. કષાય શબ્દનો પ્રત્યેક શબ્દની(=ઉપશાંત અને ક્ષીણ એ બંને શબ્દની) સાથે સંબંધ છે. જેના કષાયો ઉપશાંત થયા છે તે ઉપશાંતકષાય. અગિયારમાં ગુણસ્થાને રહેલ સાધુ ઉપશાંતકષાય છે. ક્ષય પામ્યા છે કષાયો જેના તે ક્ષીણકષાય. ઉપશાંતકષાયો ભસ્મથી(=રાખથી) ઢંકાયેલા અગ્નિ જેવા છે. ક્ષીણકષાયો સંપૂર્ણ બુઝાયેલા અગ્નિની જેમ સંપૂર્ણપણે નાશ કરાયેલા છે. ઉપશાંતકષાય અને ક્ષીણકષાય એ બેને અને અપ્રમત્તસંયતને ધર્મધ્યાન હોય છે. તેમાં ઉપશાંતકષાય અને ક્ષીણકષાયનું સ્વરૂપ જાણવા માટે નીચેના ત્રણ ગુણસ્થાનોની પ્રરૂપણા અવશ્ય કરવી જોઈએ. અન્યથા તે બેનું પૂર્ણ જ્ઞાન જ ન થાય.

અપૂર્વકરણ– અપ્રમત્તગુણસ્થાનથી અસંખ્ય વિશુદ્ધિસ્થાનો સુધી આરોહણ કરીને અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે. સમયે સમયે સ્થિતિઘાત-રસઘાત-સ્થિતિબંધ-ગુણશ્રેણી ગુણસંક્રમોનું અપૂર્વ અપૂર્વ (પૂર્વે ન કર્યું હોય તેવું) કરવું તે અપૂર્વકરણ. અથવા સંસારમાં પૂર્વે (ક્યારેય) પ્રાપ્ત ન કર્યું હોય તે અપૂર્વકરણ. આ ગુણસ્થાનમાં કોઈપણ પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય થતો નથી. ઉપશમ કરવામાં તત્પર થવાના કારણે ઉપશમને આગળ કરવાથી(=ઉપશમના લક્ષવાળો બનવાથી) 'ઉપશમક' એમ કહેવાય છે અને ક્ષય કરવાને યોગ્ય બનેલો હોવાથી 'ક્ષપક' એમ કહેવાય છે. કહ્યું છે કે–

શુદ્ધ લેશ્યાવાળો તે ત્યારબાદ ક્ષપકશ્રેણીને સ્વીકારીને ઉપરના ધ્યાનમાં ચઢે તો તે ચારિત્રનો ઘાત કરનારી સઘળી મોહપ્રકૃતિઓને

ખપાવતો રહે છે. તેને પૂર્વે ક્યારેય પ્રાપ્ત કર્યું ન હોવાથી અપૂર્વકરણ કહેવાય છે. (૧-૨)

તેનાથી આગળના વિશુદ્ધિસ્થાનોની પ્રાપ્તિ થવાના કારણે(=પાછા ન ફરવાથી) તે સ્થાન અનિવૃત્તિગુણસ્થાન છે, અર્થાત્ આ ગુણસ્થાને એક સમયે ચઢેલા બધા જ જીવોના અધ્યવસાયોની શુદ્ધિમાં નિવૃત્તિ=તરતમતા ન હોય એટલે કે બધાના અધ્યવસાયો સમાન હોય છે. (આથી તેના નામમાં અનિવૃત્તિ શબ્દ જોડવામાં આવ્યો છે.) સંપરાય એટલે કષાય. બાદર કષાયોનો જેમને ઉદય છે તે બાદરસંપરાય કહેવાય છે.તે જીવો અનિવૃત્ત છે અને બાદરસંપરાયવાળા છે, તેથી અનિવૃત્તબાદરસંપરાય કહેવાય છે. અનિવૃત્તબાદરસંપરાય જીવો ઉપશમ અને ક્ષપક એમ બે પ્રકારે છે તેમને ધર્મધ્યાન હોય છે. આ ગુણસ્થાને ઉપશમ અને ક્ષપક બંને હોવાથી તેમને ધર્મધ્યાન હોય છે એમ સામાન્યથી કહ્યું છે. ધર્મધ્યાન અગિયાર અંગ જાણનારાને હોય છે એમ જાણવું. (૯-૩૮)

भाष्यावतरणिका– किञ्चान्यत्–

ભાષ્યાવતરણિકાર્થ– વળી બીજું–

टीकावतरणिका– उपशान्तक्षीणकषाययोश्चेत्युक्तमविशेषेण धर्म-ध्यानं, तच्चैकादशाङ्गविदो द्रष्टव्यं, एवमवस्थिते किं धर्म्ममेव ध्यानं तयोः ?, नेत्युच्यते, किञ्चान्यदिति सम्बध्नाति, न केवलमेतयोर्धर्म्यं, शुक्लं च ध्यानमुपशान्तक्षीणकषाययोर्भवति, किं चतुर्विधमपि पृथक्त्व-वितर्कसविचारं एकत्ववितर्कमविचारं सूक्ष्मक्रियमप्रतिपाति व्युपरत-क्रियमनिवर्तीति, उच्यते, न खलु चतुष्प्रकारमपि तयोः शुक्लध्यानं भवति, किं तर्हि ?–

ટીકાવતરણિકાર્થ– પ્રશ્ન– આનાથી એ નિશ્ચિત થયું કે ઉપશમક અને ક્ષપકને ધર્મધ્યાન જ હોય છે એ બરોબર છે ?

ઉત્તર– એ બરોબર નથી, માટે ભાષ્યકાર 'વળી બીજું' એમ કહીને આગળના સૂત્રની સાથે સંબંધ કરે છે(=જોડે છે.)

ઉપશાંતકષાય અને ક્ષીણકષાય આ બેને કેવળ ધર્મધ્યાન જ નથી હોતું કિંતુ શુક્લધ્યાન (પણ) હોય છે.

પ્રશ્ન– શું પૃથક્ત્વવિતર્ક સવિચાર, એકત્વવિતર્ક અવિચાર, સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી અને વ્યુપરતક્રિય અનિવર્તી એ ચાર પ્રકારનું શુક્લધ્યાન હોય છે ?

ઉત્તર– તે બેને ચાર પ્રકારનું શુક્લધ્યાન હોતું નથી.

પ્રશ્ન– તો કેટલા પ્રકારનું શુક્લધ્યાન હોય છે ?

શુક્લધ્યાનના પૂર્વના બે ભેદના સ્વામી–

शुक्ले चाद्ये ॥९-३९॥

સૂત્રાર્થ– ઉપશાંતકષાય અને ક્ષીણકષાય મુનિને શુક્લધ્યાનના પ્રથમ બે ભેદો હોય છે. (૯-૩૯)

ભાષ્યં– शुक्ले चाद्ये ध्याने पृथक्त्ववितर्कैकत्ववितर्के चोपशान्तक्षीण-कषाययोर्भवतः ॥९-३९॥

ભાષ્યાર્થ– પૃથક્ત્વ વિતર્ક સવિચાર અને એકત્વ વિતર્ક અવિચાર એ બે ધ્યાન ઉપશાંતકષાય અને ક્ષીણકષાયને હોય છે. (૯-૩૯)

ટીકા– आद्ये च शुक्ले ध्याने उपशान्तक्षीणकषाययोर्भवतः, के पुनस्ते ?, पृथक्त्वमेकत्ववितर्के, स्वरूपतः कीदृशे ?, उच्यते, पृथग्-अयुतकं भेदस्तद्भावः पृथक्त्वम्-अनेकत्वं तेन सह गतो वितर्कः पृथक्त्ववितर्कः पृथक्त्वमेव वा वितर्कः सहगतं वितर्कपुरोगं पृथक्त्व-वितर्कं, एतच्च परमाणुजीवादावेकद्रव्ये, उत्पादव्ययध्रौव्यादिपर्यायानेक-नयार्पितत्वं तत् पृथक्त्वं, पृथक्त्वेन पृथक्त्वे वा तस्य चिन्तनं वितर्कसहचरितं च सविचारं यत्तत् पृथक्त्ववितर्कसविचारं, पृथक्त्व-मर्थव्यञ्जनयोगानां, वक्ष्यति तत् त्र्येककाययोगायोगानां, वितर्क श्रुतं, विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः, पूर्वगतभङ्गिकश्रुतानुसारेणार्थ-व्यञ्जन-योगान्तरप्राप्तिर्गमनं विचारः, अर्थाद् व्यञ्जनसङ्क्रातिः व्यञ्जनादर्थ-सङ्क्रान्तिः मनोयोगात् काययोगसङ्क्रान्तिर्वाग्योगसङ्क्रान्तिर्वा, एवं

काययोगात्मनोयोगं वाग्योगं वा सङ्क्रामति, तथा वाग्योगात्मनोयोगं काययोगं चेति यत्र सङ्क्रामति तत्रैव निरोधो ध्यानमिति, एकस्य भाव एकत्वं एकस्वभावत्वं गतो वितर्क एकत्ववितर्कः एक एव योगत्रयाणामन्यतमः, तथाऽर्थो व्यञ्जनं चैकमेव, पर्यायान्तरानर्पितमेकपर्यायचिन्तनमुत्पादव्ययध्रौव्यादिपर्यायाणामेकस्मिन् पर्याये निवाततरसुप्रतिष्ठितप्रदीपवत्, निष्प्रकम्पं पूर्वगतश्रुतानुसारि चेतो निर्विचारमर्थव्यञ्जनयोगान्तरेषु तदेकत्ववितर्कमविचारं, भाष्यकारस्तु पूर्वविद इति सूत्रावयवं पृथग्विवृणोति, सम्बन्धयति-एवमेते आद्ये शुक्लध्याने पूर्वविदो भवतः ॥૯-૩૯॥

ટીકાર્થ– ઉપશાંતકષાય અને ક્ષીણકષાય એ બેને પ્રથમના બે શુક્લધ્યાન હોય છે.

પ્રશ્ન– પ્રથમના બે શુક્લધ્યાન કયા છે ?

ઉત્તર– પૃથક્ત્વવિતર્કસવિચાર અને એકત્વવિતર્કઅવિચાર.

પ્રશ્ન– એ બેનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર– પૃથક્ એટલે ભેદ. તેનો ભાવ તે પૃથક્ત્વ, અર્થાત્ અનેકપણું=ભેદપણું. પૃથક્ત્વની સાથે રહેલો વિતર્ક તે પૃથક્ત્વ વિતર્ક. પૃથક્ત્વ એ જ વિતર્ક છે. સાથે રહેલું એટલે આગળ રહેલું(=વિતર્કના આધારે થનારું) ધ્યાન તે પૃથક્ત્વ વિતર્ક. આ ધ્યાન પરમાણુ અને જીવ વગેરે કોઈ એક દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વગેરે પર્યાયો અને અનેક નયોની અપેક્ષાવાળું હોય છે. તેથી પૃથક્ત્વ કહેવાય છે. જુદાપણાથી કે જુદાપણામાં તેનું(=જીવાદિમાં રહેલા પર્યાય આદિનું) વિતર્કની સાથે (=શ્રુતની સહાયથી) ચિંતન કરવું તે સવિચાર છે. જે વિતર્ક સહચરિત અને સવિચાર છે તે પૃથક્ત્વવિતર્કસવિચાર. અર્થ, વ્યંજન અને યોગોનું પૃથક્ત્વ (આગળ) કહેશે. તે (ચાર પ્રકારનું શુક્લધ્યાન) અનુક્રમે ત્રણ યોગ, એક યોગ, કાયયોગ અને અયોગ(=યોગ રહિત)વાળાને હોય છે એમ આગળ (૪૩મા સૂત્રમાં) કહેશે. વિતર્ક એટલે પૂર્વગતશ્રુત એમ

આગળ (૪૬મા સૂત્રમાં) કહેશે. અર્થ, વ્યંજન અને યોગોની સંક્રાન્તિ એ વિચાર છે એમ પણ આગળ (૪૭મા સૂત્રમાં) કહેશે.

પૂર્વમાં રહેલા ભંગિકશ્રુતના અનુસારે અર્થ, વ્યંજન અને અન્ય યોગોમાં જવું તે વિચાર છે. અર્થમાંથી વ્યંજનમાં જવું(=શ્રુતમાં જવું) તે વ્યંજનસંક્રાન્તિ છે. વ્યંજનમાંથી અર્થમાં જવું(=દ્રવ્ય-પર્યાયમાં જવું) તે અર્થસંક્રાન્તિ છે. મનોયોગમાંથી કાયયોગમાં જવું એ કાયયોગ સંક્રાન્તિ છે અથવા મનોયોગમાંથી વચનયોગમાં જવું તે વચનયોગ સંક્રાન્તિ છે. એ પ્રમાણે કાયયોગમાંથી મનોયોગમાં કે વચનયોગમાં સંક્રમણ કરે છે તથા વચનયોગમાંથી મનોયોગમાં કે કાયયોગમાં સંક્રમણ કરે છે. જ્યાં સંક્રમણ કરે છે ત્યાં નિરોધ કરવો(=સ્થિરતા કરવી) એ ધ્યાન છે.

પૃથક્ત્વવિતર્ક સવિચાર

[પૃથક્ત્વ એટલે ભેદ=જુદાપણું. વિતર્ક એટલે પૂર્વગત શ્રુત. વિચાર એટલે દ્રવ્ય-પર્યાયની કે અર્થ-શબ્દની કે મન આદિ ત્રણ યોગની સંક્રાંતિ=પરાવર્તન. વિચારથી સહિત તે સવિચાર.

અહીં ત્રણ શબ્દોથી ત્રણ હકીકત જણાવવામાં આવી છે. (૧) પૃથક્ત્વ શબ્દથી ભેદ. (૨) વિતર્ક શબ્દથી પૂર્વગતશ્રુત અને (૩) સવિચાર શબ્દથી દ્રવ્ય-પર્યાય આદિનું પરિવર્તન. તથા એકાગ્રતાપૂર્વકનું ચિંતન એ અર્થ પૂર્વસૂત્રથી ચાલ્યો આવે છે. આથી પૃથક્ત્વ વિતર્ક સવિચાર ધ્યાનનો અર્થ આ પ્રમાણે થાય છે- જે ધ્યાનમાં પૂર્વગત શ્રુતના આધારે આત્માદિ કોઈ એક દ્રવ્યને આશ્રયીને ઉત્પાદાદિ અનેક પર્યાયોનું એકાગ્રતાપૂર્વક ભેદ(=દ્રવ્ય-પર્યાયનો ભેદ)પ્રધાન ચિંતન થાય અને સાથે દ્રવ્ય-પર્યાય આદિનું પરાવર્તન થાય તે પૃથક્ત્વ વિતર્ક સવિચાર.

આનો ભાવાર્થ આ પ્રમાણે છે- પૂર્વધર મહાત્મા પૂર્વગત શ્રુતના આધારે આત્મા કે પરમાણુ આદિ કોઈ એક દ્રવ્યને આશ્રયીને વિવિધ નયોના અનુસારે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, મૂર્તત્વ-અમૂર્તત્વ, નિત્યત્વ-અનિત્યત્વ આદિ પર્યાયોનું ભેદથી(=ભેદપ્રધાન) ચિંતન કરે છે. આ

વખતે એક દ્રવ્યનો ત્યાગ કરી અન્ય દ્રવ્યોનું કે પર્યાયનું અથવા એક પર્યાયનો ત્યાગ કરી અન્ય પર્યાયનું કે અન્ય દ્રવ્યનું અવલંબન લે છે તથા શબ્દ ઉપરથી અર્થ ઉપર અને અર્થ ઉપરથી શબ્દ ઉપર જાય છે. તેમજ કાયયોગનો ત્યાગ કરી વચનયોગનું કે મનોયોગનું અવલંબન લે છે અથવા વચનયોગનો ત્યાગ કરી કાયયોગનું કે મનોયોગનું અવલંબન લે છે અથવા મનોયોગનો ત્યાગ કરી કાયયોગનું કે વચનયોગનું અવલંબન લે છે. આ પ્રમાણે અર્થ, વ્યંજન અને યોગોનું પરિવર્તન કરે છે.]

એકત્વવિતર્ક અવિચાર

એકનો ભાવ તે એકત્વ. એક સ્વરૂપને પામેલો વિતર્ક તે એકત્વવિતર્ક. એક યોગ એટલે મન-વચન-કાયા એ ત્રણમાંથી કોઈ એક યોગ. તથા આ ધ્યાનમાં અર્થ અને વ્યંજન એક જ હોય છે, અર્થાત્ અર્થ અને વ્યંજનની સંક્રાન્તિ(=પરાવર્તન) થતી નથી. બીજા કોઈ પર્યાયની અપેક્ષા વિના પૂર્વગત શ્રુતાનુસારે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને પર્યાયોમાંથી પવનરહિત સ્થાનમાં સ્થિર રહેલા દીપકની જેમ કોઈ એક પર્યાયનું સ્થિર ચિંતન હોય છે. આ ધ્યાનમાં ચિત્ત વિચાર રહિત હોય છે. એટલે કે અર્થ, વ્યંજન અને યોગની સંક્રાન્તિ હોતી નથી. તેથી આ ધ્યાન એકત્વવિતર્ક અવિચાર છે.

ભાષ્યકાર[1] તો "पूर्वविदः" એવા સૂત્ર અવયવનું અલગ વિવરણ કરે છે, અર્થાત્ પૂર્વના સૂત્રની સાથે સંબંધ કરે છે. તે આ પ્રમાણે—

પહેલા બે શુક્લધ્યાન પૂર્વના જાણકારોને હોય છે.

[એકત્વ એટલે અભેદ. શુક્લધ્યાનના આ ભેદમાં દ્રવ્ય-પર્યાયનું અભેદરૂપે ચિંતન હોય છે. વિતર્ક અને વિચારનો અર્થ પ્રથમ ભેદના અર્થમાં જણાવ્યો છે તે જ છે. વિચારનો અભાવ તે અવિચાર. આ ભેદમાં વિચારનો અભાવ હોય છે. જે ધ્યાનમાં પૂર્વગત શ્રુતના આધારે આત્મા કે પરમાણુ આદિ કોઈ એક દ્રવ્યને આશ્રયીને ઉત્પાદ આદિ કોઈ એક

૧. અર્થાત્ शुक्ले चाद्ये એવા સૂત્ર પછી पूर्वविदः એવું અલગ સૂત્ર માને છે.

પર્યાયનું અભેદથી(=દ્રવ્ય-પર્યાયનું) અભેદપ્રધાન ચિંતન થાય અને અર્થ-વ્યંજન-યોગના પરિવર્તનનો અભાવ હોય તે એકત્વવિતર્ક અવિચાર ધ્યાન. આ ધ્યાન વિચારરહિત હોવાથી પવનરહિત સ્થાને રહેલા દીપકની જેમ નિષ્પ્રકંપ=સ્થિર હોય છે.] (૯-૩૯)

શુક્લધ્યાનના પૂર્વના બે ભેદોના સ્વામી–

પૂર્વવિદઃ ॥૯-૪૦॥

સૂત્રાર્થ– શુક્લધ્યાનના પહેલા બે ભેદો પૂર્વના જાણકારોને હોય છે. (૯-૪૦)

ભાષ્યં– આદ્યે શુક્લે ધ્યાને પૃથક્ત્વવિતર્કૈકત્વવિતર્કે પૂર્વવિદો ભવતઃ ॥૯-૪૦॥

ભાષ્યાર્થ– પ્રથમના પૃથક્ત્વ વિતર્ક (સવિચાર) અને એકત્વવિતર્ક અવિચાર એ બે શુક્લધ્યાન પૂર્વના જાણકારોને હોય છે. (૯-૪૦)

ટીકા– પૂર્વવિદૌ યાવુપશાન્તક્ષીણકષાયૌ તયોર્ભવતઃ, સૂત્રાન્તરમેવ વ્યાચષ્ટે, ન તુ પરમાર્થતઃ પૃથક્ સૂત્રં, પૂર્વં પ્રણયનાત્ પૂર્વાણિ ચતુર્દશ તદ્વિદઃ પૂર્વવિદસ્તે ભવતો, નૈકાદશાઙ્ગવિદઃ, એવમાદ્યશુક્લધ્યાનદ્વયસ્ય સ્વામિનિયમનમભિહિતમ્ ॥૯-૪૦॥

ટીકાર્થ– પૂર્વના જાણકાર એવા ઉપશાંતકષાય અને ક્ષીણકષાય મુનિઓને શુક્લધ્યાનના બે ભેદો હોય છે. ભાષ્યકાર આ પ્રમાણે "પૂર્વવિદઃ" એવું જુદુ સૂત્ર જ કહે છે, પણ પરમાર્થથી તો આ સૂત્ર જુદું નથી.

ગણધરોએ સર્વપ્રથમ પૂર્વોની રચના કરી હોવાથી પૂર્વો કહેવાય છે. તે પૂર્વો ચૌદ છે. તેને જાણનારા(=ચૌદપૂર્વને જાણનારા)ઓને તે બે(=પહેલા બે શુક્લધ્યાન) હોય છે. પણ અગિયાર અંગ જાણનારાઓને ન હોય. આ પ્રમાણે પહેલા બે શુક્લધ્યાનના સ્વામીનો નિયમ કહ્યો. (૯-૪૦)

ટીકાવતરણિકા– પાશ્ચાત્યશુક્લધ્યાનદ્વયસ્ય કઃ સ્વામીતિ તન્નિર્દિદિક્ષયોવાચ–

ટીકાવતરણિકાર્થ– પછીના બે શુક્લધ્યાનના સ્વામી કોણ છે ? એમ પછીના બે શુક્લધ્યાનના સ્વામીનો નિર્દેશ કરવાની ઇચ્છાથી કહ્યું છે કે–

શુક્લધ્યાનના અંત્ય બે ભેદના સ્વામી–

परे केवलिनः ॥૯-૪૧॥

સૂત્રાર્થ– શુક્લધ્યાનના અંતિમ બે ભેદો કેવલીને હોય છે. (૯-૪૧)

ભાષ્યં– परे द्वे शुक्ले ध्याने केवलिन एव भवतः, न छद्मस्थस्य ॥૯-૪૧॥

ભાષ્યાર્થ– શુક્લધ્યાનના પછીના બે ભેદો(=ધ્યાનો) કેવલીને જ હોય છે. છદ્મસ્થને ન હોય. (૯-૪૧)

ટીકા– परे इति परं परं च परे, सूत्रसन्निवेशमाश्रित्य सूक्ष्मक्रियमप्रतिपाति व्युपरतक्रियमनिर्वृत्ति ग्रहीतव्यं, ते च केवलिन एव त्रयोदशचतुर्दशगुणस्थानक्रमेणैव भवतः छद्मस्थस्य तु नैते जातुचिद्भवत इति, अत्र सूक्ष्मक्रियमप्रतिपातीति सूक्ष्मा क्रिया यत्र तत् सूक्ष्मक्रियं, तच्च योगनिरोधकाले भवति, वेद्यनामगोत्रकर्म्मणां भवधारणानामायुष्कादधिकानां समुद्घातसामर्थ्यादचिन्त्यवीर्यशक्तित आयुष्कसमीकृतानां (? कृतस्य) मनोवाक्काययोगपरिणतस्यौदारिकशरीरत्रिभागोनस्थस्य केवलिनः संज्ञिपञ्चेन्द्रियद्वीन्द्रियपर्याप्तबादरपनकासङ्ख्येयगुणहीनं सूक्ष्मयोगित्वमप्रतिपाति-अप्रच्युतस्वभावं आ व्युपरतक्रियानिर्वृत्तिध्यानावाप्तेः, उक्तं च-

"अप्रतिपाति ध्यायन् कश्चित् सूक्ष्मक्रियं विहृत्यान्ते ।
आयुःसमीक्रियार्थं त्रयस्य गच्छेत् समुद्घातम् ॥१॥
आर्द्राम्बराशुशोषवदात्मविस्तरणविशुष्कसमकर्मा ।
समयाष्टकेन देशे स्थित्वा योगात् क्रमात् द्वन्द्वे ॥२॥
आयुष्कस्यापि विरल्लितस्य न ह्रास्यते स्थितिः कस्माद् ? ॥
इति वा नोद्यं चरमशरीरो निरुपक्रमायुः कङ्कटुकवत् ॥३॥

दण्डकपाटकरेचकक्रियाजगत्पूरणं चतुःसमयं ।
क्रमशो निर्वृतिरपि च तथैव प्रोक्ता चतुःसमया ॥४॥

विकसनसङ्कोचनधर्मत्वाज्जीवस्य तत्तथा सिद्धं ।
यद्वदनन्तं वीर्यं तस्य ज्ञानं च गतितिमिरं ॥५॥

शेषे संयोगितायाः समये समये संहरत्यसङ्ख्येयान् ।
भावान् स्थितेरनन्तान् भागान् स शुभानुभावस्य ॥६॥

स ततो योगनिरोधं करोति लेश्यानिरोधमभिकाङ्क्षन् ।
समयस्थितिं च बन्धं योगनिमित्तं स निरुरुत्सन् ॥७॥

समये समये कर्म्मादाने सति सन्ततेर्न मोक्षः स्यात् ।
यद्यपि हि विमुच्यन्ते स्थितिक्षयात् पूर्वकर्म्माणि ॥८॥

नोकर्म्मणो हि वीर्यं योगद्रव्येण भवति जीवस्य ।
तस्यावस्थानेन तु सिद्धः समयस्थितिर्बन्धः ॥९॥

बादरतत्वात् पूर्वं वाङ्मनसी बादरे स निरुणद्धि क्रमेणैव ।
सालम्बनाय करणं हि तदिष्टं तत्र वीर्यवतां ॥१०॥

सत्यप्यनन्तवीर्यत्वे वा बादरतनुमपि निरुणद्धि ततः ।
सूक्ष्मेण काययोगेन निरुध्यते सूक्ष्मो योगः ॥११॥

सति बादरे च योगे न हि धावन् वेपथुं निवारयति ।
नाशयति काययोगं स्थूलं सोऽपूर्वफड्डुकीकृत्य ॥१२॥

शेषस्य काययोगस्य तथा कृतीश्च स करोति सूक्ष्मेण
काययोगेन ततो निरुणद्धि सूक्ष्मवाङ्मनसे ।
भवति ततः स सूक्ष्मक्रियस्तदाकृतिगतयोगः ॥१३॥

तमपि स योगं सूक्ष्मं निरुरुत्सन् सर्वपर्यायानुगतं ।
ध्यानं सूक्ष्मक्रियमप्रतिपात्युपयाति वितमस्कम् ॥१४॥

ध्याने दृढार्पिते परमात्मनि ननु निष्क्रियो भवति कायः ।
प्राणापाननिमेषोन्मेषवियुक्ते मृतस्येव ॥१५॥
ध्यानार्पितोपयोगस्यापि न वाङ्मानसक्रिये यस्माद् ।
अन्तर्वर्त्तित्वादुपरमतस्तेन तयोर्ध्यानेन निरोधनं नेष्टं ॥१६॥
स ततस्तेन ध्यानेन निरुद्धे सूक्ष्मकाययोगेऽपि ।
निष्क्रियदेहो भवति स्थितोऽपि देहे विगतलेश्यः ॥१७॥
तुर्यध्याने योगाभावात् समयस्थितिनोऽपि न कर्म्मणो भवति बन्धः ।
ध्यानार्पणसंहारात् किञ्चिच्च स संहृतावयवः ॥१८॥
लेश्याक्रियानिरोधो योगनिरोधश्च गुणनिरोधेन ।
इत्युक्ते विज्ञेयो बन्धनिरोधश्च हि तथैव ॥१९॥
त्रसबादरपर्याप्तादेयसुभगकीर्त्तिमनुजनामानि ।
पञ्चेन्द्रियतामन्यतरवेद्यमुच्चं तथा गोत्रं ॥२०॥
मनुजायुष्कं च स एकादश वेदयति कर्म्मणां प्रकृतीः ।
वेदयति तु तीर्थकरो द्वादश सह तीर्थकृत्त्वेन ॥२१॥
स ततो देहत्रयमोक्षार्थमनिवृत्ति सर्वकालगतं ।
उपयाति समुच्छिन्नक्रियमतमस्कं परं ध्यानम् ॥२२॥
व्युपरतक्रियमनिवर्त्तीत्यर्थः, तद्धि तावदनुवर्त्तते यावन्न मुक्तः ॥९-४१॥

ટીકાર્થ– परं च परं च इति परे (द्वन्द्व समास) એક પર અને બીજું પર એમ પરે એવું રૂપ થાય છે. સૂત્રની રચનાને આશ્રયીને પરે એવા પ્રયોગથી સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી અને વ્યુપરતક્રિય અનિવૃત્તિ એ બે ધ્યાન ગ્રહણ કરવા અને આ બે ધ્યાન કેવલીને જ ક્રમશઃ તેરમા અને ચૌદમા ગુણસ્થાને હોય છે. આ બે ધ્યાન છદ્મસ્થને ક્યારેય હોતા નથી.

સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી

અહીં સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી એટલે જેમાં(=જે ધ્યાનમાં) ક્રિયા (અત્યંત) સૂક્ષ્મ છે તે સૂક્ષ્મક્રિય અને તે યોગનિરોધકાળે હોય છે.

આયુષ્યકર્મથી અધિક રહેલા ભવધારણીય વેદનીય, નામ, ગોત્ર કર્મોને સમુદ્‌ઘાતના સામર્થ્યથી (ઉત્પન્ન થયેલી) અચિંત્ય વીર્યશક્તિથી આયુષ્ય સમાન સ્થિતિ કરેલી છે જેમણે તેવા મન-વચન-કાયયોગની પરિણતિવાળા, ત્રીજો ભાગ ન્યૂન થયેલા ઔદારિક શરીરમાં રહેલા કેવલીને સંજ્ઞિપંચેન્દ્રિય-બેઇન્દ્રિય પર્યાપ્ત બાદરપનગથી અસંખ્યેયગુણ હીન સૂક્ષ્મયોગિપણું એ સૂક્ષ્મક્રિય છે.

અપ્રતિપાતી એટલે નાશ ન થવાના સ્વભાવવાળું.

સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી ધ્યાન વ્યુપરતક્રિય અનિવૃતિ ધ્યાનની પ્રાપ્તિ સુધી હોય છે.

[આનો ભાવાર્થ આ પ્રમાણે છે- યોગનિરોધકાળે કેવલી ભગવંત જઘન્યમનોયોગવાળા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયના મનોયોગથી પણ અસખ્યંગુણહીન (બાદર) મનોયોગનો નિરોધ કરે છે. જઘન્ય વચન-યોગવાળા પર્યાપ્ત બેઇન્દ્રિયના વચનયોગથી (અને પર્યાપ્ત સાધારણ વનસ્પતિકાયના જઘન્ય શ્વાસોચ્છ્વાસથી) અસંખ્યેયગુણ હીન વચનયોગનો (અને શ્વાસોચ્છ્વાસનો) નિરોધ કરે છે, તે જ પ્રમાણે પર્યાપ્ત બાદર પનકના જઘન્ય કાયયોગથી અસંખ્યગુણહીન કાયયોગનો નિરોધ કરે છે. આ સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી ધ્યાન છે.

પ્રશ્ન– આ ધ્યાન ક્યાં સુધી હોય ?

ઉત્તર– વ્યુપરતક્રિય અનિવૃત્તિ ધ્યાન ન આવે ત્યાં સુધી આ ધ્યાન હોય.] કહ્યું છે કે–

સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી ધ્યાનને કરતો કોઇક જીવ સૂક્ષ્મક્રિય કરીને વેદનીય, નામ, ગોત્ર એ ત્રણ કર્મને આયુષ્ય સમાન કરવા માટે સમુદ્‌ઘાતને પામે=કરે (૧) પહોળું કરેલું ભીનું કપડું જે રીતે જલદી સુકાઇ જાય તે રીતે આત્માને વિસ્તારવાથી વિશેષથી સુકાયેલા કર્મવાળો આત્મા આયુષ્યની સમાન કર્મવાળો થાય છે. કહ્યું છે કે[૧]–

૧. આ સાક્ષી ગાથાઓનો અર્થ મને બરાબર સમજાયો ન હોવાથી લખ્યો નથી.

ત્યારબાદ તે ત્રણ શરીરનો(=તૈજસ-કાર્મણ અને ઔદારિકનો) ત્યાગ કરવા માટે સર્વકાલ સંબંધી(=ક્યારેય ત્રણ શરીર નહિ પામવાની) અનિવૃત્તિને પામે છે.

આ ધ્યાનમાં બધી ક્રિયા નિવૃત્ત થઇ ગઇ હોય છે તેથી સમુચ્છિન્નક્રિય (=વ્યુપરતક્રિય) કહેવાય છે અને તે પ્રકાશવાળું શ્રેષ્ઠ ધ્યાન હોય છે. આ ધ્યાન જીવ જ્યાં સુધી મુક્ત ન થાય=મોક્ષ ન પામે ત્યાં સુધી રહે છે.

વ્યુપરતક્રિયાનિવૃત્તિ

[વ્યુપરતક્રિયાનિવૃત્તિ શબ્દમાં વ્યુપરતક્રિય અને અનિવૃત્તિ એ બે શબ્દો છે. જેમાં સર્વથા ક્રિયા અટકી ગઇ છે તે વ્યુપરતક્રિય. જેમાં નિવૃત્તિ (=અટકવાનું) નથી તે અનિવૃત્તિ. જેમાં મન આદિ ત્રણે યોગોનો સર્વથા નિરોધ થઇ જવાથી કોઇપણ જાતની ક્રિયા નથી તથા જે ધ્યાન આત્મા મોક્ષમાં જાય ત્યાં સુધી જરાપણ અટકતું નથી=પાછું ફરતું નથી તે ધ્યાન વ્યુપરતક્રિયાનિવૃત્તિ. આ ભેદ ચૌદમાં ગુણસ્થાને હોય છે.] (૯-૪૧)

ભાષ્યાવતરણિકા– અત્રાહ- ઉક્તં ભવતા પૂર્વે શુક્લે ધ્યાને પરે શુક્લે ધ્યાને ઇતિ । તત્ કાનિ તાનીતિ । અત્રોચ્યતે–

ભાષ્યાવતરણિકાર્થ– અહીં કહે છે કે- 'પૂર્વના બે શુક્લધ્યાન અને પછીના બે શુક્લધ્યાન' એ પ્રમાણે આપે કહ્યું હતું, તો તે કયા છે ? અહીં કહેવાય છે–

ટીકાવતરણિકા– અત્રાહોક્તમિત્યાદિ સમ્બન્ધઃ, 'શુક્લે ચાદ્યે દ્વે પૂર્વવિદ' ઇત્યુક્તં 'પરે દ્વે કેવલિન' ઇતિ ચાભિહિતં, તત્ કાનિ તાનીત્યજાનાનેન પ્રશ્ને કૃતે અત્રોચ્યત ઇત્યાહ–

ટીકાવતરણિકાર્થ– અત્રાહ-ઉક્તમિત્યાદિ, પૂર્વના બે શુક્લધ્યાન પૂર્વવિદને હોય એમ (અ.૯ સૂ.૩૯-૪૦ માં) અને પછીના બે શુક્લધ્યાન કેવલીને હોય એમ (અ.૯ સૂ.૪૧ માં) કહ્યું હતું. તો તે કયા છે ? નહીં જાણનાર આ પ્રમાણે પ્રશ્ન કરે છે, તેનો અહીં ઉત્તર અપાય છે.

શુક્લધ્યાનના ચાર ભેદો–

पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रिया-निवृत्तीनि ॥૯-૪૨॥

સૂત્રાર્થ– પૃથક્ત્વ વિતર્ક (સવિચાર) એકત્વ વિતર્ક (અવિચાર) સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી અને વ્યુપરતક્રિયાનિવૃત્તિ એ ચાર શુક્લધ્યાનના ભેદો છે. (૯-૪૨)

भाष्यं– पृथक्त्ववितर्कं एकत्ववितर्कं काययोगानां सूक्ष्मक्रियाप्रतिपाति व्युपरतक्रियानिवृत्तीति चतुर्विधं शुक्लध्यानम् ॥૯-૪૨॥

ભાષ્યાર્થ– પૃથક્ત્વવિતર્ક (સવિચાર), એકત્વવિતર્ક (અવિચાર) સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી અને વ્યુપરતક્રિયાનિવૃત્તિ એમ ચાર પ્રકારનું શુક્લ-ધ્યાન છે. (૯-૪૨)

टीका– पृथक्त्ववितर्कमित्यादिना भाष्येण नामग्राहं पठति चतुरोऽपि भेदान्, एते चोक्तलक्षणा भेदाः ॥૯-૪૨॥

ટીકાર્થ– પૃથક્ત્વવિતર્ક ઇત્યાદિ ભાષ્યથી નામ લઈને (ધ્યાનના) ચારેય ભેદોને કહે છે- આ ચારેય ભેદોનું લક્ષણ પૂર્વે કહી દીધું છે. (૯-૪૨)

टीकावतरणिका– शुक्लध्यानमित्थं चतुर्विधमिति सस्वामिकमुक्तं, तस्याधुना पूर्वोक्तस्वामिन एव विशेषाः कथ्यन्ते–

ટીકાવતરણિકાર્થ– આ પ્રમાણે ચારે ય પ્રકારનું શુક્લધ્યાન સ્વામી સહિત કહ્યું. હવે તે ચારે ધ્યાનના પૂર્વોક્ત સ્વામીઓના જ વિશેષો કહેવાય છે.

ધ્યાનમાં યોગની વિચારણા–

तत् त्र्येककाययोगायोगानां ॥૯-૪૩॥

સૂત્રાર્થ– તે (ચાર પ્રકારનું શુક્લધ્યાન) અનુક્રમે ત્રણ યોગ, એક યોગ, કાયયોગ અને અયોગને(=યોગરહિતને) હોય છે. (૯-૪૩)

भाष्यं– तदेतच्चतुर्विधं शुक्लध्यानं त्रियोगस्यान्यतमयोगस्य काय-योगस्यायोगस्य च यथासङ्ख्यं भवति । तत्र त्रियोगानां पृथक्त्ववितर्कं,

एकान्यतमयोगानामेकत्ववितर्कं, काययोगानां सूक्ष्मक्रियमप्रतिपाति, अयोगानां व्युपरतक्रियमनिवृत्तीति ॥૯-૪૩॥

ભાષ્યાર્થ– તે જ ચાર પ્રકારનું શુક્લધ્યાન અનુક્રમે ત્રણયોગવાળાને, ત્રણમાંથી કોઈપણ એક યોગવાળાને, કાયયોગવાળાને અને યોગરહિતને હોય છે. તેમાં ત્રણ યોગવાળાને પૃથક્ત્વવિતર્ક ધ્યાન હોય છે. કોઈપણ એક યોગવાળાને એકત્વવિતર્ક ધ્યાન હોય છે. કાયયોગવાળાને સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી ધ્યાન હોય છે. અયોગવાળાને(=યોગરહિતને) વ્યુપરતક્રિય અનિવૃત્તિ ધ્યાન હોય છે. (૯-૪૩)

ટીકા– तदेतच्चतुर्विधं शुक्लध्यानं प्रथमद्वितीयोत्तमसंहननवतो भवति, तत्राद्यं पृथक्त्ववितर्कं त्रियोगस्य भवति, मनोवाक्काययोगव्यापारवत इत्यर्थः, एकान्यतमयोगानामिति, अन्यतमैकयोगानामेकत्ववितर्कं, एकः अन्यतमः कायादीनां योगो यस्य ध्यायिनो व्याप्रियते कदाचिन्मनोयोगः कदाचिद्वाग्योगः कदाचित् काययोगः इति, काययोगानामिति कायैकयोगभाजामेव सूक्ष्मक्रियमप्रतिपाति शुक्लध्यानं भवति, निरुद्धयोगद्वयावस्थानां कायव्यापारवतां सूक्ष्मक्रियं भवति, न च प्रतिपतति, अयोगानामिति शैलेश्येकावस्थानां ह्रस्वाक्षरपञ्चकोच्चारणसमकालानां मनोवाक्काययोगत्रयरहितानां व्युपरतक्रियमनिवर्ति ध्यानं भवति, उक्तं च-

"यदर्थव्यञ्जने कायवचसी च पृथक्कृतः ।
मनः संक्रमयत्यात्मा, स विचारोऽभिधीयते ॥१॥
संक्रान्तिरर्थादर्थं यद्, व्यञ्जनाद् व्यञ्जनं तथा ।
योगाच्च योगमित्येष, विचार इति वा मतः ॥२॥
अर्थादिव पृथक्त्वेन, यद् वितर्कयतीव हि ।
ध्यानमुक्तं समासेन, तत् पृथक्त्वविचारवत् ॥३॥
अविकम्पमनस्त्वेन, योगसङ्क्रान्तिनिःस्पृहं ।
तदेकत्ववितर्काख्यं, श्रुतज्ञानोपयोगवत् ॥४॥

सूक्ष्मकायक्रियां रुन्धन्, सूक्ष्मवाङ्मानसक्रियः ।
यद् ध्यायति तदप्युक्तं, सूक्ष्ममप्रतिपाति च ॥५॥

कायिकी च यदैषापि, सूक्ष्मोपरमति क्रिया ।
अनिवर्त्ति तदप्युक्तं, ध्यानं व्युपरतक्रियम् ॥६॥९-४३॥

ટીકાર્થ– આ ચાર પ્રકારનું શુક્લધ્યાન પહેલા અને બીજા ઉત્તમ સંઘયણવાળાને હોય છે. તેમાં પહેલું પૃથક્ત્વવિતર્કધ્યાન ત્રણ યોગવાળાને હોય છે, અર્થાત્ મન-વચન-કાયાના વ્યાપારવાળાને હોય છે. ત્રણમાંથી કોઈપણ એક યોગવાળાને એકત્વ વિતર્ક ધ્યાન હોય છે, અર્થાત્ ક્યારેક મનોયોગ હોય, ક્યારેક વચનયોગ હોય અને ક્યારેક કાયયોગ હોય. કાયયોગવાળાને જ સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી શુક્લધ્યાન હોય છે. જેમણે મન-વચન એ બે યોગોનો નિરોધ કરી દીધો છે તેવા કાયવ્યાપારવાળાને સૂક્ષ્મક્રિય ધ્યાન હોય છે અને એ ધ્યાનનો પ્રતિપાત થતો નથી.

શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થયેલા અને હ્રસ્વ(= અ ઇ ઉ ઋ લૃ એ) પાંચ અક્ષર ઉચ્ચાર જેટલો કાળ બાકી રહ્યો છે અને મન, વચન અને કાયા એ ત્રણેય યોગથી રહિત બનેલા છે, તેવા મહાત્માઓને વ્યુપરતક્રિય અનિવૃત્તિ નામનું શુક્લધ્યાન હોય છે. કહ્યું છે કે–

જેમાં આત્મા અર્થમાંથી વ્યંજનમાં, વ્યંજનમાંથી અર્થમાં અને કાયાથી વચનમાં, વચનથી કાયામાં એમ જુદી જુદી રીતે મનનું સંક્રમણ કરે છે તે વિચાર કહેવાય છે. (૧) (બીજો મત) જેમાં આત્મા મનને (એક) અર્થમાંથી (બીજા) અર્થમાં (એક) વ્યંજનમાંથી (બીજા) વ્યંજનમાં અને એક યોગમાંથી બીજા યોગમાં સંક્રમાવે છે તે વિચાર કહેવાય છે. (એમ બીજો મત છે.) (૨) જે અર્થમાંથી વ્યંજનને ફક્ત જુદાપણે વિચારે છે તે ધ્યાન સંક્ષેપથી પૃથક્ત્વવિતર્ક (વિચારવાળું) કહેવાયું છે. (૩) મન સ્થિર હોવાને કારણે યોગસંક્રાન્તિની સ્પૃહાથી રહિત, અર્થાત્ સંક્રાન્તિ વિનાનું, શ્રુતજ્ઞાનના ઉપયોગવાળું ધ્યાન એકત્વવિતર્ક (અવિચાર) નામનું છે. (૪) સૂક્ષ્મકાયની ક્રિયાનો નિરોધ કરતો, સૂક્ષ્મ મન અને

વચનની ક્રિયાવાળો આત્મા જે ધ્યાન કરે છે તેને સૂક્ષ્મ (ક્રિય) અપ્રતિપાતી ધ્યાન કહ્યું છે. (૫) જેમાં સૂક્ષ્મકાયક્રિયા પણ અટકી જાય છે તે ધ્યાન વ્યુપરતક્રિય (અનિવૃત્તિ) છે. (૬)

[ધ્યાનનો પ્રથમભેદ મન આદિ ત્રણે યોગોના વ્યાપારવાળાને, બીજો ભેદ ત્રણમાંથી ગમે તે એક યોગના વ્યાપારવાળાને, ત્રીજો ભેદ કાયયોગના વ્યાપારવાળાને, ચોથો ભેદ યોગ વ્યાપારરહિત જીવને હોય છે, અર્થાત્ ધ્યાનના પ્રથમ ભેદમાં ત્રણેય યોગોનો વ્યાપાર હોય છે. બીજા ભેદમાં ગમે તે એક યોગનો અને ત્રીજામાં કેવળ કાયયોગનો વ્યાપાર હોય છે. ચોથામાં યોગવ્યાપારનો અભાવ હોય છે.

પ્રશ્ન– ચિત્તનો નિરોધ(=ચિત્તની નિશ્ચલતા) એ ધ્યાન છે. કેવલી ભગવંતને ચિત્ત હોતું નથી તેથી તેમને ધ્યાન કેવી રીતે હોય ? જ્યારે અહીં તો કેવલીને બે ધ્યાન કહ્યાં છે.

ઉત્તર– જૈનશાસનમાં ચિત્તનો નિરોધ કરવો એ જ ધ્યાન નથી કિંતુ મન-વચન-કાયા રૂપ યોગોનો નિરોધ કરવો એ પણ ધ્યાન છે. એથી કેવલીને પણ યોગનિરોધરૂપ ધ્યાન હોય.

પ્રશ્ન– ધ્યૈ ધાતુથી ધ્યાન શબ્દ બન્યો છે. ધ્યૈ ધાતુનો અર્થ ચિત્તનો નિરોધ કરવો એવો છે, યોગનો નિરોધ કરવો એવો અર્થ નથી. તેથી યોગનિરોધને ધ્યાન કેવી રીતે કહેવાય ?

ઉત્તર– ધ્યૈ ધાતુના અનેક અર્થો છે. તેથી ધ્યૈ ધાતુનો યોગનિરોધ કરવો (યોગને સ્થિર કરવો) એવો અર્થ પણ છે.

પૂર્વપક્ષ– કેવલીને છેલ્લા બે ધ્યાન હોય છે. તેમાં તેરમા ગુણઠાણે થનારા ત્રીજા ધ્યાનમાં કાયયોગનો નિરોધ થતો હોવાથી યોગનિરોધ હોય છે. પણ ચૌદમા ગુણઠાણે યોગનિરોધ થઈ ગયો હોવાથી યોગનિરોધ નથી. આથી ધ્યૈ ધાતુના યોગનિરોધ અર્થથી પણ ચૌદમા ગુણઠાણે ધ્યાન ન ઘટે.

ઉત્તરપક્ષ– પૂર્વે કહ્યું છે કે ધ્યૈ ધાતુના અનેક અર્થો છે. આથી ધ્યૈ ધાતુનો 'અયોગાવસ્થા' એવો અર્થ પણ છે, અર્થાત્ ધ્યૈ ધાતુના

મનનિરોધ, યોગનિરોધ અને અયોગાવસ્થા એમ ત્રણ અર્થો છે. ધ્યૈ ધાતુનો છદ્મસ્થના ધ્યાનમાં મનનિરોધ અર્થ છે. તેરમા ગુણસ્થાનમાં થતા ધ્યાનમાં યોગનિરોધ અર્થ છે અને ચૌદમા ગુણસ્થાને થતા ધ્યાનમાં 'અયોગાવસ્થા' અર્થ છે.

પ્રશ્ન– આવી રીતે ધ્યૈ ધાતુના પ્રસિદ્ધ અર્થ સિવાય અન્ય અર્થ કરવામાં(=માનવામાં) અન્યાય નથી થતો ?

ઉત્તર– ના, જિનવચનને અનુસરવા માટે અન્ય અર્થ કરવામાં અન્યાય થતો નથી.] (૯-૪૩)

શુક્લધ્યાનના પ્રથમના બે ભેદોમાં વિશેષતા–

एकाश्रये सवितर्के पूर्वे ॥९-४४॥

સૂત્રાર્થ– પૂર્વના બે ભેદો એકાશ્રય અને સવિતર્ક હોય છે. (૯-૪૪)

भाष्यं– एकद्रव्याश्रये सवितर्के पूर्वे ध्याने प्रथमद्वितीये । तत्र सविचारं प्रथमम् । ॥९-४४॥

ભાષ્યાર્થ– પહેલું ને બીજું શુક્લધ્યાન એક દ્રવ્યના આશ્રયવાળું અને સવિતર્ક હોય છે. તેમાં પહેલું ધ્યાન સવિચાર છે. (૯-૪૪)

टीका– एकः आश्रयः-आलम्बनं ययोस्ते एकाश्रये इति पूर्वविदारभ्ये, मतिगर्भश्रुतप्रधानव्यापाराच्चैकाश्रयता, परमाणुद्रव्यमेवैकमालम्ब्य आत्मादि द्रव्यं वा श्रुतानुसारेण निरुद्धचेतसः शुक्लध्याने इति, वितर्कः श्रुतमिति वक्ष्यति, सह एकद्रव्याश्रयेण वितर्केण सवितर्के, पूर्वगत-श्रुतानुसारिणी इत्यर्थः, पूर्वं च पूर्वं च पूर्वे ध्याने, एतदेव निश्चिनोति-प्रथमद्वितीये इति, पृथक्त्ववितर्कमेकत्ववितर्कं च, तत्र तयोर्यत् प्रथममाद्यं पृथक्त्ववितर्कं तत् सविचारं सह विचारेण सविचारं सह सङ्क्रान्त्येतियावत्, वक्ष्यति-विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः, कथं पुनरनुपात्तं सूत्रे सविचारमिति गम्यते ?, अविचारं द्वितीयमिति-वचनादर्थलभ्यं प्रथमं सविचारमिति ॥९-४४॥

ટીકાર્થ– એકાશ્રય-એક આશ્રય=આલંબન છે જેમનું તે એકાશ્રય. આ ધ્યાન પૂર્વના જાણકાર મુનિ શરૂ કરે છે. મતિ અને શ્રુતના પ્રધાન વ્યાપારના કારણે એકાશ્રયતા કહેવાય છે, અર્થાત્ એકાશ્રય એટલે મતિ અને શ્રુતની પ્રધાનતાવાળું. એક પરમાણુ દ્રવ્યનું જ આલંબન કરીને અથવા આત્મા વગેરે (કોઇ એક) દ્રવ્યનું આલંબન કરીને શ્રુતાનુસારે જેણે ચિત્તનો નિરોધ કર્યો છે એવા મુનિને પ્રથમના બે શુક્લધ્યાન હોય છે. વિતર્ક એટલે શ્રુત એમ આગળના સૂત્રમાં કહેશે. એક દ્રવ્યના આશ્રય વડે પૂર્વગતશ્રુતાનુસારે વિતર્કથી સહિત હોય તે એકાશ્રયસવિતર્ક છે.

મૂળ સૂત્રમાં રહેલ "પૂર્વે" એ પદની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે– પૂર્વં ચ પૂર્વં ચ ઇતિ પૂર્વે, પૂર્વે એ પદ ધ્યાનનું વિશેષણ છે. પૂર્વ એવા બે ધ્યાન. આને જ(=પૂર્વે એ પદને) ભાષ્યકાર નિશ્ચિત કરે છે– પૂર્વે એટલે પહેલું અને બીજું ધ્યાન. પૃથક્ત્વ વિતર્ક એ પહેલું ધ્યાન છે. એકત્વ વિતર્ક એ બીજું ધ્યાન છે. તે બેમાં પહેલું પૃથક્ત્વ વિતર્ક ધ્યાન સવિચાર છે. વિચારથી સહિત તે સવિચાર, અર્થાત્ તે ધ્યાન વિચારથી(=સંક્રાન્તિથી) સહિત હોય છે. આગળના સૂત્રમાં કહેશે કે અર્થ-વ્યંજન-યોગની સંક્રાન્તિ એ વિચાર છે.

પ્રશ્ન– સૂત્રમાં સવિચાર પદ ગ્રહણ કર્યું નથી છતાં સવિચાર કેવી રીતે ગ્રહણ કરાયું ?

ઉત્તર– અવિચારં દ્વિતીયં એવું જે ૯-૪૫ સૂત્ર છે તેના ઉપરથી પહેલું ધ્યાન સવિચાર છે એમ જણાય છે.

[એકાશ્રય એટલે આત્મા કે પરમાણુ આદિ કોઇ એક આલંબન સહિત. સવિતર્ક એટલે શ્રુતસહિત=પૂર્વગત શ્રુતના આધારવાળું. શુક્લધ્યાનના પ્રારંભના બે ભેદોમાં આત્મા કે પરમાણુ આદિ કોઇ એક દ્રવ્યનું આલંબન હોય છે, અર્થાત્ કોઇ એક દ્રવ્ય સંબંધી ધ્યાન કરવામાં આવે છે તથા પૂર્વગતશ્રુતનો આધાર હોય છે, અર્થાત્ પૂર્વગત શ્રુતના આધારે ધ્યાન કરવામાં આવે છે.] (૯-૪૪)

પહેલા અને બીજા ભેદમાં તફાવત–

अविचारं द्वितीयं ॥९-४५॥

સૂત્રાર્થ– શુક્લધ્યાનનો બીજો ભેદ વિચારથી રહિત હોય છે. (૯-૪૫)

ભાષ્યં– अविचारं सवितर्कं द्वितीयं ध्यानं भवति ॥४-४५॥

ભાષ્યાર્થ– બીજું ધ્યાન અવિચાર અને સવિતર્ક હોય છે. (૯-૪૫)

ટીકા– अविद्यमानविचारं, अर्थव्यञ्जनसङ्क्रान्तियोगरहितमित्यर्थः, द्वितीयमिति सूत्रप्रामाण्यादेकत्ववितर्कमविचारं भवति ध्यानमिति ॥९-४५॥

ટીકાર્થ– જેમાં વિચાર વિદ્યમાન નથી તે અવિચાર, અર્થાત્ અર્થ, વ્યંજન અને યોગની સંક્રાન્તિ રહિત તે અવિચાર. બીજું ધ્યાન સૂત્રના પ્રામાણ્યથી એકત્વ વિતર્ક અવિચાર એવું છે. (૯-૪૫)

ભાષ્યાવતરણિકા– अत्राह- वितर्कविचारयोः कः प्रतिविशेष इति । अत्रोच्यते–

ભાષ્યાવતરણિકાર્થ– અહીં પ્રશ્ન કરે છે કે વિતર્ક અને વિચારમાં શો ભેદ છે ? અહીં ઉત્તર કહેવાય છે–

ટીકાવતરણિકા– अत्राहेत्यादि वितर्कविचारयोर्विशेषमजानानः स्वरूपमनवगच्छन् परः पृच्छति, प्रतिविशेष इति प्रतिशब्दस्तत्त्वाख्यायां वर्त्तते, यथा शोभनश्चैत्रः प्रति मातरं, एवं प्रतिविशेषः स्वरूपमितरेतरव्यावृत्तं तत्त्वं वितर्कसविचारयोः कीदृगिति तत्त्वमाख्यायतां, अत्रोच्यत इत्याह–

ટીકાવતરણિકાર્થ– અત્રાહેત્યાદિ-વિતર્ક અને વિચારના વિશેષને (=સ્વરૂપને) નહિ જાણતો બીજો પૂછે છે કે વિતર્ક અને વિચારમાં શો ભેદ છે ? અહીં પ્રતિ શબ્દ તાત્ત્વિક વ્યાખ્યાનના અર્થમાં છે. જેમકે ચૈત્ર દરેક માતાને સારો જણાય છે. એ પ્રમાણે અહીં પ્રતિવિશેષ શબ્દ અન્ય અન્યથી વ્યાવૃત્ત થયું છતું વિતર્ક અને વિચારનું તાત્ત્વિક સ્વરૂપ

કેવું છે ? એમ તત્ત્વને પુછવાના અર્થમાં છે. અહીં કહેવાય છે એ પ્રમાણે સૂત્રકાર કહે છે–

[આથી પ્રથમ ભેદ વિચાર સહિત હોય છે એ અર્થાપત્તિથી સિદ્ધ થાય છે. દ્રવ્ય-પર્યાય, શબ્દ-અર્થ અને યોગોનું સંક્રમણ=પરિવર્તન વિચાર છે એમ પૂર્વે કહેવાઈ ગયું છે.

પ્રથમ ભેદ એકાશ્રય-પૃથક્ત્વ-સવિતર્ક-સવિચાર છે અને બીજો ભેદ એકાશ્રય-એકત્વ-સવિતર્ક અવિચાર છે. આમ બે ભેદોમાં એકાશ્રય અને વિતર્ક એ બેની સમાનતા છે તથા પૃથક્ત્વ-એકત્વ તથા વિચારની અસમાનતા છે.]

વિતર્કની વ્યાખ્યા–

वितर्कः श्रुतम् ॥९-४६॥

સૂત્રાર્થ– વિતર્ક એટલે (પૂર્વગત) શ્રુત. (૯-૪૬)

भाष्यं– यथोक्तं श्रुतज्ञानं वितर्को भवति ॥९-४६॥

ભાષ્યાર્થ– યથોક્ત શ્રુતજ્ઞાન વિતર્ક છે. (૯-૪૬)

टीका– वितर्को-मतिज्ञानविकल्पः वितर्क्यते-येनालोच्यते पदार्थः स वितर्कस्तदनुगतं श्रुतं वितर्कस्तदभेदात् विगतं तर्कं वा वितर्कं, संशयविपर्ययापेतं श्रुतज्ञानमित्यर्थः, इदमेव सत्यमित्यविचलितस्वभावं यथोक्तिमिति पूर्वगतमेव, नेतरत्, श्रुतज्ञानमाप्तवचनं वितर्क उच्यत इति ॥९-४६॥

ટીકાર્થ– વિતર્ક એ મતિજ્ઞાનનો ભેદ છે. વિચારાય છે પદાર્થ જેના વડે તે વિતર્ક.

શ્રુત અને વિતર્ક એ બેના અભેદથી વિતર્ક એ શ્રુત છે અથવા જેમાંથી તર્ક ચાલ્યો ગયો છે તે વિતર્ક, અર્થાત્ વિપર્યયથી રહિત શ્રુતજ્ઞાન વિતર્ક છે.

આ જ સત્ય છે એ પ્રમાણે સ્થિર સ્વભાવવાળું શ્રુતજ્ઞાન તે શ્રુત છે.

યથોક્ત એટલે પૂર્વગત જ શ્રુત સમજવું. બીજું નહિ. શ્રુતજ્ઞાન એટલે આપ્તવચન. એ વિતર્ક કહેવાય છે.

[यद्यपि वितर्कनो अर्थ विकल्प चिंतन थाय छे. पण अहीं विकल्प (वितर्क) पूर्वगत श्रुतना आधारे विविध नयना अनुसारे करवानो होवाथी तेमां (विकल्पमां) पूर्वगत श्रुतनुं आलंबन लेवुं पडतुं होवाथी उपचारथी वितर्कनो श्रुत अर्थ करवामां आव्यो छे तथा श्रुत शब्दथी सामान्य श्रुत नहीं परंतु पूर्वगत श्रुत समजवुं.] (९-४६)

टीकावतरणिका– सम्प्रति विचारस्वरूपनिरूपणायाह–

टीकावतरणिकार्थ– हवे विचारना स्वरूपनुं निरूपण करवा माटे कहे छे–

विचारनी व्याख्या–

विचारोऽर्थव्यञ्जनयोगसङ्क्रान्तिः ॥९-४७॥

सूत्रार्थ– अर्थ, व्यंजन अने योगनी संक्रान्ति ए विचार छे. (९-४७)

भाष्यं– अर्थव्यञ्जनयोगसङ्क्रान्तिर्विचार इति । एतदभ्यन्तरं तपः संवरत्वादभिनवकर्मोपचयप्रतिषेधकं निर्जरणफलत्वात्कर्मनिर्जरकम् । अभिनवकर्मोपचयप्रतिषेधकत्वात्पूर्वोपचितकर्मनिर्जरकत्वाच्च निर्वाण-प्रापकमिति ॥९-४७॥

भाष्यार्थ– अर्थ, व्यंजन अने योगनी संक्रान्ति ए विचार छे ए प्रमाणे विचार शब्दनो अर्थ छे. आ ध्यान अभ्यंतर तप छे. अभ्यंतर तप संवररूप होवाथी नवा कर्मने एकठा थता रोके छे अने निर्जराना फळवाळुं होवाथी (पूर्वे बंधायेला) कर्मोनो नाश करे छे. एकठा थता नवा कर्मोने रोकतो होवाथी अने (पूर्वे बंधायेला) कर्मोनो नाश करवाना फळवाळुं होवाथी मोक्षने प्राप्त करावनारुं छे. (९-४७)

टीका– अर्थव्यञ्जनयोर्योगेषु सङ्क्रमणं सङ्क्रान्तिः, अर्थः-परमाण्वादिः व्यञ्जनं-तस्य वाचकः शब्दो योगः-मनोवाक्कायलक्षणस्तेषु सङ्क्रान्तेः एकद्रव्ये अर्थस्वरूपाद् व्यञ्जनं व्यञ्जनस्वरूपादर्थं, वर्णादिकः पर्यायोऽर्थः व्यञ्जनं शब्दः, एतदुक्तं भवति-प्राक् शब्दस्य स्वतत्त्वा-वलम्बनमिदमस्य स्वरूपमयमस्य पर्यायस्ततस्तदर्थचिन्तनं साकल्येन,

ततः शब्दार्थयोः स्वरूपविशेषचिन्ताप्रतिबन्धः प्रणिधानमर्थसङ्क्रान्तिः काययोगोपयुक्तध्यानस्य वाग्योगसञ्चारः वाग्योगोपयुक्तध्यानस्य वा मनोयोगसञ्चार इत्येवमन्यत्रापि योज्यं, इत्थंलक्षणो विचार इत्यस्ति वितर्कविचारयोः प्रतिविशेष इति ॥ एतदभ्यन्तरं तप इत्यादि, संवरप्रस्तावे इदमुक्तं 'तपसा निर्जरा चे'ति संवरो निर्जरा च भवति, उभयं करोति तपः, तच्च तपो बाह्यमभ्यन्तरं च संवरकारणं, संवर-रूपत्वाच्च स्थगिताश्रवद्वारस्य अभिनवकर्मोपचयप्रतिषेधकारिणे नापूर्व-कर्म्मपुद्गलप्रवेशः, कर्मनिर्जरा चेति निर्जरणफलत्वात् कर्म्म निर्जरयति, परिशाटयतीत्यर्थः, ततश्चाभिनवकर्मोपचयप्रतिषेधकारित्वात् पूर्वोपचित-कर्म्मनिर्जरकत्वाच्च सकलकर्म्मपरिक्षयान्निर्वाणप्रापकमिति ॥९-४७॥

टीकार्थ– અર્થ-વ્યંજનમાં અને યોગોમાં સંક્રમણ કરવું તે સંક્રાન્તિ. અર્થ એટલે પરમાણુ આદિ કોઇ એક પદાર્થ. વ્યંજન એટલે પદાર્થનો વાચક શબ્દ. યોગ એટલે મન-વચન અને કાયા. તેમાં સંક્રાન્તિ કરવી, અર્થાત્ એક દ્રવ્યમાં અર્થના સ્વરૂપને વિચારીને વ્યંજનના (શબ્દના) સ્વરૂપનો વિચાર કરવો. વ્યંજન(=શબ્દ)ના સ્વરૂપનો વિચાર કરીને અર્થનો વિચાર કરવો એ અર્થ-વ્યંજન સંક્રાન્તિ છે. અહીં વર્ણ વગેરે પર્યાયો અર્થ છે. વ્યંજન એટલે શબ્દ. અહીં આ કહેવાનું થાય છે કે પહેલા શબ્દના પોતાના સ્વરૂપનું આલંબન કરવું. આ શબ્દનું આ સ્વરૂપ છે, આનો આ પર્યાય છે એમ વિચારવું. ત્યારબાદ તેના સંપૂર્ણ અર્થનું ચિંતન કરવું. ત્યારબાદ તે બેનું (શબ્દ-અર્થનું) વિશેષ ચિંતનના પ્રતિબંધ કરવા રૂપ પ્રણિધાન કરવું, અર્થાત્ ચિંતન વિના તેમાં જ એકાગ્ર બની જવું તે (વ્યંજન) અર્થ સંક્રાન્તિ છે.

કાયયોગમાં ઉપયોગવાળા ધ્યાનનો વચનયોગમાં સંચાર અથવા વચનયોગમાં ઉપયોગવાળા ધ્યાનનો મનોયોગમાં સંચાર એ પ્રમાણે બીજે પણ યોજના કરવી. વિચાર આવા લક્ષણવાળો છે, અર્થાત્ વિચારનું આવું સ્વરૂપ છે, આથી વિતર્ક અને વિચારમાં ભેદ છે.

एतदभ्यन्तरतप इत्यादि, સંવરના પ્રસંગમાં આ કહ્યું છે– तपसा निर्जरा च (૯-૩) તપથી નિર્જરા અને સંવર બંને થાય છે. તપ નિર્જરા અને સંવર બંનેને કરે છે. બાહ્ય અને અભ્યંતર એ બે પ્રકારનો તપ સંવરનું કારણ છે. આ બંને પ્રકારનો તપ સંવરરૂપ હોવાથી એ તપથી આશ્રવના દ્વારો સ્થગિત(=બંધ) થઇ જાય છે. નવા કર્મોને એકઠા કરવાના નિષેધનું કારણ હોવાથી નવા કર્મપુદ્ગલોનો પ્રવેશ થતો નથી અને નિર્જરાના ફળવાળું હોવાથી કર્મની નિર્જરાને કરે છે, અર્થાત્ કર્મપુદ્ગલોનો નાશ કરે છે. આ તપ નવા કર્મોના બંધનો નિષેધ કરતું હોવાથી અને પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા કરનારું હોવાથી સઘળા કર્મોનો સંપૂર્ણ ક્ષય કરનારું હોવાથી મોક્ષને પ્રાપ્ત કરાવનારું છે.

[અર્થ એટલે ધ્યેયદ્રવ્ય કે પર્યાય. વ્યંજન એટલે ધ્યેયપદાર્થનો અર્થવાચક શબ્દ=શ્રુતવચન. મન, વચન અને કાયા એ ત્રણ યોગ છે. સંક્રાન્તિ એટલે સંક્રમણ=પરિવર્તન. કોઇ એક દ્રવ્યનું ધ્યાન કરી તેના પર્યાયનું ધ્યાન કરવું અથવા કોઇ એક પર્યાયના ધ્યાનનો ત્યાગ કરી દ્રવ્યનું ધ્યાન કરવું એ પ્રમાણે દ્રવ્ય-પર્યાયનું પરિવર્તન એ અર્થ (દ્રવ્ય-પર્યાય) સંક્રાન્તિ છે. કોઇ એક શ્રુતવચનને અવલંબીને ધ્યાન કર્યા પછી અન્ય શ્રુતવચનનું અવલંબન કરીને ધ્યાન કરવું એ વ્યંજનસંક્રાન્તિ છે. કાયયોગનો ત્યાગ કરી વચનયોગનો કે મનોયોગનો સ્વીકાર કરવો ઇત્યાદિ યોગસંક્રાન્તિ છે. આ પ્રમાણે અર્થ, વ્યંજન અને યોગની સંક્રાન્તિ=પરિવર્તન એ વિચાર છે.

આ પ્રમાણે બાહ્ય અભ્યંતર તપનું વર્ણન સમાપ્ત થયું. બંને પ્રકારનો તપ સંવર અને નિર્જરાનું કારણ હોવાના કારણે મોક્ષમાર્ગના સાધકે તેનું અવશ્ય સેવન કરવું જોઇએ. તપથી સર્વ કર્મોનો ક્ષય થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન– તપ નિર્જરાનું કારણ કેવી રીતે બને છે ? તેમાં પણ બાહ્ય તપથી નિર્જરા કેમ થાય ? બાહ્ય તપમાં તો કેવળ કાયકષ્ટ થાય છે. જો માત્ર કાયકષ્ટથી નિર્જરા થતી હોય તો જેમ જેમ કાયકષ્ટ વધારે તેમ તેમ

નિર્જરા વધારે થાય. એથી સાધુઓ કરતાં પણ તિર્યંચો અને નારકો અધિક કષ્ટ સહન કરતા હોવાથી તેમને અધિક નિર્જરા થવી જોઈએ તથા સાધુ કરતા એમનો મોક્ષ વહેલો થવો જોઈએ. માત્ર કાયકષ્ટથી તપસ્વી કહેવાય તો તિર્યંચો અને નારકોને મહાન તપસ્વી કહેવા જોઈએ.

ઉત્તર—આ પ્રશ્નના સમાધાન માટે પ્રથમ નિર્જરાનો અર્થ બરાબર સમજી લેવાની જરૂર છે. નિર્જરાના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદો છે. આત્મામાંથી કર્મપ્રદેશોનું છૂટા પડવું એ દ્રવ્યનિર્જરા છે. કર્મપ્રદેશોને છૂટા પાડનાર આત્માના શુદ્ધ પરિણામ=અધ્યવસાય ભાવનિર્જરા છે. આમાં ભાવનિર્જરા જ મુખ્ય નિર્જરા છે. ભાવનિર્જરા વિના થતી દ્રવ્યનિર્જરાથી આત્મા સર્વથા કર્મમુક્ત બની શકતો નથી. દ્રવ્યનિર્જરા બે કારણોથી થાય છે. (૧) કર્મની સ્થિતિના પરિપાકથી અને (૨) આત્માના શુદ્ધ પરિણામરૂપ ભાવનિર્જરાથી. કર્મની સ્થિતિના પરિપાકથી થતી નિર્જરા તો દરેક જીવને થઈ રહી છે. એ નિર્જરાનું જરાય મહત્ત્વ નથી. શુદ્ધ પરિણામરૂપ ભાવનિર્જરાથી થતી દ્રવ્યનિર્જરાની જ મહત્તા છે. આથી પ્રસ્તુતમાં આ જ નિર્જરા ઈષ્ટ છે.

હવે અહીં નિર્જરાના જે બે કારણો બતાવ્યા તેમાં તપનો સમાવેશ તો થયો નહિ. જ્યારે શાસ્ત્રકારો તો તપને નિર્જરાનું કારણ કહે છે, તો આમાં તથ્ય શું છે ? એ પ્રશ્ન ઉપસ્થિત થાય એ સહજ છે. આનું સમાધાન આ પ્રમાણે છે- તપ ભાવનિર્જરાનું=આત્માના શુદ્ધ પરિણામોનું કારણ બનવા દ્વારા નિર્જરાનું કારણ છે. તપથી ભાવનિર્જરા=આત્માના શુદ્ધ પરિણામો થાય છે અને એનાથી દ્રવ્યનિર્જરા થાય છે. તપનું સેવન કરવા છતાં જો ભાવનિર્જરા ન થાય તો તપથી (પ્રસ્તુતમાં ઈષ્ટ) નિર્જરા થતી નથી. આથી જ ભાવનિર્જરામાં કારણ ન બનનાર તપ વાસ્તવિક તપ નથી કિંતુ માત્ર કાયક્લેશ છે. ભાવનિર્જરામાં કારણ બનનાર તપ જ વાસ્તવિક તપ છે. અહીં એ તપની ગણતરી કરવામાં આવી છે.

હવે એ પ્રશ્ન બાકી રહે છે કે અભ્યંતર તપની આત્મા ઉપર અસર થતી હોવાથી આત્મામાં શુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે. એથી અભ્યંતર તપ

નિર્જરાનું કારણ છે. પણ બાહ્ય તપની કેવળ કાયા ઉપર અસર થતી હોવાથી તેનાથી આત્માના શુદ્ધ પરિણામ શી રીતે ઉત્પન્ન થાય? અને એથી નિર્જરા પણ શી રીતે થાય? આ પ્રશ્નનું સમાધાન એ છે કે- બાહ્ય તપની કેવળ કાયા ઉપર અસર થાય છે એ હકીકત તદ્દન અસત્ય છે. જે તપની કેવળ કાયા ઉપર અસર થાય, આત્મા ઉપર અસર ન થાય એ વાસ્તવિક બાહ્યતપ જ નથી, કિંતુ કાયક્લેશ જ છે. આથી જ પ્રસ્તુત સૂત્રના ભાષ્યમાં કહેવામાં આવ્યું છે કે- સમ્યગ્ યોગ એ સૂત્રમાં આવેલ સમ્યગ્ શબ્દનું અનુસંધાન આ સૂત્રમાં પણ લેવું. એટલે અહીં કેવળ બાહ્ય તપનો નિર્દેશ નથી કર્યો કિન્તુ સમ્યગ્ બાહ્ય તપનો નિર્દેશ કર્યો છે. આત્મશુદ્ધિના આશયથી જિનેશ્વરની આજ્ઞા મુજબ કરવામાં આવતો બાહ્યતપ સમ્યગ્=ઉત્તમ છે.

આત્મામાં શુદ્ધપરિણામ પેદા ન થાય ત્યાં સુધી સમ્યગ્ બાહ્ય તપ કરવાની ભાવના ન થાય એ ચોક્કસ વાત છે. કારણ કે જ્યાં સુધી દેહનો મમત્વભાવ, આહારની લાલસા, ઇંદ્રિયોનો અસંયમ, સંસારસુખનો રાગ વગેરે દોષો દૂર ન થાય-ઘટે નહિ ત્યાં સુધી (સમ્યગ્) બાહ્યતપ કરવાની ભાવના થતી નથી. તથા જ્યાં સુધી આત્મામાં શુદ્ધ પરિણામો પેદા ન થાય ત્યાં સુધી દેહનો મમત્વભાવ વગેરે દોષો દૂર ન થાય, ઘટે નહિ. આથી બાહ્યતપની પ્રવૃત્તિથી દેહનો મમત્વભાવ વગેરે દોષો દૂર થયા છે=ઘટ્યા છે એ સૂચિત થાય છે. દોષોની હાનિ-ઘટાડો આત્મામાં શુદ્ધ પરિણામો ઉત્પન્ન થયા છે એ સૂચવે છે. આત્મામાં ઉત્પન્ન થયેલ શુદ્ધ પરિણામથી કર્મોની નિર્જરા થાય છે તથા જેમ જેમ બાહ્ય તપનું સેવન થાય છે તેમ તેમ મમત્વાદિ દોષો અધિક અધિક ઘટતા જાય છે અને આત્મામાં શુદ્ધ પરિણામની વૃદ્ધિ દ્વારા નિર્જરાની વૃદ્ધિ થતી જાય છે. આમ સમ્યગ્ બાહ્યતપ શુદ્ધ પરિણામ હોય તો જ થઈ શકે છે અને તપના સેવનથી એ પરિણામ અધિક અધિક શુદ્ધ બનતા જાય છે. આથી અભ્યંતરતપની જેમ બાહ્યતપ પણ નિર્જરામાં કારણ છે. આ હકીકતથી બાહ્યતપમાં તો કેવળ કાયક્લેશ છે... એ પ્રશ્નનું પણ સમાધાન થઈ જાય છે. કારણ કે ઉપર કહ્યા મુજબ સમ્યગ્ બાહ્યતપ કેવળ કાયક્લેશરૂપ છે જ નહિ. અસમ્યગ્

તપ જ કેવળ કાયક્લેશરૂપ છે તથા માત્ર કાયક્લેશથી નિર્જરા થાય છે એ વાત પણ તદ્દન અસત્ય છે. કાયક્લેશ દ્વારા ઉત્પન્ન થતા શુદ્ધ પરિણામથી જ નિર્જરા થાય છે તથા અજ્ઞાન લોકો ગમે તેને તપસ્વી ભલે કહે પણ શાસ્ત્રો તો સમ્યક્તપ કરનારને જ તપસ્વી કહે છે. એટલે જેમ જેમ કાયક્લેશ વધારે... એ પ્રશ્નનો પણ અવકાશ રહેતો નથી.] (૯-૪૭)

भाष्यावतरणिका– अत्राह- उक्तं भवता परीषहजयात्तपसोऽनुभावतश्च कर्मनिर्जरा भवतीति । तत्किं सर्वे सम्यग्दृष्टयः समनिर्जरा आहोस्विदस्ति कश्चित्प्रतिविशेष इति । अत्रोच्यते-

ભાષ્યાવતરણિકાર્થ– આપે (અ.૯ સૂ.૨,૩ માં) કહ્યું છે કે પરિષહના જયથી અને તપના પ્રભાવથી(=સામર્થ્યથી) કર્મનિર્જરા થાય છે. તેથી શું બધા જ સમ્યગ્દૃષ્ટિઓ સમાન નિર્જરાવાળા હોય છે કે તેમાં કોઈભેદ (=તફાવત) છે ?

टीकावतरणिका– 'अत्राहोक्तं भवते'त्यादि सम्बन्धः, किमुक्तं तद्दर्शयति-परीषहजयात् क्षुत्पिपासादयः परीषहास्तज्जयात्-सम्यगधिसहनात् तपो द्वादशभेदमनशनप्रायश्चित्तादि तदनुष्ठानात् अनुभावतश्च अनुभावो विपाकस्तस्माच्च विपाकात् कर्म्मणः परिशाटो निर्जरा भवतीति, एवमनूद्य निर्जरां सन्देहस्थानमुपन्यस्यति-यस्मादेवं तस्मात् किं सम्यग्दृष्टयः सर्वे एव समनिर्जराः तुल्यमेव कर्म्म निर्जरयन्ति आहोश्वित् अस्ति कश्चित् प्रतिविशेष इति, प्रतिविशेषो विषमनिर्जरणं, न तुल्यनिर्जरणत्वमिति, आचार्योऽपि हृदि व्यवस्थाप्य विषमनिर्जरणमाह-अत्रोच्यत इति, यत्तत्त्वं तदाख्यायत इत्यर्थः ।

टीकावतरणिकार्थ– અહીં શિષ્ય કહે છે કે આપે કહ્યું કે ઇત્યાદિ ભાષ્ય આગળના સૂત્રની સાથે સંબંધ જોડે છે. ભાષ્યકારે શું કહ્યું છે તે બતાવે છે–

परीषहजयात् (इत्यादि) क्षुधा, पिपासा વગેરે પરિષહો છે તેના જયથી એટલે સારી રીતે સહન કરવાથી અનશન (વગેરે) અને પ્રાયશ્ચિત્ત વગેરે

બાર પ્રકારનો તપ છે તેને આચરવાથી કર્મોનો વિપાક થાય છે અને તે વિપાકથી કર્મોનો પરિશાટ=નિર્જરા થાય છે. આ પ્રમાણે કહીને નિર્જરાના સંદેહસ્થાનનો પ્રારંભ કરે છે (તે આ પ્રમાણે–) શું બધા જ સમ્યગ્દૃષ્ટિઓ સમાન જ કર્મ નિર્જરા કરે છે કે, કોઇ ભેદ(=તફાવત) છે ? પ્રતિવિશેષ એટલે તુલ્ય નિર્જરા નહિ કિંતુ વિષમનિર્જરા, આચાર્ય પણ આ પ્રશ્નને હૃદયમાં રાખીને વિષમ નિર્જરા થાય છે એવું જે તત્ત્વ છે તેને કહે છે–

કોને કેટલી નિર્જરા થાય તેનો નિર્દેશ–

सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोप-
शमकोपशान्तमोहक्षपकक्षीणमोहजिनाः क्रमशो-
ऽसङ्ख्येयगुणनिर्जराः ॥९-४८॥

સૂત્રાર્થ– સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, વિરત, અનંતાનુબંધિવિયોજક, દર્શનમોહક્ષપક, મોહોપશમક, ઉપશાંતમોહ, મોહક્ષપક, ક્ષીણમોહ, જિન. આ દશ ક્રમશઃ અસંખ્યગુણ નિર્જરાવાળા થાય છે. તે આ પ્રમાણે- સમ્યગ્દૃષ્ટિથી શ્રાવક અસંખ્યગુણ નિર્જરાવાળો થાય છે. શ્રાવકથી વિરત, વિરતથી અનંતાનુબંધિવિયોજક અસંખ્યગુણ નિર્જરાવાળો થાય છે. એ પ્રમાણે બાકીના જીવો પણ ક્રમશઃ અસંખ્યગુણ નિર્જરાવાળા જાણવા. (૯-૪૮)

भाष्यं– सम्यग्दृष्टिः श्रावकः विरतः अनन्तानुबन्धिवियोजकः दर्शनमोहक्षपकः मोहोपशमकः उपशान्तमोहः मोहक्षपकः क्षीणमोहः जिन इत्येते दश क्रमशोऽसङ्ख्येयगुणनिर्जरा भवन्ति । तद्यथा- सम्यग्दृष्टेः श्रावकोऽसङ्ख्येयगुणनिर्जरः श्रावकाद्विरतः विरतादनन्तानु-बन्धिवियोजक इत्येवं शेषाः ॥९-४८॥

ભાષ્યાર્થ– સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, વિરત, અનંતાનુબંધિવિયોજક, દર્શનમોહક્ષપક, મોહોપશમક, ઉપશાંતમોહ, મોહક્ષપક, ક્ષીણમોહ, જિન. આ દશ ક્રમશઃ અસંખ્યગુણ નિર્જરાવાળા થાય છે. તે આ પ્રમાણે-

સમ્યગ્દષ્ટિથી શ્રાવક અસંખ્યગુણ નિર્જરાવાળો થાય છે. શ્રાવકથી વિરત, વિરતથી અનંતાનુબંધિવિયોજક અસંખ્યગુણ નિર્જરાવાળો થાય છે. એ પ્રમાણે બાકીના જીવો પણ ક્રમશઃ અસંખ્યગુણ નિર્જરાવાળા જાણવા. (૯-૪૮)

टीका– सम्यग्दृष्टिरिति तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं तेन युक्तः सम्यग्दृष्टिः, सम्यग्दर्शनमात्रभागित्यर्थः, आचार्यप्रभृतीन् पर्युपासीनः प्रवचनसारं श्रृणोतीति श्रावकः, श्रृण्वंश्च सकलचरणकरणाक्षमो गृहस्थ-योग्यमणुगुणशिक्षाव्रतलक्षणं धर्म्ममनुतिष्ठति यथाशक्ति वा द्वादशप्रकारस्य धर्म्मस्यैकदेशानुष्ठाय्यपि श्रावक इति, विरतस्तु साधुधर्म्मानुष्ठायी सर्वस्मात् प्राणातिपाताद्यावज्जीवं विरतः, एवं मृषावादादिभ्योऽपि, अनन्तः संसारस्तदनुबन्धिनोऽनन्ताः क्रोधादयः तान् वियोजयति-क्षपयति उपशमयति वाऽनन्तवियोजकः, दर्शनमोहोऽनन्तानुबन्धिनश्चत्वारः सम्यग्मिथ्यात्वतदुभयानि च, अस्य सप्तविधस्य दर्शनमोहस्य क्षपकः, तथाऽस्यैवोपशमकः, मोहः अष्टाविंशतिभेदः षोडश कषायाः सम्यक्त्व-मिथ्यात्वसम्यग्मिथ्यात्वहास्यरत्यरतिभयशोकजुगुप्सास्त्रीपुंनपुंसकवेदाश्च, अस्योपशमनादुपशान्तमोहः, अस्यैव सकलस्य क्षपणात् मोहक्षपकः, क्षपणोपशमनक्रियाविशिष्टयोर्ग्रहणं, क्षपितनिरवशेषमोहः क्षीणमोहः, चतुर्विधघातिकर्म्मजयनाज्जिनः-केवली, एते सम्यग्दृष्ट्यादयो जिनावसाना दश क्रमेण क्रमशः प्रतिपाद्याः यथोपन्यस्तास्तथैवासङ्ख्येयगुणनिर्जरा भवन्ति, न तु तुल्यनिर्जरा इत्यर्थः, तामेवासङ्ख्येयगुणां निर्जरां स्पष्टयति भाष्यकारः सम्यग्दृष्टेः श्रावकोऽसङ्ख्येयगुण इत्यादिना, केवलसम्यग्दृष्टेः प्रतिपन्नाणुव्रतादिकलापः श्रावकोऽसङ्ख्येयगुणनिर्जरो भवति, यावत् कर्म्म निर्जरयति सम्यग्दृष्टिः सम्यग्दर्शनप्रभावात् तत् कर्म्म परेणा-सङ्ख्येयेन राशिना गुणितं सद्यावद्भवति तावद्देशविरतः क्षपयति, एवं पूर्वस्मादुत्तरोऽसङ्ख्येयगुणनिर्जरो भवतीति दर्शयति, श्रावकाद्विरतो

विरतादनन्तानुबन्धिवियोजक इत्येवं शेषाः, यावज्जिनः सर्वेभ्य एवासङ्ख्येयगुणनिर्जर इति ॥૯-૪૮॥

ટીકાર્થ– તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. જે સમ્યગ્દર્શનથી યુક્ત હોય તે સમ્યગ્દૃષ્ટિ, અર્થાત્ જે માત્ર સમ્યગ્દર્શનવાળો હોય તે સમ્યગ્દૃષ્ટિ. આચાર્ય વગેરેની સેવા કરનારો જે જીવ પ્રવચનના સારને સાંભળે તે શ્રાવક. સાંભળતો એવો તે સઘળા ચરણકરણનું પાલન કરવા માટે અસમર્થ ગૃહસ્થને યોગ્ય અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રતરૂપ ધર્મને યથાશક્તિ આચરે તે શ્રાવક છે. અથવા બાર પ્રકારના શ્રાવકાચારરૂપ ધર્મના એક દેશને આચરનારો પણ શ્રાવક છે.

જે સઘળા પ્રાણાતિપાતથી જીવનપર્યંત અટકેલો છે તે વિરત છે. એ પ્રમાણે સઘળા મૃષાવાદ વગેરેથી પણ અટકેલ છે તે વિરત છે. જેનો અંત ન આવે એવો સંસાર છે. તેના અનુબંધવાળા ક્રોધાદિ પણ અનંત કહેવાય છે. અનંતાનુબંધી ક્રોધાદિનો વિયોગ કરે છે=ક્ષય કરે છે અથવા ઉપશમ કરે છે તે અનંતવિયોજક છે.

અનંતાનુબંધી ચાર કષાયો સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને તદુભય એ દર્શનમોહ છે અને આ સાત પ્રકારના દર્શનમોહનો ક્ષય કરનાર દર્શનમોહક્ષપક છે, તથા આ સાતનો જ ઉપશમ કરનાર દર્શનમોહઉપશમક છે.

સોળ કષાયો, સમ્યક્ત્વ-મિથ્યાત્વ-સમ્યક્મિથ્યાત્વ એ દર્શનત્રિક, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા એ હાસ્યષટ્ક, સ્ત્રી-પુરુષનપુંસક એ ત્રણ વેદ એમ અઠ્ઠાવીસ મોહના ભેદો છે. એ અઠ્ઠાવીસ પ્રકારના મોહનો ઉપશમ કર્યો હોવાથી ઉપશાંતમોહ છે. આ જ સઘળા પ્રકારના મોહનો ક્ષય કર્યો હોવાથી મોહક્ષપક છે. અહીં ક્ષય અને ઉપશમની ક્રિયાથી વિશિષ્ટ જીવનું ગ્રહણ કરવું, અર્થાત્ મોહનો ઉપશમ અને ક્ષયની ક્રિયાને કરી રહેલો જીવ મોહોપશમક અને મોહક્ષપક કહેવાય છે. જેણે સઘળા મોહનો ક્ષય કરી નાખ્યો છે તે ક્ષીણમોહ.

ચાર પ્રકારના ઘાતી કર્મોનો જય કરવાથી જિન કહેવાય છે. જિન એટલે કેવલી. સમ્યગ્દષ્ટિથી પ્રારંભી જિન સુધીના દસ પ્રકારના જીવો અહીં જે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે જ ક્રમશઃ ક્રમશઃ અસંખ્યગુણ નિર્જરાવાળા છે, કિંતુ તુલ્ય નિર્જરાવાળા નથી.

તે જ અસંખ્યગુણ નિર્જરાને ભાષ્યકાર "सम्यग्दृष्टेः श्रावकोऽसङ्ख्येय-गुण" ઇત્યાદિથી સ્પષ્ટ કરે છે- જેણે અણુવ્રતાદિ સમૂહનો સ્વીકાર કર્યો છે તે શ્રાવક કેવળ સમ્યગ્દષ્ટિથી અસંખ્યગુણ નિર્જરાવાળો થાય છે, અર્થાત્ સમ્યગ્દષ્ટિ સમ્યગ્દર્શનના પ્રભાવથી જેટલા કર્મની નિર્જરા કરે છે તેટલા કર્મોને અસંખ્યેય રાશિથી ગુણવાથી જેટલી સંખ્યા થાય તેટલી કર્મરાશિને દેશવિરતિ જીવ ખપાવે છે. આ પ્રમાણે પૂર્વના જીવથી પછીનો જીવ અસંખ્યગુણ નિર્જરાવાળો થાય છે એમ બતાવે છે- શ્રાવકથી વિરત, વિરતથી અનંતાનુબંધિવિયોજક એ પ્રમાણે જિન સુધીના બીજા જીવો જાણવા યાવત્ જિન સર્વ જીવોથી જ અસંખ્યગુણ નિર્જરાવાળો છે. (૯-૪૮)

टीकावतरणिका– अथास्य वैचित्र्यभाजः संवरचारित्रस्य के स्वामिन इति तन्निर्दिदिक्षया आह–

ટીકાવતરણિકાર્થ– હવે વિચિત્ર અને સંવરરૂપ ચારિત્રના કયા સ્વામીઓ છે એ પ્રમાણે નિર્દેશ કરવાની ઇચ્છાથી સૂત્રકાર કહે છે–

ચારિત્રની તરતમતાની દૃષ્ટિએ નિર્ગ્રંથના ભેદો–

पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ॥९-४९॥

સૂત્રાર્થ– પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક એ પાંચ પ્રકારના નિગ્રંથો=સાધુઓ છે. (૯-૪૯)

भाष्यं– पुलाको बकुशः कुशीलो निर्ग्रन्थः स्नातक इत्येते पञ्च निर्ग्रन्थविशेषा भवन्ति । तत्र सततमप्रतिपातिनो जिनोक्तादागमान्नि-र्ग्रन्थपुलाकाः । नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिताः शरीरोपकरणविभूषानुवर्तिन ऋद्धियशस्कामाः सातगौरवाश्रिता अविविक्तपरिवाराश्छेदशबलयुक्ता निर्ग्रन्था बकुशाः । कुशीला द्विविधाः प्रतिसेवनाकुशीलाः कषाय-

कुशीलाश्च। तत्र प्रतिसेवनाकुशीलाः नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिता अनियमितेन्द्रियाः कथञ्चित्कञ्चिदुत्तरगुणेषु विराधयन्तश्चरन्ति ते प्रतिसेवनाकुशीलाः। येषां तु संयतानां सतां कथञ्चित्संज्वलनकषाया उदीर्यन्ते ते कषायकुशीलाः। ये वीतरागच्छद्मस्था ईर्यापथप्राप्तास्ते निर्ग्रन्थाः। ईर्या योगः पन्थाः संयमः योगसंयमप्राप्ता इत्यर्थः। सयोगाः शैलेषीप्रतिपन्नाश्च केवलिनः स्नातका इति ॥९-४९॥

ભાષ્યાર્થ– પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક આ પાંચ નિર્ગ્રંથો=સાધુઓ છે.

તેમાં જિનોક્ત આગમથી સદા નહિ પડનારા નિર્ગ્રંથો પુલાક છે. પુલાકનિર્ગ્રંથો નિર્ગ્રંથપણા તરફ ચાલેલા, શરીર અને ઉપકરણની વિભૂષાને કરનારા, ઋદ્ધિ અને યશની ઇચ્છાવાળા, સાતાગૌરવનો આશ્રય કરનારા, (અતિચારો લગાડનારા હોવા છતાં) સંયમથી રહિત નહિ બનેલા પરિવારવાળા હોય છે. બકુશનિર્ગ્રંથો સર્વછેદ અને દેશછેદને યોગ્ય એવા અતિચારથી ઉત્પન્ન થયેલી વિચિત્રતાવાળા હોય છે.

કુશીલો પ્રતિસેવનાકુશીલ તથા કષાયકુશીલ એમ બે પ્રકારના છે.

પ્રતિસેવનાકુશીલ– નિર્ગ્રંથપણા પ્રત્યે ચાલેલા હોવા છતાં જેઓ ઇન્દ્રિયના નિયંત્રણથી રહિત હોય છે. કોઇક રીતે ઉત્તરગુણોમાં કંઇક વિરાધના કરવા છતાં ચારિત્રને પાળે છે તે પ્રતિસેવનાકુશીલ છે.

કષાયકુશીલ– સાધુઓ હોવા છતાં જેમને કોઇક રીતે સંજ્વલન કષાયનો ઉદય થાય છે તે કષાયકુશીલ છે.

નિર્ગ્રંથ– જેઓ વીતરાગ હોવા છતાં છદ્મસ્થ છે અને ઇર્યાપથને પામેલા છે તે નિર્ગ્રંથ છે. ઇર્યા એટલે યોગ, પથ એટલે સંયમ, અર્થાત્ યોગરૂપ સંયમને પામેલા હોય તે નિર્ગ્રંથ છે.

સ્નાતક– યોગવાળા અને શૈલેશીને પામેલા કેવલીઓ સ્નાતક છે. (૯-૪૯)

टीका– पुलाकादयः पञ्चान्वर्थसंज्ञका निर्ग्रन्थाः स्वामिनः, तद्विवरणार्थमाह-पुलाको बकुशः कुशीलो निर्ग्रन्थः स्नातक इति एते पञ्च निर्ग्रन्थविशेषा भेदा भवन्ति, निर्ग्रन्थानामिति ग्रन्थः-कर्म्माष्टप्रकारं मिथ्यात्वाविरतिदुष्प्रणिहितयोगाश्च, तज्जयाय प्रवृत्ता निर्गच्छद्ग्रन्था निर्ग्रन्थाः, धर्मोपकरणादृते परित्यक्तबाह्याभ्यन्तरोपधयो निर्ग्रन्थाः ।

पुलाकादिस्वरूपनिरूपणायाह-तत्र सततमित्यादि तत्र तेषु पञ्चसु निर्ग्रन्थेषु पुलाकास्तावदेवंविधाः, पुलाको निःसार इति रूढं, लोके पलञ्जिस्तन्दुलकणशून्यः पुलाकः, एवं निर्ग्रन्थोऽपि, लब्धिमुत्पन्नां तपःश्रुताभ्यामुपजीवन् सकलसंयमगलनात् पलञ्जिरूपं निःसारमात्मानं करोति, ज्ञानदर्शनचरणानि च सारस्तदपगमान्निःसारः, जिनप्रणीतादागमाद्धेतुतः सर्वदैवाप्रतिपातिनः, आगमश्च सम्यग्दर्शनमूले ज्ञानचरणे निर्वाणहेतुरित्यस्मात् अपरिभ्रष्टाः, श्रद्धानानुसारेण क्रियानुष्ठायिनो लब्धिमुपजीवन्तो निर्ग्रन्थाः पुलाका भवन्ति, उपजीवन्तश्च निःसारमात्रं कुर्वन्तीति ग्राह्यं, सततमप्रमादिन इत्यपरे पठन्ति, जिनोक्तादागमाद्धेतुभूतात् मुक्तिसाधनेषु न प्रमाद्यन्ति जातुचिदिति ।

बकुशा इति शबलपर्यायाः, शबलो वर्णव्यतिकरः, क्वचित् कृष्णः क्वचिद्रक्त एक एव पटः, एवमयमपि निर्ग्रन्थः सातिचारत्वाच्चरणं शबलयति, विशुद्ध्यविशुद्धिव्यतिकीर्णस्वभावं करोति, स च द्विधा-शरीरोपकरणभेदेन, तदाह वृत्तिकारः-नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिता इत्यादि, निर्ग्रन्थस्य भावो नैर्ग्रथ्यं-अष्टाविंशतिविधमोहनीयक्षयः तत् प्रति प्रस्थिताः-प्रवृत्तास्तदभिमुखाः तत्क्षयकाङ्क्षिणः शरीरं अङ्गोपाङ्गसङ्घातः उपकारित्वादुपकरणं-वस्त्रादि तद्विषयां विभूषां-अलङ्कृतिमनुवर्त्तन्ते तच्छीलाश्चेति, शरीरे तावदनागुप्त्यव्यतिरेकेण करचरणवदनप्रक्षालनमक्षिकर्णनासिकावयवेभ्यो दूषिकामलाद्यपनयनं दन्तवनभक्षणं केशसंस्कारं च विभूषार्थमाचरन् शरीरबकुशो भवति, उपकरणबकुशस्तु अकाल एव

प्रक्षालितचोलपट्टकान्तरकल्पादिश्चोक्षकवासःप्रियः पात्रदण्डकाद्यपि तैलमात्रयोज्ज्वलीकृत्य विभूषार्थमनुवर्त्तमानो बिभर्त्ति, ऋद्धिः प्रभूतवस्त्र-पात्रादिका तामिच्छन्ति-कामयन्ते यशः ख्यातिः गुणवन्तो विशिष्टाः साधव इत्येवंविधः प्रवादस्तच्च यशः कामयन्ति इति ऋद्धियशःकामाः, सातगौरवमाश्रिता इति सुखशीलता सातागौरवं तदाश्रिताः, आदरवचनो गौरवशब्दः, सुखे य आदरस्तदवाप्तिव्यापारप्रवणता तदाश्रिताः, नाती-वाहोरात्राभ्यन्तरानुष्ठेयासु क्रियास्वभ्युद्यताः, अविविक्ता इति नासंयमात् पृथग्भूताः घृष्टजङ्घाः तैलादिकृतशरीरमृजः कर्त्तरिकाकल्पितकेशाः, एवंविधः परिवारो येषां तेऽविविक्तपरिवाराः सर्वदेशच्छेदार्हातिचार-जनितशबलेन वैचित्र्येण युक्ताः, एवंविधा निर्ग्रन्था बकुशसंज्ञाः । [कुशीलाश्च]

कुशीलस्वरूपनिर्द्धारणायाह-कुशीला द्विविधा इत्यादि अष्टादश-सहस्रभेदं शीलं तदुत्तरगुणभङ्गेन केनचित् कषायोदयेन कुत्सितं शीलं येषां ते कुशीलाः द्विप्रकाराः, तत्प्रकाराख्यानायाह-प्रतिसेवनाकुशीलाः कषायकुशीलाश्च आसेवनं भजनं प्रतिसेवना तया कुत्सितं शीलमेषामिति प्रतिसेवनाकुशीलाः, कषायाः-सञ्ज्वलनाख्याः तदुदयात् कुत्सितं शीलं एषामिति कषायकुशीलाः, तत्र तयोः प्रसेवनाकुशीला नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिताः अनियतेन्द्रियाः इन्द्रियनियमशून्या रूपादिविषयेक्षणकृतादराः कथञ्चित् केनचित् प्रकारेण व्याजमुपदिश्य किञ्चिदेवोत्तरगुणेषु पिण्ड-विशुद्धिसमितिभावनातपःप्रतिमाभिग्रहादिषु विराधयन्तः खण्डयन्तो-ऽतिचरन्तः सर्वज्ञाज्ञोल्लङ्घनमाचरन्ते ते प्रतिसेवनाकुशीलाः ।

येषामित्यादिना कषायकुशीलानाचष्टे, येषां संयतानां सतां मूलोत्तरगुण-सम्पदुपेतानामपि भवतां कथञ्चित् केनचित् प्रकारेण अल्पेनापि हेतुना कुड्यकाष्ठलोष्टविषमकाश्यपीप्रस्खलनादिना सञ्ज्वलनकषायाः क्रोधादयः

उदीर्यन्ते उदयमुपनीयन्ते किञ्चिदेव कारणमासाद्योदयं गच्छन्ति ते कषायकुशीलाः ।

सम्प्रति निर्ग्रन्थनिरूपणार्थमाह-ये वीतरागच्छद्मस्था इत्यादि उपशमित-क्षपितमोहजाला विगताशेषरागद्वेषमोहत्वात् एकादशद्वादशगुणस्थानवर्त्तिनः ते वीतरागच्छद्मस्थाः, छद्म-आवरणं तत्र स्थिताः सावरणज्ञानाः छद्मस्था, ईर्यापथप्राप्ताः अकषायत्वादुपशान्तक्षीणकषायाश्च एकसमयावस्थायीर्यापथं कर्म्म बध्नन्ति, इर्या व्यापारो योग इति पर्यायाः, तस्य व्यापारस्य विषयः पन्थाः, स च संयमः सप्तदशप्रकारः, एनमेवार्थं स्पष्टतरमाचष्टे-योग-संयमप्राप्ता इत्यर्थः, योगेन-विशिष्टक्रियया विशिष्टमेव संयमं यथाख्याताख्यं प्राप्ता इत्यर्थः, यावत्ते विकीर्णमोहग्रन्थय इत्यर्थः ।

सयोगा इत्यादिना स्नातकनिरूपणं करोति । योगः कायादिचेष्टा, सह योगेन सयोगाः त्रयोदशगुणस्थानवर्त्तिनो निरस्तघातिकर्म्मचतुष्टयाः केवलिनः स्नातकाः, प्रक्षालितसकलघातिमलपटलाः इत्यर्थः, शैलेशी-प्रतिपन्नाश्चेत्यनेनायोगकेवलिन उपात्ताः, ते च केवलिनो विहृत्य कञ्चित् कालं ततोऽकृत-समुद्घाताः समुद्घाताद्वा निवृत्ताः क्रमेण योगान्निरुन्धन्ति, स चोक्त एव क्रमः प्राक्, निरुद्धयोगाश्च व्युपरतक्रियाऽनिवर्त्तिना ध्यानेन शेषान् कर्म्मांशान् क्षपयन्ति, यथोक्तं-

"ध्यानं ह्यभिसन्धानं ध्यानेन च कर्म्मणो भवति मोक्षः ।
ध्यानेन ततः क्षपयति कर्म्माणि स पञ्चमात्रेण ॥१॥

पञ्च मात्रा यत्र ध्यान इति, एवंविधावस्थाः शैलेशीप्रतिपन्ना उच्यन्ते, तदा चेमाः प्रकृतीः क्षपयन्ति

स्पर्शरसवर्णगन्धाऽनादेयनिर्माणदेहनामानि ।
पञ्च संहननाङ्गोपाङ्गानि तथा संस्थाननामानि ॥१॥
नृसुरगतिप्रायोग्ये सुरगत्युपघातमगुरुलघुता च ।
उच्छ्वासपराघातं पर्याप्तशुभाशुभानि तथा ॥२॥

दुर्भगदुःस्वरसुस्वरनीचैर्गोत्रस्थिरास्थिराणि तथा ।
अन्यतरवेद्यखगतिप्रत्येकशरीरमयशश्च ॥३॥

प्रकृतय एता द्विचरमसमये तस्य क्षयं समुपयान्ति ।
क्षपयत्ययोगिवेद्याश्च ततः प्रकृतीः स चरमान्ते ॥४॥

तैजसशरीरबन्धोऽपि तस्य नामक्षयात् क्षयं याति ।
औदारिकबन्धोऽपि क्षीयत आयुःक्षयात्तस्य ॥५॥

एवमशेषकर्मक्षयान्मोक्षो भवति ॥९-४९॥

टीकार्थ– અન્વર્થ સંજ્ઞાવાળા પાંચ નિર્ગ્રંથો ચારિત્રના સ્વામીઓ છે તેના વિવરણ માટે કહે છે–

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એ પાંચ નિર્ગ્રંથના ભેદો છે.

નિર્ગ્રંથ– ગ્રંથ એટલે આઠ પ્રકારનું કર્મ. મિથ્યાત્વ, અવિરતિ અને દુષ્પ્રણિધાનવાળો યોગ એ ગ્રંથ છે. તેના જય માટે પ્રવૃત્ત થયેલાઓ નિર્ગ્રંથ કહેવાય છે. નિર્ગ્રંથ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- નીકળી રહ્યા છે ગ્રંથો જેમાંથી તે નિર્ગ્રંથો, અર્થાત્ ધર્મોપકરણ વિના બાહ્ય અને અભ્યંતર ઉપધિનો જેમણે ત્યાગ કર્યો છે, તે નિર્ગ્રંથો.

પુલાકાદિના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે–

तत्र सततमित्यादि- તે પાંચ નિર્ગ્રંથોમાં પુલાકો આવા પ્રકારના હોય છે–

પુલાક– પુલાક એટલે સારરહિત એવો અર્થ રૂઢ છે. લોકમાં ચોખાના કણથી રહિત ફોતરાને પલંજિ કહેવામાં આવે છે. એ પ્રમાણે પુલાકનિર્ગ્રંથ પણ તપ અને શ્રુતથી ઉત્પન્ન થયેલી લબ્ધિનો ઉપયોગ કરતો સઘળા સંયમને ગળી જતો હોવાથી આત્માને પલંજિ જેવો (=ફોતરા જેવો) નિઃસાર કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ સારભૂત છે. તે જતા રહેવાથી પુલાક નિઃસાર થાય છે.

जिनप्रणीतादागमाद्धेतुतः (इति) પુલાકો આગમરૂપ હેતુથી સદા માટે ભ્રષ્ટ થતા નથી. અહીં જિનાગમ એટલે સમ્યગ્દર્શન જેનું મૂળ છે એવા

જ્ઞાન, ચારિત્ર. આવા જ્ઞાન, ચારિત્ર મોક્ષના હેતુ છે. પુલાકો તેનાથી સદાય ભ્રષ્ટ થયેલા હોતા નથી. શ્રદ્ધાના અનુસારે ક્રિયાને આચરતા અને લબ્ધિનો ઉપયોગ કરતા નિર્ગ્રંથો પુલાક હોય છે. લબ્ધિનો ઉપયોગ કરતા પુલાકો આત્માને નિઃસાર કરે છે. પુલાકો અપ્રમાદી હોય છે એમ બીજાઓ કહે છે. કેમ કે હેતુભૂત જિનોક્ત આગમથી મુક્તિના સાધનોમાં ક્યારેય પ્રમાદ કરતા નથી.[૧]

બકુશ– બકુશ એટલે ચિત્ર-વિચિત્ર પર્યાયવાળા. શબલ એટલે ભાત-ભાતના વર્ણવાળો, અર્થાત્ કાબરચીતરો. જેમકે એક જ વસ્ત્ર ક્યાંક કાળુ હોય, ક્યાંક લાલ હોય, એમ બકુશ નિર્ગ્રંથ પણ અતિચાર સહિત હોવાથી ચારિત્રને ચિત્ર-વિચિત્ર કરે છે, અર્થાત્ વિશુદ્ધિ અને અવિશુદ્ધિથી મિશ્ર સ્વરૂપવાળું કરે છે. બકુશના શરીરબકુશ અને ઉપકરણબકુશ એમ બે પ્રકાર છે. તેને ભાષ્યકાર કહે છે–

નૈર્ગ્રન્થ્યં પ્રતિ પ્રસ્થિતા ઇત્યાદિ નિર્ગ્રંથનો ભાવ તે નૈર્ગ્રંથ્ય. નૈર્ગ્રંથ્ય તરફ ચાલેલા, અર્થાત્ અઠ્ઠાવીસ પ્રકારના મોહનીયકર્મના ક્ષય તરફ પ્રવૃત્ત થયેલા, એટલે કે મોહનીયકર્મના ક્ષયની સન્મુખ થયેલા, અર્થાત્ તેના ક્ષયને ઇચ્છનારા. શરીર એટલે અંગોપાંગનો સમૂહ. વસ્ત્રાદિ ઉપકારી હોવાથી ઉપકરણ છે. (બકુશો) શરીર અને ઉપકરણ સંબંધી વિભૂષાને કરવાના સ્વભાવવાળા હોય છે.

શરીરબકુશ– શરીરનું રક્ષણ કરવાના કારણ વિના પણ હાથ-પગ અને મુખનું પ્રક્ષાલન કરવું. આંખ-કાન અને નાકના અવયવોમાંથી તેનો મેલ વગેરેને દૂર કરવો, દાતણ કરવું, વિભૂષા માટે વાળ ઓળવા. આવું આચરણ કરતો તે શરીરબકુશ થાય છે.

ઉપકરણબકુશ– અકાળે જ ચોલપટ્ટો, કપડો વગેરેને ચોખ્ખા રાખવાના પ્રેમવાળો, પાત્ર, દાંડો વગેરેને પણ વિભૂષા માટે પ્રમાણસર

૧. અહીં ક્યારેય પ્રમાદ કરતા નથી એનો અર્થ લબ્ધિનો ઉપયોગ કરવા સિવાય ક્યારેય પ્રમાદ કરતા નથી એમ જાણવો.

તેલથી ઉજ્જ્વલ કરીને ધારણ કરે છે. ઘણાં વસ્ત્ર-પાત્ર વગેરે ઋદ્ધિને ઇચ્છનારા હોય છે. યશ એટલે આ સાધુઓ ગુણવાન હોવાથી વિશિષ્ટ છે એવી ખ્યાતિ. ઉપકરણબકુશ આવા યશને ઇચ્છનારો હોય છે.

"सातागौरवमाश्रिता" इति સાતાગૌરવ એટલે સુખશીલતા. તેનો આશ્રય કરનારા હોય છે. ગૌરવ એટલે આદર. આનો અર્થ એ થયો કે આદરની પ્રાપ્તિ થાય એવા પ્રકારના વ્યાપારમાં તત્પરતા, અર્થાત્ સાતાગૌરવ એટલે સુખની પ્રાપ્તિ થાય તેવા પ્રકારના વ્યાપારમાં તત્પરતા, તેનો આશ્રય કરનારા હોય. અહોરાત્રમાં કરવા યોગ્ય ક્રિયાઓમાં અત્યંત ઉદ્યત ન હોય.

अविविक्ता અસંયમથી જુદા થયેલા ન હોય. જંઘા વગેરેને પણ ઘસનારા, અર્થાત્ જંઘા વગેરેમાંથી મેલને દૂર કરનારા, તેલને ચોપડવા વગેરેથી શરીરની શોભાવાળા હોય. કાતરથી વાળને કાપનારા હોય. બકુશો આવા પ્રકારના પરિવારવાળા હોય છે, અર્થાત્ અતિચારો લગાડનારા હોવા છતાં સંયમથી રહિત નહિ બનેલા પરિવારવાળા હોય છે. સર્વછેદ અને દેશછેદ થાય તેવા અતિચારના કારણે વિચિત્રતાથી યુક્ત હોય છે. આવા પ્રકારના નિર્ગ્રંથો બકુશ કહેવાય છે.

કુશીલના સ્વરૂપનું નિર્ધારણ કરવા માટે કહે છે–

कुशीला द्विविधा ઇત્યાદિ શીલ(=સંયમ) અઢાર હજાર ભેદવાળું છે. કોઇક કષાયના ઉદયથી શીલના ઉત્તરગુણના ભંગથી જેમનું શીલ કુત્સિત(=અતિચારવાળું) છે તે કુશીલો બે પ્રકારના છે. કુશીલના પ્રકારોને જણાવવા માટે કહે છે–

"प्रतिसेवनाकुशीलाः कषायकुशीलाश्च" इत्यादि સેવવું(=કરવું) તે પ્રતિસેવના. તેનાથી કુત્સિત(=અતિચારવાળું) શીલ જેમનું છે તે પ્રતિસેવનાકુશીલ છે. કષાય એટલે સંજ્વલન નામના કષાયો. તેના ઉદયથી કુત્સિત છે શીલ જેઓનું એવા તે કષાયકુશીલ. તે બેમાં પ્રતિસેવનાકુશીલો "नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिता अनियतेन्द्रिया इत्यादि"

પ્રતિસેવનાકુશીલ– નિર્ગ્રંથપણા પ્રત્યે ચાલેલા હોવા છતાં ઇન્દ્રિયના નિયંત્રણથી રહિત હોય છે. રૂપ આદિ વિષયોને જોવામાં આદરવાળા હોય છે, અર્થાત્ કોઇ પણ રીતે બહાનું બતાવીને પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, તપ, પ્રતિમા અને અભિગ્રહાદિ ઉત્તરગુણોમાં ભંગ કરીને અતિચારો લગાડે છે તે પ્રતિસેવનાકુશીલ છે.

"येषां" ઇત્યાદિથી કષાયકુશીલોને કહે છે–

કષાયકુશીલ– કષાયકુશીલ સંયત હોવા છતાં=મૂળગુણ અને ઉત્તરગુણની સંપત્તિથી યુક્ત હોવા છતાં, ભીંત, કાષ્ઠ, ઢેફું અને વિષમ પૃથ્વી આદિમાં સ્ખલના પામવું વગેરે કોઇક અલ્પ પણ હેતુથી જેમને ક્રોધ વગેરે સંજ્વલન કષાયોનો ઉદય થાય છે તે કષાયકુશીલો છે.

હવે નિર્ગ્રંથનું નિરૂપણ કરવા માટે કહે છે–

નિર્ગ્રંથ– "ये वीतरागच्छद्मस्था इत्यादि" જેમણે મોહની જાળનો ઉપશમ અને ક્ષય કરી નાખ્યો છે. જેમના સઘળા રાગ, દ્વેષ, મોહ જતા રહ્યા હોવાથી અગિયારમા અને બારમા ગુણસ્થાનમાં રહેલા છે, તે જીવો વીતરાગ છદ્મસ્થો કહેવાય છે. છદ્મ એટલે આવરણ. તેમાં(=આવરણમાં) રહેલા જીવો આવરણ સહિત જ્ઞાનવાળા હોવાથી છદ્મસ્થ છે. ઇર્યાપથને પામેલા એટલે કષાય રહિત હોવાથી જેમના કષાયો ઉપશાંત થઇ ગયા છે અથવા ક્ષીણ થઇ ગયા છે તેવા. આ જીવો એક સમય રહેનારા ઇર્યાપથ કર્મને બાંધે છે. ઇર્યા, વ્યાપાર અને યોગ એ પર્યાયવાચી શબ્દો છે. તે વ્યાપારનો વિષય=માર્ગ તે ઇર્યાપથ છે.તે સંયમ સત્તર પ્રકારનો છે. આ જ અર્થને સ્પષ્ટતાથી કહે છે–

"योगसंयमप्राप्ता इत्यर्थः" યોગથી=વિશિષ્ટ ક્રિયા વડે યથાખ્યાત નામના વિશિષ્ટ સંયમને પામેલા, અર્થાત્ મોહની ગાંઠને જેમણે છોડી દીધી છે તેવા છે.

સ્નાતક– "सयोगी इति" ૧૩મા ગુણસ્થાનકે રહેલા. ચાર ઘાતી-કર્મોનો જેમણે ક્ષય કરેલો છે તેવા કેવલીઓ સ્નાતક છે, અર્થાત્ સઘળા ઘાતીકર્મોને જેમણે ધોઇ નાખ્યા છે તેવા મુનિઓ સ્નાતક છે.

શૈલેશીપ્રતિપન્ના– એ શબ્દથી અયોગી કેવલીઓ ગ્રહણ કર્યા છે. તે કેવલીઓ થોડો કાળ સમુદ્‌ઘાત કર્યા વિના વિચરીને અથવા સમુદ્‌ઘાતથી નિવૃત્ત થયેલા કેવલીઓ ક્રમશઃ યોગોનો નિરોધ કરે છે. યોગોના નિરોધનો ક્રમ પહેલા (૯-૪૨) સૂત્રમાં કહ્યો છે. યોગનો નિરોધ કર્યા પછી વ્યુપરત-ક્રિયાનિવર્ત્તિ નામના ધ્યાનથી બાકીના કર્માણુઓને ખપાવે છે. કહ્યું છે કે–

ધ્યાનથી અભિસંધાન=એકાગ્રતા થાય છે, અને ધ્યાનથી કર્મનો મોક્ષ(=કર્મથી છૂટકારો) થાય છે. ત્યારબાદ ધ્યાનથી પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચાર જેટલા કાળથી બાકીના કર્મોને ખપાવે છે. જે ધ્યાનમાં પાંચ માત્રા રહી છે તે પંચમાત્રધ્યાન. આવા પ્રકારની અવસ્થાને પામેલાઓ શૈલેશી-પ્રતિપન્ન કહેવાય છે. ત્યારે આ (નીચે જણાવેલી) પ્રકૃતિઓને ખપાવે છે–

૫ સ્પર્શ, ૮ રસ, ૫ વર્ણ, ૨ ગંધ, અનાદેય, નિર્માણ, ૫ શરીર, ૬ સંઘયણ, ૩ અંગોપાંગ, ૬ સંસ્થાન, મનુષ્યગતિને પ્રાયોગ્ય મનુષ્યાનુપૂર્વી, દેવગતિને પ્રાયોગ્ય દેવાનુપૂર્વી, દેવગતિ, ઉપઘાત અને અગુરુલઘુ, ઉચ્છ્વાસ, પરાઘાત, પર્યાપ્ત, શુભનામકર્મ, અશુભનામકર્મ, દુર્ભગ-દુઃસ્વર, સુસ્વર, નીચગોત્ર, સ્થિર, અસ્થિર, સાતા કે અસાતા બેમાંથી કોઇ એક, શુભ-અશુભ વિહાયોગતિ, પ્રત્યેકશરીર અને અયશ. તેની આ પ્રકૃતિઓ દ્વિચરમ(=ઉપાંત્ય) સમયે ક્ષય પામે છે. ત્યારબાદ ચરમ (=અંત્ય) સમયે અયોગીને વેદવા યોગ્ય એવી પ્રકૃતિઓને તે ખપાવે છે. નામકર્મના ક્ષયથી તેને તૈજસ શરીરનો બંધ પણ ક્ષય પામે છે. તેના આયુષ્યકર્મનો ક્ષય થવાથી ઔદારિક નામકર્મનો બંધ પણ ક્ષય પામે છે. આ પ્રમાણે સઘળા કર્મોનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. (૯-૪૯)

ટીકાવતરણિકા– एवमेते पुलाकादयोऽभिहिताः पञ्च निर्ग्रन्थाः स्वरूपतः, अथैषां कः कस्य संयमविकल्पः श्रुतादिविकल्पो वेत्याह–

ટીકાવતરણિકાર્થ– આ પ્રમાણે પુલાક વગેરે પાંચ નિર્ગ્રંથોનું સ્વરૂપ કહ્યું. હવે પુલાક વગેરેને સંયમનો કયો ભેદ હોય છે, શ્રુત વગેરેનો કયો ભેદ હોય છે એમ કહે છે–

પુલાક આદિ પાંચ નિર્ગ્રંથો સંબંધી વિશેષ વિચારણા–

संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थानविकल्पतः साध्याः ॥૯-૫૦॥

સૂત્રાર્થ– સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત, સ્થાન એ આઠ દ્વારોથી(=ભેદોથી) પુલાક વગેરે નિર્ગ્રંથો સંબંધી વિચારણા કરવી જોઈએ. (૯-૫૦)

भाष्यं– एते पुलाकादयः पञ्च निर्गन्थविशेषा एभिः संयमादिभिरनुयोगविकल्पैः साध्याः भवन्ति । तद्यथा-

संयमः । कः कस्मिन्संयमे भवतीति । उच्यते-पुलाकबकुशप्रतिसेवनाकुशीला द्वयोः संयमयोः सामायिके छेदोपस्थाप्ये च । कषायकुशीला द्वयोः परिहारविशुद्धौ सूक्ष्मसम्पराये च । निर्ग्रन्थस्नातकावेकस्मिन् यथाख्यातसंयमे ।

श्रुतम् । पुलाकबकुशप्रतिसेवनाकुशीला उत्कृष्टेनाभिन्नाक्षरदशपूर्वधराः । कषायकुशीलनिर्ग्रन्थौ चतुर्दशपूर्वधरौ । जघन्येन पुलाकस्य श्रुतमाचारवस्तु । बकुशकुशीलनिर्ग्रन्थानां श्रुतमष्टौ प्रवचनमातरः । श्रुतापगतः केवली स्नातक इति ।

प्रतिसेवना । पञ्चानां मूलगुणानां रात्रिभोजनविरतिषष्टानां पराभियोगाद् बलात्कारेणान्यतमं प्रतिसेवमानः पुलाको भवति । मैथुनमित्येके । बकुशो द्विविधः उपकरणबकुशः शरीरबकुशश्च । तत्रोपकरणाभिष्वक्तचित्तो विविधविचित्रमहाधनोपकरणपरिग्रहयुक्तो बहुविशेषोपकरणाकाङ्क्षायुक्तो नित्यं तत्प्रतिसंस्कारसेवी भिक्षुरुपकरणबकुशो भवति । शरीराभिष्वक्तचित्तो विभूषार्थं तत्प्रतिसंस्कारसेवी शरीरबकुशः । प्रतिसेवनाकुशीलो मूलगुणानविराधयन्नुत्तरगुणेषु काञ्चिद्विराधनां प्रतिसेवते । कषायकुशीलनिर्ग्रन्थस्नातकानां प्रतिसेवना नास्ति ।

तीर्थम् । सर्वे सर्वेषां तीर्थकराणां तीर्थेषु भवन्ति । एके त्वाचार्या मन्यन्ते पुलाकबकुशप्रतिसेवनाकुशीलास्तीर्थे नित्यं भवन्ति शेषास्तीर्थे वाऽतीर्थे वा ।

लिङ्गम् । लिङ्गं द्विविधम् । द्रव्यलिङ्गं भावलिङ्गं च । भावलिङ्गं प्रतीत्य सर्वे पञ्च निर्ग्रन्था भावलिङ्गे भवन्ति, द्रव्यलिङ्गं प्रतीत्य भाज्याः ।

लेश्याः । पुलाकस्योत्तरास्तिस्रो लेश्या भवन्ति । बकुशप्रतिसेवनाकुशीलयोः सर्वाः षडपि । कषायकुशीलस्य परिहारविशुद्धेस्तिस्र उत्तराः । सूक्ष्मसम्परायस्य निर्ग्रन्थस्नातकयोश्च शुक्लैव केवला भवति । अयोगः शैलेशीप्रतिपन्नोऽलेश्यो भवति ।

उपपातः । पुलाकस्योत्कृष्टस्थितिषु देवेषु सहस्रारे । बकुशप्रतिसेवनाकुशीलयोर्द्वाविंशतिसागरोपमस्थितिष्वारणाच्युतकल्पयोः । कषायकुशीलनिर्ग्रन्थयोस्त्रयस्त्रिंशत्सागरोपमस्थितिषु देवेषु सर्वार्थसिद्धे । सर्वेषामपि जघन्या पल्योपमपृथक्त्वस्थितिषु सौधर्मे । स्नातकस्य निर्वाणमिति ।

स्थानम् । असङ्ख्येयानि संयमस्थानानि कषायनिमित्तानि भवन्ति । तत्र सर्वजघन्यानि लब्धिस्थानानि पुलाककषायकुशीलयोः, तौ युगपदसङ्ख्येयानि स्थानानि गच्छतः । ततः पुलाको व्युच्छिद्यते, कषायकुशीलस्त्वसङ्ख्येयानि स्थानान्येकाकी गच्छति । ततः कषायकुशीलप्रतिसेवनाकुशीलबकुशा युगपदसङ्ख्येयानि संयमस्थानानि गच्छन्ति । ततो बकुशो व्युच्छिद्यते । ततोऽसङ्ख्येयानि स्थानानि गत्वा प्रतिसेवनाकुशीलो व्युच्छिद्यते । ततोऽसङ्ख्येयानि स्थानानि गत्वा कषायकुशीलो व्युच्छिद्यते । अत ऊर्ध्वमकषायस्थानानि निर्ग्रन्थः प्रतिपद्यते । सोऽप्यसङ्ख्येयानि स्थानानि गत्वा व्युच्छिद्यते । अत ऊर्ध्वमेकमेव स्थानं गत्वा निर्ग्रन्थस्नातको निर्वाणं प्राप्नोति, एषां संयमलब्धिरनन्तानन्तगुणा भवतीति ॥९-५०॥

इति तत्त्वार्थाधिगमे स्वोपज्ञभाष्यसमेते नवमोऽध्यायः समाप्तः ॥९॥

ભાષ્યાર્થ– પુલાક વગેરે આ પાંચ વિશેષ પ્રકારના નિર્ગ્રંથોનું વ્યાખ્યાન કરવા સંયમાદિ ભેદોથી વિચારણા કરવી જોઈએ. તે આ પ્રમાણે–

સંયમ– પ્રશ્ન– કોણ કયા સંયમમાં હોય છે ?

ઉત્તર– પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ (એ ત્રણ) સામાયિક અને છેદોપસ્થાપ્ય સંયમમાં હોય છે. કષાયકુશીલો પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય એ બે સંયમમાં હોય છે. નિર્ગ્રંથો અને સ્નાતકો એક યથાખ્યાતસંયમમાં હોય છે.

શ્રુત– પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલો ઉત્કૃષ્ટથી દશપૂર્વધર હોય છે. કષાયકુશીલ અને નિર્ગ્રંથો ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વધરો હોય છે. પુલાકને જઘન્યથી (નવમા પૂર્વની ત્રીજી) આચારવસ્તુ સુધીનું શ્રુત હોય છે. બકુશ, કુશીલ અને નિર્ગ્રંથોને જઘન્યથી અષ્ટપ્રવચન માતા જેટલું શ્રુત હોય છે. સ્નાતકકેવલી શ્રુતથી રહિત હોય છે.

પ્રતિસેવના– પુલાક બીજાના(=રાજાદિના) આગ્રહથી(=બળાત્કારથી) પાંચ મૂલગુણો અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ(વ્રત) એ છમાંથી કોઇ એકને સેવનારો હોય છે. કેટલાકો કહે છે કે પુલાક બીજાના(=રાજાદિના) આગ્રહથી(=બળાત્કારથી) મૈથુન સેવનારો હોય છે.

બકુશ– ઉપકરણબકુશ અને શરીરબકુશ એમ બકુશ બે પ્રકારના છે.

ઉપકરણબકુશ– ઉપકરણબકુશ એટલે ઉપકરણમાં આસક્તચિત્તવાળો વિવિધ હોય છે, અને વિચિત્ર પ્રકારના અને અતિશય કિંમતી ઉપકરણ-રૂપ પરિગ્રહથી યુક્ત હોય છે. ઘણાં ઉપકરણો રાખવાની આકાંક્ષાથી યુક્ત હોય છે તથા ઉપકરણોને સંસ્કારિત કરનારો હોય છે.

શરીરબકુશ– શરીરમાં આસક્તચિત્તવાળો અને શરીરની વિભૂષા કરવા માટે શરીરને સંસ્કારિત બનાવનારો સાધુ શરીરબકુશ કહેવાય છે.

પ્રતિસેવનાકુશીલ મૂલગુણોની વિરાધના કરતો નથી. કિંતુ ઉત્તર-ગુણોમાં કંઇક વિરાધના કરે છે. કષાયકુશીલ[1], નિર્ગ્રંથ અને સ્નાતકોને પ્રતિસેવના નથી, અર્થાત્ તેઓ દોષોને સેવતા નથી.

૧. કષાયકુશીલો મૂળગુણોમાં દોષો લગાડતા નથી. કિંતુ કષાય કરવાના કારણે ઉત્તરગુણોમાં દોષો લગાડનારા હોય છે.

તીર્થ– બધાય નિર્ગ્રંથો તીર્થંકરોના તીર્થોમાં હોય છે. કેટલાક આચાર્યો માને છે કે પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલો સદા તીર્થમાં હોય છે. બાકીના નિર્ગ્રંથો તીર્થમાં કે અતીર્થમાં પણ હોય છે.

લિંગ– લિંગ દ્રવ્યલિંગ અને ભાવલિંગ એમ બે પ્રકારે છે. ભાવલિંગને આશ્રયીને પાંચેય નિર્ગ્રંથો ભાવલિંગમાં હોય છે. દ્રવ્યલિંગને આશ્રયીને લિંગ હોય કે ન પણ હોય, અર્થાત્ ભાવલિંગવાળા (નિર્ગ્રંથો)ને દ્રવ્યલિંગ હોય કે ન પણ હોય.

લેશ્યા– પુલાકને પછીની ત્રણ લેશ્યાઓ હોય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલને સઘળીય લેશ્યાઓ હોય છે. પરિહારવિશુદ્ધિવાળા કષાયકુશીલને પછીની ત્રણ લેશ્યાઓ હોય છે. સૂક્ષ્મસંપરાય કષાયકુશીલ તેમજ નિર્ગ્રંથ અને સ્નાતક(એ ત્રણેય)ને કેવળ શુક્લ જ લેશ્યા હોય છે. શૈલેશીને સ્વીકારેલ અયોગસ્નાતક લેશ્યા રહિત હોય છે.

ઉપપાત– પુલાકનો સહસ્રારમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવોમાં ઉપપાત થાય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલ એ બેનો અનુક્રમે આરણ અને અચ્યુત કલ્પમાં ઉપપાત થાય છે. કષાયકુશીલ અને નિર્ગ્રંથ એ બેનો ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવોમાં, અર્થાત્ સર્વાર્થસિદ્ધવિમાનમાં ઉપપાત થાય છે. બધાય નિર્ગ્રંથોનો જઘન્યથી સૌધર્મદેવલોકમાં પલ્યોપમ પૃથક્ત્વ સ્થિતિવાળા દેવોમાં ઉપપાત થાય છે. સ્નાતક મોક્ષને પામે છે.

સ્થાન– કષાયના નિમિત્તવાળા સંયમસ્થાનો અસંખ્ય હોય છે. તેમાં સર્વ જઘન્ય લબ્ધિસ્થાનો(=સંયમસ્થાનો) પુલાક અને કષાયકુશીલને હોય છે. તે બંને(=પુલાક અને કષાયકુશીલ) એકી સાથે અસંખ્ય (સંયમ)સ્થાનો સુધી સાથે જાય છે. ત્યાર બાદ પુલાક અટકી જાય છે. કષાયકુશીલ એકલો અસંખ્ય સંયમસ્થાનો સુધી જાય છે. ત્યાર બાદ કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ એકી સાથે અસંખ્ય સંયમસ્થાનો સુધી જાય છે. ત્યાર બાદ બકુશ અટકી જાય છે. ત્યાર બાદ અસંખ્યેયસ્થાનો સુધી જઈને કષાયકુશીલ અટકી જાય છે. આની ઉપર

અકષાય સ્થાનો છે. એ અકષાય સ્થાનોનો નિર્ગ્રંથ સ્વીકાર કરે છે. તે પણ અસંખ્ય સ્થાનો સુધી જઈને અટકી જાય છે. આની ઉપર એક જ સ્થાન જઈને નિર્ગ્રંથ સ્નાતક મોક્ષને પામે છે. એમના સંયમવિશુદ્ધિના સ્થાનો અનંતાનંતગુણા હોય છે.(૯-૫૦)

આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમ ગ્રંથમાં સ્વોપજ્ઞ ભાષ્યથી યુક્ત નવમો અધ્યાય પૂર્ણ થયો.

टीका– संयमादयोऽष्टौ स्थानान्ताः कृतद्वन्द्वाः विकल्पशब्देन सह समस्यन्ते, संयमादीनां विकल्पा एते इत्यादि भाष्यं, एते इत्युक्तलक्षणाः पुलाकादयः पञ्च निर्ग्रन्थाः एभिः संयमादिभिरष्टाभिरनुगमविकल्पैः अनुगमनमनुसरणमनुगमोऽनुयोगद्वाराण्यर्थार्पणमुखानि तद्विकल्पैः-तद्भेदैः साध्या भवन्ति, तद्यथेत्यादिना तान् संयमादिविकल्पानुपन्यस्यति, संयम इति प्रथमोऽनुगमविकल्पः, पुलाकादीनां पञ्चानां निर्ग्रन्थानां कः कस्मिन् संयमे सामायिकादौ भवति- वर्त्तत ?, इति अज्ञप्रश्नः उच्यते, यो यस्मिन् संयमादौ भवति स तथा भण्यते, पुलाकबकुशप्रतिसेवना-कुशीलास्त्रयो निर्ग्रन्थाः संयमद्वये वर्त्तन्ते, सामायिकसंयमे छेदोपस्थाप्य-संयमे च, तत्र पुलाकः पञ्चभेदः ज्ञानदर्शनचरणलिङ्गसूक्ष्माख्यः, स्खलितादिभिर्ज्ञानपुलाकः कुदृष्टिसंस्तवादिभिर्दर्शनपुलाकः मूलोत्तरगुण-प्रतिसेवनातश्चरणपुलाकः यथोक्तलिङ्गाधिकग्रहणाल्लिङ्गपुलाकः किञ्चित्-प्रमादात् सूक्ष्मपुलाकः, एष पञ्चप्रकारोऽपि संयमद्वये वर्त्तते, बकुशोऽपि आभोगानाभोगसंवृत्तासंवृत्तसूक्ष्मबकुशभेदात् पञ्चप्रकारः, तत्र सञ्चिन्त्यकारी आभोगबकुशः, सहसाकारी अनाभोगबकुशः, प्रच्छन्नकारी संवृत्तबकुशः, प्रकटकारी असंवृत्तबकुशः, किञ्चित्प्रमादी सूक्ष्मबकुशः, प्रतिसेवना-कुशीलोऽपि ज्ञानदर्शनचरणलिङ्गसूक्ष्मभेदेन पञ्चप्रकारः, ज्ञानाद्यतिचार-प्रतिसेवनादिति प्रतिसेवना, प्रतिगता सेवना प्रतिसेवना, क्रियायोगात्यये सत्युपसर्गसंज्ञाऽभावात् षत्वाभावोऽतिसिक्तवत्, अन्ये

तु प्रतिषेवणामेवेच्छन्ति, कषायकुशीलाः परिहारविशुद्धिसंयमे सूक्ष्म(सम्पराय)संयमे च द्वयोरेव दर्शिता भाष्यकारेण, अपरे ब्रुवते- कषायकुशीलाः सामायिकादिषु चतुर्षु संयमेषु यथाख्यातसंयमरहितेषु वर्त्तन्ते, यथाह-

आद्यचारित्रयोराद्यास्त्रय एकश्चतुर्ष्वपि ।
निर्ग्रन्थस्नातकौ नित्यं, यथाख्यातचरित्रिणौ ॥१॥

प्रतिसेवनाकुशीलवत् कषायकुशीलोऽपि पञ्चभेद एव, निर्ग्रन्थः स्नातकश्च एकस्मिन्नेव यथाख्यातसंयमे वर्त्तते, उपशान्तक्षीणमोहा निर्ग्रन्थाः, स्नातकः सयोगायोगकेवलीति । निर्ग्रन्थोऽपि पञ्चभेद एव, प्रथमसमयाप्रथमसमयचरमसमयाचरमसमयसूक्ष्मभेदतः, स्नातकोऽपि पञ्चप्रकारः अच्छविरशबलोऽकर्म्मांशोऽपरिश्रावी संशुद्धज्ञानदर्शनधरश्चेति, छविः-शरीरं तदभावात् काययोगनिरोधे सत्यच्छविर्भवति, निरतिचारत्वा- दशबलः, क्षपितकर्म्मत्वादकर्मांशः, निष्क्रियत्वात् सकलयोगनिरोधे त्वपरिश्रावी, ज्ञानान्तरेणासम्पृक्तत्वात् संशुद्धज्ञानदर्शनधर इति १।

श्रुतं कियत् कस्येत्याह-पुलाकबकुशप्रतिसेवनाकुशीला अभिन्नाक्षराणि दश पूर्वाणि धारयन्ति, अभिन्नं-अन्यूनमेकेनाप्यक्षरेण, अन्यूनानि दश पूर्वाणीत्यर्थः, उत्कर्षेण कषायकुशीलो निर्ग्रन्थश्चतुर्दशपूर्वधर उत्कर्षतः, जघन्येन पुलाकस्य नवमपूर्वान्तःपाति तृतीयमाचारवस्तु यावत् श्रुतं, बकुशकुशीलनिर्ग्रन्थानामष्टौ प्रवचनमातरः, श्रुतरहितः केवलीति, आगमस्त्वन्यथा व्यवस्थितः

"पुलाए णं भंते ! केवइयं सुयं अहिज्जेज्जा ?, गोयमाः जहण्णेणं नवमस्स पुव्वस्स तइयमाचारवत्थुं, उक्कोसेणं नव पुव्वाइं संपुन्नाइं, बकुसपडिसेवणाकुसीला जहण्णेणं अट्ठ पवयणमायाओ, उक्कोसेणं [१]नव

१. 'दश' इति हस्तलिखितप्रतौ । 'चोद्दस' इति सिद्धसेनगणिकृतटीकायाम् ।

पुव्वाइं अहिज्जेज्जा, कसायकुसीलनियंठा जहण्णेणं अट्ठ पवयणमायाओ, उक्कोसेणं चउदस पुव्वाइं अहिज्जेज्जा २।"

सम्प्रति प्रतिसेवनामाश्रित्योच्यते-प्रतिसेवना पञ्चानामित्यादि मूलगुणाः प्राणातिपातनिवृत्त्यादयः पञ्च क्षपाभोजनविरतिश्च, तान् परेणाभियुज्यमानः सेवते, पराभियोगादित्यस्यैव व्याख्या बलात्कारेणेति, अथवा परेणाभियुक्तः-प्रेरितो यदा भवति तदा प्रवर्त्तते, न स्वरसत एव, अपरस्तु राजादिभिर्बलात्कारेण प्रवर्त्त्यते, तदेवमन्यतमं मूलगुणं प्रतिसेवमानः पुलाको भवति, मैथुनमित्येके, अपरे व्याचक्षते-मैथुनमेवेत्थं पराभियोगात् बलात्कारेण वा सेवां कार्यते स पुलाकः, न प्राणातिपातादि सेवमानः, अत्राप्यन्यथैवागमः-

"पुलाए णं भंते ! किं पडिसेवए होज्जा अपडिसेवए होज्जा ?, गोयमा ! पडिसेवए, णोऽपडिसेवए, जइ पडिसेवए किं मूलगुणपडिसेवए उत्तरगुणपडिसेवए ?, मूलगुणपडिसेवए य उत्तरगुणपडिसेवए अ, मूलगुणे पडिसेवमाणे पंचण्हं महव्वयाणं अण्णयरं पडिसेवेज्जा, उत्तरगुणे पडिसेवमाणे दसविहस्स पच्चक्खाणस्स अण्णयरं पडिसेवेज्जा"

बकुशो द्वेधा-उपकरणशरीरभेदात्, तत्र-तयोरुपकरणबकुशः उपकरणे वस्त्रपात्रादौ अभिष्वक्तचित्तः प्रतिबद्धस्नेहः समुपजाततोषः वस्त्रं विविधं देशभेदेन पौण्ड्रवर्धनककाशाकुलकादि पात्रमपि पूरिकगन्धारकप्रतिग्रहकादि विचित्रं रक्तपीतसितबिन्दुपट्टकादिप्रचितं महाधनं महामूल्यं एवमादिना उपकरणेन युक्तो, ममेदं अहमस्य स्वामीत्युपजातमूर्च्छः, पर्यासोपकरणोऽपि भूयो बहुविशेषोपकरणाकाङ्क्षायुक्तः बहुविशेषो यत्र मृदुदृढश्लक्ष्णघननिचितरुचिरवर्णादिस्तादृशोपकरणे लब्धव्ये जाताकाङ्क्षो-जाताभिलाषः, सर्वदा च तस्योपकरणस्य प्रतिसंस्कारं प्रक्षालनदशाबन्धघटिकासंवेष्टनादिकं सेवमानस्तच्छील उपकरणबकुशः, शरीरबकुशः शरीरादिषु आसक्तचित्तः, विभूषार्थं तस्य शरीरस्याभ्यञ्जनोद्वर्त्तन-

स्नानादिकं प्रतिसंस्कारं सेवमानस्तच्छील एव भवति, एष चोत्तरगुण-भ्रंशकारी, न तु मूलगुणान् विराधयति, यथोक्तमागमे-

"बउसे पुच्छा ?, गोयमा ! णो मूलगुणसेवी, उत्तरगुणपडिसेवए होज्जा, उत्तरगुणे पडिसेवमाणे दसविहस्स पच्चक्खाणस्स अण्णयरं पडिसेवेज्जा,"

प्रतिसेवनाकुशीलः मूलगुणान्-प्राणातिपातनिवृत्त्यादीन् अविराधयन्-अखण्डयन् उत्तरगुणेषु दशसु काञ्चिद्विराधनां, न सर्वां, कदाचिदेव प्रतिसेवत इति, अत्राप्यागमोऽन्यथा अतिदेशकारी-

"पडिसेवणाकुसीलो जहा पुलाओ"

कषायकुशीलस्य निर्ग्रन्थस्नातकयोश्च नास्त्येव प्रतिसेवनेति ३ ।

तरन्त्यनेनेति तीर्थं-प्रवचनं प्रथमगणधरो वा तत्र किं कस्यचिदेव तीर्थकृतः तीर्थे पुलाकादयो भवन्त्युत सर्वेषामेव तीर्थकराणामित्याह-सर्वे सर्वेषामित्यादि सर्वे पुलाकादयः सर्वेषां तीर्थकृतां तीर्थेषु भवन्ति, एके त्वाचार्या इत्यादि, पुलाको बकुशः प्रतिसेवनाकुशीलश्च नित्यं तीर्थ एव, शेषाः कषायकुशीलनिर्ग्रन्थस्नातकास्तीर्थे भवन्ति एते कदाचिद् अतीर्थेऽपि मरुदेवीप्रभृतयः श्रूयन्ते इति, इदमेव चादेशान्तरमाश्रित्यागममुपलभामहे-

"पुलाए णं भंते ! किं तित्थे होज्जा अतित्थे होज्जा ?, गोयमा ! तित्थे होज्जा, णो अतित्थे । एवं बउसपडिसेवणाकुसीलावि, कसाय-कुसीले तित्थे वा होज्जा अतित्थे वा होज्जा, एवं नियंठसिणायगावि" ४॥

लिङ्गं द्विविधमित्यादि लिङ्गं-चिह्नं मुमुक्षोः, तच्च द्विधा द्रव्यभावभेदात्, तत्र द्रव्यलिङ्गं रजोहरणमुखवस्त्रिकादि लिङ्गं, भावलिङ्गं ज्ञानदर्शन-चारित्राणि, भावलिङ्गं प्रतीत्य निसृत्य पञ्चापि पुलाकादयो भावलिङ्गे भवन्ति, एवं द्रव्यलिङ्गं प्रतीत्य भाज्याः, कदाचिद्रजोहरणादि भवति कदाचिन्नेति, मरुदेवीप्रभृतीनामिति ५॥

लेश्याः पूर्वोक्तनिर्वचना उत्तराः पारमर्षक्रमप्रामाण्यात् पुलाकस्य तैजसीपद्मशुक्लनामानस्तिस्रो भवन्ति, बकुशप्रतिसेवनाकुशीलयोः सर्वाः, कियन्त्यः सर्वाः ?, षडपीत्याह, परिहारविशुद्धिसंयमप्राप्तस्य कषाय-कुशीलस्य एता एव तिस्रः, सूक्ष्मसम्परायसंयमप्राप्तस्य कषायकुशीलस्य तथा निर्ग्रन्थस्य सयोगस्नातकस्य च त्रयाणामप्येका शुक्लैव, केवला-अन्यलेश्यानिरपेक्षेति। शैलेशीप्रतिपन्नस्त्वयोगकेवली नियमेनालेश्य एव भवति ६॥

उपपात इत्युपपत्तिर्जन्मान्तरप्राप्तिः, पूर्वजन्मपरित्यागेन स्थानान्तर-प्राप्तिरित्यर्थः, सहस्रारेऽष्टादशसागरोपमस्थितिरुत्कृष्टा, तत्र पुलाक-स्योत्पत्तिः-जन्म मरणोत्तरकालं, बकुशप्रतिसेवनाकुशीलयोरच्युते द्वाविंशतिसागरोपमस्थितिकेषूत्पत्तिः, कषायकुशीलनिर्ग्रन्थयोः सर्वार्थ-सिद्धविमाने त्रयस्त्रिंशत्सागरोपमस्थितिषूत्पत्तिः, सर्वेषां पुलाकादीनां शमितकषायान्तानां प्रथमकल्पे जघन्येन, द्विप्रभृतिरा नवभ्यः पृथक्त्वपरि-भाषा, तत्स्थितिकेषु देवेषूत्पत्तिः, स्नातकस्य निर्वाणस्थानप्राप्तिरेवेति ७॥

स्थानद्वारमधुना चिन्त्यते-असङ्ख्येयानीत्यादि स्थानमित्यध्यवसान-स्थानं परिणामस्थानं संयमस्थानमिति पर्यायाः, तत्र यावत् सकषायस्तावत् सङ्क्लेशविशोधयोऽवश्यंभाविन्यः, क्षीणकषायस्य तु विशोधिरेव, न सङ्क्लेशः, तत्र सकषायस्यासङ्ख्येयानि संयमस्थानानि भवन्ति, तत्रैकस्य प्रथमसंयमस्थानस्य पर्यायपरिमाणमिदमागमोक्तं-"सव्वा-गासपदेसग्गं सव्वागासपदेसेहिं अणंतगुणियं पढमसंजमठाणं" भवति, का पुनर्भावना ?, उच्यते-

"सव्वगयं सम्मत्तं सुए चरित्ते ण पज्जवा सव्वे ।
देसविरतिं पडुच्च दोण्हवि पडिसेहणं कुज्जा ॥१॥
सव्वदव्वाणि जमेस सव्वदव्वाण पज्जवा जे अ ।
सव्वाण अवावण्णा तिकालविसयंमि जे भणिया ॥२॥

सव्वेवि अ सद्दहओ समती उवदेसओ व सम्मत्तं ।
तव्विवरीअं मिच्छंति दरिसणं देसिअं समए ॥३॥

एएण कारणेणं सव्वागासपदेसग्गं सव्वागासपदेसेहिं अणंतगुणियं पढमं संजमठाणं पज्जवग्गेण भवति, तओ एवं चेव पढमं संजमठाणं एअप्पमाणं परिणामविसोहिनिमित्तेण अधिकतरं भवति, तओ पढम-संजमठाणपरिणामविसुद्धितो बिइयं संजमठाणपरिणामो विसुद्धतरोत्ति काउं पढमसंजमठाणाओ बिइयं संजमठाणं अणंतभागब्भहियं, एएणं चेव कमेण बितीआओ ततियं, [अणंतभागमब्भहियं जाव चरिमं अणंतभागमब्भहियं । एवं संयमस्थानप्ररूपणा । एतेसिं चेव जहा भणिताणं संजमट्ठाणाणं असंखिज्जाणं समुदएणं जं निप्पज्जइ तं कंडगं ति वा अंतरकंडगं ति वा भणइ । एगंमि] कंडगे केवइयाइं संजम-ठाणाइ ?, असंखिज्जाइं, असंखिज्जाहिं ओसप्पिणीहिं कालओ अवहरंति, खेत्तओ अंगुलस्स असंखेज्जतिभागेणं,"

सम्प्रति भाष्यभावना क्रियते-पुलाकादिस्थाननिरूपणनिदर्शनमात्रमिदं भाष्यभावनार्थमुपन्यस्तं, पुलाकस्य कषायकुशीलस्य च सर्वजघन्यानि स्थानान्यधः, ततस्तौ युगपदसंख्येयानि स्थानानि गच्छतस्तुल्याध्यवसानात्, ततः पुलाको व्युच्छिद्यते, हीनपरिणामत्वात्, ततः कषायकुशील-प्रतिसेवनाकुशीलबकुशा युगपदसङ्ख्येयानि स्थानानि प्राप्नुवन्ति, ततश्च बकुशो व्युच्छिद्यते ततोऽप्यसङ्ख्येयानि संयमस्थानानि गत्वा प्रतिसेवना-कुशीलो व्युच्छिद्यते, ततोऽप्यसङ्ख्येयानि संयमस्थानानि गत्वा कषायकुशीलो व्युच्छिद्यते, एवमेतानि सकषायस्थानानि द्रष्टव्यानि, अत ऊर्ध्वमिति कषायकुशीलव्युच्छेदस्थानादुपरि अकषायस्थानानि निर्ग्रन्थः प्रतिपद्यते, सोऽप्यसङ्ख्यातानि स्थानानि गत्वा व्युच्छिद्यते, अत ऊर्ध्वं निर्ग्रन्थस्थानादुपरि गत्वा निर्ग्रन्थः क्षपितसकलकर्म्मांशः स्नातकोऽपि

निर्वाणमवाप्नोतीति, एषां च पुलाकादीनां संयमलब्धिः संयमस्थान-प्राप्तिरुत्तरोत्तरस्यानन्तगुणा भवतीति भावितमेवेति ॥૯-૫૦॥

॥ इति श्रीतत्त्वार्थटीकायां हरिभद्राचार्यप्रारब्धायां डुपडुपिकाभिधानायां तस्यामेवान्यकर्तृकायां नवमोऽध्यायः समाप्तः ॥

ટીકાર્થ– સંયમથી પ્રારંભીને સ્થાન સુધીના આઠ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને વિકલ્પ શબ્દની સાથે સમાસ કરાય છે. સંયમાદિ વિકલ્પો જણાવવા માટે "एते" ઇત્યાદિ ભાષ્ય છે. एते એટલે પૂર્વે જેવું લક્ષણ કહ્યું છે તે પુલાક વગેરે પાંચ નિર્ગ્રંથોની આઠ વ્યાખ્યાના વિકલ્પોથી વ્યાખ્યા કરવી. અનુગમ=અનુસરણ. સંયમ વગેરે અનુયોગ દ્વારો અર્થને અર્પણ કરવાની પ્રધાનતાવાળા છે. વ્યાખ્યાના તે ભેદોથી પુલાક વગેરે સાધ્ય થાય છે, અર્થાત્ એમનો વિશેષ અર્થ સમજી શકાય છે.

"तद्यथा" ઇત્યાદિથી તે સંયમાદિ ભેદોનો ઉલ્લેખ કરે છે. સંયમ એ વ્યાખ્યા કરવાનો પ્રથમ ભેદ છે.

પ્રશ્ન– અહીં અજ્ઞાની જીવ પૂછે છે કે પુલાક વગેરે પાંચ નિર્ગ્રંથોમાંથી કોણ સામાયિકાદિ કયા સંયમમાં હોય છે.

ઉત્તર– જે નિર્ગ્રંથ જે સંયમાદિમાં હોય છે તે પ્રમાણે કહેવાય છે.

સંયમદ્વાર– પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ એ ત્રણેય સામાયિક અને છેદોપસ્થાપનીય એ બે ચારિત્રમાં(=સંયમમાં) હોય છે. તેમાં પુલાકના જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ અને સૂક્ષ્મ એમ પાંચ ભેદ છે.

જ્ઞાનપુલાક– કાળે ન ભણવું ઇત્યાદિ સ્ખલનાઓથી(=દોષોથી) જ્ઞાનપુલાક છે.

દર્શનપુલાક– કુદૃષ્ટિસંસર્ગ વગેરે દોષોથી દર્શનપુલાક છે.

ચારિત્રપુલાક– મૂળગુણ અને ઉત્તરગુણોની પ્રતિસેવનાથી(=દોષો લગાડવાથી) ચારિત્રપુલાક છે.

લિંગપુલાક– શાસ્ત્રમાં કહેલા લિંગથી અધિક લિંગ(=અન્ય લિંગ)ને ગ્રહણ કરવાથી લિંગપુલાક છે.

સૂક્ષ્મપુલાક– કંઈક પ્રમાદ કરવાથી(=મનથી સૂક્ષ્મ અતિચારો લગાડવાથી) સૂક્ષ્મપુલાક છે.

આ પાંચેય પ્રકારનો પણ પુલાક બે(=પ્રારંભના બે) સંયમમાં વર્તે છે.

બકુશના પણ આભોગ, અનાભોગ, સંવૃત્ત, અસંવૃત્ત અને સૂક્ષ્મ એમ પાંચ ભેદો છે. તેમાં–

આભોગબકુશ– વિચારીને(=જાણવા છતાં) દોષો સેવે તે આભોગ-બકુશ છે.

અનાભોગબકુશ– સહસા (અથવા) અજાણતા દોષ લાગી જાય તે અનાભોગબકુશ છે.

સંવૃત્તબકુશ– ગુપ્ત રીતે દોષ સેવનારો સંવૃત્તબકુશ છે.

અસંવૃત્તબકુશ– પ્રગટ રીતે દોષ સેવનારો અસંવૃત્તબકુશ છે.

સૂક્ષ્મબકુશ– કંઈક પ્રમાદ કરનારો સૂક્ષ્મબકુશ છે.

પ્રતિસેવનાકુશીલના પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ અને સૂક્ષ્મ એમ પાંચ ભેદ છે. તેમાં પૂર્વે (પુલાકમાં) જણાવ્યું તેમ જ્ઞાનાદિમાં અતિચાર લગાડનાર ક્રમશઃ જ્ઞાનાદિ પ્રતિસેવનાકુશીલ છે.

[પ્રતિગતા સેવના-પ્રતિસેવના] જતી રહેલી સેવના તે પ્રતિસેવના. અહીં પ્રાદિ તત્પુરુષ સમાસ છે. ક્રિયા યોગનો અભાવ થયે છતે ઉપસર્ગની સંજ્ઞા રહેતી નથી એટલે પ્રતિસેવનાનો અર્થ સેવના થાય.

પ્રશ્ન– પ્રતિસેવના શબ્દમાં દંત્ય 'સ' નો વ્યાકરણના નિયમ પ્રમાણે મૂર્ધન્ય 'ષ' કેમ ન થયો ?

ઉત્તર– જે પ્રમાણે અતિસિક્ત શબ્દમાં સિ મૂર્ધન્ય થયો નથી તેમ અહીં (પ્રતિસેવનામાં) પણ મૂર્ધન્ય 'ષ' થયો નથી. બીજાઓ તો પ્રતિષેવણા એવા જ પ્રયોગને ઇચ્છે છે. (અહીં દંત્ય 'સ' નો મૂર્ધન્ય 'ષ' થવાના કારણે ન નો ણ થઈ ગયો.)

ભાષ્યકારે કષાયકુશીલને પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય એ બે સંયમમાં જ બતાવ્યા છે. બીજાઓ કહે છે કે– કષાયકુશીલ (યથાખ્યાત સંયમથી રહિત) સામાયિકાદિ ચાર સંયમોમાં વર્તે છે (અન્ય) કહે છે કે- પહેલા બે ચારિત્રોમાં પ્રથમના ત્રણ નિર્ગ્રંથો હોય છે. એક નિર્ગ્રંથ ચારેય પણ ચારિત્રમાં હોય, નિર્ગ્રંથ અને સ્નાતક સદાય યથાખ્યાતચારિત્રમાં હોય છે, અર્થાત્ પ્રથમના ત્રણ(=પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ) એ સામાયિક અને છેદોપસ્થાપનીય એ બે ચારિત્રમાં હોય છે. એક નિર્ગ્રંથ(=કષાયકુશીલ) યથાખ્યાત સિવાયના ચારેય ચારિત્રમાં હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતક સદા યથાખ્યાતચારિત્રમાં હોય છે.

પ્રતિસેવનાકુશીલની જેમ કષાયકુશીલ પણ પાંચ ભેદવાળો જ છે.

નિર્ગ્રંથ અને સ્નાતક એક જ યથાખ્યાતસંયમમાં હોય છે. ઉપશાંતમોહ અને ક્ષીણમોહવાળા નિર્ગ્રંથ (કહેવાય) છે. સયોગી અને અયોગી કેવલી સ્નાતક (કહેવાય) છે.

નિર્ગ્રંથ પણ પ્રથમ સમય, અપ્રથમ સમય, ચરમ સમય, અચરમ સમય અને સૂક્ષ્મ એ પાંચ ભેદોથી પાંચ પ્રકારે છે.

સ્નાતક પણ અચ્છવિ, અશબલ, અકર્માંશ, અપરિશ્રાવી, શુદ્ધજ્ઞાન-દર્શનધર એ પાંચ ભેદોથી પાંચ પ્રકારે છે. છવિ એટલે શરીર. કાયનિરોધ થયે છતે શરીરનો અભાવ થવાથી અચ્છવિ(=અશરીરી) થાય છે. અશબલ નિરતિચાર હોવાથી અશબલ છે. (બધા) કર્મોને ખપાવી દીધા હોવાથી અકર્માંશ છે. યોગનિરોધ થયે છતે ક્રિયારહિત હોવાથી અપરિશ્રાવી છે. અન્યજ્ઞાનનો સંબંધ ન હોવાથી શુદ્ધજ્ઞાનદર્શનધર છે.

શ્રુતદ્વાર– શ્રુતમ્ ઇત્યાદિ કોને કેટલું શ્રુત હોય તે કહે છે–

પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સંપૂર્ણ દશ પૂર્વોને ધારણ કરનારા હોય છે. અભિન્ન એટલે એકપણ અક્ષરથી અન્યૂન(=સંપૂર્ણ), અર્થાત્ સંપૂર્ણ દશપૂર્વ. કષાયકુશીલ અને નિર્ગ્રંથ ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વધર હોય છે. પુલાકને જઘન્યથી નવમા પૂર્વમાં રહેલી ત્રીજી આચારવસ્તુ

સુધીનું શ્રુત હોય છે. બકુશ, કુશીલ અને નિર્ગ્રંથોને જઘન્યથી આઠ પ્રવચનમાતા જેટલું શ્રુત હોય છે. કેવલી ભગવંત શ્રુતરહિત હોય છે.

આગમનો પાઠ તો આનાથી બીજી રીતે છે. તે આ પ્રમાણે- હે ભગવંત ! પુલાક કેટલું શ્રુત ભણે ? હે ગૌતમ ! પુલાક જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચારવસ્તુ સુધીના શ્રુતને ભણે. ઉત્કૃષ્ટથી સંપૂર્ણ નવપૂર્વ ભણે. બકુશ અને પ્રતિસેવનાકુશીલ એ બે જઘન્યથી આઠ પ્રવચનમાતા અને ઉત્કૃષ્ટથી નવ પૂર્વો ભણે. કષાયકુશીલ અને નિર્ગ્રંથો જઘન્યથી અષ્ટ પ્રવચનમાતા અને ઉત્કૃષ્ટથી ચૌદ પૂર્વો ભણે.

પ્રતિસેવનાદ્વાર– હવે પ્રતિસેવનાને આશ્રયીને કહેવાય છે–

"प्रतिसेवनापञ्चानाम्" इत्यादि प्राणातिपातनिवृत्ति વગેરે પાંચ અને રાત્રિભોજનવિરતિ એ (છ) મૂળગુણો છે. બીજાના દબાણથી મૂળગુણોને સેવે છે. "पराभियोगादित्यादि" આની વ્યાખ્યા બળાત્કારથી એ પ્રમાણે છે. બીજાઓથી જ્યારે બળાત્કાર કરાયેલો=પ્રેરાયેલો થાય છે ત્યારે મૂળગુણના ભંગમાં પ્રવર્તે છે. પરંતુ પોતાની ઇચ્છાથી જ નહિ. બીજાઓથી=રાજા આદિથી બળાત્કારે પ્રવર્તાવાય છે. આ પ્રમાણે કોઇપણ એક મૂળગુણને સેવતો પુલાક થાય છે. કેટલાકો એમ કહે છે કે- પુલાક આ પ્રમાણે પરાભિયોગથી કે બળાત્કારથી મૈથુન જ સેવડાવાય છે. (બળાત્કારે) પ્રાણાતિપાત વગેરે સેવતો નથી. આ વિશે આગમ બીજી રીતે જ છે–

પ્રશ્ન– હે ભગવંત શું પુલાક પ્રતિસેવક હોય છે કે અપ્રતિસેવક ?

ઉત્તર– હે ગૌતમ ! પ્રતિસેવક હોય અપ્રતિસેવક ન હોય.

પ્રશ્ન– જો પ્રતિસેવક હોય તો મૂળગુણ પ્રતિસેવક છે કે ઉત્તરગુણ પ્રતિસેવક છે ?

ઉત્તર– મૂળગુણ પ્રતિસેવક હોય, ઉત્તરગુણ પ્રતિસેવક પણ હોય. મૂળગુણને સેવતો તે પાંચ મહાવ્રતોમાંથી કોઇ એક મહાવ્રતને સેવે (=મહાવ્રતોમાં દોષ લગાડે) ઉત્તરગુણને પ્રતિસેવતો તે દશ પ્રકારના

પચ્ચક્ખાણમાંથી કોઈ એક પચ્ચક્ખાણને સેવે, અર્થાત્ કોઈ એક પચ્ચક્ખાણમાં દોષ લગાડે.

બકુશ– ઉપકરણ અને શરીર એવા ભેદથી બે પ્રકારે છે.

ઉપકરણબકુશ– તે બેમાં ઉપકરણ બકુશ વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણમાં અભિષ્વક્ત ચિત્તવાળો હોય છે. અભિષ્વક્ત ચિત્તવાળો એટલે પ્રતિબદ્ધ સ્નેહવાળો, અર્થાત્ સારા વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણમાં જેને સંતોષ ઉત્પન્ન થયો છે તેવો હોય છે. વિવિધ વસ્ત્ર એટલે પૌંડ્રવર્ધનક અને કાશાકુલકાદિ દેશોના ભેદથી વિવિધ પ્રકારનું વસ્ત્ર. પુરિકાગંધારક વગેરે દેશોના ભેદથી વિવિધ પ્રકારનું પાત્ર વગેરે. વિચિત્ર એટલે લાલ, પીળા, સફેદ બિંદુ વગેરે ભાતથી (ડીઝાઈનથી) ભરેલું. મહાધન એટલે મહામૂલ્યવાળું (મહાકિંમતી.) ઇત્યાદિ ઉપકરણોને ધારણ કરતો હોય. આ મારું છે, હું આનો સ્વામી છું એ પ્રમાણે મૂર્ચ્છિત થયેલો પોતાની પાસે ઉપકરણો પૂરતા હોવા છતાં પણ ઘણાં વિશેષ પ્રકારના ઉપકરણોની કાંક્ષાવાળો હોય છે. ("बहुविशेषोपकरणकाङ्क्षायुक्तः") મૃદુ, દૃઢ, કોમળ, ઘન (=ઘાટું) અને પૂર્ણ, સુંદર વર્ણ વગેરે હોય તેવા (વિશેષ) ઉપકરણો મેળવવાની આકાંક્ષાવાળો હોય છે. સદા ઉપકરણોને સંસ્કારિત કરવા ધોળા રાખવા દશી બાંધવી, ઘડી કરવી, વીંટવું વગેરે પ્રવૃત્તિમાં રાચ્યો માચ્યો રહેતો ઉપકરણબકુશ છે.

શરીરબકુશ– શરીરાદિમાં આસક્ત ચિત્તવાળો વિભૂષાને માટે તે શરીરનું અભ્યંજન, ઉદ્વર્તન(=શરીરને સાફ કરવાના પદાર્થોથી સાફ કરવું.) અને સ્નાનાદિકના પ્રતિ સંસ્કારને કરે છે. આવું કરવું એ તેનો સ્વભાવ હોય છે. આ શરીરબકુશ ઉત્તરગુણોનો ભંગ કરનારો હોય છે પણ મૂળગુણોની વિરાધના કરતો નથી. આગમમાં કહ્યું છે કે- બકુશમાં પૃચ્છા=ગૌતમસ્વામી મહાવીરસ્વામીને પૂછે છે કે બકુશો મૂળગુણ સેવી હોય છે કે ઉત્તરગુણ સેવી ? હે ગૌતમ ! બકુશ ઉત્તરગુણ સેવી હોય છે, પણ મૂળગુણ સેવનારો હોતો નથી. ઉત્તરગુણોને સેવતો તે દશ

પ્રકારના પચ્ચક્ખાણમાંથી કોઈ એક પચ્ચક્ખાણનું પ્રતિસેવન કરે છે. પ્રતિસેવનાકુશીલ પ્રાણાતિપાતનિવૃત્તિ આદિ મૂળગુણોની વિરાધના નહિ કરતો દશ ઉત્તરગુણોમાં કંઈક વિરાધના કરે છે, પણ સર્વ વિરાધના કરતો નથી, અર્થાત્ ક્યારેક દોષ લગાડે છે. અહીં પણ આગમ બીજી રીતે ભલામણ કરે છે- પ્રતિસેવનાકુશીલમાં પુલાકની જેમ જાણવું. કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકમાં પ્રતિસેવના નથી જ.

તીર્થદ્વાર– જેનાથી તરે(=જેનાથી સંસાર સાગર તરે) તે તીર્થ. તીર્થ એટલે પ્રવચન કે પ્રથમ ગણધર. તેમાં(=તીર્થની વિચારણામાં) પુલાક વગેરે શું કોઈક જ તીર્થંકરના તીર્થમાં હોય છે કે બધા જ તીર્થંકરોના તીર્થમાં હોય છે ? "सर्वेषाम्" इत्यादि પુલાક વગેરે બધા (નિર્ગ્રંથો) બધા તીર્થંકરોના તીર્થમાં હોય છે. एके त्वाचार्या इत्यादि- કેટલાક આચાર્યો તો કહે છે કે- પુલાક, બકુશ અને પ્રતિસેવનાકુશીલ સદા તીર્થમાં જ હોય. બાકીના કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકો તીર્થમાં હોય છે અને મરુદેવી વગેરે કેટલાકો અતીર્થમાં પણ હોય એમ સંભળાય છે.

અહીં બીજા આદેશને(=મતને) આશ્રયીને અમે આગમ આ પ્રમાણે પ્રાપ્ત કરીએ છીએ.

પ્રશ્ન– હે ભગવંત ! પુલાક શું તીર્થમાં હોય કે અતીર્થમાં હોય ?

ઉત્તર– હે ગૌતમ ! તીર્થમાં હોય, અતીર્થમાં ન હોય. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલો પણ જાણવા. કષાયકુશીલો તીર્થમાં હોય અને અતીર્થમાં પણ હોય એ પ્રમાણે નિર્ગ્રંથ અને સ્નાતકો પણ જાણવા.

લિંગદ્વાર– "लिङ्गम् द्विविधम्" લિંગ એટલે મુમુક્ષુને ઓળખવાનું ચિહ્ન. અને તે દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારે છે. તેમાં રજોહરણ, મુહપત્તિ વગેરે દ્રવ્યલિંગ છે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ભાવલિંગ છે. ભાવલિંગને આશ્રયીને પુલાક વગેરે પાંચેય ભાવલિંગમાં હોય છે. એ પ્રમાણે દ્રવ્યલિંગને આશ્રયીને દ્રવ્યલિંગ હોય કે ન પણ હોય. ક્યારેક રજોહરણાદિ હોય ક્યારેક મરુદેવી આદિની જેમ ન પણ હોય.

લેશ્યાદ્વાર– લેશ્યા શબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ પૂર્વે (અ.૨ સૂ.૬ માં) કહ્યો છે. પરમઋષિઓએ કહેલા ક્રમની પ્રામાણિકતાથી પુલાકને ઉત્તરા(=પછીની ત્રણ એટલે તૈજસ, પદ્મ, શુક્લ) લેશ્યા હોય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલને બધીય લેશ્યાઓ હોય છે.

પ્રશ્ન– બધી એટલે કેટલી ?

ઉત્તર– છ એ પણ હોય છે. પરિહારવિશુદ્ધિ સંયમને પ્રાપ્ત થયેલા કષાયકુશીલને આ જ ત્રણ(=છેલ્લી ત્રણ) હોય છે. સૂક્ષ્મસંપરાય સંયમને પ્રાપ્ત થયેલા કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સયોગી સ્નાતક એ ત્રણેયને પણ કેવળ એક શુક્લલેશ્યા જ હોય છે.

શૈલેશીને પામેલા અયોગી કેવલી તો નિયમા લેશ્યા રહિત જ હોય છે.

ઉપપાતદ્વાર– ઉપપાત એટલે ઉત્પત્તિ. ઉત્પત્તિ એટલે કે અન્ય જન્મની પ્રાપ્તિ, અર્થાત્ પૂર્વજન્મના ત્યાગથી અન્ય સ્થાનની પ્રાપ્તિ. પુલાકની ઉત્પત્તિ (મરણ પછી થનારો જન્મ) અઢાર સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સહસ્રાર (દેવલોક)માં થાય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલની ઉત્પત્તિ બાવીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અચ્યુત (દેવલોક)માં થાય છે. કષાયકુશીલ અને નિર્ગ્રંથની ઉત્પત્તિ તેંત્રીસ સાગરોપમની સ્થિતિવાળા સર્વાર્થસિદ્ધ (દેવલોક)માં થાય છે. પુલાકથી માંડી ઉપશાંત નિર્ગ્રંથ સુધીના બધાય (નિર્ગ્રંથો)ની જઘન્યથી પહેલા દેવલોકમાં ૨ થી ૯ પલ્યોપમની સ્થિતિવાળા દેવોમાં ઉત્પત્તિ થાય છે. સ્નાતકને તો મોક્ષની જ પ્રાપ્તિ થાય છે.

સ્થાનદ્વાર– હવે સ્થાનદ્વાર વિચારાય છે "असङ्ख्येयानि" ઇત્યાદિ સ્થાન એટલે અધ્યવસાયસ્થાન કે સંયમસ્થાન. અધ્યવસાયસ્થાન અને સંયમસ્થાન એ પર્યાયવાચી શબ્દો છે. તેમાં જ્યાં સુધી કષાય સહિત છે ત્યાં સુધી સંક્લેશની વિશુદ્ધિ અવશ્ય થાય. ક્ષીણકષાય નિર્ગ્રંથને તો વિશુદ્ધિ જ હોય છે. સંક્લેશ હોતો નથી. તેમાં સકષાયને અસંખ્ય સંયમસ્થાનો હોય છે. તેમાં પહેલાં સંયમસ્થાનનું પર્યાયપરિમાણ

આગમમાં આ કહ્યું છે- સર્વ આકાશ પ્રદેશાગ્રોને સર્વ આકાશ પ્રદેશોથી અનંતવાર ગુણતા જેટલી અનંત પ્રદેશ સંખ્યા થાય તેટલા પર્યાય પ્રથમ સંયમસ્થાન છે, અર્થાત્ પ્રથમ સંયમસ્થાનોની આટલી સંખ્યા હોય છે.

પ્રશ્ન– અહીં ભાવના શું છે ?


હવે ભાષ્યની ભાવના કરાય છે- પુલાકાદિ સ્થાનનું આ નિરૂપણ માત્ર ભાષ્યની ભાવના કરવા માટે છે. તુલ્ય અધ્યવસાયવાળા હોવાથી પુલાક અને કષાયકુશીલના સર્વ જઘન્ય સ્થાનો (સર્વથી) નીચે છે. ત્યારબાદ તે બંને (પુલાક અને કષાયકુશીલ) અસંખ્ય સ્થાનો સુધી એકી સાથે જાય છે ત્યાર બાદ પુલાક હીન પરિણામવાળો હોવાથી અટકી જાય છે. ત્યાર બાદ કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ એ ત્રણ એકી સાથે અસંખ્ય (સંયમ)સ્થાનો સુધી જાય છે, ત્યાર બાદ બકુશ અટકી જાય છે. ત્યાર પછી અસંખ્ય સંયમસ્થાનો સુધી જઈને પ્રતિસેવનાકુશીલ અટકી જાય છે. ત્યાર પછી પણ અસંખ્યેય સંયમસ્થાનો સુધી જઈને કષાય કુશીલ અટકી જાય છે. આ પ્રમાણે આ કષાયવાળા સ્થાનો જાણવા. આની ઉપર(=કષાયકુશીલ સ્થાન પછી) જે સ્થાને અટકી જાય છે તે સ્થાન પછી અકષાય સંયમસ્થાનો આવે છે. નિર્ગ્રંથ આ અકષાય સંયમસ્થાનોનો સ્વીકાર કરે છે. નિર્ગ્રંથ પણ અસંખ્ય (સંયમ)સ્થાનો સુધી જઈને અટકી જાય છે. એની ઉપર=નિર્ગ્રંથના સંયમસ્થાનથી ઉપર જઈને જેણે બધા કર્મો ખપાવી દીધા છે તે સ્નાતક પણ મોક્ષને પામે છે. આ પુલાકાદિ સ્થાનોની સંયમ લબ્ધિ(=સંયમના વિશુદ્ધિ સ્થાનો) ઉત્તરોત્તર અનંત ગુણવાળી હોય છે એ પ્રમાણે પૂર્વે ભાવના કરી જ છે. (૯-૫૦)


ભાવાનુવાદકારની પ્રશસ્તિ


આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં વિનયસમ્પન્નતા પદ સુધી પૂર્ણ કરાયેલી) પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા)


તેમના શિષ્ય વડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **નવમા અધ્યાય**ની ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.

વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશે

















































...શેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન






















































(બે ભાગ)







Tejas Printers
AHMEDABAD M. 98253 47620